

જીવનમાંથી
પ્રસન્નતાને
શોધીને જીવનને
માણવાલાયક
બનાવી શકાય

પોલીએના

એલીનોર પોર્ટર

VISIT…

LANZAROTE
Caliente.COM



જીવનમાંથી
પ્રસન્નતાને
શોધીને જીવનને
માણવાલાયક
બનાવી શકાય

પોલીએના

એલીનોર પોર્ટર





આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

પ્રસન્ન રહેવાનો પ્રયોગ!

એલીનોર પોર્ટરે આ નવલકથા સિવાય બીજું કશું જ લખ્યું ન હોત તો પણ એ, એટલાં જ યાદગાર અને લોકપ્રિય હોત, જેટલાં આજે ૧૦૦ વર્ષ પછી પણ છે!

એવું તે શું છે આ નવલકથામાં - જે આટલાં વર્ષો પછી પણ વાચકને એનું વ્યસન લગાડી રહી છે? આ નવલકથામાં નથી કોઈ તત્ત્વજ્ઞાન, નથી કોઈ આદર્શ કે સિદ્ધાંતની સુફિયાણી સલાહ, કે નથી એવી કોઈ મોટાં ગજાની નાયિકા! તેમ છતાં આ નવલકથા એક બેઠકે પૂરી કરીને જ ઊભા થવાનું મન થાય એ હદે કથારસ અને કથાતંતુ વાચકને જકડી રાખે છે તેનું કારણ શું?


આ નવલકથાની આવી અદ્‌ભુત સફળતાનું રહસ્ય તમને કથાની બાલનાયિકા પોલીએનાના રોજિંદા જીવાતા જીવનમાંથી જાણવા મળશે! જીવનમાં આવતી નિરાશાને અવગણવા કે દબાવી દેવાને બદલે, એ નિરાશાભરી પરિસ્થિતિમાંથી જ કેવી રીતે પ્રસન્નતાને શોધી કાઢી જીવનને માણવાલાયક બનાવી શકાય એ સત્યનો પ્રયોગ તમને આ પુસ્તકમાંથી જાણવા મળશે!

પોલીએના

જ્યુબેરી ઓનર ઍવૉર્ડ વિજેતા મેરીઓન ડેન બાઉઅરની પ્રસ્તાવના સાથે

એલીનૉર પોર્ટર

ભાવાનુવાદ: નીતિન ભટ્ટ



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ

અર્થબાગ

મુંબઈ ૪૦૦ ૦૦૨

ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

‘દ્વારકેશ’

રૉયલ ઍપાર્ટમેન્ટ પાસે, ખાનપુર

અમદાવાદ ૩૮૦ ૦૦૧

ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬ ૫૭૩

Visit us at: www.rrsheth.com

Email: sales@rrsheth.com

POLLYANNA

Gujarati Translation of Timeless Inspirational Bestseller

'POLLYANNA'

Written in English by Eleanor H. Porter

Translated into Gujarati by Nitin Bhatt

Published by R. R. Sheth & Co. Pvt. Ltd.

Mumbai □ Ahmedabad

પ્રકાશક

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Cataloging-in-Publication (CIP)

Porter, Eleanor

Pollyanna /Eleanor Porter, Translated by Nitin Bhatt

Ahmedabad: **R. R. Sheth & Co. Pvt. Ltd.** ,

152p., 22 cm.

EISBN: 978-93-5122-458-7

(1) English Fiction I. Nitin Bhatt II. Title

અનુક્રમ

પ્રસ્તાવના

મેં જ્યારે એલીનોર પોર્ટરની ‘પોલીએના’ વિશે પ્રસ્તાવના લખવાનું સ્વીકાર્યું ત્યારે સતત એક પ્રશ્ન મનમાં ઘુમરાયા કરતો હતો. ‘મેં તે પુસ્તક વાંચ્યું છે? બાળક તરીકે? ક્યારે પણ?’

હું કથા વિશે કલ્પના કરતી હતી પરંતુ મને ખબર હતી પોલીએના કોણ છે. એક અદમ્ય આનંદી કિશોરી. એટલી ખુશમિજાજ કે તેનું નામ શબ્દકોષમાં સચવાઈ રહ્યું છે. ‘પોલીએના’ એટલે ‘અતિશય આશાવાદી વ્યક્તિ’. જો કે મારે કબૂલ કરવું જોઈએ કે આ નકારાત્મક વ્યાખ્યા છે. આજે નવલકથા લખાઈ તેના લગભગ સો વર્ષ બાદ, પોલીએનાને તેના લેખકે આલેખી તેનાથી જુદા દૃષ્ટિકોણથી મૂલવવામાં આવે છે.

આજના જમાનામાં જ્યારે દરેક પ્રકારની લાગણીને છુપાવવાની ‘ફૅશન’ થઈ પડી છે ત્યારે એ કિશોરી જે આખા ગામ સાથે ‘રાજી થવાની રમત’ રમતી હતી તેને ફરી યાદ કરવી. તેનું પુનરુત્થાન કરવું તે જરા વિચિત્ર લાગે છે, છતાં જ્યારે હું પોલીએના વાંચવા બેઠી ત્યારે મને બે વસ્તુનો ખ્યાલ આવ્યો. એક કે હું ફક્ત આ કિશોરીને જ નહીં, વાર્તાને પણ તરત ઓળખી ગઈ. મેં બાળપણમાં પોલીએના વાંચેલી અને માણેલી. બીજું કે આ વાર્તા ફરીવાર વાંચવાથી જાણે એક બારી ખૂલી ગઈ હોય અને રૂમમાં તાજી હવાની લહેરખી આવી ગઈ હોય તેવો અહેસાસ થયો.

પોલીએના ચતુર કે જટિલ નથી. એ કોઈ નવું પાત્ર નથી. આ પહેલાં પણ આવાં જ આનંદી પાત્રો સાહિત્યમાં આવી ચૂક્યાં છે. પોતાની પ્રસન્નતાનો વયસ્કોને ચેપ લગાડતી અને તેમની નિરાશામાંથી તેમને બહાર લાવતી કિશોરીની કથાઓ જાણીતી છે.

છતાં આ કથા ગમે તેવી છે. આ વખતે મેં તેને લગભગ એક બેઠકે પૂરી કરી.

મેં અનુભવ્યું કે પુસ્તકમાં કથા કહેવામાં આવી છે, વાચક પોતે પોલીએના બની જાય તેવું નથી થતું. છતાં જે રીતે પોલીએના આવેલ પરિસ્થિતિનો સામનો કરીને તેમાંથી માર્ગ કાઢે છે તે અત્યંત આકર્ષક બની રહે છે.

મેં એ પણ નોંધ્યું કે લેખિકા એમ નથી કહેતાં કે આપણે જીવનમાં આવતી નિરાશાને અવગણવી. તે નિરાશાને દબાવી દેવાની તરફેણમાં પણ નથી. તે એટલું જ કહે છે કે જ્યારે જીવનમાં નિરાશાજનક પરિસ્થિતિ આવે ત્યારે તેમાંથી પણ કોઈ પ્રસન્નતાનું કારણ આપણે જરૂર શોધી શકીએ.

૧૯૧૩માં જ્યારે પોલીએના પહેલીવાર પ્રસિદ્ધ થઈ ત્યારે તેની ૧૦ લાખ નકલો વેચાયેલી. પહેલા વિશ્વયુદ્ધનો ભોગ બનેલું જગત આ ‘રાજી થવાની રમત’ (Glad Game)માં વિશ્વાસ રાખવા પ્રેરાયેલું. પછી ભલે તે પુસ્તક પૂરતો જ મર્યાદિત હતો.

આ અદ્‌ભુત સફળતાને વરેલી નવલકથા બાદ તેનું અનુગામી પુસ્તક ‘પોલીએના મોટી થાય છે’ આવ્યું. વાચકોને પોલીએના એટલી બધી પ્રિય થઈ પડી કે લેખિકા એલીનોર પોર્ટરના અવસાન બાદ ચાર લેખકોને પોલીએના માટે બાર કથાઓ લખવાનું સોંપાયેલું. એવું નહોતું કે ફક્ત અમેરિકામાં પોલીએનાને આવો પ્રતિભાવ મળેલો. આ આનંદથી ઉભરાતી કિશોરીની કથા અનેક ભાષાઓમાં છપાઈ. તેના નામનાં કેલેન્ડર, ડાયરી અને વાર્ષિક અંકો પ્રસિદ્ધ થયાં. ૧૯૧૫માં તેનું નાટક લખાયું અને ૧૯૬૦માં તેની ફિલ્મ બની. પોલીએનાના નામની ક્લબ આખા દેશમાં શરૂ થઈ. લોકો આ કિશોરીના આશાવાદી સંદેશ અને અખૂટ આનંદના ચાહક બની ગયા.

આજે કદાચ આ આશવાદી સંદેશ, આ અખૂટ આનંદની વધારે જરૂર છે.

આ કથા લખાઈ તે સમયે લાગણીઓને ‘કાબૂમાં’ રાખવી તે સારું ગણાતું.

વેદના, ચિંતા અરે આનંદ સુધ્ધાં વ્યક્ત કરવાની લાગણીઓ નહોતી. આ પ્રથા ઘણાં વર્ષો સુધી ચાલુ રહી.

આવા સમયે પોલીએના આપણી વચ્ચે આવી. તે પણ મર્યાદાના ચોકઠામાં રહેતી હતી. ન હતી ખોટી બૂમાબૂમ કે નહોતું શોકનું ક્ષોભજનક પ્રદર્શન. છતાં તે એવો આનંદ, એવી પ્રસન્નતા લાવી જે ઘણીવાર ‘શિસ્તબદ્ધ જીવનમાં’ ગેરહાજર હોય છે.

આજના સમયમાં પણ આ આનંદ અને પ્રસન્નતા આકર્ષક છે. જીવનમાં આપણાં દુ:ખ, દર્દ સિવાય પણ ઘણું બધું છે તેવો અમર સંદેશો પોલીએના આપે છે.

બસ, રાજી થતાં આવડવું જોઈએ. ચાલો પોલીએના પાસેથી જાણીએ.

– મેરીઓન ડેન બાઉઅર

---

* મેરીઓન ડેન બાઉઅરને તેમની નવલકથા ‘ On My Honor ’ માટે ઇનામ મળેલ છે. તેઓ લેખિકા, વ્યાખ્યાનકાર અને શિક્ષિકા છે.

ભાવાનુવાદકનું કથન

પોલીએના એક એવી કિશોરી છે જે દરેક પરિસ્થિતિમાંથી હકારાત્મક વાત ગ્રહણ કરે છે. એ પોતાના પિતા પાસેથી ‘રાજી થવાની રમત’ (Glad Game) શીખી છે અને તેનો ભરપુર પ્રચાર કરે છે. ઈશ્વરે આ સૃષ્ટિ રચીને અને તેને માણવા સુંદર માનવદેહ આપીને આપણા બધા પર કેવી કૃપા કરી છે તે વાત પોલીએના સચોટ રીતે કહે છે.

સો વર્ષ પહેલા લખાયેલ આ વિશ્વવિખ્યાત નવલકથાનો ભાવાનુવાદ કરતી વખતે મને એ વાતનો અહેસાસ થયો કે આ એક સદી પહેલા કહેવાયેલી વાત આજે પણ એટલી જ, કદાચ વધુ, સુસંગત છે. ઊભી થયેલી કે કરેલી પરિસ્થિતિને કારણે તનાવ અનુભવતા બધાને માટે પોલીએનાની ‘રાજી થવાની રમત’ અને તેનું આનંદનું ટોનીક જરૂરી ઉપચાર છે.

આ ભાવાનુવાદ થકી પોલીએના દ્વારા અપાયેલો આશાનો સંદેશ ગુજરાતી વાચક-મિત્રો સુધી પહોંચાડવામાં નિમિત્ત બન્યાનો આનંદ છે. આ માટે આર. આર. શેઠ એન્ડ કંપનીનો આભાર માનું છું.

નીતિન ભટ્ટ

‘મનુષ્યના પ્રત્યેક કર્મનું અંતિમ લક્ષ્ય આનંદની પ્રાપ્તિ છે.’

– વેદાંત

મિસ પોલી

જૂન મહિનાની એક સવારે પોલી હેરિંગ્ટન પોતાના રસોડામાં જરા ઉતાવળે દાખલ થયાં. આમ તો એ બધું કામ સ્વસ્થતાથી કરતાં, જે વાતનું થોડું ગુમાન પણ એમને હતું, પણ આજે તેઓ સાચે જ ઉતાવળમાં, રઘવાટમાં દેખાતાં હતાં.

સિંક પાસે વાસણ ધોઈ રહેલ નેન્સીએ જરા અચરજ સાથે જોયું. તે બે મહિનાથી જ આ ઘરમાં કામ કરતી હતી પણ તેને ખબર હતી કે મેડમ ક્યારેય રઘવાટમાં કામ નહોતાં કરતાં.

‘નેન્સી!’

‘જી મેડમ!’ નાન્સીએ જગ સાફ કરતાં કરતાં જવાબ આપ્યો.

‘નેન્સી’ પોલીએ સખત અવાજમાં કહ્યું, ‘હું જ્યારે તારી સાથે વાત કરું ત્યારે તારું કામ બંધ કરીને મારી વાત ધ્યાનથી સાંભળવાની, સમજાયું?’

નેન્સી ઝંખવાણી પડી ગઈ. તેણે તરત હાથમાના જગને કપડા સાથે જ પ્લૅટફૉર્મ પર મૂકી દીધો. જગ પડતાં પડતાં રહી ગયો, જેના લીધે નેન્સી વધુ મૂંઝાણી.

‘જી મેડમ, હવેથી ધ્યાન રાખીશ, મેડમ’ નેન્સી જગ સરખો કરતાં બોલી અને ઉમેર્યું, ‘મેં કામ ચાલુ રાખ્યું કારણકે તમે મને આજે સવારે જલ્દીથી ડિશો સાફ કરી નાખવા કહેલું.’

પોલી મેડમ ભવાં તંગ કરીને બોલ્યા, ‘બસ, બસ, મેં તને ચોખવટ કરવા નથી કહ્યું, મારી વાતમાં ધ્યાન રાખવાનું કહ્યું છે.’

‘જી મેડમ.’ નેન્સી ધીમેથી બોલી. તે વિચારતી હતી કે તે શું કરે જેના કારણે તેના મેડમ રાજી થાય. નેન્સીએ પહેલાં ક્યારેય કામ નહોતું કરેલું. બાપુ અચાનક ગુજરી ગયા અને માંદી માતા નેન્સી ઉપરાંત ત્રણ નાના બાળકોને પાળવા મજબૂર બની ગઈ. માતાને ટેકો કરવા નેન્સીએ કામ કરવાની ફરજ પડી. એ તો સારું થયું કે ટેકરી પર આવેલા આવડા મોટા ઘરના રસોડામાં કામ કરવાની તક મળી. નેન્સી છ માઈલ દૂરના એક ગરીબ લત્તામાં રહેતી હતી. અહીં આવતાં પહેલાં તે પોલી મેડમને આ વિશાળ હેરિંગ્ટન બંગલાની માલિકણ અને નગરના સૌથી પૈસાદાર વ્યક્તિમાંની એક તરીકે જાણતી હતી.

હવે તે પોલી મેડમને વધુ ઓળખતી હતી. તેઓ કડક સ્વભાવના, હંમેશ ગંભીર રહેનાર વ્યક્તિ હતાં. જો કોઈ બારણું જોરથી બંધ કરે કે કોઈના હાથમાંથી છરી કે કાંટો પડી જાય તો પોલી મેડમનાં ભવાં ચડી

જતાં. જો કે બારણું અને છરી-કાંટા જોરથી બંધ થયાં કે પડ્યાં ન હોય તો પણ પોલી મેડમ હસતાં નહીં.

'નેન્સી, તારું સવારનું કામ પતી જાય પછી દાદરા ઉપર જે માળિયું છે ત્યાંનો નાનો રૂમ ખાલી કરી નાખજે.' પોલી મેડમે સૂચના આપી અને ઉમેર્યું, 'ત્યાં જે ખાટલી છે તેના પર ગાદલું-બીછાનું મૂકી તૈયાર કરી દેજે. રૂમમાં રહેલી પેટીઓ અને ખોખાં બહાર કાઢી રૂમને વાળી-ચોળીને સાફ કરી દેજે.'

'જરૂર મેડમ, અને રૂમમાંથી જે વસ્તુઓ બહાર કાઢું તે ક્યાં મૂકું?'

'આગળના માળિયામાં' પોલી મેડમે કહ્યું. પછી જરા અચકાઈને બોલ્યા, 'જો નેન્સી, તને અત્યારે જ કહી દઉં. મારી ભાણેજ, પોલીએના વ્હીટીઅર, મારી સાથે રહેવા આવી રહી છે. તે અગિયાર વર્ષની છે. તે આ રૂમમાં રહેશે'

'અરે વાહ! એક નાની છોકરી અહીં રહેવા આવવાની છે? તો તો બહુ મજા પડશે!' નેન્સી આનંદમાં બોલી ઊઠી. તેને પોતાના ઘરમાં નાની બહેનો સાથે કેવી મજા પડતી હતી તે યાદ આવી ગયું.

'મજા પડશે?' પોલી મેડમ કડકાઈથી બોલ્યાં. 'હું એવું નથી માનતી, છતાં એ સમય સારી રીતે પસાર થાય તેવો મારો ઇરાદો છે. મારી જે ફરજ છે તેનું હું બરાબર પાલન કરીશ.

નેન્સી શરમથી લાલ થઈને બોલી, 'અલબત્ત મેડમ, તમે એ કરશો જ. આ તો હું વિચારતી હતી કે એક નાની છોકરી અહીં બધાને આનંદ આપશે, ખાસ તો તમને.'

મેડમ રૂક્ષ સ્વરે બોલ્યાં, 'આભાર! પણ અત્યારે તેની જરૂર લાગતી નથી.'

'જો કે તમને તો એ આવે તે ગમે જ, ખરું મેડમ? તમારાં બહેનની દીકરી…' નેન્સી બોલી. તેને ઊંડે ઊંડે એમ લાગતું હતું કે આવનાર છોકરીના સ્વાગતની તૈયારી તેણે કરવી જોઈએ.

પોલી મેડમે કટાણું મોઢું કરીને કહ્યું, 'અરે નેન્સી, મારી બહેન પરણવાની મૂર્ખાઈ કરે અને વણજોઈતાં છોકરાં આ જગતમાં લાવે તેનો અર્થ એમ તો નહીં ને કે મારે એ છોકરાંને મારી સાથે રાખવાં અને સાચવવાં? ઠીક છે કે મારી ફરજના ભાગ રૂપે હું એને મારી સાથે રાખીશ.. તું ખૂણેખાંચરેથી કચરો બરાબર કાઢજે, સમજી?'

'સારું મેડમ.' નેન્સીએ કહ્યું અને જગ સાફ કરવા માટે હાથમાં લીધો.

—

પોતાના રૂમમાં જઈને પોલી મેડમે બે દિવસ પહેલાં આવેલ પત્ર ફરી પાછો વાંચ્યો. આ પત્ર દૂર પશ્ચિમના શહેરમાંથી અણગમતા આશ્ચર્ય રૂપે આવેલો.

પ્રિય મેડમ,

હું દિલગીરી સાથે જણાવું છું કે માનનીય શ્રી. જ્હોન વ્હીટીઅરનું દેહાવસાન બે અઠવાડિયાં પહેલાં થયું છે. તેમની અગિયાર વર્ષની એક પુત્રી છે. તેઓ વારસારૂપે થોડાં પુસ્તકો સિવાય કાંઈ મૂકી નથી ગયા. તમને ખબર હશે કે તેઓ અહીંના નાના ચર્ચમાં પાદરી તરીકે તદ્દન ઓછા પગારમાં નોકરી કરતા હતા.

હું માનું છું કે તેઓ આપની દિવંગત બહેનના પતિ હતા. જો કે એમણે જણાવેલું કે બંને કુટુંબો વચ્ચે બહુ મનમેળ ન હતો. છતાં એમને થતું કે તમારાં બહેનની ખાતર પણ તમે આ દીકરીને તમારી સાથે રાખીને તેનો ઉછેર કરવા ઇચ્છુક હો. આ માટે હું આ પત્ર લખું છું

આ પત્ર તમને મળશે ત્યારે તમારી નાની ભાણેજ ત્યાં આવવા માટે તૈયાર હશે. જો તમે તેને રાખવા તૈયાર હો તો અમને તરત લખી જણાવવા વિનંતિ. અહીંથી એક દંપતી તમારા વિસ્તાર બાજુ આવવાનું છે. તેઓ આ કિશોરીને બોસ્ટન સુધી સાથે લઈ જશે અને ત્યાંથી બેલ્ડિંગ્સવીલેની ટ્રેનમાં બેસાડી દેશે. અમે તમને તેના આવવાની તારીખ અને ટ્રેનની વિગત જણાવીશું

તમારા તરફથી સાનુકૂળ પ્રતિભાવની આશા સાથે..

સાદર

જેરેમિયા ઓ. વ્હાઇટ.

પોલીએ આ પત્ર ગડી વાળીને કવરમાં પાછો મૂક્યો. પત્રનો જવાબ એણે બીજે દિવસે જ મોકલી આપેલો. એણે જણાવેલું કે તે તેની ભાણેજને સ્વીકારશે. ગમે તેવી અણગમતી હોય તો પણ તે તેની 'ફરજ' બરાબર સમજતી હતી.

આ પત્ર હાથમા લઈને બેઠેલ પોલીને તેની બહેન જેની યાદ આવતી હતી જે આ છોકરીની મા હતી. જેની જ્યારે વીસ વર્ષની હતી ત્યારે તેણે એક યુવાન પાદરી સાથે લગ્ન કરવાનો દુરાગ્રહ રાખેલો, કુટુંબના પ્રચંડ વિરોધ છતાં. જેની માટે બીજા ઘણા સારા, સમૃદ્ધ ઘરના યુવાનો તરફથી માગાં આવતાં હતાં. જેનીના કુટુંબીજનોને આ યુવાનો પેલા પાદરી કરતાં ઘણા વધારે પસંદ હતા. જોકે જેનીની પસંદગી જુદી હતી. કુટુંબને પસંદ પડતા યુવાનો પાસે ધન-દોલત હતાં, તરવરતું યૌવન હતું જ્યારે જેનીના પ્રિયતમ પાસે અવનવા વિચારોથી ઉભરાતું યુવાન મન અને પ્રેમથી છલકાતું હૃદય હતું. જેનીને માટે સ્વાભાવિક રીતે જ આ વધુ આકર્ષક હતું અને તેણે

આ પાદરી સાથે લગ્ન કરેલાં. ત્યારબાદ તેઓ દક્ષિણના કોઈ નગરમાં ચાલી ગયેલાં.

પોલી તે વખતે ચૌદ વરસની હતી, પણ તેને બરાબર યાદ હતું કે આ બનાવ પછી જેનીનો કુટુંબ સાથેનો સંબંધ પૂરો થઈ ગયેલો. હા, જેનીના પત્રો થોડા સમય સુધી આવેલા. તેણે લખેલું કે તેની નાની દીકરીનું નામ તેણે ‘પોલીએના’ પાડેલું. આ નામ જેનીની મોટી બે દીકરીઓ ‘પોલી’ અને ‘એના’, જે ગુજરી ગયેલી, તેમના સ્મરણરૂપે હતું. જેનીનો આ છેલ્લો પત્ર હતો. થોડાં વર્ષ બાદ જેનીના અવસાનના સમાચાર એક ટૂંકા, દર્દભર્યા પત્ર દ્વારા તેના પતિએ પાઠવેલા.

સમય સરકતો ગયો. બારીમાંથી દૂર સુધી દેખાતી ખીણને જોતાં પોલી વિચારતી હતી કે જીવન કેટલું બધું બદલાઈ ગયેલું!

અત્યારે તે ચાલીસ વર્ષની હતી, સાવ એકલી. માતા, પિતા, બહેન, બધાં દિવંગત થયેલાં. વર્ષોથી તે આ મહેલ સમા મકાનની અને પિતાની સંપત્તિની એકલી વારસ હતી. ઘણા લોકો તેની એકલતાની દયા ખાતા. અમુક તેને લગ્ન કરવાની કે કમસેકમ કોઈ સાથીદાર સાથે રહેવાની સલાહ આપતા. પોલીને લોકોની સલાહ અથવા સહાનુભૂતિની જરૂર નહોતી. તે એકલી નહોતી, તેને એકાંત ગમતું. જોકે હવે…

પોલી હોઠ દબાવીને ઊભી થઈ. તે તેની ‘ફરજ’ શું છે તે જાણતી હતી અને તેને પૂર્ણપણે બજાવવા માટે સક્ષમ હતી… પણ. ‘પોલીએના’! કેવું વિચિત્ર નામ કહેવાય!

ટોમકાકા અને નેન્સી

માળિયાના નાના રૂમને નેન્સીએ ઘસી ઘસીને વાળ્યો. ખૂણાઓ ખાસ ધ્યાનથી વાળ્યા. ક્યારેક એવું બનતું કે નેન્સી જે જુસ્સા અને તાકાતથી કામ કરતી તેમાં ધૂળ સાફ કરવાની તમન્ના કરતાં નેન્સીનો આક્રોશ વધુ વ્યક્ત થઈ જતો. નેન્સી તેના મેડમથી ડરતી જરૂર હતી પણ તે પોતે કાંઈ સંત ન હતી.

'મને થાય છે કે આમ જ તેમના હૃદયના ખૂણા ઝાપટી નાખું!' એવું બડબડતી નેન્સી બમણા જોરથી ખૂણેખાંચરે ઝાડુ મારવા લાગી. 'ત્યાં ઘણી સફાઈની જરૂર છે, હા! આ નાની કિશોરી આવી રહી છે તેને આવા છેવાડાના રૂમમાં રખાતી હશે?'

આ રૂમમાં ઉનાળે કેટલી ગરમી થાય. અને વળી નાની એવી સગડીની પણ વ્યવસ્થા નથી, તો શિયાળામાં ઠંડીમાં ઠૂંઠવાઈ મરવાનું? આવડું મોટું ઘર છે એમાં આ જ રૂમ દેખાણો ભાણીને આપવા?... વળી બોલે છે, 'વણજોઈતાં બાળકો' હટ, આવું કોઈ વિચારે?' છણકો કરીને નેન્સીએ પોતું એવા જોરથી નીચોવ્યું કે તેનાં આંગળાં દુખવા આવ્યાં. 'મને લાગે છે કે બાળકો વણજોઈતાં નથી, કોઈક બીજું જ વણજોઈતું ગણાય..'

થોડો વખત નેન્સી કાંઈ બોલ્યા વિના કામ કરતી રહી. કામ પૂરું થયું એટલે ખાલી ઓરડા ઉપર દાઝ ભરી નજર ફેરવીને બોલી, 'ચાલો, મારું કામ પૂરું! કચરો તો બધો સાફ થઈ ગયો. બીજું તો કાંઈ અહીં છે જ નહીં! અરે રે, આ તે કાંઈ જગ્યા છે એકલી અટૂલી, સ્નેહભૂખી, છોકરીને રાખવાની?. બહાર જતાં તેણે બારણું પછાડ્યું અને તરત દાંત વચ્ચે હોઠ દબાવીને બોલી, 'ઓત્તારી!' પછી નફિકરાઈ દેખાડતા બોલી, 'કાંઈ વાંધો નહીં, છો ને એણે સાંભળ્યું હોય, તો તો વધુ સારું!, થાય તે કરી લે!'

બપોરે નેન્સી ટોમકાકાને મળવા બાગમાં ગઈ. ટોમકાકા ઘરના માળી હતા. વર્ષોથી બગીચાની સંભાળ રાખતા હતા.

'ટોમકાકા' નેન્સી ધીમે અવાજે બોલી. તેણે પાછળ નજર નાખી જોઈ લીધું રખે તેને કોઈ જોઈ રહ્યું હોય! 'ખબર છે અહીં એક નાની છોકરી રહેવા આવવાની છે?'

વૃદ્ધ ટોમકાકા ધીમેથી ટટ્ટાર થયા. 'શું... શું કહ્યું?'

'મેં કહ્યું એક નાની છોકરી અહીં રહેવા આવી રહી છે.' નેન્સીએ દોહરાવ્યું.

'સવારથી કોઈ મળ્યું નથી ને? મશ્કરી કરે છે? કાલે સવારે એમ કહીશ કે સૂરજ પૂર્વમાં ડૂબવાનો છે?' ટોમકાકાએ તપીને કહ્યું.

‘અરે હું સાચું કહું છું… મને મેડમે જ કહ્યું.’ નેન્સીએ જણાવ્યું. ‘તેમની ભાણેજ આવી રહી છે, અગિયાર વર્ષની છે.’

‘ખરેખર!’ ટોમનું મોઢું આશ્ચર્યથી પહોળું થઈ ગયું. પછી ધીમેથી પોતાની સાથે વાત કરતો હોય તેમ બોલ્યો, ‘હં.. ચોક્કસ એ મિસ જેનીની દીકરી હશે! બીજા કોઈએ તો લગ્ન જ ક્યાં કર્યાં હતાં! હા, નેન્સી, આ જરૂરથી મિસ જેનીની દીકરી હશે. વાહ ભગવાન, ધન્ય છે! મેં તો વિચાર્યું પણ નહોતું કે મારી ઘરડી આંખને આ જોવા મળશે!

‘આ મિસ જેની કોણ?’ નેન્સીએ પૂછ્યું.

‘અરે એ તો દેવી હતી! સીધી સ્વર્ગમાંથી ઊતરી આવેલી. સાહેબની સૌથી મોટી દીકરી. વીસ વર્ષની હતી જ્યારે પરણીને અહીંથી દૂર ચાલી ગયેલી. મેં સાંભળેલું તેનાં બધા બાળકો મૃત્યુ પામેલાં, સિવાય આ છેલ્લું બાળક. આ આવનાર છે તે એ જ હશે.’

‘તે અગિયાર વર્ષની છે.’ નેન્સીએ જણાવ્યું.

‘હા, એટલાની થઈ હશે.’ ટોમે કહ્યું.

‘પણ એણે તો ઓલા માળિયાની ખોલીમાં રહેવાનું છે. કેટલું ખરાબ દેખાય મેડમનું!’ નેન્સી છણકો કરીને બોલી અને ફરી એકવાર તેણે ઘર તરફ નજર કરી લીધી.

ટોમકાકા વિચારમાં ડૂબ્યા. અચાનક તેમના હોઠના ખૂણે આછું હાસ્ય આવ્યું, ‘મને થાય છે કે મેડમ પોલી આ નાની કિશોરી સાથે ઘરમાં શું કરશે?’

નેન્સી બોલી ઊઠી, ‘મને તો એમ થાય છે કે આ નાની કિશોરી મેડમ પોલીની સાથે ઘરમાં શું કરશે?’

ટોમકાકા હસ્યા. ‘તને પોલી મેડમ નથી ગમતાં, ખરું?’

‘તે વળી કોઈને પણ પોલી મેડમ ગમી શકે?’ નેન્સી દાઢમાંથી બોલી.

ટોમકાકા આછું હસીને ફરી કામે વળગ્યા. પછી ધીમેથી બોલ્યા, ‘લાગે છે કે તને પોલી મેડમના પ્રેમ પ્રકરણની ખબર નથી લાગતી.’

‘પ્રેમ પ્રકરણ? તેય વળી પોલી મેડમનું? ના ભઈ, મને ખબર નથી. મને લાગે છે બીજા કોઈને પણ ખબર નહીં હોય.’

‘ના, અમુક લોકોને ખબર છે. વળી જેની સાથે પ્રેમ હતો તે માણસ પણ આ શહેરમાં જ રહે છે.’ ટોમકાકાએ માહિતી આપી.

નેન્સી ઉત્સુકતાથી બોલી, ‘એ કોણ છે?’

ટોમ ટટ્ટાર થઈને બોલ્યો, 'એ હું નહીં કહું, હું કહું તે ઠીક ન કહેવાય.' તેની આછી ભૂરી આંખમાં એક વફાદાર ચાકરનું ગૌરવ ઝળકતું હતું. આ કુટુંબની એણે વર્ષોથી પ્રેમપૂર્વક સેવા કરી હતી.

'માન્યામાં નથી આવતું... મેડમ અને તેમના પ્રેમી...?' નેન્સીની શંકા મટી નહોતી.

ટોમે માથું ધુણાવીને કહ્યું, 'મેડમ પોલીને હું જેટલાં ઓળખું છું તેટલાં તું નથી. ઓળખતી. એક જમાનામાં એ બહુ દેખાવડા હતાં. હજુ પણ ધ્યાન આપે તો સુંદર લાગે.'

'દેખાવડાં? મેડમ પોલી?' નેન્સીના માન્યામાં નહોતું આવતું.

'હા. હજુ પણ પહેલાની જેમ છુટ્ટા વાળ રાખે, સરસ ફૂમતાવાળાં સફેદ કપડાં પહેરે, તો તને ખબર પડે તે કેટલા દેખાવડાં છે! મેડમ પોલીની કાંઈ બહુ ઉંમર નથી થઈ.'

નેન્સી છાશિયું કરીને બોલી, 'સાચે બહુ મોટા નથી? તો એમ કહેવાય કે મોટી ઉંમરના દેખાવાનો અભિનય સારો કરી શકે છે.'

'મને ખબર છે.' ટોમે જણાવ્યું. 'એ બધાની શરૂઆત મેડમને તેના પ્રેમી સાથે ઝઘડો થયો ત્યારથી થઈ. બસ ત્યારથી જાણે કાંટા ઉપર જ રહેતા હોય તેવા ચીડિયાં અને આકરાં થઈ ગયાં છે.'

'સારું! એ જરૂર ચીડિયાં થઈ ગયાં છે. ગમે તેટલું કરો ક્યારેય રાજી જ નથી થતાં.' નેન્સીએ કર્યું. 'મજબૂરી છે એટલે અહીં કામ કરું છું પણ એક દિવસ દાઝ ચડશે ત્યારે બધું છોડીને બાય-બાય કરીને જતી રહીશ... હા!'

ટોમે સંમતિ આપતાં માથું હલાવીને કહ્યું, 'તારી વાત સમજું છું બેટા, મારો પોતાનો અનુભવ છે. અહીં નોકરી કરવી સહેલી નથી... સાચે જ નથી.'

'નેન્સી!' એક કડકાઈભર્યો અવાજ સંભળાયો.

'જી, આવી મેડમ.' નેન્સી ઘર તરફ ઉતાવળે પગલે ચાલી નીકળી.

પોલીએનાનું આગમન

થોડા દિવસો પછી એક ટેલિગ્રામ આવ્યો જેમાં જણાવેલું કે પોલીએના પચીસમી જૂને, એટલે કે બીજે દિવસે સાંજે ચાર વાગે બેલ્ડીંગ્સવીલે પહોંચવાની હતી.

પોલી મેડમે તાર વાંચીને તેમની આદત મુજબ ભવાં ચડાવ્યાં. ત્યારબાદ દાદરો ચડી માળિયાની નાની રૂમ પાસે આવી ઊભાં રહ્યાં.

રૂમમાં એક નાનો ખાટલો, બે સાદી ખુરશીઓ, હાથ-મોં ધોવા માટે બેઝિન, અરીસા વિનાનું કબાટ અને નાનું ટેબલ હતાં. બારીઓ પડદા વિનાની હતી. ભીંત પર કોઈ ચિત્રો નહોતાં. આખો દિવસ તપીને રૂમ ભઠ્ઠા જેવો ગરમ થઈ ગયેલો. બારીઓ પર જાળી નહોતી એટલે તેને બંધ રાખેલી. એક મોટી માખી બારી પાસે બણબણ કરતી હતી.

પોલી મેડમે એ માખીને મારીને બારી સહેજ ઊંચી કરીને બહાર ફેંકી દીધી. એક ખુરશી જરા સીધી કરી અને રૂમ પર છેલ્લી નજર નાખી બહાર નીકળ્યાં.

'નેન્સી', રસોડામાં આવીને મેડમ બોલ્યાં, 'પોલીએનાના રૂમમાં મને એક માખી દેખાઈ. બારી ખુલ્લી રહી ગઈ હશે. મેં જાળીઓ મગાવી લીધી છે. એ ફીટ ન થાય ત્યાં સુધી તારે ધ્યાન રાખવાનું છે કે બારીઓ ખુલ્લી રહી ન જાય.'

મારી ભાણેજ આવતીકાલે ચાર વાગે આવે છે. તું તેને લેવા જજે. હું ટીમોથીને કહીશ કે તને ઘોડાગાડીમાં લઈ જાય. તારમાં જણાવ્યું છે કે તેને પાંખા વાળ છે. તેણે લાલ ચોકઠા વાળો ડ્રેસ અને સાદડીની હેટ પહેર્યાં હશે. બસ, મને આટલી જ ખબર છે.'

'જી મેડમ પણ તમે....' નેન્સીએ વાક્ય અધૂરું રાખ્યું.

પોલી મેડમ તેની વાત સમજ્યાં હોય તેમ બોલ્યાં. 'ના, હું તેને લેવા નથી આવવાની. મને તેની જરૂર નથી લાગતી, બસ.' આટલું કહી તે બહાર જતાં રહ્યાં. તેમના મત પ્રમાણે તેમની ભાણેજ પોલીએના માટે બધી વ્યવસ્થા થઈ ગઈ હતી.

રસોડામાં કામ કરતી નેન્સીએ ચાળા પાડ્યા 'પાંખા વાળવાળી, લાલ ડ્રેસ અને સાદડીની હેટ પહેરેલી છોકરી. બસ, મને આટલી જ ખબર છે.'... છટ... મારી એકની એક ભાણેજ આટલે દૂરથી આવવાની હોય તો હું તો આવું કહેતાંય લાજી મરું!'

બીજે દિવસે બરાબર ચારમાં વીસ મિનિટ બાકી હતી ત્યારે ટીમોથી અને નેન્સી ઘોડાગાડી લઈને આવનાર મહેમાનને લાવવા માટે નીકળ્યાં.

ટીમોથી ટોમકાકાનો દીકરો હતો. એમ મનાતું કે ટીમોથી ટોમકાકા જેટલો જ વિશ્વાસપાત્ર હતો.

ટીમોથી દેખાવડો અને હસમુખો યુવાન હતો. નેન્સી થોડા વખત પહેલાં જ આવેલી છતાં બંને સારાં દોસ્ત બની ગયેલાં. આજે જોકે વાચાળ નેન્સી શાંત હતી. છેક સ્ટેશન પહોંચ્યા ત્યાં સુધી બંને વચ્ચે મૌન છવાયેલું.

'પાંખા વાળ, લાલ રંગનો ડ્રેસ, સાદડીની હેટ' નેન્સીએ આ વાક્ય વારંવાર યાદ કરેલું. 'આ પોલીએના તે વળી કેવી છોકરી હશે?' એવો વિચાર નેન્સીના મનમાં ઘુમરાતો હતો.

ટીમોથી તેની પાસે આવ્યો એટલે નેન્સી બોલી 'હું આશા રાખું કે એ શાંત અને સમજણી હશે. નહીં બારણા ભટકાડે કે નહીં છરી-કાંટા જમીન પર પાડે.'

ટીમોથી હસીને બોલ્યો, 'જો એ શાંત અને સમજણી નહીં હોય તો આપણાં બધાંનું આવી બનશે! વિચારો તો ખરા, પોલી મેડમ સાથે એક ચંચળ, છોકરી! લો આ ટ્રેન આવી ગઈ!'

'ટીમોથી, મને લાગે છે મેડમે મને સ્ટેશને મોકલી તે ઠીક ન કહેવાય.' નેન્સીએ કહ્યું અને ઝડપથી ચાલીને એવી જગ્યાએ જઈને ઊભી રહી કે જ્યાંથી ટ્રેનમાંથી ઊતરતા બધા મુસાફરોને જોઈ શકાય.

થોડી જ ક્ષણો બાદ નેન્સીએ તેને જોઈ લીધી. દુબળી-પાતળી નાજુક છોકરી લાલ ડ્રેસમાં હતી. પાંખા વાળના બે ચોટલા બાંધેલા. મોટી હેટ નીચે ઢંકાયેલો તેનો આછા ભૂખરા ડાઘાથી ભરેલો ચહેરો ડાબી-જમણી તરફ ફરતો હતો, જાણે કોઈને શોધતો હોય.

નેન્સી પોલીએનાને તરત ઓળખી ગઈ પણ ઉત્તેજનાને કારણે ધ્રૂજતા પગ થોડા સ્થિર થયા બાદ જ તે તેની પાસે જઈ શકી. એકલી ઊભેલી કિશોરીને નેન્સીએ ધીમેથી પૂછ્યું, 'તમે... તમે મિસ પોલીએના છો?' બીજી ક્ષણે તો નેન્સીને બે હાથ વીંટળાઈ વળ્યા...

'ઓ... હું તમને જોઈને બહુ જ ખુશ થઈ, હા.. ખુશ, ખુશ... બસ ખુશ!' ઉત્સાહ અને આનંદથી ભરપૂર એવો અવાજ નેન્સીના કાનમાં ગુંજી ઊઠયો. 'અલબત્ત હું પોતે જ પોલીએના છું. મને બહુ આનંદ થયો કે તમે મને લેવા આવ્યાં. મને હતું જ કે તમે જરૂર આવશો.'

'તમને એમ હતું કે હું તમને લેવા આવીશ?' નેન્સી થોડી મૂંઝાઈ.

'હા! આખા રસ્તે વિચારતી આવી છું કે તમે કેવા દેખાતા હશો.'

પોલેનીઆ ફુદરડી ફરી થોડી દૂર જઈ નેન્સીનું પગથી માથા સુધી અવલોકન કરવા લાગી.

'હવે જોયા ત્યારે મને બહુ આનંદ થયો. તમે જેવા છો તેવા બહુ સુંદર દેખાવ છો.'

ત્યાં ટીમોથી આવ્યો અને નેન્સીએ રાહતનો શ્વાસ લીધો. નેન્સીએ પોલીએનાને ઓળખાણ કરાવી. 'આનું નામ ટીમોથી છે.' પછી પોલીએનાને પૂછ્યું, 'તમારી બૅગ ક્યાં છે?'

'હા, મારી પાસે બૅગ છે.' પોલીએનાએ કહ્યું 'મને સાવ નવી બૅગ મળી છે. મહિલા સહાયક મંડળના લોકો મારા માટે લઈ આવ્યા. સારું કહેવાય ને! એમને તો શેતરંજી જોઈતી હતી. જો કે મને ખબર નથી કે એક બૅગના પૈસામાં કેટલી શેતરંજી આવે, પણ ઘણી આવતી હશે, નહીં? લગભગ અડધી ઓસરી ભરાઈ જાય એટલી. તમને શું લાગે છે?'

'અરે! હમણાં યાદ આવ્યું. મારી પર્સમાં એક ચેક છે. ગ્રે સાહેબે મને જણાવ્યું કે હું જ્યારે આ ચેક આપીશ ત્યારે મને મારી બૅગ મળશે. શ્રીમાન અને શ્રીમતી ગ્રે સાથે હું અહીં સુધી આવી. તે બંને બહુ સારાં સ્વભાવનાં છે.' પર્સ ફંફોસતાં તે અચાનક બોલી, 'આ જો, હવે ચેક મળ્યો!'

નેન્સીએ ઊંડો શ્વાસ લીધો. આ લાંબો એકપાત્રી સંવાદ જાણે માંડ પૂરો થયો! નેન્સી કાંઈ બોલે તે પહેલાં ટીમોથી આવ્યો. નેન્સીએ તેની સામું જોયું પણ ટીમોથીએ જાણીજોઈને પોતાની નજર બીજે રાખેલી.

અંતે ત્રણેય ઘોડાગાડીમાં બેઠાં. પોલીએનાની પેટી પાછળના ભાગમાં મૂકી.

પોલીએના નેન્સી અને ટીમોથીની વચ્ચે બેઠી હતી. સ્ટેશનની બહાર નીકળ્યાં ત્યાં સુધી પોલીએનાનું બોલવાનું, પ્રશ્નો પૂછવાનું અવિરત પ્રમાણે ચાલુ હતું. નેન્સી આભી બની ગયેલી. એને તો પોલીએનાના સતત પ્રશ્નો સાંભળતા જ થાક લાગી જાય તેમ હતું! જાણે પોલીએના બોલતી હોય ત્યારે પોતાને હાંફ ચડતી હોય તેવું નેન્સીને લાગતું હતું.

'વાહ! કેવું સરસ! આપણું ઘર દૂર છે? દૂર હોય તો સારું, મને ઘોડાગાડીમાં ફરવું બહુ ગમે.' પોલીએના બોલી. 'જો કે પાસે હોય તો પણ વાંધો નહીં, હું જલ્દી પહોંચી જઈશ તેનો આનંદ થશે. આહા.. આ શેરી કેટલી સરસ છે! મને ખબર હતી કે બધું અહીં બહુ સરસ હશે જ. પપ્પાએ મને વાત કરેલી...'

અચાનક પોલીએના મૌન થઈ ગઈ. નેન્સીએ જોયું કે તેના હોઠ થથરતા હતા અને આંખો ભીની થઈ ગયેલી. બીજી જ પળે તેણે માથું જરા ઊંચું કરી બોલવાનું ચાલુ રાખ્યું, 'હા, પપ્પાએ મને બધી વાત કરેલી. તે અહીંની ઘણી વાતો યાદ કરતા. અરે હા, હું કહેતાં ભૂલી ગઈ. મને ગ્રે મેડમે તમને તરત જણાવવાનું કહેલું કે મેં આ લાલ ડ્રેસ કેમ પહેર્યો છે અને કાળો કેમ નહીં. તેમણે જણાવેલું કે આ જરા વિચિત્ર લાગશે. પણ થયું

એવું કે છેલ્લી દાનપેટીમાં એકપણ કાળો ડ્રેસ ન હતો. મોટી ઉંમરની મહિલાઓ પહેરે તેવો એક ડ્રેસ આવેલો જે મારે માટે યોગ્ય ન હતો. વળી તેમાં બંને કોણી પર સફેદ ટપકાં હતાં.

મહિલા સહાયક મંડળના અમુક સભ્યો મને કાળો ડ્રેસ અને હેટ અપાવવા માગતાં હતાં પણ બીજાં સભ્યો એમ વિચારતાં હતાં કે તે પૈસામાંથી ચર્ચ માટે લાલ શેતરંજી ખરીદવામાં આવે. મેડમ વ્હાઇટે કહ્યું જે થાય તે સારા માટે. તેમને બાળકો કાળાં કપડાં પહેરે તે નહોતું ગમતું. હા, તેમને બાળકો જરૂર ગમતાં પણ કાળાં કપડાં નહોતાં ગમતાં.'

પોલીએના શ્વાસ ખાવા અટકી એટલે નેન્સીએ કહ્યું, 'કાંઈ વાંધો નહીં.'

'હું રાજી થઈ કે તમે આમ કહો છો.' પોલીએના બોલી. થોડું અટકીને તેણે કહ્યું, 'અલબત્ત, કાળાં કપડામાં રાજી થવું જરા અઘરું પડત.'

'રાજી થવું?' નેન્સીએ આશ્ચર્ય સાથે પૂછ્યું

'હા.. જુઓને, પપ્પા સ્વર્ગમાં ગયા છે, મારી મમ્મી અને બહેનો પાસે. તે મને કહીને ગયા કે મારે હંમેશાં આનંદમાં રહેવું, રાજી રહેવું. મને હજુ થાય છે કે પપ્પાએ મારી સાથે રહેવું જોઈતું હતું. મમ્મી અને બહેનો પાસે તો ભગવાન છે, બીજાં દેવી-દેવતા છે. મારી પાસે તો ફક્ત પપ્પા અને મહિલા સહાયક મંડળ જ હતા. તેમાં પણ પપ્પા ચાલ્યા ગયા. જો કે હવે રાજી રહેવું સહેલું થશે કારણ કે તમે મારી પાસે છો, પોલી આન્ટી! હું બહુ રાજી છું કે મને તમે મળ્યાં.'

નેન્સી સહાનુભૂતિથી બધું સાંભળતી હતી પણ આ વાત સાંભળીને તેને આઘાત અને ડર લાગ્યા! તેણે તરત ચોખવટ કરતાં કહ્યું, 'ઓહ તમારી ભૂલ થાય છે. હું નાન્સી છું. હું તમારી પોલી આન્ટી નથી!'

'તમે... તમે પોલી આન્ટી નથી?' પોલીએના તૂટતા અવાજે બોલી.

'ના, હું તો નેન્સી છું. મને ખબર નહોતી કે તમે મને પોલી આન્ટી માની લેશો. અમે બંને સહેજ પણ સરખા નથી દેખાતા.. જરા પણ નહીં.' નેન્સીએ જણાવ્યું.

ટીમોથી આછું હસ્યો પણ નેન્સીએ તેનો કાંઈ પ્રતિભાવ ન આપ્યો.

'પણ તો તમે છો કોણ?' પોલીએનાએ પ્રશ્ન કર્યો. 'તમે મહિલા સહાયક મંડળના સભ્ય જેવા તો જરાય દેખાતા નથી!'

આ વખતે ટીમોથી ખડખડાટ હસી પડયો.

'હું નેન્સી છું. ઘરનું બધું કામ કરું છું. કપડાં ધોવા અને વાસણ માંજવા સિવાયનું. તેને માટે મિસ ડર્ગીન આવે છે.' નેન્સીએ જણાવ્યું.

'પણ પોલી આન્ટી છે તો ખરાં ને?' પોલીએનાએ આતુરતાથી પૂછ્યું.

'અલબત્ત છે!' ટીમોથી બોલ્યો.

પોલીએનાએ હાશકારો અનુભવ્યો. 'તો બરાબર...' થોડાં મૌન પછી તે બોલી, સાચું કહું... મને આનંદ થયો કે તે મને લેવા ન આવ્યાં, કારણકે મારે એમને મળવાનું તો હજુ બાકી જ છે અને તમે બંને મળ્યાં.'

નેન્સીએ સંકોચ અનુભવ્યો. ટીમોથીએ ટીખળી સ્મિત સાથે નેન્સીને કહ્યું, 'જો, કેવી સરસ વાત કરી! તારે એમનો આભાર માનવો જોઈએ.'

નેન્સી ગોટા વાળતાં બોલી, 'હું... હું પોલી મેડમ વિશે વિચારું છું.'

પોલીએના બોલી, 'મને પણ એમના જ વિચાર આવે છે. બસ, તે મારા એકમાત્ર આન્ટી છે. મને તો ક્યાંય સુધી ખબર જ નહોતી કે મારાં કોઈ આન્ટી પણ છે. થોડા વખત પહેલાં પપ્પાએ વાત કરી. તેમણે કહેલું કે આન્ટી ટેકરી ઉપર આવેલા મોટા બંગલામાં રહે છે.

'હા, તે વાત સાચી. જો પેલો દેખાય તેમનો બંગલો. સફેદ રંગનો, લીલા પડદા વાળો.' નેન્સીએ દૂર દેખાતો બંગલો બતાવ્યો.

'કેવું સુંદર! બંગલાની આસપાસ કેટલાં સરસ ઝાડ અને લીલું ઘાસ છે! મેં આટલાં બધાં ઝાડ અને લીલુંછમ ઘાસ એક સાથે ક્યારેય જોયાં નથી. નેન્સી, મારા પોલી આન્ટી પૈસાદાર છે?' પોલીએનાએ પૂછ્યું.

'હા.' નેન્સીએ જણાવ્યું.

પોલીએના હર્ષથી બોલી, 'બહુ સરસ! ઘણા પૈસા હોય તે સારું ગણાય, નહીં? હું એવા કોઈને ઓળખતી નથી જેની પાસે બહુ પૈસા હોય... સિવાય કે થોડા ગોરા લોકો. પૈસાવાળાના ઘરમાં દરેક રૂમમાં ગાલીચા હોય અને દર રવિવારે તે લોકો આઇસક્રીમ ખાય, પોલી આન્ટી દર રવિવારે આઇસક્રીમ ખાય છે?'

નેન્સીએ નકારમાં માથુ ધુણાવ્યું અને ટીમોથી સામે જોઈને આછું મરકી.

'મિસ પોલીએના, પોલી મેડમને આઇસક્રીમ નથી ભાવતો. મે ક્યારેય તેમને આઇસક્રીમ ખાતાં નથી જોયાં.' નેન્સીએ જણાવ્યું

પોલીએના થોડી નિરાશ થઈ ગઈ. 'લે, તેમને આઇસક્રીમ નથી ભાવતો? કોઈને વળી આઇસક્રીમ શું કામ ન ભાવે?... પરંતુ તેમાં પણ રાજી થવા જેવી વાત જરૂર છે. કારણકે તમે આઇસક્રીમ ન ખાઓ તો તમને પેટનું દર્દ ન થાય. મેડમ વ્હાઈટને થયું હતું તેવું. કદાચ પોલી આન્ટીને ઘરે ગાલીચા હશે, ખરું?'

'હા, તેમના ઘરમાં ગાલીચા છે.' નેન્સીએ જવાબ આપ્યો.

'દરેક રૂમમાં?'

'હા, લગભગ દરેક રૂમમાં.' નેન્સીએ કહ્યું પણ તેને તરત માળિયા પરનો રૂમ યાદ આવ્યો જેમાં કોઈ ગાલીચો ન હતો.

પોલીએના આનંદીત થઈને બોલી, 'વાહ, હું ખુશ છું. મને ગાલીચા બહુ ગમે. અમારી પાસે એકપણ ન હતા. ફક્ત બે નાની જાજમ દાનમાં આવેલી. એમાંથી એક પર તો શાહીના ડાઘા હતા. મેડમ વ્હાઈટના ઘરે તો સરસ ચિત્રો હતાં. ગુલાબનાં, નાની બાળકીઓ રમતી હોય તેનાં, બિલાડીનાં, ઘેટાનાં, સિંહનાં... અલબત્ત ઘેટાના અને સિંહના સાથે નહીં હો.! જો કે બાઈબલ કહે છે કે ક્યારેક સિંહ અને ઘેટું સાથે રહેશે પણ હજુ સુધી એવું કાંઈ થયું નથી.. તમને ચિત્રો ગમે કે નહીં?'

'મને... મને... ખબર નહીં.' નેન્સીને શું બોલવું તે ખબર ન પડી.

'મને તો ચિત્રો બહુ ગમે. અમારી પાસે કોઈ ચિત્રો હતાં નહીં. એવું બધું દાનમાં ન આવે, સમજ્યા? હા, બે ચિત્રો આવેલાં ખરાં. તેનું એક બહુ સરસ હતું એટલે પપ્પાએ તેને વેચી નાખીને મને બૂટ અપાવ્યા. બીજું ચિત્ર તો એટલું ખરાબ હતું કે ભીંતે જેવું લટકાવ્યું એવું પડયું અને તેના કટકે કટકા થઈ ગયા. હું તો રડી પડેલી.'

'એક રીતે સારું છે, મને ખુશી છે કે મારી પાસે કોઈ સરસ સરસ વસ્તુઓ નહોતી. આને લીધે પોલી આન્ટી પાસે જે કાંઈ છે તે મને ખૂબ ગમશે. મારે માટે આ દરેક ચીજ નવી હશે ને! જેમ કે દાન પેટીમાં ક્યારેક ભૂરા રંગની રિબન આવતી ત્યારે મને બહુ આનંદ થતો... અહાહા... કેવું સરસ ઘર છે!' પોલીએનાએ અચાનક વિષયાંતર કર્યું કારણકે ઘોડાગાડી ઘરના આંગણામાં પ્રવેશી ચૂકેલી.

ટીમોથી પોલીએનાની બૅગ ઉતારતો હતો ત્યારે નેન્સીએ તેની પાસે જઈને ધીમે અવાજે કહ્યું, 'ટીમોથી, હવેથી ક્યારેય અહીંથી કામ છોડીને જવાની વાત નહીં કરતો. હું તો કોઈ સામેથી પૈસા આપશે તો પણ નહીં જાઉં.'

'અહીંથી કામ છોડીને જવાનું? હું તો ક્યારેય ન કહું. મને કોઈ પણ લાલચ અહીંનું કામ ન છોડાવી શકે. હવે તો અહીં વધુ મજા આવશે. આ નાની છોકરી આવી છે તેને કારણે.' ટીમોથીએ જવાબ આપ્યો.

'મજા, મજા! નેન્સી બોલી. 'મને લાગે છે કે આ છોકરીને અહીં "મજા" ઉપરાંત પણ ઘણું મળશે! એક વાર બંને જણાં સાથે તો રહી જુએ! અને હા, આ કોમળ દીકરીને દિલ હળવું કરવા કોઈ તો જોઈશે. એ વ્યક્તિ હું બનીશ. હા, ટીમોથી, હું એ વ્યક્તિ બનીશ.' આટલું કહીને નેન્સી પોલીએનાને લઈને ઘર તરફ ચાલી નીકળી.

માળિયા પરનો રૂમ

પોલીએના અને નેન્સી રૂમમાં દાખલ થયાં ત્યારે પોલી મેડમ આવકારવા ઊભાં ન થયાં. આવેલી ફરજ બજાવવા તેઓ તૈયાર છે તે ભાવ મોઢા પર લાવીને તેમણે પોતાનો ઉષ્માહીન હાથ લંબાવતાં કહ્યું, ‘કેમ છો પોલીએના? હું તને…’

પોલી મેડમ વધુ કાંઈ બોલે તે પહેલાં પોલીએના દોડીને તેમને વળગી પડેલી!

‘ઓ પોલી આન્ટી, પોલી આન્ટી! આજે હું કેટલી ખુશ છું, તમે મને તમારી સાથે રાખવાની હા પાડી એટલે!’ ધ્રુસકું ભરતાં તેણે વાત ચાલુ રાખી. ‘તમને ખ્યાલ પણ નહીં આવે કે તમે, નેન્સી, આટલુ સરસ ઘર મને મળ્યું તેથી હું કેટલી રાજી થઈ છું! ખાસ કરીને એટલે કે અત્યાર સુધી તો મારી પાસે મહિલા સહાયક મંડળ સિવાય કાંઈ ન હતું!’

પોતાને વીંટળાયેલા હાથને છોડાવવાની કોશિશ કરતાં પોલી મેડમ જરા કરડાકીથી બોલ્યા ‘હું સમજી શકું છું… અલબત્ત, મને ક્યારેય મહિલા સહાયક મંડળનો અનુભવ નથી થયો.’ પછી નેન્સી સામે જોઈને બોલ્યા ’ઠીક છે, તું જા. પોલીએના, જરા સરખી સીધી ઊભી રહે, મેં તને હજુ બરાબર જોઈ પણ નથી.’

પોલીએના થોડી દૂર ખસી ગઈ. તેનુ હસવાનું ચાલુ રહ્યું.

‘હા, તમે મને જોઈ નથી. જો કે મારામાં બહુ જોવા જેવું નથી હોં! મોઢા પર નાના ડાઘા છે. અને હા, તમને સમજાવું કે મેં લાલ ડ્રેસ કેમ પહેર્યો છે. પેલો કાળો ડ્રેસ હતો તેના પર સફેદ ડાઘા હતા.. મેં નેન્સીને જણાવ્યું કે પપ્પાએ મને સમજાવ્યું…’

‘બસ, બસ’ પોલી મેડમનો અણગમો વ્યક્ત થયો. ‘મારે એ નથી જાણવું કે તારા પપ્પાએ તને શું કહેલું… હા, હું માનું છું કે તારી પાસે એક બૅગ હતી.’

પોલીએનાએ જવાબ આપ્યો, ‘હા, પોલી આન્ટી, મારી પાસે સરસ બૅગ છે મહિલા સહાયક મંડળે આપેલી. જો કે તેમાં મારી પોતાની બહુ વસ્તુઓ નથી. થોડા વખતથી દાનમાં જે કપડાં આવતાં હતાં તેમાં નાની છોકરીઓ પહેરી શકે તેવા બહુ ઓછાં રહેતાં. બૅગમાં પપ્પાના પુસ્તકો છે. મેડમ વ્હાઈટે કહ્યું કે પપ્પાનાં પુસ્તકો મારે રાખવા જોઈએ. તમને ખબર હશે કે પપ્પા…’

પોલી મેડમે ફરી વાત કાપતા કડક અવાજે કહ્યું, ‘જો પોલીએના, એક વાત બરાબર સમજી લે. મારે તારા પપ્પા વિશે એકપણ વાત સાંભળવી

નથી, એટલે વારંવાર તેમને યાદ કરવાની જરૂર નથી, સમજી?'

પોલીએનાનો શ્વાસ તેના ગળામાં અટક્યો. 'એટલે... પોલી આન્ટી... એટલે...'

વાક્ય પૂરું થાય તે પહેલાં જ પોલી મેડમ બોલ્યાં, 'હવે આપણે ઉપર તારા રૂમમાં જઈશું. હું ધારું છું કે તારી બૅગ ત્યાં પહોંચી ગઈ હશે. મેં ટીમોથીને ત્યાં લઈ જવા કહેલું. ચાલ, મારી સાથે આવ.'

કાંઈ બોલ્યા વિના પોલીએના તેની આન્ટીની પાછળ ચાલી. તેની આંખ ભીની હતી પણ ચહેરો સ્વસ્થ હતો.

'એક રીતે સારું જ છે કે આન્ટી પપ્પા વિશે કાંઈ સાંભળવા નથી માગતાં.'

પોલીએના વિચારતી હતી, 'પપ્પાને જેટલા ઓછા યાદ કરીશ તેટલી ઓછી દુ:ખી થઈશ. એટલે જ કદાચ આન્ટી પપ્પાની વાતો કરવાની ના પાડે છે.' પોલીએનાને આન્ટીની આ 'સારપ' સમજાઈ એટલે એણે આંખો લૂછી નાખી.

દાદરો ચડતી પોલીએનાને ખુલ્લા બારણામાંથી રૂમમાં પથરાયેલા ગાલીચા અને રેશમી કવર ચડાવેલી ખુરશીઓ દેખાતી હતી. દાદરા પર પાથરેલી સુંદર શેતરંજીનો મખમલી સ્પર્શ ગમતો હતો. દરેક દીવાલ પર લાગેલાં સરસ ચિત્રોની ફ્રેમ ચમકારા મારતી હતી. પડદામાંથી ચળાઈને આવતા સૂર્યકિરણોની સેર મોહક લાગતી હતી.

'ઓ પોલીઆન્ટી, કેવું સરસ ઘર છે! વાહ! તમે બહુ ખુશ હશો કે તમે આટલા બધા પૈસાદાર છો, ખરુંને?' શબ્દોમાં પોલીએનાનો ઉત્સાહ ઠલવાતો હતો..

'પોલીએના!' પોલી મેડમ દાદરાના છેલ્લા પગથિયે ઊભા રહી ગુસ્સાથી બોલ્યા. 'મને નવાઈ લાગે છે કે તું મને આવું કહે છે!'

'પણ પોલી આન્ટી, તમારી પાસે પૈસા છે તેનાથી તમે ખુશ નથી?' નાની કિશોરીએ નિખાલસતાથી પૂછ્યું.

'નહીં જ, પોલીએના. ભગવાને જે આપ્યું છે તેના માટે ખોટો ગર્વ કરવાનું હું ક્યારેય નથી શીખી, એમાં પણ પૈસા માટે તો નહીં જ...' પોલી મેડમે સખત અવાજે કહ્યું.

આટલું કહીને તે માળિયામાં એક બારણું હતું તેની તરફ ચાલ્યાં. મનમાં રાજી થતાં હતાં કે, 'સારું થયું મેં આ ચાંપલી છોકરીને માળિયામાં રાખવાનું નક્કી કર્યું.' આમ પણ તેમણે નક્કી જ કરેલું કે તે પોલીએનાને પોતાનાથી બને તેટલી દૂર રાખશે પરંતુ તેના પર ચાંપતી નજર તો રાખશે! રખેને બેદરકારીથી મોંઘાદાટ ચિત્ર કે ગાલીચા બગાડી ન નાખે! 'હજુ

હમણાં આવી છે ને આટલી લપ કરે છે! ઠીક થયું મેં એને સાવ સાદો રૂમ આપ્યો છે. જેમાં નથી ચિત્રો કે નથી ગાલીચા.' પોલી મેડમના વિચારતા હતા.

પોલીએના થનગનતા પગે તેની આન્ટીની પાછળ દોડતી હતી. તેના પગલામાં હતો તેના કરતાં ઘણો વધુ ઉત્સાહ તેની મોટી ભૂરી આંખોમાં હતો. તેની દૃષ્ટિ એક સાથે જાણે ચોતરફ ફરી વળતી હતી. તેનું મન તો પગ અને આંખ કરતાં પણ વધુ આતુર હતું. જેની તે ઘણા વખતથી ખેવના કરતી હતી તે વાત હવે સામે આવવાની હતી! તેનો પોતાનો રૂમ! તેની એકલીનો રૂમ! સરસ ચિત્રો, રંગીન પડદા અને મખમલી ગાલીચાથી સજાવેલો રૂમ!

ત્યાં અચાનક પોલી આન્ટીએ એક બારણું ખોલ્યું અને સામે દેખાતો દાદર ચડ્યાં.

અહીં બહુ કાંઈ જોવા જેવું હતું નહીં. બંને તરફ સાદી દીવાલો છતને અડતી હતી. દાદરો પૂરો થાય ત્યાં ડાબે-જમણે લૉબી હતી જેના બંને છેડે તદ્દન નીચે સુધી ઢળતું છાપરું હતું. લૉબીમાં અગણિત ખોખાં અને પેટીઓ પડયાં હતાં. અહીં સખત ઉકળાટ થતો હતો. પોલીએનાએ ઊંચું જોયું. તેને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. પોલી આન્ટીએ જમણી તરફનું બારણું ખોલીને કહ્યું, 'જો પોલીએના, આ તારો રૂમ. તારી પેટી અહીં આવી ગઈ છે. તારી પાસે ચાવી છે ને?'

પોલીએનાએ ડોકું હલાવીને હા પાડી. તેના શબ્દો ગળામાં અટકી ગયેલા. તે વિસ્ફારીત આંખોથી પોલી આન્ટીને જોઈ રહી.

પોલી મેડમે જરા આંખ ખેંચીને કહ્યું, 'પોલીએના, હું જ્યારે કાંઈ પૂછું ત્યારે બોલીને જવાબ આપવાનો, ડોકું હલાવીને નહીં, સમજાયું?

'જી પોલી આન્ટી' પોલીએના ધીમેથી બોલી.

'તો ઠીક. હું માનું છું કે તારે જે જોઈશે તે બધી વસ્તુ અહીં છે.' એમણે પાણીનો જગ અને ટુવાલની થોકડી જ્યાં રાખેલી તેની પર નજર કરીને કહ્યું અને રૂમમાંથી બહાર નીકળી દાદરો ઊતરતા ઉમેર્યું, 'હું નેન્સીને મોકલું છું, તને મદદ કરવા. જમવા માટે સાંજે છ વાગે આવી જજે.'

તેમના ગયા પછી પોલીએના થોડો વખત શાંત ઊભા રહીને એમને જોઈ રહી. પછી તેની નજર ખાલી દીવાલો, જાજમ વિનાની ફર્શ અને પડદા વિનાની બારીઓ પર પડી. દૂર ખૂણામાં તેની બૅગ પડી હતી, એ જ બૅગ જે થોડા દિવસો પહેલાં દૂરના શહેરના અનાથાશ્રમમાં તેના રૂમમાં હતી. પોલીએના તે બૅગ પાસે બેસી પડીને બે હાથમાં મોઢું છુપાવી રડી પડી.

થોડીવારે નેન્સી રૂમમાં આવી. દોડીને તે પોલીએના પાસે બેસી ગઈ અને તેને બાથમાં લઈને કહ્યું, 'બેટા, બકા! રડ નહીં. મને હતું જ કે આવું કાંઈક બનશે.'

પોલીએનાએ માથું ધુણાવીને કહ્યું, 'ના, નેન્સી, હું જ ખરાબ છું. નઠારી છું.'

હીબકાં ભરતાં બોલી, 'હું મારી જાતને સમજાવી જ નથી શકતી કે ભગવાનને ઘરે, મારા પપ્પાની, મારે છે તેના કરતાં પણ વધુ જરૂર હતી.'

'એમને વળી એવી શું જરૂર હોય!' નાન્સી બોલી ઊઠી.

'શું કીધું?' પોલીએના રડતાં રડતાં મોટેથી બોલી.

'કાંઈ નહીં, કાંઈ નહીં.' નેન્સીએ વાત વાળી લીધી. ' ચાલો આપણે તમારી પેટીમાંથી તમારાં કપડાં અને ચીજવસ્તુઓ બહાર કાઢી લઈએ.'

પોલીએનાએ ભીની આંખોથી નેન્સી સામે જોઈને તેને ચાવી આપી ને કહ્યું, 'મારી પેટીમાં બહુ કપડાં નથી.'

'સારું ને! આપણું કામ જલ્દીથી પતી જશે.' નેન્સી બોલી.

પોલીએનાનું મુખ અચાનક હાસ્યથી ખીલી ઊઠ્યું! 'જોયું, કેટલું સરસ! મારા માટે એ વાત રાજી થવા જેવી છે, ખરું કે નહીં?'

નેન્સી પોલીએનાની સામું જોઈ રહી. થોડીવાર પછી બોલી, 'હા, એમ કહી શકાય.'

નેન્સીએ ફટાફટ બૅગમાંથી પુસ્તકો, ડાઘાવાળાં આંતરવસ્ત્રો અને જૂના થયેલા ડ્રેસ કાઢયાં. પોલીએનાએ તેનાં કપડા હેંગરમાં ટાંગ્યા, આંતરવસ્ત્રો ખાનામાં મૂક્યાં અને પુસ્તકો ટેબલ પર રાખ્યાં.

'આ રૂમ સરસ છે, નહીં?' પોલીએના તૂટક અવાજે બોલી, જાણે પોતાની જાતને આ પ્રશ્ન પૂછતી હોય તેમ.

નેન્સી તરફથી કાંઈ જવાબ ન મળ્યો. તેનું ધ્યાન હજુ પેટી પર હતું. પોલીએનાએ ખાલી દીવાલ તરફ જોઈને વાત ચાલુ રાખી. 'હા, મને એ વાતની પણ ખુશી છે કે આ રૂમમાં એકપણ અરીસો નથી! મારે મારું ડાઘાવાળું મોઢું જોવું નહીં પડે!'

નેન્સી કાંઈક બોલી તેવું લાગ્યું પણ પોલીએના તેના તરફ ફરી તો બીજી વાર પણ તેનું બધું ધ્યાન પેટી પર હોય તેમ લાગ્યું. થોડા વખત પછી બારી પાસે ઊભેલી પોલીએનાનો હર્ષભર્યો અવાજ સંભળાયો. તાળીઓ પાડતાં તે બોલી, 'અરે નેન્સી, મેં પહેલાં આ તો જોયું જ નહીં. જો! અહીંથી પેલાં વૃક્ષો, સરસ મજાનાં ઘર, પેલું ચર્ચ અને સૂર્યપ્રકાશમાં ચાંદી

જેવી ચમકતી નદી, બધું કેટલું સરસ દેખાય છે! હવે દીવાલ પર ચિત્રોની શું જરૂર છે? વાહ, હું બહુ રાજી થઈ કે આન્ટીએ મને આ રૂમ આપ્યો!'

નેન્સી અચાનક રડી પડી! પોલીએનાને આશ્ચર્ય અને સંતાપ બંને થયાં.

તે તરત તેની પાસે ગઈ. 'નેન્સી, નેન્સી, શું થયું? કેમ રડો છો? આ... આ તમારો રૂમ તો નહોતો ને જે મને આન્ટીએ આપ્યો છે?' પોલીએનાએ પૂછ્યું.

'મારો રૂમ?' નેન્સી રડવું અટકાવીને ગુસ્સામાં બોલી. 'બેટા, તું તો સ્વર્ગમાંથી ઊતરી આવેલી દેવી છે. અમુક લોકોને આ વાત ખબર નથી જે ખત્તા ખાવાના છે... અરે! આ પાછી મેડમની બેલ વાગી!' આટલું કહેતાં તે ઝડપથી ઊભી થઈ, દોડીને દાદરો ઊતરી ગઈ.

પોલીએના એકલી પડી એટલે બારીમાંથી દેખાતું સુંદર દૃશ્ય જોવા ગઈ. થોડીવાર જોયા પછી તેણે બારી ખોલવા પ્રયત્ન કર્યો અને તેના આશ્ચર્ય વચ્ચે બારી ખૂલી ગઈ! રૂમમાં તાજી હવાની લહેરખી આવી અને પોલીએના એને જાણે પી રહી. બારીમાંથી ઝૂકીને એણે આજુબાજુ નજર નાખી.

તે દોડીને બીજી બારી પાસે ગઈ અને તે પણ આસાનીથી ખૂલી ગઈ. એક મોટી માખી બણબણતી રૂમની અંદર આવી. એની પાછળ બીજી, ત્રીજી એમ ઘણી માખીઓ આવી પણ પોલીએનાએ તેની દરકાર ન કરી. તેનું ધ્યાન તેણે કરેલી નવી શોધ પર હતું. બારીની બહાર એક ઝાડ હતું જેની ડાળીઓ છેક બારી સુધી પહોંચતી હતી. જાણે આ વૃક્ષ તેને પોતાના હાથ પસારીને બોલાવતું હતું!

પોલીએના ખડખડાટ હસી પડી અને બોલી, 'મને લાગે છે એ શક્ય છે.' બીજી પળે તે બારીની ધાર પર ચપળતાથી ચડી ગઈ અને ત્યાંથી ગઈ નજીકની ડાળ પર.

વાંદરાની જેમ એક ડાળથી બીજી ડાળ પર લટકીને જતી જતી તે છેક નીચલી ડાળ પર પહોંચી ગઈ. પોલીએના ઝાડ પર ચડવા ટેવાયેલી હતી છતાં તેને લાગ્યું કે નીચે જમીન દૂર હતી. હિંમત કરીને એણે ડાળ છોડી અને જમીન પર ભૂસકો માર્યો. બે હાથ-બે પગના ટેકે તે કૂણા ઘાસમાં પડી. તરત ઊભા થઈને તેણે આજુબાજુ જોયું.

તે ઘરની પાછળના ભાગમાં હતી. બગીચામાં એક વૃદ્ધ માણસ કામ કરતો હતો. બગીચાની પેલે પાર ખુલ્લા મેદાનમાંથી એક રસ્તો નાના ટેકરા પર જતો હતો, જેની ટોચ પર એક મોટા પથ્થર પાસે પાઈનનું એક ઝાડ હતું. પોલીએનાને લાગ્યું કે અત્યારે જગતની એકમાત્ર જવા જેવી જગ્યા આ પત્થરની ટોચ હતી.

પોલીએના તે ટેકરા તરફ દોડી. બાગમાં કામ કરતા વૃદ્ધ માળીની નજરથી દૂર રહી, તે વાવેલા પાકની બે હાર વચ્ચેથી દોડીને ખુલ્લા મેદાન તરફ જતા રસ્તા પર આવી. થોડી થાકેલી પણ મન મક્કમ કરીને ટેકરો ચડવા લાગી. તેને હવે ખ્યાલ આવ્યો કે આ ટેકરો અને તેના પરનો પથ્થર એટલા પાસે ન હતા જેટલા બારીમાંથી દેખાતા હતા!

પંદર મિનિટ પછી હેરિંગ્ટન આવાસના દીવાનખાનાની મોટી ઘડિયાળમાં છના ડંકા પડ્યા. બરાબર છેલ્લો ડંકો પડ્યો અને નેન્સીએ જણાવ્યું કે ભોજન તૈયાર હતું.

એક, બે, ત્રણ મિનિટ વીતી ગઈ. પોલી મેડમ પોતાનાં સ્લીપરથી ફર્શ પર તાલ દેતાં હતાં. અચાનક ઊભા થઈને તે હૉલમાં ગયાં અને દાદર તરફ નજર કરી. તેમની અધીરાઈ દેખાઈ આવતી હતી. પૂરી એક મિનિટ સુધી તેમણે કોઈ અવાજ આવે છે કે નહીં તે સાંભળ્યું. પછી જમવાના ટેબલ પાસે આવીને સાદ પાડ્યો: ‘નેન્સી!’

નેન્સી દેખાઈ એટલે તેમણે નિર્ણય જણાવ્યો. ‘મારી ભાણેજ મોડી પડી છે.’ નેન્સીને હૉલ તરફ જતાં જોઈને કડકાઈથી બોલ્યાં, ‘ના, તારે એને બોલાવવા જવાની જરૂર નથી. મેં તેને સ્પષ્ટ જણાવેલું કે સાંજે કેટલા વાગે જમવાનું છે. હવે તે ભલે પરિણામ ભોગવતી. તે શિસ્તબદ્ધતાના પાઠ જેટલા જલ્દી શીખે તેટલું સારું. હવે પોતાના રૂમમાંથી નીચે આવે ત્યારે તારી સાથે તેને ફક્ત બ્રેડ અને દૂધ આપજે.’

‘જી મેડમ.’ નેન્સી બોલી. સારું હતું કે આ સમયે પોલી મેડમ તેને જોતાં ન હતાં!

સાંજનું ભોજન પૂરું થયું કે તરત નેન્સી દાદરો ચડીને માળિયાના રૂમમાં આવી. ‘ફક્ત બ્રેડ અને દૂધ આપવાનાં! બીચારી રડતી રડતી સૂઈ ગઈ હશે એટલે...’

આવા વિચારો તેના મનમાં ચાલતા હતા. તેણે ધીમેથી બારણું, ખોલ્યું. બીજી મિનિટે તેની ચીસ નીકળી ગઈ! ‘અરે, તમે ક્યાં ગયા? ક્યાં છો તમે?’ કબાટની અંદર, પલંગની નીચે, પાણીના જગ પાસે, નેન્સી બધે જોઈ વળી પણ પોલીએનાનો પત્તો ન લાગ્યો.

નેન્સી દોડીને બાગમાં કામ કરતા ટોમકાકા પાસે ગઈ.

‘ટોમકાકા, ટોમકાકા, પેલી છોકરી આવી હતી ને, તે ક્યાંક ચાલી ગઈ છે. બસ, અદૃશ્ય જ થઈ ગઈ તેમ લાગે છે. મેડમે કહ્યું કે મારે તેને રસોડામાં બેસાડીને બ્રેડ અને દૂધ જ આપવાનાં. મને ચોક્કસ લાગે છે કે તે સ્વર્ગમાંથી ઊતરેલી દેવી હતી અને પાછી પોતાના ઘરે પહોંચીને સરસ મજાનાં પકવાન ખાતી હશે.’

વૃદ્ધ માળી ટટ્ટાર થઈને બોલ્યો. 'ચાલી ગઈ? સ્વર્ગમાં?' તેની નજર સાંજના સૂર્યાસ્ત વખતે દેખાતું આકાશ આવરી લેતી હતી. એક જગ્યાએ થોડું વધુ ધ્યાનથી જોઈને તેણે આછા સ્મિત સાથે કહ્યું, 'નેન્સી, લાગે તો છે કે તેણે બને એટલું ઊંચે પહોંચવાના પ્રયત્નમાં કોઈ કસર નથી છોડી.' આટલું બોલીને તેણે દૂર દેખાતા ટેકરીના પથ્થર પર ઊભેલ એક આકાર તરફ આંગળી ચીંધી. સાંજના ઢળતા પ્રકાશમાં સ્પષ્ટ દેખાતો ઓળો પોલીએનાનો હતો.

નેન્સીએ દૃઢતાથી કહ્યું, 'મારું ચાલશે તો તે આજે તો શું, ક્યારેય સ્વર્ગમાં નહીં જાય. જો મેડમ પૂછે તો એમને કહેજે કે મારે વાસણ ઉટકવાનાં છે. તે મને યાદ છે. પણ અત્યારે તો ફરવા જાઉં છું.' આટલું કહીને નેન્સી એ રસ્તા પર નીકળી પડી જે ખુલ્લા મેદાનો વચ્ચેથી નીકળીને ટેકરી પર જતો હતો.

રાજી થવાની રમત (The Game)

‘ઓ ભગવાન! પોલીએના, તમે મને કેટલી ગભરાવી દીધી!’ નેન્સી હાંફતાં હાંફતાં બોલી. તે ટેકરો ચડીને મોટા પથ્થર તરફ ઝડપથી આવી રહી હતી. પોલીએના એ લીસ્સા પથ્થર પરથી સરકીને નીચે આવી.

‘તમે ગભરાઈ ગયા? સૉરી. પણ મારે માટે તમારે ગભરાવું નહીં. પપ્પા અને મહિલા સહાયક મંડળવાળા પણ પહેલાં મારે માટે ગભરાતા, પણ પછી તેમને ખબર પડી કે હું જ્યાં જાઉં છું ત્યાંથી સલામત પાછી આવું છું એટલે તેમણે ચિંતા કરવાનું છોડી દીધું.’ પોલીએનાએ ચોખવટ કરી.

‘મને તો ખબર જ ન હતી કે તમે ઘરની બહાર નીકળ્યા છો.’ નેન્સીએ પોલીએનાનો હાથ પકડીને ટેકરો ઊતરતાં કહ્યું. ‘મેં કે કોઈએ તમને જતા જોયાં નહીં. શું તમે છાપરામાંથી ઊડીને આવ્યાં?’

પોલીએના કૂદકા મારતી ચાલતી હતી. તેણે જરા અટકીને કહ્યું, ‘હા, હું ઊડીને આવી પણ ઉપર નહીં, નીચે. હું ઝાડ પરથી નીચે ઊતરી.’

નેન્સીએ અટકીને પૂછ્યું, ‘શું? તમે શું કર્યું?’

‘મારી બારી પાસેના ઝાડ પરથી નીચે આવી.’

‘હે ભગવાન!’ ડઘાયેલી નેન્સી આટલું બોલીને આગળ ચાલી. ‘તમને ખબર છે તમારા આન્ટી આ જાણશે તો શું કહેશે? મારે એ સાંભળવું છે.’

‘ના, મને ખબર નથી પોલી આન્ટી શું કહેશે. પણ હું એમને આ વાત કરું છું. પછી તમને ખબર પડશે કે આન્ટી શું કહે છે.’ પોલીએનાએ જવાબ આપ્યો.

‘અરે મહેરબાની કરો, મેડમને કાંઈ કહેશો નહીં.’ નેન્સીનો શ્વાસ રૂંધાયો.

‘કેમ? શા માટે વાત ન કરવી? આન્ટી ખિજાશે?’ પોલીએના બોલી.

‘ના. એમ નથી. કંઈ નહીં, જવા દો. મારે જાણવું નથી કે પોલી મેડમ તમને શું કહેશે.’ નેન્સી તૂટક અવાજે બોલી. બીજું કાંઈ નહીં તો તે આ છોકરીને મેડમની વઢથી બચાવવા માગતી હતી. ‘ચાલો, ઝડપ કરીએ. મારે હજુ વાસણ ઉટકવાનાં છે.’

‘હું તમને મદદ કરીશ.’ પોલીએનાએ કહ્યું.

થોડો વખત બંને શાંતિથી ચાલ્યાં. આકાશમાં અંધારું ઝડપથી ફેલાઈ રહ્યું હતું.

પોલીએના નેન્સીનો હાથ વધુ જોરથી પકડીને બોલી, 'હું ખુશ છું કે તમે થોડું ગભરાયા. એને કારણે તમે મને શોધવા નીકળ્યાંને!'

'અરે બકા, તને ભૂખ લાગી હશે, ખરું?' નેન્સી લાગણીવશ થઈ બોલી.

'પણ આજે તારે મારી સાથે રસોડામાં બેસીને બ્રેડ અને દૂધ ખાવાં પડશે. તું સમયસર જમવા ન આવી એ મેડમને નથી ગમ્યું.'

'હું ક્યાંથી આવી શકત? હું તો અહીં હતી ને.' પોલીએનાએ જણાવ્યું.

'હા, પણ મેડમને એ ખબર ન હતી.' નેન્સી હસવું ખાળીને બોલી.

'સૉરી, પણ આજે તમારે બ્રેડ અને દૂધથી ચલાવી લેવું પડશે.'

પોલીએના બોલી, 'તેમાં સૉરી શું કામ, હું તો રાજી થઈ છું.'

નેન્સીને સમજાયું નહીં 'રાજી થયાં? કેમ, એમાં રાજી થવા જેવું શું છે?'

'મને બ્રેડ અને દૂધ ભાવે છે અને મને તમારી સાથે જમવાનું ગમશે. એટલે હું રાજી થઈ છું.' પોલીએનાએ સરળ તર્ક આપી સમજાવ્યું.

'તમને દરેક વાતમાં રાજી થવામાં તકલીફ નથી પડતી, કેમ?' નેન્સી બોલી ઊઠી. તેને પોલીએનાએ પોતાના માળિયા પરના સાદા રૂમને મેળવીને પણ ખુશી વ્યક્ત કરી હતી તે યાદ આવ્યું અને તેના ગળે ડૂમો બાઝ્યો.

પોલીએનાએ સરળ હાસ્ય કરીને કહ્યું, 'એ તો રમત છે!'

'રમત?' નેન્સીને કાંઈ સમજાયું નહીં.

'હા, રાજી થવાની રમત.' પોલીએનાએ સમજાવ્યું.

નેન્સીએ પૂછ્યું, 'આ તે વળી કઈ રમતની વાત કરો છો?'

'આ એક રમત છે. મને પપ્પાએ શીખવાડેલી. બહુ સરસ રમત છે.' પોલીએનાએ ઉત્સાહથી કહ્યું. 'હું સાવ નાની હતી ત્યારથી અમે આ રમત રમતા આવ્યાં છીએ. મેં પછી આ રમત મહિલા સહાયક મંડળના સભ્યોને શીખવાડી, તેમાંના અમુક પણ આ રમત રમે છે.'

'એ કઈ રીતે રમાય? જો કે હું કોઈ રમત સારી રીતે નથી રમી શકતી.' નેન્સીએ એકરાર કર્યો.

પોલીએના ફરી હસી પણ સાથે જ એણે આછો નિશ્વાસ મૂક્યો. સાંજના નમતા અજવાળામાં તેના ચહેરા પર થોડો વિષાદ દેખાતો હતો.

'જ્યારે અમને ટેકણલાકડીઓ દાનમાં મળી હતી ત્યારે પહેલીવાર હું આ રમત રમી હતી.'

‘ટેકણલાકડીઓ?’ નેન્સીએ પૂછ્યું.

‘હા, પેલા અપંગ બાળકો ચાલવા માટે વાપરેને, તે ટેકણલાકડીઓ.’ પોલીએનાએ વાત ચાલુ રાખી, ‘મારે ઢીંગલી જોઈતી હતી. પપ્પાએ પત્રમાં લખેલું પણ હતું, પરંતુ દાનમાં આવી ટેકણલાકડીઓ. સાથેના પત્રમાં લખેલું કે દાનમાં ઢીંગલી નહોતી આવી પણ આ નાની ટેકણલાકડીઓ આવેલી એટલે ક્યારેક કોઈ બાળકને કામ આવશે તેમ ધારીને મોકલી આપેલી. બસ, ત્યારથી અમે આ ‘રાજી થવાની રમત’ રમવાની શરૂ કરી.’

નેન્સી જરા ચિડાઈને બોલી, ‘એ તે વળી કેવું? મને તો આ વાતમાં એકેય જાતની રમત દેખાતી નથી!’

‘અરે, રમત એ હતી કે દરેક વાતમાંથી કંઈક એવું શોધી કાઢવાનું જેનાથી આપણે રાજી થઈએ, ખુશ થઈએ, ભલેને પછી તે ગમે તેવી વાત હોય.’ પોલીએના પૂરા વિશ્વાસ અને ગંભીરતાથી આ વાત કરતી હતી. ‘અમે આ રમતની શરૂઆત આ ટેકણલાકડીઓથીજ કરી.’

નેન્સીએ કહ્યું, ‘લે! મને આમાં કાંઈ રાજી થવા જેવું લાગતું નથી. માગી હોય ઢીંગલી અને આવી પડે ટેકણલાકડી. છટ.. એમાં શું ખુશ થવાનું?’

પોલીએના તાળીઓ પાડતાં બોલી, ‘જરૂર તેમાં રાજી થવા જેવી વાત છે. નેન્સી, પહેલાં મને પણ એ ખ્યાલ નહોતો આવ્યો. પપ્પાએ કીધું ત્યારે સમજાયું.’

નેન્સીએ છણકો કર્યો, ‘મને જણાવો તો એમાં શું રાજી થવાય તેવું છે?’

‘કેમ વળી, એ વાત રાજી થવા જેવી નથી કે તમારે આ ટેકણલાકડીની જરૂર નથી? તમારા પગ સાજા સારા છે! આમ વિચારીએ ત્યારે તરત સમજાઈ જાય છે. ખરું કે નહીં?’ પોલીએનાના ચહેરા પર વિજયી સ્મિત હતું.

‘આ તે કેવી વિચિત્ર વાત?’ નેન્સીનો પ્રતિભાવ આવો હતો.

‘ના, આ વાત વિચિત્ર નથી, એકદમ સરસ છે!’ પોલીએનાનો ઉત્સાહ છલકાતો હતો. ‘તે દિવસથી અમે આ ‘રાજી થવાની રમત’ રમતા આવ્યા છીએ. જેમ પરિસ્થિતિ વધુ વિકટ, તેમ આ રમતમાં વધુ મજા પડે. એ વિકટ પરિસ્થિતિમાં પણ શું સારું છે તે ખબર પડે ત્યારે બહુ આનંદ થાય. જો કે ક્યારેક બહુ કઠીન સંજોગ આવે છે. જેમ કે આપણા પપ્પા ભગવાન પાસે જતા રહે અને મહિલા સહાયક મંડળ સિવાય તમારો કોઈ સહારો ન હોય.’

‘હા, અને જ્યારે તમને ઘરના ઉપરના માળિયામાં ઘોલકી જેવી ખાલીખમ રૂમમાં રાખવામાં આવે.’ નેન્સી ઘૂરકિયું કરતી હોય તેમ બોલી.

પોલીએનાનો આછો નિસાસો સંભળાયો.

‘હા, શરૂઆતમાં તે અઘરું લાગેલું.’ પોલીએનાએ કબૂલ્યું. ‘ખાસ કરીને એટલે કે હું બહુ એકલી પડી ગઈ. મને આ રાજી થવાની રમત રમવાનું મન જ નહોતું. મેં મારા રૂમમાં સરસ સરસ વસ્તુઓ હશે તેમ વિચારેલું. પછી મને વિચાર આવ્યો કે મને મારા મોઢા પરના ડાઘ અરીસામાં જોવાની કેટલી ચીડ હતી. એટલે રૂમમાં અરીસો નહોતો તે સારું જ હતું. વળી મને બારીમાંથી કેટલું સરસ દૃશ્ય જોવા મળ્યું! પછી ભીંત ઉપર ચિત્ર ન હોય તેનું શું કામ દુ:ખ કરવું? ત્યારે લાગ્યું કે મને રાજી થવા જેવી વસ્તુઓ મળી ગઈ.

જ્યારે તમે ખુશ થવા જેવી વસ્તુની તલાશમાં હો ત્યારે બીજું ભુલાઈ જાય છે, જેવી કે મનગમતી ઢીંગલી.’

‘હા... સાચું.’ નેન્સી ગળામાં ભરાયેલ ડૂમાને કારણે આટલું જ બોલી શકી.

‘મને હવે સારી વસ્તુ વિશે વિચારતાં બહુ વાર નથી લાગતી.’ પોલીએના ધીમેથી બોલી. ‘હવે તો સ્વાભાવિક રીતે જ ગમતી વસ્તુનો વિચાર થઈ જાય છે. રાજી થવાની રમત રમવાની એટલી ટેવ પડી ગઈ છે! બહુ સરસ રમત છે. પણ... પણ...’ તેનો અવાજ થોથવાયો. ‘મને લાગે છે હવે આ રમત જરા અઘરી પડશે જ્યાં સુધી કોઈ મારી સાથે નહીં રમે. કદાચ પોલી આન્ટી મારી સાથે રમશે.’ પોલીએનાએ ઉમેર્યું.

નેન્સી દાઢમાં બોલી, ‘પોલી મેડમ? મારી બલારાત!’ પછી પોલીએનાને કહ્યું, ‘પોલીએના, મને સારું રમતાં નથી આવડતું અને આ રમત તને આમ પણ નથી આવડતી. પણ હું તમારી સાથે આ રમત રમીશ. જરૂર રમીશ.’

પોલીએના નેન્સીને વળગી પડી અને બોલી, ‘ઓ નેન્સી, કેટલું સરસ! બહુ મજા પડશે!’

‘હા... કદાચ.’ નેન્સીએ કહ્યું અને ઉમેર્યું, ‘પણ મને એકપણ રમત બહુ સારી નથી આવડતી હોં. પણ આ રમત શીખવા હું ભરપૂર પ્રયત્ન જરૂર કરીશ. તમે કોઈકની સાથે તો રમી શકશો.’ આટલી વાત પૂરી થઈ ત્યાં બંને જણાં રસોડામાં પહોંચ્યાં.

પોલીએનાએ બ્રેડ અને દૂધ નિરાંતે ખાધા. પછી નેન્સીની સૂચના મુજબ તે બેઠકખંડમાં ગઈ જ્યાં પોલી મેડમ વાંચતાં હતાં.

પોલી મેડમે ઠંડી નજરે પોલીએના સામે જોઈને પૂછ્યું. ‘તું જમી, પોલીએના?’

‘હા, પોલી આન્ટી.’ પોલીએનાએ જવાબ આપ્યો.

'મને દુ:ખ છે કે મારે તને રસોડામાં બ્રેડ અને દૂધ ખાવાનું કહેવું પડ્યું તે પણ તું આવી છો તે જ દિવસે.' પોલી મેડમ બોલ્યાં.

'પરંતુ આન્ટી, મને બહુ મજા પડી. મને બ્રેડ અને દૂધ બહુ ભાવે, વળી નેન્સી સાથે ઘણું ફાવે. માટે તમે જરાપણ દુ:ખ નહીં લગાડતા.' પોલીએનાએ કહ્યું.

પોલી મેડમ તેની ખુરશીમાં ટટ્ટાર થઈને બોલ્યાં, 'પોલીએના, તારે સૂવાનો સમય થઈ ગયો છે. આજે તું થાકી હશે. આવતી કાલે તારી દરેક પ્રવૃત્તિનો સમય નક્કી કરીશું અને તારાં કપડાં જોઈને બીજાં કેટલાંની જરૂર છે તે નક્કી કરીશું. નેન્સી તને મીણબત્તી આપશે. તેને સંભાળીને વાપરજે. કાલે સવારે સાડા સાત વાગે આપણે નાસ્તો કરીશું. તું સમયસર આવી જજે. ગુડ નાઇટ.'

પોલીએના સાવ સ્વાભાવિક રીતે તેની આન્ટી પાસે આવી અને તેમના ખભા પર હાથ વીંટાળીને બોલી, 'અહીં આવી ત્યારથી મને ખૂબ મજા પડી છે. મને ખાતરી છે મને તમારી સાથે રહેવામાં ખૂબ આનંદ મળવાનો છે. અલબત્ત, આ વાત હું અહીં આવી તે પહેલાંથી જ જાણતી હતી. ગુડ નાઇટ.'

'હે ભગવાન!' પોલી મેડમ બોલી ઊઠ્યાં. 'આ તે કેવી છોકરી છે! મેં તેને સજા કરી તેમાં તેને 'મજા' પડી! વળી કહે છે કે મારે દુ:ખ ન લગાડવું અને તેને મારી સાથે રહેવામાં આનંદ થવાનો છે.' પાછું તેમણે પુસ્તક હાથમાં લીધું.

પંદર મિનિટ પછી માળિયાના રૂમમાં પોલીએના ચાદરમાં મોં છુપાવીને રડતી હતી. 'પપ્પા, મને ખબર છે અત્યારે હું રાજી થવાની રમત બરાબર નથી રમતી. પરંતુ તમને પણ આવા માળિયામાં આવેલા રૂમમાં એકલા સૂવાનું આવે તો તેમાં રાજી થવા જેવું કાંઈ ન લાગે. કાશ હું નેન્સી કે પોલી આન્ટી પાસે હોત! અરે આના કરતાં તો મહિલા સહાયક મંડળની રૂમ પણ વધુ સારી!'

નીચે રસોડામાં નેન્સીએ વાસણ સાફ કરવાનું મસોતું દૂધની તપેલીમાં જોરથી ઘસ્યું અને બબડી, 'જો આવી અક્કલ વગરની રમત રમવાથી, જેમાં ઢીંગલીને બદલે ટેકણલાકડી મળે તો પણ 'રાજી' થવાનું હોય અને આ છોકરી ખુશ થવાની હોય તો, હું એ રમત જરૂર રમીશ, હા જરૂર રમીશ.'

ફરજનો સવાલ

પોલીએના બીજે દિવસે સવારે સાત વાગ્યાની આસપાસ જાગી. તેના રૂમની બારીઓ દક્ષિણ અને પશ્ચિમ દિશામાં હતી એટલે હજુ સૂરજ નહોતો દેખાતો. આછું ભૂરું આકાશ જોઈને તેને થયું કે દિવસ સારો જશે.

નાનો રૂમ હવે જરા ઠંડો લાગતો હતો. તાજી હવાની લહેરખીઓ આવતી હતી. બહાર પક્ષીઓનો કલરવ સંભળાતો હતો. પોલીએના દોડીને બારી પાસે ગઈ. તેણે જોયું કે પોલી આન્ટી બગીચામાં ગુલાબના ક્યારા પાસે હતાં. તે પોલી આન્ટી પાસે બાગમાં જવા જલ્દીથી તૈયાર થઈ ગઈ.

માળિયાનો દાદરો ઉતાવળે ઊતરી, બંને બારણાં બંધ કર્યા વિના, પોલીએના હૉલમાં ઝડપથી દોડીને બીજો દાદરો ઠેકડા મારતાં ઊતરી અને ઘરના મુખ્ય બારણાને ધડામ કરતું ખોલીને બગીચા તરફ ભાગી.

પોલી મેડમ બુઢ્ઢા માળી સાથે ગુલાબના ક્યારાને નમીને જોતા હતાં ત્યાં પોલીએના ખુશીથી ફૂલી ન સમાતી હોય તેમ તેમને વળગી પડી. ‘ઓ પોલી આન્ટી, પોલી આન્ટી, હું બહુ ખુશ છું. બસ, આજે જીવું છું એટલે જ બહુ ખુશ છું!’

‘પોલીએના!’ પોલી મેડમ કડક અવાજે બોલ્યા. ગળે વળગેલી પોલીએનાનું વજન તેમને સીધા ઊભા રહેવામાં નડતું હતું. ‘તું રોજ આવી રીતે જ ગુડ મોર્નિંગ કરે છે?’

પોલીએના કુદકા મારતી બોલી ‘ના, આન્ટી. આવું તો હું તેની સાથે જ કરું જેને હું ભરપૂર પ્રેમ કરું. મેં તમને બારીમાંથી જોયાં અને મને થયું કે આ મારાં સાચા આન્ટી છે. મહિલા સહાયક મંડળના સભ્ય નથી. તમે એટલા સુંદર લાગતા હતા કે મારે અહીં આવીને તમને વહાલથી ભેટવા સિવાય છૂટકો નહોતો.’

વૃદ્ધ ટોમકાકાએ અચાનક ઉપર જોયું. પોલી મેડમ કરડી નજર કરવા ગયાં પણ બહુ સફળ ન થયાં. થોડી વાર પછી બોલ્યાં, ‘પોલીએના... તને હું...’ પછી માળી સામે જોઈને કહ્યું, ‘થોમસ, અત્યારે આટલું પૂરતું છે. મને લાગે છે તું સમજે છે કે ગુલાબના ક્યારામાં શું કરવાનું છે?’ આટલું કહીને તે ઝડપથી ચાલ્યાં ગયાં.

‘તમે હંમેશાં બગીચામાં કામ કરો છો શ્રીમાન...?’ પોલીએનાએ પૂછ્યું.

ટોમકાકા પોલીએના તરફ ફર્યા. તેમની આંખો ભીની હતી. ‘હા, મિસ... હું ટોમ છું. અહીંનો જૂનો માળી.’ તેણે ધીમેથી ધ્રૂજતો હાથ લંબાવ્યો અને પોલીએનાના વાળમાં ફેરવ્યો. ‘તમે અદ્દલ તમારાં મમ્મી

જેવા દેખાઓ છો. હું તો તે તમારાથી પણ નાના હતા ત્યારથી તેમને ઓળખતો. હું ત્યારે પણ આ બાગમાં કામ કરતો.'

પોલીએનાનો શ્વાસ જાણે તેના ગળામાં અટકી ગયો! 'તમે મારી મમ્મીને ઓળખતા હતા? સાચે જ...? તે જ્યારે અહીંની દેવી હતી, સ્વર્ગમાં નહોતી ગઈ ત્યારે? ઓહ, મને તેના વિશે થોડું કાંઈક કહોને.' આટલું કહીને પોલીએના ટોમકાકાની બાજુમાં બેસી ગઈ.

ઘરમાંથી ઘંટડી વાગવાનો અવાજ આવ્યો. બીજી પળે નેન્સી પાછલા બારણેથી દોડીને બહાર આવી.

'પોલીએના, આ ઘંટડી સવારના નાસ્તાનો સમય થઈ ગયો તેની છે.' થોડું હાંફતાં નેન્સીએ વાત કરી અને પોલીએનાનો હાથ પકડી ઊભી કરીને પોતાની સાથે ઘર તરફ લઈ ગઈ. 'જુદા જુદા સમયે જ્યારે આપણે નાસ્તો, ભોજન કે ચા-કૉફી લઈએ છીએ ત્યારે આ ઘંટડી વાગે છે. પણ તેનો સાદોસીધો અર્થ એ કે બધા કામ પડતાં મૂકીને જ્યાં હોઈએ ત્યાંથી જમવાના ટેબલ પર આવી જવાનું. જો ન આવ્યાં તો... તો પછી જે થશે તેમાં બહુ 'રાજી થવા' જેવું શું છે તે શોધતાં દમ નીકળી જશે!' આટલું બોલીને નેન્સીએ પોલીએનાને ઘરમાં ધકેલી.

નાસ્તાના ટેબલ પર પાંચ મિનિટ સુધી ચૂપકીદી રહી. ત્યાં બે માખીઓ બણબણતી આવી અને ટેબલ પર ફરવા લાગી. પોલી મેડમ તેને અણગમાથી જોઈ રહ્યાં અને સખત અવાજે બોલ્યાં, 'નેન્સી, આ માખીઓ ક્યાંથી આવી?'

'ખબર નહી મેડમ, રસોડામાં તો એકેય નથી.' નેન્સીએ જવાબ આપ્યો. તેણે પોલીએનાના રૂમની ઉઘાડી બારીઓ નહોતી જોઈ.

પોલીએનાએ જણાવ્યું, 'આન્ટી, તે માખીઓ કદાચ મારા રૂમમાંથી આવી હશે. સવારે મારા રૂમમાં ઘણી બધી માખીઓ હતી.'

નેન્સી રસોડામાંથી કેક લઈને ટેબલ તરફ જતી હતી તે આ સાંભળીને પાછી વળી ગઈ.

પોલી મેડમ આશ્ચર્યથી બોલ્યાં, 'તારા રૂમમાંથી આવી હશે? એનો અર્થ શું?ક્યાંથી આવી આ માખીઓ?'

'બહારથી જ સ્તો! પોલી આન્ટી, મેં થોડી માખીઓને બારીમાંથી ઘરમાં આવતાં જોયેલી.' પોલીએનાએ જવાબ આપ્યો.

'તેં માખીઓને ઘરમાં આવતાં જોઈ? મતલબ કે તેં જાળી વિનાની બારીઓ ખોલેલી?' પોલી મેડમે પૂછ્યું.

'હા, પોલી આન્ટી મેં બારીઓ ખોલેલી. ના, તેમાં જાળીઓ નહોતી.'

નેન્સી આ પળે કેક લઈને આવી. તેનું મોઢું એકદમ ગંભીર હતું

પોલી મેડમનો હુકમ થયો. 'નેન્સી, તું એ કેક ટેબલ પર મૂકી દે અને પોલીએનાના રૂમમાં જલ્દીથી જઈને ત્યાંની બધી બારીઓ બંધ કરી દે. બારણાં પણ બંધ કરજે. તારાં સવારનાં કામ પૂરાં થાય પછી દરેક રૂમમાંથી માખીઓને ઉડાડી મૂકજે. બધે બરાબર જોઈને, માખીઓને દૂર કરવાની છે.'

પોલીએના તરફ જોઈને બોલ્યાં, 'પોલીએના, મેં બારી માટે જાળીઓ મગાવી લીધી છે. એ મારી ફરજ છે. પરંતુ લાગે છે કે તું તારી ફરજ ભૂલી ગઈ છે.'

'મારી ફરજ?' પોલીએનાએ આશ્ચર્ય વ્યક્ત કરતા કહ્યું.

'અલબત્ત, તારી ફરજ. મને ખબર છે કે અત્યારે ગરમીની મોસમ છે પણ જાળીઓ ન નંખાઈ જાય ત્યાં સુધી બારીઓ બંધ રાખવાની તારી ફરજ છે. માખીઓ ગંદી હોય છે અને તબિયત માટે બહુ હાનિકારક હોય છે. નાસ્તો પૂરો થાય એટલે હું તને નાની ચોપડી આપીશ જેમાં આ જણાવેલું છે.'

'વાંચવા માટે? સરસ, મને વાંચવાનો બહુ શોખ છે.' પોલીએના બોલી.

પોલી મેડમે હોઠ ભેગા કરીને કડક નજરે પોલીએનાની સામે જોયું. પોલીએના જરા ઝંખવાણી પડીને બોલી, 'આન્ટી, હું મારી ફરજ ભૂલી ગઈ તે માટે દિલગીર છું. ફરીવાર હું બારીઓ નહીં ખોલું.'

નાસ્તો પૂરો ન થયો ત્યાં સુધી પોલી મેડમ કાંઈ બોલ્યાં નહીં. ત્યારબાદ ઊભા થઈ તેમણે બેઠકખંડનાં પુસ્તકોના કબાટમાંથી એક નાની પુસ્તિકા કાઢી પોલીએનાને આપી. 'હું તને આ લખાણની વાત કરતી હતી. તારા રૂમમાં જઈને આ વાંચ. અડધા કલાક પછી હું ત્યાં આવું છું, તારી વસ્તુઓ જોવા માટે.'

પોલીએનાનું ધ્યાન માખીના મોટા ચિત્ર પર હતું. 'થેંકયુ આન્ટી' કહીને જતાં જતાં જોરથી બારણું પછાડીને તે રૂમની બહાર દોડી ગઈ.

પોલી મેડમ અણગમાથી પોલીએનાને જતી જોઈ રહ્યાં. બે પળ વિચારીને પોલીએનાને બરાબર 'શિખામણ' આપવા તેમણે બારણું ઉઘાડયું પણ પોલીએના તો માળિયાના દાદરા ચડવા લાગી હતી.

અડધા કલાક પછી પોલી મેડમ માળિયાનો દાદર ચડતાં હતાં. પોતાની 'ફરજ'નું સંપૂર્ણ ભાન તેમને હોય તેવા ભાવ તેમના ચહેરા પર હતા. જેવા રૂમમાં દાખલ થયાં તેવો પોલીએનાનો ઉત્સુકતાથી ભરેલો અવાજ સંભળાયો. 'ઓ પોલી આન્ટી, મેં તો આટલું સરસ અને રસપ્રદ મારી જિંદગીમાં જોયું નથી! હું બહુ ખુશ થઈ કે તમે આ પુસ્તિકા વાંચવા આપી.

મને ખબર જ ન હતી કે માખીઓ પોતાના પગ પર આટલી બધી વસ્તુઓ લઈને ઊડે છે અને...'

'બસ' પોલી મેડમે હાથના ઈશારાથી પોલીએનાને બોલતી અટકાવીને કહ્યું, 'ચાલ, મને તારાં કપડાં દેખાડ. જે જૂનાં થઈ ગયાં હશે તે આપણે કોઈકને આપી દઈશું.'

પોલીએના દેખીતા સંકોચ સાથે ચોપડી મૂકીને કબાટ તરફ વળી. 'તમને એમ લાગશે કે સાવ જૂનાં, નકામાં કપડાં છે. મહિલા સહાયકના સભ્યોને પણ આ સારાં નહોતાં લાગતાં. પણ શું કરવું... છેલ્લા બે વખત જે કપડાં દાનમાં આવ્યાં તે કાં તો છોકરાઓ માટે હતા અથવા મોટી ઉંમરના લોકો માટે હતાં. આન્ટી, તમે ક્યારેય દાનમાં આવેલાં કપડાં પહેર્યાં છે?'

આ પ્રશ્ન સાંભળીને પોલી મેડમની આંખમાં ગુસ્સો અને ચહેરા પર આઘાત દેખાયા. પોલીએના તરત બોલી ઊઠી, 'જો કે, તમે શું કામ દાનમાં આવેલાં કપડાં પહેર્યાં હોય?' શરમથી લાલ થયેલા ચહેરે કહેવા લાગી, 'હું તો ભૂલી જ ગઈ. પૈસાદાર લોકોને ક્યારેય દાનમાં આવેલાં કપડાની જરૂર ન પડે.'

પોલી મેડમના હોઠ ભીંસાયા. પોલીએનાને તો ખબર પણ નહોતી કે તેણે કાંઈ અણગમતી વાત કહેલી. તે તો બસ બોલ્યે જતી હતી.

'તો હું એમ કહેતી હતી કે આ દાનપેટીમાં શું આવવાનું છે તેની ખબર ક્યારેય નથી પડતી. હા, એટલું ચોક્કસ કે તમારે જે વસ્તુ જોઈતી હોય તે ક્યારેય ન આવે. અમારી 'રાજી થવાની રમત' પણ આ દાનપેટીમાં આવનારી વસ્તુઓ પર રમવી સૌથી વધુ અઘરી.. પપ્પા પણ એમ...'

છેલ્લી ઘડીએ પોલીએનાને યાદ આવ્યું કે આન્ટી પાસે પપ્પાની વાત નથી કરવાની. તેણે જીભ કચરી અને કબાટમાંથી પોતાના બધા ડ્રેસ કાઢીને આન્ટી પાસે લાવી.

અચકાતાં તેણે ફરી વાર કહ્યું, 'આ કપડાં જરા પણ સારાં નથી. જો ચર્ચવાળાએ લાલ જાજમ ન લીધી હોત તો મારી પાસે કાળો ડ્રેસ હોત મારી પાસે જે છે તે આ છે.'

પોલી મેડમે આંગળીના ટેરવાથી બધાં કપડાં તપાસ્યાં. પોલીએનાને યોગ્ય તેમાંનાં એકપણ ન હતાં. પછી તેમને ખાનામાં મૂકેલાં આંત:વસ્ત્રો પર નજર નાખી. તે પણ સાવ જૂનાં થઈ ગયેલાં, કધોણાં હતાં.

સારાં છે તે મેં પહેર્યાં છે.' પોલીએના ધીમેથી બોલી. 'મહિલા સહાયક મંડળે મને એક જોડી અપાવી દીધો. મેડમ જોન્સ, જે પ્રમુખ છે, તેમણે બધાને કહ્યું કે આ જોડી પોલીએનાને અપાવવાના જ છે, ભલે પછી બધાએ ઓસરીમાં જાજમ વિનાની ફર્શ પર હંમેશ માટે ચાલવું પડે, જોકે તે બધા જાજમ વિનાની ફર્શ પર નહીં ચાલે કેમ કે મિસ્ટર વ્હાઈટને

અવાજ ગમતો નથી. તેમના પત્ની કહે છે કે તે આખાબોલા છે, સાચું કહી દે છે. ઉપરાંત તે પૈસાદાર છે. જાજમ માટે પૈસા આપે તેવા છે. મને થાય છે કે તેઓ ખુશ હશે કે તે ઓખાબોલા છે તેની સાથે જ તે પૈસાદાર પણ છે. તમને શું લાગે છે?'

પોલી મેડમે આ બધું સાંભળ્યું હતું કે નહીં તે સવાલ હતો. તેમણે કપડાનું પરિક્ષણ પૂરું કર્યું અને પોલીએના તરફ ફર્યા. 'પોલીએના, તું શાળામાં જતી હતીને?'

'હા આન્ટી.' પોલીએના બોલી અને ઉમેર્યું, 'ઉપરાંત પપ્પા... અહીં મારો કહેવાનો મતલબ એ કે હું ઘરે પણ શીખતી હતી.'

મેડમ પોલી બોલ્યાં, 'હમમ.. આ ઉનાળે તને અહીંની શાળામાં દાખલ કરીશું મિસ્ટર હૉલ, જે આચાર્ય છે, તે નક્કી કરશે કે તારે કયા ધોરણમાં બેસવાનું છે. તેના પહેલાં મને લાગે છે કે તું રોજ મારી પાસે અડધા કલાક માટે વાચન કરતી રહે તે ઠીક રહેશે.'

પોલીએનાએ પ્રતિભાવ આપ્યો, 'મને વાંચવું બહુ ગમે. પરંતુ જો તમારે મને સાંભળવાની ઇચ્છા ન હોય તો હું એકલી વાંચીશ. સાચે જ પોલી આન્ટી, મારે આ બાબતમાં ખુશ થવા માટે જરાય પ્રયત્ન નહીં કરવો પડે. મને મારી જાતને જ વાંચી સંભળાવવું બહુ ગમે. એવા અઘરા, લાંબા શબ્દોને લીધે ખાસ!'

મેડમ પોલી દાઢમાંથી બોલ્યા, 'તેની મને ખબર છે! તું સંગીત શીખી છે?'.

'બહુ નહીં. મને મારું સંગીત ગમતું નથી. જોકે બીજાનું સંગીત ગમે. હું પિયાનો વગાડતાં શીખી છું. મિસ ગ્રે, જે ચર્ચમાં પિયાનો વગાડતા, તેમણે મને શીખવ્યું. પણ જવા દો ને એ વાત, પોલી આન્ટી સાચે જ મારે એ બહુ યાદ નથી કરવું.' પોલીએનાએ વાત પૂરી કરવાના ઈરાદે કહ્યું.

'હું સમજું છું.' પોલી મેડમે ભમર થોડી ઊંચી કરીને કહ્યું. 'છતાં મારી ફરજ છે કે તને સંગીતનું ખપપૂરતું જ્ઞાન મળી રહે તેવી તજવીજ કરવી. તને સીવણકામ તો આવડે છે ને?'

'હા આન્ટી, મહિલા સહાયક મંડળના સભ્યો પાસેથી શીખી છું પણ બહુ અઘરું પડ્યું હોં! મેડમ જોન્સ બટન ટાંકતી વખતે સોય જુદી રીતે પકડતા. વળી શ્રીમતી વ્હાઈટના વિચાર મુજબ પહેલા પાછળ લેવાતા ટાંકા શીખી લ્યો ત્યાર બાદ જ ઘેર મુકાય.

શ્રીમતી હારીમાન ક્યારેય ભરતગૂંથણ પસંદ નહોતાં કરતા.' પોલીએનાએ જવાબ દીધો.

'અહીં એવી કોઈ મુશ્કેલી નહીં આવે. હું પોતે તને સીવણ શીખવીશ. હું માનું છું તને રાંધતાં આવડે છે, ખરું?' પોલી મેડમે પૂછ્યું.

પોલીએના હસી પડી. ' તે લોકોએ મને શીખવવાનું શરૂ કરેલું પણ મને બહુ આવડ્યું નહીં. બધાના વિચારો જુદા હતા. પહેલાં મને બ્રેડ બનાવતાં શીખવવાના હતા પણ બધા જુદી જુદી રીતે બ્રેડ બનાવતા હતા. એટલે ઘણી ચર્ચા કર્યા બાદ બધાએ નક્કી કર્યું કે અઠવાડિયે એક વાર મને દરેક મેડમ તેમના પોતાના રસોડામાં જ શીખવશે. ચૉકલેટ ફજ અને કેક બનાવતાં આવડે છે.'

'ચૉકલેટ ફજ અને કેક, બસ?' પોલી મેડમે અણગમો દેખાડ્યો. થોડું વિચારીને ધીમેથી બોલ્યાં, 'દરરોજ સવારે નવ વાગે અડધા કલાક માટે તું મારી પાસે પાઠ વાંચીશ. એના પહેલાં તું આ રૂમમાં બધી વસ્તુ વ્યવસ્થિત રીતે તેની જગ્યાએ મૂકીશ. દર બુધ અને શનિવારે સવારે સાડા નવ વાગે તું રસોડામાં જઈ નેન્સી પાસે રસોઈ કરતાં શીખીશ. બીજા દિવસોમાં સવારે હું તને સીવણકામ શીખવીશ. બપોરે તારે સંગીત શીખવાનું. હું એના માટે શિક્ષકની વ્યવસ્થા કરું છું.' આમ નક્કી કરી તે ઊભાં થયાં.

પોલીએના બોલી ઊઠી, 'પોલી આન્ટી, તમે એ સમય તો રાખ્યો જ નહીં જેમાં હું જીવી શકું!'

'જીવી શકું? એનો શું અર્થ? શું તું આ બધા વખતે જીવતી નહીં હોય?'

પોલીએનાએ કહ્યું, 'અલબત્ત, હું શ્વાસ લેતી હોઈશ પણ હું 'જીવતી' નહીં હોઉં. એમ તો સૂતી વખતે પણ આપણે શ્વાસ લઈએ છીએ પણ આપણે જીવતા નથી હોતા, એટલે કે આપણને ગમતી પ્રવૃત્તિ નથી કરતા. જેમ કે બહાર રમવું, વાંચવું, ટેકરા ચડવા, ટોમકાકા અને નેન્સી સાથે વાતો કરવી, આજુબાજુ જેટલાં ઘર છે અને તેમાં જે લોકો રહે છે તેની વિશે જાણવું, ગઈકાલે જે સરસ ગલીઓ જોઈ તેમાં ફરવું.. આ બધાને હું જીવવાનું કહું છું. ફક્ત શ્વાસ લેવો તે જીવવું નથી.'

પોલી મેડમ ચિડાઈને બોલ્યાં, 'પોલીએના! તું ભારે જબરી છોકરી છે! તને રમવા માટે યોગ્ય સમય જરૂર મળશે. પરંતુ મને લાગે છે કે જો હું તને યોગ્ય શિક્ષણ અને તાલીમ મળે માટે તે વ્યવસ્થા કરવાની મારી ફરજ બજાવતી હોઉં તો તારી પણ એ જોવાની ફરજ છે કે મારા એ બધા પ્રયત્નોની યોગ્ય કદર થાય અને તે નકામા ન જાય.'

પોલીએનાને આઘાત લાગ્યો હોય તેમ બોલી, 'અરે પોલી આન્ટી, હું તમારી યોગ્ય કદર ન કરું? તમે મારા આન્ટી છો, કોઈ સહાયક મંડળના સભ્ય નથી.'

'સારું, તો ધ્યાન રાખજે કે તું બેકદર ન બને.' આટલું કહી પોલી મેડમ બારણા તરફ ચાલ્યાં.

તે અડધો દાદરો ઊતર્યા ત્યારે પોલીએનાની ધીમો અવાજ સંભળાયો. 'આન્ટી, તમે મને જણાવ્યું નહીં કે મારી કઈ વસ્તુઓ તમે આપી દેવા માગો છો.'

પોલી મેડમે થાક અને કંટાળો વ્યક્ત કરતાં કહ્યું. 'હા, હું તને કહેતાં ભૂલી ગઈ. આવતીકાલે બપોરે દોઢ વાગે ટીમોથી આપણને બજારમાં લઈ જશે. તારાં એક પણ કપડાં પહેરવા જેવાં નથી. તું જો આવાં કપડાં પહેરે તો તારી પ્રત્યે મારી ફરજ બજાવવામાં હું બહુ નિષ્ફળ ગઈ ગણાઉં.'

પોલીએનાએ આછો નિસાસો મૂક્યો. તેને આ 'ફરજ' શબ્દ હવે કડવો લાગવા મંડયો હતો. તેણે પૂછ્યું, 'આન્ટી, એવું ન બની શકે કે તમને આ 'ફરજ' બજાવવામાં આનંદ આવે? તમે એ બાબતમાં રાજી થાઓ?'

'શું?' પોલી મેડમ આશ્ચર્યથી જોઈ રહ્યાં. તેમના ગાલ લાલ થઈ ગયા. ઝડપથી દાદરો ઊતરતાં તે કહેતાં ગયાં. 'ઉદ્ધતાઈથી વાત ન કર, પોલીએના!'

નાના રૂમમાં પોલીએના એક ખુરશી પર બેસી પડી. એને લાગ્યું જિંદગી આખી જાણે 'ફરજ' બજાવવામાં જ વિતાવવાની હોય છે.

'મને નથી લાગતું કે મેં ઉદ્ધતાઈથી વાત કરી હોય.' પોલીએના વિચારતી હતી. 'મેં તો એટલું જ પૂછ્યું ને કે આન્ટીને આ 'ફરજ' બજાવવામાં કાંઈ રાજી થવાય તેવું નહોતું લાગતું?'

ઘણા વખત સુધી પોલીએના ગુમસૂમ બેસીને પલંગ પર મૂકેલાં તેનાં કપડાંનો ઢગલો જોઈ રહી. પછી ઊઠીને તે કપડાં તેણે કબાટમાં મૂક્યાં.

'મને એમાં કાંઈ રાજી થવા જેવું દેખાતું નથી.' તે મોટેથી બોલી. 'સિવાય કે 'ફરજ' પૂરી કરીએ ત્યારે રાજી થવા જેવું જરૂર હોય છે!' પોલીએના હસી પડી.

પોલીએના – સજા અને મજા

બપોરે દોઢ વાગે ટીમોથી પોલી મેડમ અને પોલીએનાને ઘોડાગાડીમાં બેસાડીને ઘરથી અડધા માઈલ દૂર આવેલી કપડાંની દુકાનોમાં લઈ ગયો.

પોલીએનાના નવાં કપડાં લેવાનો પ્રસંગ, એમાં જેટલા સંકળાયેલા હતા તે બધા માટે એક યા બીજા કારણસર રોમાંચક બની રહ્યો.

ખરીદી પૂરી થઈ ત્યારે પોલી મેડમના ચહેરા પર એવા ભાવ હતા કે હમણાં ભેખડની પાતળી ધાર પર ચાલીને માંડ સમથળ રસ્તે પહોંચ્યા હોય! દુકાનના કાર્યકરો, જેમણે માસી-ભાણેજને વસ્તુઓ દેખાડેલી, બહુ જહેમત બાદ હસવું ખાળી શકતા હતા.

તેમને તો એક મહિના સુધી હસવાનો અને મિત્રોને હસાવવાનો મુદામાલ જડી ગયેલો!

પોલીએના ખૂબ આનંદિત અને સંતુષ્ટ હતી. તેણે એક ગુમાસ્તાને કહેલું, 'આખી જિંદગી જેણે ઉતરેલાં, દાનમાં મળેલા કપડાં જ પહેર્યાં હોય તેને નવાંનકોર કપડાં ખરીદવાની અને પહેરવાની કેવી મજા પડે! નવાં કપડાંને ન થીગડું મારવાની જરૂર કે ન તો રફૂ કરાવવાની.'

કપડાંની ખરીદી આખી બપોર ચાલી. ઘરે આવીને થોડું જમ્યા બાદ ટોમકાકા સાથે અને વાસણ ધોવાયા બાદ નેન્સી સાથે સરસ વાતો થઈ. ટોમકાકાએ પોલીએનાને તેની મમ્મીની વાતો કરી એટલે પોલીએના બહુ ખુશ થઈ.

નેન્સીએ ૬ માઈલ દૂર એક ખેતરમાં રહેતા પોતાના કુટુંબ વિશે વાત કરી અને કહ્યું, 'તમને મન થાય તો કોઈક વખત હું તમને ત્યાં લઈ જઈશ. તમને મજા પડશે. મારાં ભાઈ-બહેનોનાં સરસ નામ છે, જેવાં કે એલ્ગેરનોન, ફ્લોરાબેલ... મને નેન્સી નામ જરાપણ નથી ગમતું.'

'નેન્સી, કેવી વાત કરે છે? શા કારણે નેન્સી નામ નથી ગમતું?'

'કારણકે મારાં ભાઈ-બહેનોનાં નામ છે તેવું સરસ મારું નામ નથી. હું સૌથી મોટી છું. હું જન્મી ત્યારે મારી મમ્મીએ સારી વાર્તાઓ વાંચવી શરૂ નહોતી કરી, જેમાંથી સરસ નામ મળે.' નેન્સીએ સમજાવ્યું.

'પણ મને તો નેન્સી નામ બહુ ગમે છે!' પોલીએનાએ કહ્યું.

'મને લાગે છે તમને 'ક્લારીસા મેબેલ' નામ પણ ગમે, ખરું?' નેન્સીએ જવાબ આપ્યો. 'મને તો એ નામ બહુ ગમે... કેટલું સરસ છે!'

પોલીએનાએ હસીને કહ્યું, 'તમે રાજી થઈ શકો કે તમારું નામ હેફ્ઝિબાહ નથી.'

'હેફ્ઝિબાહ? એ વળી કેવું નામ?' નેન્સીને નવાઈ લાગી.

'હા, શ્રીમતી વ્હાઈટનું નામ હેફ્ઝિબાહ છે. તેમના પતિ તેમને હેપ કહીને બોલાવે છે જે તેમને નથી ગમતું. તેમને એમ લાગે છે કે જ્યારે તેમના પતિ 'હેપ-હેપ' કરીને બોલાવે છે ત્યારે તરત ત્રીજો શબ્દ 'હુરે' બોલવાના હોય.!'

નેન્સીના ઉદાસ મોઢા પર સ્મિત છવાયું.

'અરે, આ વાત તો સાચી! 'હેપ-હેપ' કરતાં તો નેન્સી સારું જ લાગે છે! અચાનક નેન્સીની આંખમાં આશ્ચર્ય દેખાયું. 'પોલીએના, હમણાં તમે મારી સાથે રાજી થવાની રમત રમતાં હતાં?'

પોલીએના પળભર વિચારમાં પડી અને પછી હસીને બોલી, 'હા, નેન્સી, સાચું. હું રાજી થવાની રમત, ખુશ થવાનો ખેલ રમતી હતી. પરંતુ આ વખતે મને ખબર પણ ન પડી એ રીતે રમવાનું શરૂ થઈ ગયું. મને લાગે છે એક વખત આ રમત રમવાની ટેવ પડે પછી આમ થાય. સામાન્ય રીતે દરેક વાતમાં કાંઈક તો રાજી થવા જેવું હોય જ છે. બસ, તમારે તેને શોધી કાઢવું પડે.'

'હા, કદાચ એ સાચું છે.' નેન્સી શંકા સાથે બોલી.

રાતે સાડા આઠ વાગે પોલીએના સૂવા ગઈ. બારીની જાળીઓ હજુ આવી ન હતી એટલે બંધિયાર રૂમ ભઠ્ઠા જેવો ગરમ થઈ ગયેલો. પોલીએનાએ બારીઓ તરફ જોયું પણ તેમને ખોલવા પ્રયત્ન ન કર્યો. કપડાં બદલીને તે પથારીમાં પડી.

કેટલા કલાકો તે આ ગરમ પથારીમાં આળોટતી રહી તેનો તેને અંદાજ ન હતો. ઘણા સમય બાદ તેણે પથારીમાંથી ઊભા થઈને રૂમનું બારણું ખોલ્યું.

માળિયામાં ઘોર અંધારું હતું. સિવાય કે ચંદ્રનો શીતળ પ્રકાશ બારીમાંથી આવીને લૉબીની ફર્શ પર પડતો હતો. પોલીએના અંધકારની દરકાર કર્યા વિના તે પ્રકાશમાં થઈ બારી પાસે પહોંચી ગઈ.

એણે ધારેલું કે બારીને જાળી લગાડેલી હશે પણ જાળી નહોતી. બારી બહાર બધું સરસ દેખાતું હતું અને હા, એને લાગ્યું કે બહાર તાજી ઠંડી હવા લહેરાતી હતી. પોતાના ગરમ ગાલ અને હાથ પર તે કેવી સરસ લાગે!

તેણે નમીને જોયું તો બારીની સહેજ નીચે તેને પતરાનું છાપરું દેખાયું, જે ઘરના પોર્ચ પર હતું. પોલીએનાને થયું કે તે અત્યારે આ છાપરા પર હોત તો કેવું સારું!

તેણે જરા ભયથી પોતાની પાછળ જોયું. તેની પાછળ તેનો નાનો, ભઠ્ઠા જેવો રૂમ હતો અને તે રૂમમાં તેનો ગરમ થયેલો પલંગ હતો. રૂમ તરફ ઘોર

અંધારું હતું અને ત્યાં જવા માટે હાથ લંબાવીને ફાંફાં મારવા પડે તેમ હતું. બીજી તરફ, પોર્ચના છાપરા પર શીતળ ચાંદની હતી, ઠંડી હવા હતી. તેની પથારી ત્યાં હોત તો! અમુક લોકો ખુલ્લા આકાશ નીચે સૂવે જ છે ને! પેલા હાર્ટલે અન્કલને તબિયતને કારણે બહાર જ સૂવું પડતું હતું.

અચાનક પોલીએનાને યાદ આવ્યું કે આ બારી પાસે મોટી, સફેદ થેલીઓ ટાંગેલી છે. નેન્સીએ જણાવેલું કે તેમાં શિયાળાના ગરમ કપડાં રાખેલાં. તેણે પોતાના હાથે આ થેલીઓ તપાસી. એક મોટી, પોચી થેલી ગાદલા તરીકે પસંદ કરી (જેમાં પોલી મેડમનો મોટો ઓવરકોટ હતો). બીજી સહેજ પાતળીને ઓશીકા તરીકે અને ત્રીજી તદ્દન પાતળી હતી તેને ઓઢવા તરીકે લીધી. આ ત્રણ થેલી લઈને તે બારી પાસે આવી, બારી ખોલીને તેણે એક પછી એક થેલીઓ છાપરા પર મૂકી. પછી પોતે છાપરા પરથી ઊતરીને કાળજીથી બારી બંધ કરી. (તેને યાદ હતું માખીઓ કેવી ખતરનાક હોય છે.)

આહા! કેવી સરસ ઠંડક હતી અહીંયા! પોલીએનાએ આનંદથી નાનું નૃત્ય કર્યું. ઊંડા ઊંડા શ્વાસ લઈને તાજી હવા માણી. તેના પગ નીચે થતા પતરાના છાપરાનો અવાજ તેને ગમતો હતો. તેણે એક છેડેથી બીજે છેડે બે-ત્રણ આંટા માર્યા. નાના, ધગધગતા સાંકડા રૂમના અનુભવ પછી તો આ એવું ખુશનુમા લાગતું હતું! છાપરું એટલું પહોળું અને સપાટ હતું કે પડી જવાનું જોખમ જ ન હતું. પોલીએનાએ તેના થેલીના 'ગાદલા' અને 'ઓશીકા' પર લંબાવ્યું, 'ઓઢવાનું' લપેટ્યું અને ઊંડો શ્વાસ લઈને મનમાં બોલી, 'હું રાજી થઈ કે બારીઓ માટે જાળી નથી આવી. નહીંતર આમ સૂવા ન મળત!'

પોલીએના થોડા વખતમાં જ ઘસઘસાટ સૂઈ ગઈ.

નીચેના માળે પોલી મેડમે ઉતાવળે ગાઉન પહેર્યો અને ઝટઝટ સ્લીપર પહેરીને બારણા પાસે ગયાં. બે મિનિટ પહેલાં જ એમણે ટીમોથીને ફોન કરેલો, 'ટીમોથી, તું અને ટોમ જલ્દીથી ઘરમાં આવો. ફાનસ લેતા આવજો. પોર્ચના છાપરા પર કોઈક ફરે છે. એ જરૂર ઝાડ અથવા દીવાલ પર ચડીને આવ્યો હશે. માળિયાની બારીઓમાંથી તે ઘરમાં આવી જશે! મેં માળિયાનું બારણું બહારથી બંધ કરી દીધું છે. બસ, જલ્દીથી આવો!'

પોલીએના ગાઢ નીંદરમાં પડવાની તૈયારીમાં જ હતી કે તે સાવ પાસે આવેલા ફાનસના પ્રકાશને જોઈને અને ત્રણ વ્યક્તિના આશ્ચર્યના ઉદ્ગારને સાંભળીને ઝબકીને જાગી. તેણે આંખો ખોલીને જોયું તો ટીમોથી તેની સાવ પાસે નિસરણી પર ઊભો હતો, ટોમકાકા બારીમાંથી આવી રહ્યા હતા. છેલ્લે પોલી આન્ટી હતા જે આ તરફ તાકી રહ્યા હતા.

'પોલીએના, આનો શું અર્થ?' પોલી મેડમે ચીસ પાડી.

પોલીએના આંખો ચોળતી બેઠી થઈ. 'અરે! ટોમકાકા અને.... પોલી આન્ટી!' થોડું થોથવાઈને તે આગળ બોલી, 'આટલા ગભરાયેલા કેમ લાગો છો? હું કાંઈ બીમાર નથી. મારા રૂમમાં બહુ ગરમી થતી હતી એટલે હું અહીં આવી ગઈ. પોલી આન્ટી, મેં બારીઓ બરાબર બંધ કરેલ છે હોં! હવે માખીઓ રોગના જંતુ નહીં લાવી શકે.'

ટીમોથી ઝડપથી નિસરણી ઊતરી ગયો. ટોમકાકા હાથમાં પકડેલું ફાનસ પોલી મેડમને આપી ટીમોથીની પાછળ ગયા. તે બંને ગયા ત્યાં સુધી પોલી મેડમે દાંતની વચ્ચે હોઠ દબાવીને મૌન રાખેલું. હવે તે અચાનક વરસી પડ્યાં. 'પોલીએના, જલ્દીથી તારી એ બધી વસ્તુઓ મને આપી દે અને અહીં મારી પાસે આવ.' પોલીએના પાસે આવી એટલે તેનું બાવડું પકડીને બોલ્યાં, 'કેવી છોકરી છે તું તો!' પછી હાથમાં ફાનસ લઈ બીજા હાથથી પોલીએનાને દોરતા માળિયા તરફ ચાલ્યાં.

બહારની ઠંડી હવા અનુભવ્યા પછી પોલીએનાને અંદર બહુ બફારો થતો હતો પણ તે કાંઈ બોલી નહીં. દાદર ઉપર આવ્યા એટલે પોલી મેડમે હુકમ કર્યો, 'પોલીએના, આજે તારે મારી સાથે મારી પથારીમાં સૂવાનું છે. આવતીકાલે બારીની જાળીઓ આવી જશે પણ ત્યાં સુધી મારી ફરજ છે કે હું તને મારી નજર સામે રાખું.'

'તમારી સાથે? તમારા પલંગ પર!' પોલીએના આનંદથી બોલી. 'ઓ પોલી આન્ટી તમે કેટલા સારા છો! મને ક્યારની ઇચ્છા હતી કે કોઈ મારું હોય તેવી વ્યક્તિની હૂંફમાં હું સૂઈ જાઉં. કોઈ મહિલા સહાયક મંડળવાળા સાથે નહીં! હવે તો મને વધુ ખુશી છે કે બારીની જાળીઓ આવી નથી. આવું થાય તો તમે પણ ખુશ ન થાઓ?'

પોલી મેડમ જવાબ દીધા વિના આગળ ચાલતા રહ્યાં. સાચું એ હતું કે પોલી મેડમ વિચિત્ર પ્રકારની લાચારી અનુભવતા હતા. આ ત્રીજી વખત તેમણે પોલીએનાને 'સજા' કરી હતી પણ બધી વખત પોલીએનાને તો આ સજા, મજા જ લાગી હતી! 'કેવી જબરી છે આ છોકરી!' એ વિચાર ફરી તેમના મનમાં આવ્યો.

પોલીએનાની મુલાકાત

થોડો સમય વીત્યો અને હેરીંગ્ટન નિવાસમાં જીવન રાબેતા મુજબનું થવા લાગ્યું, જો કે બધું પોલી મેડમની ઇચ્છા અનુસાર નહોતું થતું. પોલીએના સીવણકામ, વાચન અને રસોઈ કરવાનો અભ્યાસ કરતી રહી પરંતુ આ એકપણ પ્રવૃત્તિમાં તેણે એટલો સમય ન આપ્યો જેટલો શરૂઆતમાં નક્કી થયેલો. તેણે એવા કામમાં વધુ સમય આપ્યો જેમાં તે 'જીવંત' રહેતી. લગભગ રોજે બપોરે બેથી છ વાગ્યા સુધી તેની પાસે મનગમતી પ્રવૃત્તિ કરવાનો સમય રહેતો, સિવાય કે એ પ્રવૃત્તિ, જે પ્રવૃત્તિ કરવાની પોલી આન્ટીએ ના પાડી હતી.

અલબત્ત એ પ્રશ્ન જરૂર થાય કે આ બધો સમય પોલીએનાને તેના કામમાંથી થોડી રાહત થાય તેને માટે આપવામાં આવેલો કે પછી પોલી આન્ટીને પોલીએના તરફથી છુટકારો મળે તેના માટે આપવામાં આવેલો! સમય પસાર થતો ગયો તેમ અનેક પ્રસંગે પોલી મેડમને બોલવાનું થયું: 'આ તે કેવી છોકરી છે, સમજાતું નથી!'

રોજ જ્યારે સીવણ અને વાચનનો સમય પૂરો થતો ત્યારે પોલી મેડમ થાકી જતાં.

નેન્સીને પોલીએના સાથે વધુ ને વધુ મજા પડવા લાગી. બુધવાર અને શનિવારની તે આતુરતાથી રાહ જોતી.

હેરીંગ્ટન નિવાસમાં પોલીએનાની ઉંમરનું કોઈ ન હતું જેની સાથે તે રમી શકે. ઘર ગામની બહાર હતું. બાજુમાં ઘર હતાં પણ ત્યાં નાના છોકરાં નહોતાં. જો કે પોલીએનાને આને કારણે કોઈ તકલીફ નહોતી. એણે નેન્સીને કહ્યું, 'મને તો બસ ગલીઓ અને મકાનો વચ્ચે ફરવામાં અને લોકોને મળવામાં મજા પડે છે. મને લોકો બહુ ગમે, તમને ગમે?'

નેન્સીએ સહેજ ખિજાઈને જવાબ આપ્યો, 'હા, પણ બધા નહીં હોં.'

લગભગ રોજ બપોરે પોલીએના કાંઈક ને કાંઈક કામ કાઢીને ગામમાં ચાલવા નીકળી પડતી. આ દરમ્યાન એને ઘણી વાર 'એ સજ્જન' સાથે મુલાકાત થતી. એ ઘણા લોકોને મળતી પણ 'એ સજ્જન' તરીકે તો ફક્ત આ વ્યક્તિને જ ઓળખતી.

આ સજ્જન લાંબો કાળો કોટ અને મોટી રેશમી હેટ પહેરતા. બીજા કોઈ આ નહોતા પહેરતા. તે દાઢી-મૂછ નહોતા રાખતા. વાળમાં થોડી સફેદી હતી. ટટ્ટાર દેહે ઝડપથી ચાલતા. તે હંમેશાં એકલા જોવામાં આવતા. પોલીએનાને આ બાબતે થોડી દિલગીરી થતી. કદાચ આ કારણે જ પોલીએનાએ એક દિવસ તેમની સાથે વાત કરી.

‘કેમ છો સાહેબ? આજનો દિવસ સારો છે, નહીં?’ પોલીએના એમના તરફ જતાં બોલી.

એ ‘જણે’ પાછળ જોયું અને કાંઈક ગડમથલમાં હોય તેમ ઊભા રહ્યા.

‘તમે મને કાંઈ કહ્યું?’ એણે પોલીએનાને સવાલ કર્યો.

પોલીએના હસીને બોલી, ‘હા, મેં કહ્યું કે આજનો દિવસ સારો છે, નહીં?’

‘હેં.. અહ.. ઠીક.’ કહીને તે ચાલવા લાગ્યા. પોલીએના હસી પડી.

બીજે દિવસે પોલીએનાએ તેમને ફરીવાર જોયા અને બોલી ઊઠી, ‘ગઈકાલ જેવો સારો નથી પણ આજનો દિવસ પણ ઠીક છે, ખરું?’

ફરી વાર આગલા દિવસની જેમ ‘હેં... અહ... ઠીક’ કહીને તે ચાલવા માંડ્યા. પોલીએના હસી પડી. તેને આ બહુ રમૂજી લાગતું હતું.

ત્રીજે દિવસે પણ જ્યારે પોલીએનાએ તેમને બોલાવ્યા ત્યારે તે ઊભા રહી ગયા અને બોલ્યા, ‘છોકરી, તું કોણ છે? શા માટે રોજ મને બોલાવે છે?’

‘મારું નામ પોલીએના વ્હિટિઅર છે. મને થયું કે તમે એકલવાયા છો. સારું થયું તમે ઊભા રહ્યા. આપણો પરિચય થયો. જો કે હજુ હું આપનું નામ નથી જાણતી.’ પોલીએનાએ જવાબ આપ્યો.

‘ઓહ! આ વળી નવી...’ વાક્ય પૂરું કર્યા વિના તે ઝડપથી ચાલ્યા ગયા.

પોલીએના જરા ખિન્ન થઈને તેમને જતા જોઈ રહી. ‘કદાચ તે મારી વાત સમજ્યા નહી. અમારી ઓળખાણ અધૂરી રહી. હું તેમનું નામ નથી જાણતી.’ આમ સ્વગત બોલતી તે પોતાના રસ્તે ગઈ.

આજે તે મેડમ સ્નો માટે જેલી લઈ જતી હતી. પોલી મેડમ દર અઠવાડિયે મેડમ સ્નો માટે કાંઈક મોકલતા. પોલી મેડમ આ પોતાની ‘ફરજ’ માનીને મોકલતા હતા કારણકે મેડમ સ્નો ગરીબ હતાં અને બીમાર રહેતાં હતાં. તે ચર્ચના સભ્ય હતાં એટલે ચર્ચના બધા સભ્યોની ફરજ હતી કે તેમનું ધ્યાન રાખે. પોલી મેડમ સામાન્ય રીતે દર ગુરુવારે મેડમ સ્નોને કાંઈક મોકલતા, જાતે જઈને નહીં પણ નેન્સી દ્વારા. આજે પોલીએનાએ સામેથી આ કામ માગી લીધેલું અને પોલી આન્ટીએ હા પાડેલી.

‘હું ખુશ છું આવાં કામથી છૂટી ગઈ!’ નેન્સીએ પછીથી પોલીએનાને ખાનગીમાં જણાવેલું, ‘જો કે એ કામ તમારા માથે આવ્યું તે મને નથી ગમ્યું, સાચે જ!’

પોલીએના બોલી, 'પણ નેન્સી, આ કામ કરવું મને ગમશે.'

'એકવાર કર્યા પછી નહીં ગમે, જોજો.' નેન્સીએ જણાવ્યું.

'શા માટે નહીં ગમે?'

'કારણ કે એ કામ કોઈને નથી ગમતું. બધા જો એની દયા ન ખાતા હોત તો એકપણ વ્યક્તિ એને ઘરે જાય તેમ નથી. તે એટલી ઝઘડાળુ છે ને! મને તો તેની દીકરીની દયા આવે છે જેને એની સંભાળ રાખવી પડે છે.' નેન્સી અણગમાભર્યા અવાજે બોલી.

પોલીએનાએ પ્રશ્ન દોહરાવ્યો, 'પણ નેન્સી શા માટે?'

નેન્સીએ સમજાવ્યું, 'એમાં એવું છે કે જે કાંઈ બને તે મેડમ સ્નોને ક્યારેય બરાબર નથી લાગતું. કાંઈક ને કાંઈક વાંધાવચકા કાઢે જ. અરે અઠવાડિયાનો જે દિવસ હોય તે પણ એમને ન ગમે! સોમવાર હોય તો કહે આજે રવિવાર હોત તો સારું થાત. જો જેલી લઈ જઈએ તો કહે, 'ચીકન લાવ્યા હોત તો વધુ સારું થાત.' અને જો તમે ચીકન લઈ જાઓ તો કહેશે મટનનો સૂપ હોત તો મજા આવત.

પોલીએના હસીને બોલી, 'સાચે જ વિચિત્ર મહિલા લાગે છે. મને થાય છે કે તેમને મળવાનું મને ગમશે. એ બીજા બધાથી ઘણા જુદા હશે. મને તેવા લોકો બહુ ગમે.'

નેન્સી ગંભીર થઈને બોલી, 'હાસ્તો વળી, મેડમ સ્નો બીજા બધા કરતાં જુદા જ હોય તેવી પ્રાર્થના હું આપણા બધા તરફથી કરું છું!'

પોલીએના આ વાક્યો યાદ કરતાં કરતાં નાના ઘરમાં પ્રવેશી. તે આ 'જુદા પ્રકારની' વ્યક્તિ મેડમ સ્નોને મળવા ઉત્સુક હતી.

એણે બારણું ખટખટાવ્યું. થોડીવારે એક સુસ્ત, થાકેલો ચહેરાવાળી છોકરીએ બારણું ખોલ્યું.

પોલીએનાએ ઉત્સાહપૂર્વક કહ્યું, 'કેમ છો? હું મિસ પોલી હેરિંગ્ટનના ઘરેથી આવું છું. મારે મેડમ સ્નોને મળવું છે.'

'આટલા ઉત્સાહથી તેમને મળવા આવનાર તમે પહેલા છો.' છોકરી બબડી પણ પોલીએનાએ તે સાંભળ્યું નહીં. તે પોલીએનાને ઘરની અંદરના છેવાડાના રૂમમાં લઈ ગઈ.

પોલીએનાએ અંધારિયા રૂમમાં આંખો પટપટાવી. થોડીવારે તેને પલંગ પર બેઠેલી એક સ્ત્રી દેખાઈ. પોલીએનાએ તરત તેની પાસે જઈને કહ્યું, 'કેમ છો મેડમ સ્નો! પોલી આન્ટીએ આ જેલી મોકલી છે અને તમારી તબિયતના ખબર પૂછ્યા છે.'

પલંગ પરથી નબળો અવાજ આવ્યો ‘જેલી મોકલી છે? સરસ. પણ મને તો એમ હતું કે આજે મટનનો સૂપ મોકલશે.’

પોલીએના થોડું વિચારીને બોલી ‘હું તો એવું સમજી છું કે જ્યારે કોઈ તમને જેલી મોકલે છે ત્યારે તમે ચીકનની આશા રાખતા હો છો!’

‘શું?’ બીમાર સ્ત્રીએ પૂછ્યું.

‘કાંઈ નહી, કાંઈ નહીં.’ પોલીએના ઉતાવળે બોલી, ‘એ તો મને નેન્સીએ કહેલું કે તમને જેલી આપીએ ત્યારે તમે ચીકનની આશા રાખતા હો છો અને ચીકન આવે ત્યારે મટનના સુપની રાહ જોતા હો છો.’

મેડમ સ્નો પલંગ પર ટટ્ટાર બેઠાં થઈ ગયાં. તેમને માટે આ બહુ મોટી વાત હતી! જો કે પોલીએનાને એની ખબર ન હતી.

‘અરે ઉદ્ધત છોકરી, તું છે કોણ?’ શ્રીમતી સ્નોએ પૂછ્યું.

પોલીએનાએ હસીને કહ્યું, ‘મારું નામ ઉદ્ધત છોકરી નથી. હું બહુ ખુશ છું કે મારું એવું નામ નથી. એ તો ‘હેફ્ઝિબાહ’ કરતાં પણ ખરાબ નામ કહેવાય, નહીં? મારું નામ પોલીએના વ્હિટ્રિઅર છે. હું પોલી હેરિંગ્ટનની ભાણેજ છું, તેમની સાથે રહેવા આવી છું અને તમને આ જેલી આપવા આવી છું.’

અકકડ બેસીને વાત સાંભળતા મેડમ સ્નો જેલીની વાત આવી એટલે પાછા પોતાના ઓશીકા પર હળવેથી સૂતા અને બોલ્યા, ‘ઓહ, થેંકયુ. તારા આન્ટી બહુ ભલાં છે. અત્યારે મને બહુ ભૂખ નથી.. વળી મને હતું કે આજે કદાચ મટનનો સૂપ...’ અચાનક વાત બદલાવતા બોલ્યા, ‘કાલે રાતે હું જરાપણ સૂતી નથી, એક મટકુંય નહીં.’

‘અરે! મને થાય છે કે મને ગઈ રાતે ઊંઘ ન આવી હોત તો કેટલું સારું થાત!’ આમ કહેતાં પોલીએનાએ જેલી નાના સ્ટૅન્ડ પર મૂકી અને પાસેની ખુરશીમાં બેસીને વાત ચાલુ રાખી. ‘ઊંઘવામાં કેટલો સમય બગડે છે, નહીં? તમને શું લાગે છે?’

મેડમ સ્નોએ આશ્ચર્યથી પૂછ્યું, ‘ઊંઘવામાં સમય બગડે?’

‘હા, ઊંઘવાને બદલે એવી પ્રવૃત્તિ કેમ ન કરીએ જેનાથી જીવંત રહેવાય? મને ઘણીવાર થાય કે આપણે રાત્રે પણ પ્રવૃત્તિ કરી શકતા હોત તો કેટલી મજા પડત.’ પોલીએનાએ જવાબ આપ્યો.

ફરીવાર મેડમ સ્નો પલંગમાં ટટ્ટાર થઈને બેઠાં. ‘છોકરી, તું સાચે જ વિચિત્ર વાતો કરે છે. પેલી બારી પરનો પડદો હટાવ તો, મારે તારું મોઢું જોવું છે.’

પોલીએના ઊઠીને બારી તરફ ગઈ અને સહેજ ખિન્ન થઈને બોલી, ‘ત્યારે તો તમને મારા ચહેરા પરના શ્યામ ડાઘા દેખાઈ જશે. અહીં આવી ત્યારે મને આ અંધારું સારું લાગ્યું કારણકે તમે મારો ચહેરો નહોતાં જોઈ શકતાં. પણ હવે.’ પડદો હટાવીને તે પલંગ તરફ પાછી ફરી અને બોલી ઊઠી, ‘આહા, હું બહુ રાજી થઈ કે તમે મારો ચહેરો જોવા માગો છો. એને કારણે હું તમારો ચહેરો જોઈ શકું છું. કેટલાં રૂપાળાં છો તમે!’

‘હું અને રૂપાળી?’ માંદી સ્ત્રીએ છણકો કર્યો.

‘અલબત્ત, તમને ખબર નથી?’ પોલીએનાએ પૂછ્યું

‘ના જી, મને ખબર નથી.’ મેડમ સ્નો દાઢમાંથી બોલ્યા. તેમને ચાલીસ વર્ષ થયાં હતાં. આમાંના પંદર વર્ષ જે વસ્તુઓ, સગવડો તેમની પાસે ન હતી તેની ઇચ્છા કરવામાં વીત્યા હતા. જે એમની પાસે હતું તેને માણવાનો તેમની પાસે સમય જ ન હતો!

‘તમારી આંખો મોટી અને કાળી છે. તમારા વાળ પણ કાળા અને વાંકડિયા છે.’ પોલીએના બોલી, ‘મને કાળા, વાંકડિયા વાળ બહુ ગમે. તમારા બંને ગાલ પર સરસ રતૂમડાં નિશાન છે. મેડમ સ્નો, તમે સાચે જ રૂપાળાં છો. જો તમે અરીસામાં જુઓ, તો તમને મારી વાત જરૂર સાચી લાગે.’

‘અરીસો’ મેડમ સ્નોએ નિસાસો નાખીને કહ્યું, ‘ઘણા વખતથી અરીસામાં તો જોયું જ નથી! અરે કોઈ પણ મારી જેમ પથારીવશ હોય તો અરીસામાં ન જુવે.’

‘એ વાત હું સમજું છું.’ પોલીએના સહાનુભૂતિ દેખાડતાં બોલી, ‘પણ એક મિનિટ...’ કહીને તે ડ્રેસિંગ ટેબલ પાસે ગઈ અને હાથઅરીસો લઈને આવી. પલંગ પાસે ઊભા રહીને તેણે મેડમ સ્નોનું નિરીક્ષણ કર્યું અને નિષ્ણાતની જેમ અભિપ્રાય આપ્યો. ‘મેડમ, તમે અરીસામાં જુઓ તે પહેલાં હું તમારા વાળ ઓળી દઉં. બરાબર?’

મેડમ સ્નો ધીમેથી બોલ્યા, ‘ઠીક છે, તને યોગ્ય લાગતું હોય તો.. પણ એ વધુ સમય ઓળેલા નહીં રહે..’

‘ઓહ થેંક્યુ. મને કોઈના વાળ ઓળવા બહુ ગમે.’ આટલું કહી પોલીએનાએ હાથઅરીસો એક બાજુ મૂક્યો અને કાંસકો હાથમાં લીધો. ‘આજે હું વાળ ઓળવામાં વધુ સમય નહીં આપું. મારે જલ્દીથી તમને દેખાડવું છે કે તમે કેટલાં સુંદર છો. પરંતુ કોઈક દિવસ હું આવીને નિરાંતે તમારા વાળ ઓળી આપીશ ત્યારે તમને મજા પડશે.’ પોલીએનાના સુંવાળાં આંગળાં બીમાર મહિલાના વાંકડિયા વાળમાં ફરવા લાગ્યાં.

પાંચ મિનિટ સુધી પોલીએનાએ ચીવટથી વાળ ઓળ્યા. અમુક લટોને ભેગી કરી, બીજીમાંથી ગૂંચ કાઢી. સાથે જ ઓશીકાને ઠીકઠાક કર્યું જેથી

માથું સરસ રીતે ટેકવી શકાય. આ બધો સમય મેડમ સ્નોને થોડો કંટાળો આવતો હતો. થોડી ચીડ પણ ચડતી હતી, પરંતુ ઊંડે ઊંડે તેમને રોમાંચની લાગણી ફૂટતી હોય તેમ લાગ્યું!

‘બસ, પૂરું!’ પોલીએના બોલી અને પાસેની ફૂલદાનીમાંથી ગુલાબી ફૂલ લઈને વાળમાં પરોવી દીધું. ‘હવે આપણે તૈયાર છીએ, અરીસામાં નજર કરવા માટે!’

કહીને મેડમ સ્નોની સામે અરીસો ધરી દીધો.

‘અ... ઠીક છે.’ મેડમ સ્નો પોતાનું પ્રતિબિંબ જોઈને બોલ્યાં. ‘મને ગુલાબી કરતાં લાલ ફૂલ વધારે ગમે છે. પરંતુ રાત સુધીમાં તો બંને કરમાઈ જવાના, શું ફરક પડે?’

‘હું એમ માનું છું કે ફૂલ કરમાઈ જાય તે સારું છે. તો જ આપણને નવાં ફૂલ મેળવવાનો આનંદ મળેને!’ પોલીએનાએ તર્ક આપ્યો. ‘મને તમારા આ રીતે ઓળેલા વાળ બહુ ગમે છે. તમને ગમે છે કે નહીં?’

‘હા.. ઠીક લાગે છે. પણ હું હમણાં સૂઈ જઈશ, આમ તેમ પડખાં ફેરવીશ એટલે વીંખાઈ જશે.’ મેડમ સ્નો બોલ્યા.

‘મને ખબર છે કે વાળ આવા ઓળેલા નહીં રહે પણ એ વાતે હું રાજી છું.’ પોલીએના હસીને બોલી. ‘કારણકે ત્યારે હું તેને ફરીવાર ઓળી શકીશ. તમારે ખુશ થવા જેવું છે કે તમારા વાળ કાળા છે, કાળા વાળ ઓશીકા ઉપર બહુ સરસ લાગે. મારા પીળા વાળ એટલા સારા ન લાગે.’

‘કદાચ, પણ મને કાળા વાળ એટલા નથી ગમતા, જેવા સફેદ થાય તેવા તરત દેખાઈ જાય.’ મેડમ સ્નોએ જણાવ્યું. તે હજુ હાથઅરીસામાં જોતાં હતાં.

‘મને તો કાળા વાળ બહુ ગમે, કાશ મારા વાળ કાળા હોત!’ પોલીએનાના અવાજમાં નિરાશા હતી.

મેડમ સ્નોએ અરીસો નીચે મૂકીને ચીડથી પોલીએનાની સામે જોઈને કહ્યું, ‘તું મારે ઠેકાણે હોય તો તને પણ કાળા વાળ કે બીજી એકપણ વસ્તુ ન ગમે. જો તારે આખો દિવસ આમ ખાટલામાં પડ્યા રહેવું પડે તો.’

પોલીએના થોડો વિચાર કરીને બોલી, ‘એ વાત સાચી... થોડું અઘરું પડે.’

‘શું અઘરું પડે?’

પોલીએનાએ જવાબ આપ્યો, ‘રાજી થવાનું.’

મેડમ સ્નો બોલી ઊઠ્યાં, ‘હા, રાજી થવાનું અઘરું જ પડે ને! આખો દિવસ માંદગીને કારણે પથારીમાં પડ્યા રહેવામાં રાજી થવા જેવું શું છે?’

મેડમ સ્નોના આશ્ચર્ય વચ્ચે પોલીએના ઊભી થઈને તાળીઓ પાડવા લાગી. 'હવે મજા પડશે આ રમતમાં! એ શોધવું કપરું પડશે કે આમાં રાજી થવા જેવું શું છે. મારે અત્યારે જવાનું છે પણ હું આ વિશે વિચારીશ અને ફરીવાર તમારી પાસે આવું ત્યારે તમને જણાવીશ કે એમાં રાજી થવા જેવું શું છે! મને અહીં બહુ મજા પડી. આવજો.' આટલું કહીને તે બારણા બહાર દોડી ગઈ.

'એ શું કહી ગઈ?.. કાંઈ સમજાયું નહીં.' મેડમ સ્નો પોલીએનાને જતી જોઈ રહ્યાં. પછી તેમણે અરીસો હાથમાં લઈ પોતાનું પ્રતિબિંબ ધ્યાનથી જોયું.

'આ છોકરી પાસે વાળ ઓળવાની કળા છે હો!' મેડમ સ્નો સ્વગત બોલ્યાં. 'મને ખબર જ નહોતી કે મારા વાળ આટલા સરસ લાગશે. તોય આ બધાનો છેવટે શું અર્થ?' નિસાસો નાખીને એમણે અરીસો પલંગ પર મૂક્યો અને ઓશીકા પર માથું ટેકવ્યું.

થોડી વાર પછી મિલી, મેડમ સ્નોની દીકરી, એમના રૂમમાં આવી ત્યારે બોલી ઊઠી, 'અરે મમ્મી, બારીનો પડદો ખુલ્લો છે!' અને આશ્ચર્યથી બારી તરફ અને તેની મમ્મીના વાળમાં લાગેલા ગુલાબી ફૂલ તરફ જોઈ રહી.

'પડદો ખુલ્લો છે તે શું થઈ ગયું?' મેડમ સ્નો ચિડાઈને બોલ્યાં, 'હું બીમાર છું એટલે મારે શું આખો વખત અંધારામાં જ રહેવાનું?'

'ના... હું એમ ક્યાં કહું છું.' મિલી થોથવાઈને બોલી. દવાની શીશી હાથમાં લેતાં તેણે કહ્યું, 'મેં તો તને ઘણી વાર પડદો ખોલવા, રૂમમાં પ્રકાશ આવવા દેવા માટે કહ્યું છે પણ તું નહોતી માનતી.'

આનો કાંઈ જવાબ ન આવ્યો. મેડમ સ્નો પોતાના નાઇટગાઉનની કિનારી પર આંગળાં ફેરવતાં હતાં. અંતે તુમાખીથી બોલ્યા 'મને થાય છે કે કોઈક મને મટનના સૂપને બદલે નવો નાઇટડ્રેસ આપે તો સારું.'

'ખરેખર મમ્મી!' મિલીએ આશ્ચર્યથી પૂછ્યું. તેનું આશ્ચર્ય સમજી શકાય તેમ હતું. મેડમ સ્નોના પલંગ પાછળના ખાનામાં તેમના બે નવા નાઇટડ્રેસ પડેલા. મિલી છેલ્લા કેટલાય મહિનાથી તેની મમ્મીને આ નવા નાઇટડ્રેસ પહેરવા કહેતી હતી!

તે સજ્જનની વાત

પોલીએના એ સજ્જનને ફરીવાર મળી ત્યારે વરસાદ પડતો હતો. તેણે સરસ સ્મિત આપીને કહ્યું, 'આજનો દિવસ બહુ સારો નથી, નહીં? જો કે હું ખુશ છું કે રોજ વરસાદ નથી પડતો.'

એ સજ્જન કાંઈ બોલ્યા વિના કે સામું પણ જોયા વિના ચાલી ગયા. પોલીએનાને થયું કે તેમણે સાંભળ્યું નહીં હોય. બીજે દિવસે એમને જોયા ત્યારે પોલીએના મોટેથી બોલી. એને લાગ્યું કે આ જરૂરી હતું કારણકે આ સજ્જન બંને હાથ પાછળ રાખીને નીચી નજરે ચાલ્યા જતા હતા. પોલીએનાને આ વિચિત્ર લાગ્યું કારણકે આજે તો સરસ સૂરજ નીકળેલો. તે પોતે કામ અંગે બહાર નીકળેલી.

'કેમ છો?' પોલીએના ટહુકી. 'હું બહુ રાજી છું કે આજનો દિવસ કાલ જેવો નથી. તમે ખુશ છો કે નહીં?'

એ સજ્જન ગુસ્સે થઈને બોલ્યા, 'જો છોકરી, તને એક વાત કહી દઉં. મારે બીજાં ઘણાં કામ છે. મને પરવા નથી કે સૂરજ નીકળ્યો છે કે નહીં.'

પોલીએના હસીને બોલી, 'મને લાગ્યું જ કે તમને ખબર નથી લાગતી કે સુંદર સૂરજ નીકળ્યો છે એટલે તો મેં તમને કહ્યું.'

'હા, હેં... શું કહ્યું?' પોલીએના બોલી. તેનો અર્થ સમજાયો એટલે અચાનક એ સજ્જન બોલતા અટક્યા.

પોલીએનાએ વિગતે 'સમજાવતાં' કહ્યું, 'મેં તમને એટલે જ જણાવ્યું કે સૂરજ નીકળ્યો છે જેથી તમારું ધ્યાન પડે. મને લાગ્યું કે તમે જો તેના વિશે વિચારો તો તમને આ વાત ગમશે. મને લાગ્યું કે તમે આ વાત વિશે વિચારતા જ નહોતા.'

'ઓહો! આ તે વળી.' સજ્જન લાચારીથી બોલ્યા. થોડું આગળ ચાલીને પાછા વળ્યા અને પોલીએનાને કહ્યું, 'છોકરી, તારા જેવડું કોઈ હોય તો તેની સાથે તું દોસ્તી કરીને વાત કર ને.'

પોલીએના બોલી, 'મને પણ ગમે મારા જેવડા સાથે દોસ્તી કરવાનું, પણ શું કરું, નેન્સી કહે છે આજુબાજુમાં મારા જેવડું કોઈ છે જ નહીં. જો કે મને બહુ વાંધો નથી. મને મોટી ઉંમરના લોકો સાથે પણ મજા પડે છે. કદાચ એટલે કે હું મહિલા સહાયક મંડળના સભ્યોથી ટેવાયેલી છું.'

'મહિલા સહાયક મંડળ, એમ? તું મને એમનાં જેવો ગણે છે?' સજ્જનના હોઠ હસુ હસુ થતા હતા પણ ભવાં હજુ ચડેલાં હતાં.

'ના રે ના.. તમે તો મહિલા સહાયક મંડળના સભ્ય જેવા જરાપણ દેખાતાં નથી, પરંતુ તમે એમના જેટલા જ, કદાચ એમનાથી વધુ સારા છો.' પોલીએનાએ વિવેકથી કહ્યું અને ઉમેર્યું 'મને ખાતરી છે કે તમે દેખાઓ છો તેનાથી ઘણા સારા છો.'

સજ્જને ગળામાં ખરેરાટી બાજી હોય તેવો અવાજ કર્યો અને ફરીને પોતાના રસ્તે ચાલ્યા ગયા.

ફરીવાર સજ્જનને મળવાનું થયું ત્યારે તે સામેથી પોલીએના પાસે આવ્યા. તેમની આંખમાં અને ચહેરા પર પ્રસન્નતા દેખાતી હતી. 'ગુડ આફટરનુન, તું કહે એ પહેલાં જ હું કહી દઉં કે મને ખબર છે કે આજે સૂરજ સરસ નીકળ્યો છે.'

'પણ તમારે એ કહેવાની જરૂર નથી.' પોલીએનાએ જણાવ્યું. 'મને ખબર છે કે તમે આ વાત જાણો છો.'

સજ્જને સવાલ કર્યો, 'અચ્છા, એ કઈ રીતે?'

'તમારા ચહેરા પરથી જ એ વાતની ખબર પડે છે, તમારી આંખોમાં અને તમારા સ્મિતમાં એ દેખાય છે.' પોલીએનાએ જવાબ આપ્યો.

'હં... મ' કહીને સજ્જન પોતાના રસ્તે ગયા.

આ બનાવ બાદ સજ્જન હંમેશા પોલીએના સાથે વાત કરતા. જો કે ગુડ આફ્ટરનુન સિવાય બહુ ઓછું બોલતા. તો પણ નેન્સીને આ વાતની બહુ નવાઈ લાગેલી જ્યારે તે પોલીએના સાથે હતી અને સજ્જને પોલીએનાને સામેથી ગુડ આફટરનુન કહ્યું.

'પોલીએના, પેલા સજ્જને તમારી સાથે વાત કરી?' નેન્સીએ પૂછ્યું.

પોલીએનાએ સ્મિત કરીને કહ્યું, 'એમાં શું? એ તો રોજ વાત કરે છે.'

'હોય નહીં.' નેન્સીનો અવાજ ધ્રૂજ્યો. 'તમને ખબર છે □□ કોણ છે?'

પોલીએનાએ કહ્યું, 'ના, એમણે મને જણાવ્યું નથી, લાગે છે કે ભૂલી ગયા છે. મેં તેમને મારી ઓળખાણ આપેલી પણ તેમણે ઓળખાણ આપવાની બાકી છે.'

નેન્સીની આંખો પહોળી થઈ ગઈ. 'પરંતુ એ તો કોઈની સાથે વાત નથી કરતા. સિવાય કે ધંધા પૂરતી વાત કરતા હોય તો. એમનું નામ જ્હોન પેન્ડલટન છે. તે પેન્ડલટન ટેકરી પર આવેલા મોટા મકાનમાં એકલા રહે છે. એ કોઈને રસોઈ કરવા માટે પણ નથી રાખતા. દરરોજ ત્રણ વખત હોટલમાં આવીને જમી લે છે. હું એ હોટલની વેઇટ્રેસ સેલીને ઓળખું છું. એ કહેતી હતી કે મિસ્ટર જ્હોન ભાગ્યે જ કોઈની સાથે વાત કરે છે. અરે

ઘણી વાર તો તેમને શું ખાવું છે તેની અટકળ પણ સેલીએ કરવી પડે છે. હા, એ નક્કી હોય છે કે તે સૌથી સસ્તી વાનગી જમે છે.'

પોલીએનાએ સહાનુભૂતિમાં ડોકું હલાવ્યું. 'તમારે સસ્તી વાનગીઓ પસંદ કરવી પડે છે જ્યારે તમે ગરીબ હો છો. પપ્પા અને હું ઘણીવાર બહાર જમવા જતાં. અમે વટાણા અને મચ્છી વધુ ખાતા. અમે કહેતા કે 'કેટલું રાજી થવા જેવું છે કે આપણને વટાણા ભાવે છે.' આ વાત ખાસ કહેતા જ્યારે ભૂંજેલું ટર્કીનું મટન સામે પડ્યું હોય. આ ટર્કીના મટનનો ભાવ હતો સાંઈઠ રૂપિયા! પેન્ડલટન સાહેબને વટાણા ભાવે છે?'

નેન્સીએ કહ્યું, 'તેમને વટાણા ભાવે છે એમ પૂછો છો? એમને ભાવે કે ન ભાવે શું ફેર પડે છે? તે ગરીબ નથી. એમની પાસે ઘણા પૈસા છે, તેમના પપ્પા તરફથી મળેલા. આખા ગામમાં એમના જેટલો પૈસાદાર બીજો કોઈ નથી. અરે એ તો રૂપિયા ખાય ને તો પણ તેને ખોટ ન પડે!'

પોલીએનાએ આછું હસીને કહ્યું, 'જાણે કે કોઈ રૂપિયાની નોટ ખાઈ શકે!'

'મારો કહેવાનો મતલબ છે કે મિસ્ટર જ્હોન એટલા પૈસાદાર છે. એટલું જ કે તે પૈસા વાપરતા નથી. બચાવે છે.' નેન્સીએ જણાવ્યું.

'ચોક્કસ તે પછાત લોકો માટે પૈસા બચાવતા હશે.' પોલીએના બોલી. 'કેવું સરસ! સાદાઈથી રહેવું અને બીજા માટે બચાવવું. પપ્પાએ આવી વાત કરી હતી.'

નેન્સી ગુસ્સામાં કાંઈક બોલવા ગઈ પણ પોલીએનાનો વિશ્વાસથી ભરેલો આનંદમય ચહેરો જોઈને અટકી ગઈ. થોડીવાર પછી તેણે કહ્યું, 'સાચે જ મિસ્ટર જ્હોન તમારી સાથે વાત કરે છે તે બહુ આશ્ચર્ય થાય તેવી વાત છે પોલીએના. બાકી તે કોઈ સાથે વાત નથી કરતા. એમ સાંભળ્યું છે કે તે એટલા મોટા ઘરમાં સાવ એકલા રહે છે જેમાં એકથી એક ચડે તેવી વસ્તુઓ રાખી છે. કેટલાક લોકો તેમને ભેજાગેપ માને છે. તો વળી બીજા એમ માને છે કે તે બહુ ભેદી માણસ છે અને એમના પેટમાં પાપ છે.'

'અરે નેન્સી, એ આવી ચીજ પેટમાં શું કામ રાખે છે? તેમણે તેને તરત બહાર ફેંકી દેવી જોઈએ.' પોલીએનાને સહેજ ધ્રુજારી આવી ગઈ.

નેન્સી હસી પડી... પોલીએના મહાવરો નહોતી સમજી. તે સાચે જ એમ માનતી હતી કે મિસ્ટર જ્હોન ઘરમાં કાંઈક ગુનો છુપાવીને બેઠા હતા. તેણે જાણી જોઈને આ ચોખવટ ન કરી. નેન્સીએ વાત આગળ વધારી, 'બધા કહે છે કે તેમને સમજવા બહુ અઘરા છે. ક્યારેક તે લાંબી મુસાફરી કરે છે, મહિનાઓ સુધી બહાર રહે છે અને દરેક વખતે પછાત દેશમાં જાય છે. જેવા કે ઈજીપ્ત, એશિયા ખંડના દેશ અને સહરાના રણમાં.'

પોલીએના બોલી, ‘હમમ... ધર્મપ્રસારક લાગે છે.’

નેન્સી ખંધું હસતાં બોલી, ‘હું એવું નથી કહેતી. એ જ્યારે પાછા આવે છે ત્યારે પુસ્તકો લખે છે. ન સમજાય તેવાં પુસ્તકો જેમાં પછાત દેશની વાતો હોય છે. પરંતુ તેમને અહીં પૈસા વાપરવાની ઇચ્છા જ ન થતી હોય તેવું લાગે છે. સારી રીતે જીવી શકાય તેના માટે પણ નહીં.’

‘એમને આવી ઇચ્છા ન થાય તે સમજાય તેવું છે.’ પોલીએનાએ જાહેર કર્યું. ‘તે પછાત લોકો માટે પૈસા બચાવે છે. એ હાસ્યાસ્પદ લાગે તેવા છે અને બીજાથી અલગ પણ લાગે છે. જેમ મેડમ સ્નો બધાથી અલગ છે તેવી રીતે મિસ્ટર જ્હોન બધાથી અલગ છે. જો કે તે મેડમ સ્નો જેવા અલગ નથી, તેમનાથી તો સાવ જુદા પડે છે.’

‘હા, મને પણ એવું જ લાગે છે.’ નેન્સી મંદ હસીને બોલી.

‘હવે તો હું વધારે રાજી છું કે તેઓ મારી સાથે વાત કરે છે.’ પોલીએનાનો સંતોષભરેલો અવાજ સંભળાયો.

અચરજ, મેડમ સ્નો માટે

પોલીએના મેડમ સ્નોને ઘરે ફરીવાર ગઈ ત્યારે જોયું કે મેડમ સ્નો એ સમયે પણ અંધારિયા ઓરડામાં બેઠાં હતાં.

'મમ્મી, મેડમ પોલીને ત્યાંથી પેલી નાની છોકરી આવી છે.' મિલીએ થાકેલા અવાજે કહ્યું. થોડીવારમાં પોલીએના આ બીમાર મહિલા પાસે રૂમમાં હાજર થઈ ગઈ.

'ઓહ, તું આવી છે?' તુમાખીવાળો અવાજ પલંગ પરથી સંભળાયો. 'તું મને યાદ રહી ગઈ છે. અરે તું તો કોઈને પણ એક વખત જોયા બાદ યાદ રહી જાય તેવો નમૂનો છે! મને થતું હતું કે તું ગઈકાલે આવી હોત તો સારું હતું. મારે કાલે તારું કામ હતું.'

'અચ્છા, તો હું ખુશ છું કે ગઈકાલને હજુ બહુ દિવસ થયા નથી.' કહેતી પોલીએના નજીક આવી. સાથે લાવેલી બાસ્કેટ ખુરશી પર મૂકીને બોલી, 'અરે, અહીં કેટલું અંધારું છે! તમે તો દેખાતા જ નથી.' બારી પાસે જઈને તેણે પડદો ખોલ્યો. ' મારે જોવું છે કે તમે આજે વાળ ઓળ્યા છે કે નહીં જેવા મેં ઓળી આપેલા! ઓહો, તમે નથી ઓળ્યા? સારું છે તમે નથી ઓળ્યા, કારણકે હવે હું ઓળી શકીશ, જો તમને ગમે તો! પણ પહેલા હું શું લાવી છું તે જુઓ.'

મેડમ સ્નોએ છણકો કર્યો, 'હું જોઈશ એટલે કાંઈ એના સ્વાદમાં ફેર પડશે?' છતાં એમણે બાસ્કેટ તરફ જોઈને પૂછ્યું, 'શું લાવી છે?'

'અંદાજ લગાવો, શું હશે?' પોલીએના ઉત્સાહથી બોલી.

મેડમ સ્નો ભવાં ચડાવીને બોલ્યાં, 'મારે કોઈ ખાસ વસ્તુની ઇચ્છા નથી, બધાનો સ્વાદ એકસરખો જ લાગે છે.'

'આનો સ્વાદ જરા જુદો લાગશે. અચ્છા, તમારે જો કોઈક વસ્તુ જોઈતી હોત તો એ કઈ હોત?' પોલીએનાએ સ્મિત કરતાં પૂછ્યું.

મેડમ સ્નો જરા અચકાયાં. એમણે હંમેશાં જે વસ્તુઓ તેમની પાસે ન હતી તેના માટે ખેદ કરેલો. આજે જ્યારે એમની પસંદગીની વસ્તુનું નામ કહેવાનું આવ્યું ત્યારે તેમણે મૂંઝવણ અનુભવી. છતાં જવાબ તો આપવો પડે તેમ હતો. આ 'જબરી' છોકરી રાહ જોતી હતી.

'હમમ... અલબત્ત મટનનો સૂપ...'

પોલીએના બોલી ઊઠી, 'હું એ જ લાવી છું!'

'પરંતુ એ મારે નહોતો જોઈતો.' મેડમ સ્નોએ જણાવ્યું. 'મેં ચીકનની આશા રાખેલી.'

'એ પણ હું લાવી છું!' પોલીએનાએ કહ્યું.

સ્નો મેડમ આશ્ચર્યથી બોલ્યાં, 'બંને લાવી છે?'

'હા, અને જેલી પણ લાવી છું!' પોલીએનાના અવાજમાં સંતોષ વ્યક્ત થતો હતો. 'મને થયું કે એક વખત તમારે જેની ઇચ્છા છે તે તમને મળવું જોઈએ. માટે નેન્સી અને મેં આ તૈયારી કરી. અલબત્ત દરેક વસ્તુ ઓછા પ્રમાણમાં છે પણ થોડી થોડી ત્રણેય છે! હું બહુ રાજી છું કે તમને ચીકન જોઈએ છે.' પોલીએનાએ બાસ્કેટમાંથી ત્રણ નાના વાટકા કાઢ્યા. 'અહીં આવતા વિચારતી હતી કે તમારે આની સાથે કાંદા કે ચટણી ખાવાની ઇચ્છા હશે તો શું થશે? મારી બધી મહેનત પાણીમાં જશે?'

મેડમ સ્નો કાંઈ બોલ્યાં નહીં. તે વિચારતાં હતાં કે હજુ શું ખૂટે છે.

'ચાલો, હું આ બધું અહીં મૂકીને જાઉં છું.' ટેબલ પર ત્રણેય વાટકા મૂકીને પોલીએના બોલી અને પૂછ્યું, 'તમારી તબિયત કેવી છે?'

'નથી ઠીક' મેડમ સ્નો પાછા પથારીમાં સૂતાં અને ધીમેથી બોલ્યાં. 'આજે સવારે ઊંઘ ઊડી ગઈ. આ બાજુવાળી નેલી હીગીન્સ સંગીત શીખે છે. તે વગાડતી હોય છે ત્યારે મારી ઊંઘ ઊડી જાય છે. આખી સવાર તેનું વગાડવાનું ચાલુ જ હોય છે. મારે શું કરવું તે ખબર નથી પડતી.'

પોલીએનાએ સહાનુભૂતિથી કહ્યું, 'હું સમજુ છું. આ કપરું છે. મેડમ વ્હાઈટને આવું થયેલું. તે મહિલા સહાયક મંડળનાં સભ્ય છે. તેમને તો સાથે સંધિવા પણ થયેલો એટલે તે તો હલી પણ નહોતાં શકતાં. એમણે કહ્યું કે તે હાથપગ હલાવી શકતાં હોત તો સારું થાત. તમે તો હલાવી શકો છો ને?'

'હાથપગ હલાવવાના?' સ્નો મેડમ કાંઈ સમજ્યાં નહીં.

'હા, પડખું ફેરવવા માટે! એટલે જ્યારે સંગીતનો અવાજ વધુ થઈ જાય તો બીજી તરફ ફરી જવાય.' પોલીએનાએ સમજાવ્યું.

'અલબત્ત હું પલંગમાં ફરી શકું છું.' સ્નો મેડમ સહેજ ગુસ્સામાં બોલ્યાં.

'એ તો તમારે રાજી થવા જેવી વાત થઈ, ખરુંને?' પોલીએનાએ કહ્યું, 'મેડમ વ્હાઈટ આ રીતે ફરી નહોતાં શકતાં. તમને ખબર હશે કે સંધિવા થયો હોય ત્યારે આમ ફરી ન શકાય, બહુ ઇચ્છા થાય તો પણ! મેડમ વ્હાઈટ મને કહેતાં હતાં કે તે આ સંધિવાને કારણે પાગલ થઈ જાત પણ તેમના મિસ્ટર વ્હાઈટના બહેનના કાનની દશા જોઈ એટલે.'

'બહેનના કાનની દશા.. એનો અર્થ શું?' મેડમ સ્નોએ નવાઈથી પૂછ્યું.

પોલીએના હસીને બોલી, 'હા, એ વાત તો મેં તમને કરી જ નથી, હું ભૂલી ગઈ કે તમે મેડમ વ્હાઈટને નથી ઓળખતાં. તેમના નણંદ છે ને તે સાવ બહેરાં છે. કશું સાંભળતા જ નથી. તે મેડમ વ્હાઈટને મદદ કરવા તેમના ઘરે રહેવા આવેલા. મેડમ વ્હાઈટને તેમને કોઈપણ વાત સમજાવવામાં શું તકલીફ પડી છે! બસ, ત્યાર પછી જ્યારે પણ પાડોશીના ઘરમાં પિયાનો વાગે ત્યારે મેડમ વ્હાઈટ ખુશ થતાં કે તે સાંભળી શકે છે, પછી તેમને એ સંગીત બહુ ખલેલ કરે છે તેમ ન લાગતું. તે તો એ જ વિચારતા કે તેમના નણંદની જેમ તે પણ બહેરા હોત, કાંઈ સાંભળી શકતા ન હોત તો શું થાત? એ મેં શિખવાડેલી રમત રમતાં હતાં.'

'રમત? કઈ જાતની રમત?' મેડમ સ્નોએ પૂછ્યું.

પોલીએના તાળીઓ પાડતાં બોલી, 'અરે, હું તો ભૂલી જ ગઈ હતી પણ સ્નો મેડમ, હવે મેં વિચારી રાખ્યું છે કે તમે કઈ બાબતમાં રાજી થઈ શકો તેમ છો.'

'કઈ બાબતમાં રાજી થઈ શકું? તું શેની વાત કરે છે?' મેડમ સ્નો બોલ્યાં.

'તમે ભૂલી ગયાં? મેં તમને નહોતું કહ્યું કે હું તમને જણાવીશ કે તમારે આખો દિવસ પથારીમાં પડ્યા રહેવું પડે છે છતાં તમે કઈ બાબત માટે રાજી થઈ શકો?'

પોલીએનાએ જવાબ આપ્યો.

'ઓહ... એ વાત?' મેડમ સ્નોનો અણગમો છતો થયો. 'હા મને યાદ છે. પણ મને લાગ્યું કે તું એ વાત અમસ્તી જ કરી રહી હતી.'

પોલીએનાએ પૂર્ણ વિશ્વાસથી કહ્યું, 'ના રે, હું કાંઈ અમસ્તી નહોતી કહેતી. હવે મને ખબર છે તમે કઈ બાબત માટે રાજી થઈ શકો. આ વિચારવું અઘરું હતું હોં! પરંતુ જ્યારે અઘરું હોય ત્યારે આ રમત રમવાની વધુ મજા આવે છે. મને પહેલાં તો ખ્યાલ નહોતો આવતો કે તમે કઈ બાબત માટે રાજી થઈ શકો પણ પછી ખબર પડી ગઈ.'

'અચ્છા, તને ખબર પડી ગઈ? બોલ એવી કઈ બાબત છે?' મેડમ સ્નો વ્યંગમાં બોલ્યાં.

લાંબો શ્વાસ લઈને પોલીએના બોલી, 'મેં વિચાર્યું કે તમે કેટલાં રાજી થઈ શકો કે બીજા લોકો તમારી જેમ પથારીવશ નથી!'

મેડમ સ્નોની આંખમાં ગુસ્સો ડોકાયો, 'સાચે જ... એમાં...?'

તેમની વાત કાપતાં પોલીએના બોલી, 'હું તમને આ રમત વિશે જણાવું. તમને એ રમવાની બહુ મજા પડશે. થોડી અઘરી લાગશે પરંતુ એ અઘરી હોય ત્યારે રમવાની વધુ મજા પડે છે!' ત્યારબાદ પોલીએનાએ

મેડમ સ્નોને 'રાજી થવાની રમત' વિશે વાત કરી. દાનપેટીમાં ઢીંગલીને બદલે ટેકણલાકડી આવેલી ત્યારે તેના પપ્પાએ શું કહીને આ રમત શીખવી હતી તે વિગતવાર સમજાવ્યું.

વાત પૂરી થઈ અને મિલી બારણામાં પ્રવેશી.

'પોલીએના, તમારાં આન્ટી તમને બોલાવે છે.' સાવ સુસ્ત રીતે તેણે વાત કરી. 'તેમણે સામેના સ્ટોરવાળાને ત્યાં ફોન કરીને જણાવ્યું કે તમારે જલ્દી ઘરે પહોંચવું. તમારે અંધારું થાય તે પહેલાં પ્રૅક્ટિસ કરવાની છે.'

પોલીએના સહેજ અણગમા સાથે ઊઠીને બોલી, 'સારું, જલ્દી પહોંચું છું.' અને અચાનક હસીને કહે, 'મારે પણ રાજી થવા જેવું છે કે મારી પાસે પગ છે જેને કારણે હું જલ્દીથી પહોંચીશ. ખરુંને મેડમ સ્નો?'

મેડમ સ્નોએ કાંઈ જવાબ ન આપ્યો. તેમની આંખો બંધ હતી, પરંતુ મિલીની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગયેલી! તેની મમ્મીના ગાલ પર દદડતા આંસુ જોઈને!

'ચાલો, આવજો.' પોલીએના બારણું ખોલતાં બોલી. 'સૉરી, મેડમ સ્નો, આજે તમારા વાળ નથી ઓળી શકી. ફરીવાર આવું ત્યારે જરૂર ઓળી આપીશ.'

જુલાઈ મહિનાના દિવસો પસાર થતા ગયા. પોલીએના માટે આ બહુ આનંદના દિવસો હતા. તેણે પોલી મેડમને અનેકવાર કહ્યું, 'પોલી આન્ટી, મને અહીં તમારી સાથે બહુ મજા પડે છે. મારા દિવસો ખુશીથી ભરેલા હોય છે.'

પોલી મેડમ જવાબ આપતા 'પોલીએના, એ સારું છે કે તારા દિવસો સરસ રીતે પસાર થાય છે, પરંતુ હું માનું છું કે આ દિવસો ફાયદાકારક પણ છે. જો એમ ન હોય તો હું મારી ફરજ ચૂકી ગઈ ગણાઉં.'

સામાન્ય રીતે આ પ્રશ્નના જવાબમાં પોલીએના તેની આન્ટીને વળગીને વ્હાલ કરતી અથવા હળવી પપી કરતી. જો કે પોલી મેડમને આ બહુ ગમતું નહીં.

એક વખત સીવણ કરતી વખતે પોલીએના બોલી, 'આન્ટી, આ દિવસો બસ આનંદથી વીતે તે પૂરતું નથી?'

'ના. એ પૂરતું નથી.' પોલી મેડમે ટૂંકો જવાબ આપ્યો.

'એ ફાયદાકારક પણ હોવા જોઈએ?' પોલીએનાએ પૂછ્યું.

'અલબત્ત હોવા જોઈયે'

'પણ ફાયદાકારક હોવા એટલે શું?' પોલીએનાની મૂંઝવણ વ્યક્ત થઈ.

પોલી મેડમ કંટાળીને બોલ્યાં, 'ફાયદાકારક એટલે બસ ફાયદાકારક. આપણે બતાવી શકીએ કે આટલો ફાયદો થયો. તું તો કેવા સવાલ પૂછે છે પોલીએના!'

'ફક્ત રાજી રહેવું તે ફાયદાકારક નથી?' પોલીએનાએ પૂછ્યું.

પોલી મેડમ સખત અવાજે બોલ્યાં, 'અલબત્ત નથી જ.'

'ઓહો આન્ટી, તો તો તમને આ રમત નહીં ગમે. તમે ક્યારેય નહીં રમી શકો.'

પોલીએનાનો અવાજ તૂટ્યો.

'કઈ રમત અને શી વાત?'

'અરે પેલી, પપ્પાએ મને..' આટલું બોલીને પોલીએનાએ ગભરાઈને મોઢા પર હાથ રાખી દીધો. 'કાંઈ નહીં.. પોલી આન્ટી, કાંઈ નહીં.'

પોલી મેડમ ગંભીર થઈ ગયાં. થોડીવારે બોલ્યાં, 'બસ, આજે આટલું જ.' સીવણનો કલાસ પૂરો થવાનો આ સંકેત હતો.

તે દિવસે બપોરે પોલીએના એના માળિયાના રૂમમાંથી બહાર આવતી હતી ત્યારે પોલી મેડમ દાદરા પર હતાં. પોલીએના બોલી ઊઠી, 'અરે પોલી આન્ટી, તમે મારા રૂમમાં આવતાં હતાં? આવો આવો, મને કોઈ આવે તે બહુ ગમે!' ઝડપથી તે દાદરા ચડી ગઈ અને પોતાના રૂમનું બારણું ખોલી નાખ્યું.

થયું હતું એવું કે પોલી મેડમ પોલીએનાને મળવા માટે માળિયા પર નહોતાં આવતાં! તે તો તેમની એક સફેદ શાલ, જે બારી પાસેના ખાનામાં પડી હતી, તેને શોધવા આવેલાં. પરંતુ તે ખાના પાસે નહીં પણ પોલીએનાના ઘોલકી જેવા રૂમમાં સાદી ખુરશી પર બેઠાં હતાં. આ વાતની સૌથી વધુ નવાઈ ખુદ પોલી મેડમને લાગતી હતી! પોલીએના આવી પછી અનેકવાર એવું બનેલું કે પોલી મેડમે કરવા ધાર્યું હોય કાંઈક અને કરતા હોય તદ્દન જુદું જ, જેનું એમણે આયોજન તો શું વિચાર પણ ન કર્યો હોય!

'મને તો લોકોનો સહવાસ બહુ ગમે!' પોલીએના બોલી. 'ખાસ કરીને હું મારા રૂમમાં એકલી જ રહું છું એટલે. જો કે પહેલાં મારો પણ એક રૂમ હતો. પરંતુ એ રૂમ ભાડાનો હતો, આપણો નહીં. ભાડાના રૂમ કરતાં આપણા રૂમ કેટલા સરસ હોય છે! આ રૂમ તો મારો જ છે ને પોલી આન્ટી?'

'હા પોલીએના' પોલી મેડમ ધીમેથી બોલ્યાં. તેમને અચરજ એ વાતનું હતું કે તે પોતે અહીંથી ઊભી થઈને શાલ શોધવા કેમ નથી નીકળી પડતાં?

પોલીએનાની વાતો ચાલુ રહી. 'અને હવે મને આ રૂમ બહુ ગમવા લાગ્યો છે, ભલે એમાં કારપેટ, બારીના પડદા અને ચિત્રો ન હોય.' પોલીએના ક્ષોભને લીધે અચાનક અટકી ગઈ... તે બીજું કાંઈ બોલે એ પહેલાં મેડમ પોલીનો અવાજ સંભળાયો.

'પોલીએના, શું થયું?'

'કાંઈ નહીં, સાચે જ નહીં... મારે એ કહેવું નહોતું.' પોલીએના અચકાઈ.

પોલી મેડમે ઠંડા અવાજે કહ્યું, 'હવે આટલું બોલી છે તો પુરું બોલી નાખ.'

'અરે આન્ટી એ તો અમસ્તુ જ...' પોલીએના તૂટતા અવાજે બોલી. 'મેં એમ ધારેલું હતું કે રૂમમાં સરસ મજાના ગાલીચા, રંગીન પડદા વગેરે હશે. પરંતુ...'

'ધારેલું હતું?' પોલી મેડમ વાત કાપતાં બોલી ઊઠ્યા.

પોલીએનાના ગાલ શરમથી લાલ થતા હતા. 'આન્ટી, મારે એવી ધારણા નહોતી કરવાની. મારે હંમેશાં એવી વસ્તુઓ જોઈતી હતી પણ મને ક્યારેય એ વસ્તુઓ મળી નથી એટલે મેં એવું ધારેલું. દાનપેટીમાં એક વખત બે શેતરંજીઓ આવેલી. પરંતુ તે સાવ નાની હતી. એક પર શાહીના ડાઘા હતા અને બીજીમાં કાણાં હતાં. બે ચિત્રો આવેલાં એમાં એક સારું હતું તે પપ્પા... અમે વેચી દીધું. ખરાબ હતું તે તુટી ગયું. જો આ બધું ન જોયું હોત, અહીં આવી ત્યારે મુખ્ય હૉલમાં આવી સરસ વસ્તુઓ ન જોઈ હોત, તો મેં આવું વિચાર્યું જ ન હોત કે મારા રૂમમાં પણ આવી સરસ વસ્તુઓ હશે.'

તેનું બોલવાનું ચાલુ રહ્યું 'પણ આન્ટી, સાચું કહું છું હોં, આ રૂમમાં આવી પછી થોડા જ વખતમાં હું રાજી થઈ કે કબાટમાં અરીસો નથી. મારા મોઢા પર કાળા ડાઘ છે તે મારે જોવા નહીં પડે. વળી આ બારીમાંથી જે ચિત્ર દેખાય છે તેના કરતા વધુ સારું ચિત્ર ક્યાં મળવાનું? અને તમે તો એટલા સારા છો ને આન્ટી...'

પોલી મેડમ અચાનક ઊભાં થઈ ગયાં. તેમનો ચહેરો લાલ થઈ ગયેલો.

'બસ પોલીએના, વધુ કાંઈ ન બોલીશ.' આટલું કહીને તે દાદરો ઊતરવા લાગ્યાં. પહેલા માળે પહોંચ્યાં ત્યારે તેમને યાદ આવ્યું કે તે માળિયામાં પોતાની સફેદ શાલ શોધવા ગયેલાં!

બીજા દિવસે પોલી મેડમે સૂચના આપી, 'નેન્સી, પોલીએનાનો બધો સામાન પહેલા માળે જે રૂમ છે તેમાં ફેરવી દે. મેં નક્કી કર્યું છે કે હવે તે એ રૂમમાં રહેશે.'

'જી મેડમ.' નેન્સીએ જવાબ આપ્યો. 'કેવું સરસ!' એમ સ્વગત બોલી.

થોડીવાર પછી તેણે પોલીએનાને હરખભેર કહ્યું, 'તમને ખબર છે? તમારે હવે પહેલા માળે જે રૂમ છે તેમાં રહેવાનું છે, સાચે જ!'

પોલીએના આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગઈ. 'સાચે નેન્સી?'

'હા વળી, સાચે જ.' નેન્સીના હાથમાં પોલીએનાના ડ્રેસ હતા તેની ઉપરથી પોલીએનાને જોઈને નેન્સીએ જવાબ આપ્યો. 'તેમણે મને તમારો સામાન નીચેના રૂમમાં ફેરવવાનું કહ્યું છે અને હું એ જ કરી રહી છું તેમનો વિચાર ફરી જાય તે પહેલાં!'

પોલીએના પૂરી વાત સાંભળવા પણ ન રોકાઈ અને દોડીને બબ્બે પગથિયાં ઠેકતી દાદરો ઊતરી ગઈ. બે બારણાં જોરથી ખૂલ્યાં અને ધડામ કરતા બંધ થયા. એક ખુરશી ઊંધી પડી ગઈ. આખરે પોલીએના પોલી આન્ટી પાસે પહોંચી.

'પોલી આન્ટી, પોલી આન્ટી, સાચે જ તમે મને નવો રૂમ આપ્યો જેમાં મને ગમે છે તે બધું છે. ગાલીચો, પડદા, ત્રણ સરસ ચિત્રો. વળી બારી બહાર તો ઉપરના રૂમમાં દેખાતું હતું એવું જ સરસ દૃશ્ય દેખાય છે. એ સરસ ચિત્ર વધારાનું છે!' પોલીએનાનો ઉત્સાહ અને આનંદ છલકાતો હતો.

'પોલીએના!' પોલી મેડમ ગંભીરતાથી બોલ્યાં. 'મને આનંદ થયો કે તને તારો નવો રૂમ ગમ્યો. પરંતુ જો તને આ બધી વસ્તુઓ આટલી બધી ગમતી હોય તો હું માનું છું કે તું તે વસ્તુઓ સારી રીતે સંભાળીને રાખીશ. ચાલ હવે, આ ખુરશી સીધી કરી દે. તેં છેલ્લી એક મિનિટમાં બે બારણાં પછાડીને બંધ કર્યાં. આવું નહીં કરવાનું' મેડમ પોલી વધુ ગંભીર થઈને બોલતાં હતાં. તે વધુ ગંભીર થયાં કારણકે તેમને સમજાય નહીં એવા કારણસર તેમને રડવું આવતું હતું. પોલી મેડમને રડવું આવે તે અસાધારણ વાત હતી.

'હા, આન્ટી' પોલીએના ખુરશી સીધી કરતાં બોલી 'તમારી વાત સાચી છે કે મેં બારણાં જોરથી બંધ કર્યાં. મને નેન્સીએ ત્યારે જ રૂમ બદલવાનો છે તે વાત કરી. મારાથી રહેવાણું નહીં અને હું તમારી પાસે દોડી... આન્ટી, મારી જગ્યાએ તમે હોત તો તમે પણ...' અચાનક અટકીને પોલીએનાએ પોલી મેડમ તરફ જોયું અને બોલી, 'પોલી આન્ટી, તમે ક્યારેય બારણાં પછાડ્યાં છે?'

પોલી મેડમ આઘાત લાગ્યો હોય એમ બોલ્યાં, 'અલબત્ત નહીં પોલીએના!'

'અરે, પોલી આન્ટી, નથી પછાડ્યાં? બહુ કહેવાય!' પોલીએનાના ચહેરા પર સહાનુભૂતિ દેખાતી હતી.

'એમાં બહુ શું કહેવાય? બારણાં તે પછાડાતા હશે?' પોલી મેડમ આઘાત અને ક્રોધને કારણે વધુ ન બોલી શક્યાં.

'જરૂર વળી.' પોલીએનાએ તર્ક સમજાવ્યો. 'તમને જો બારણાં પછાડવાનું મન હોત તો તમે જરૂર પછાડ્યાં હોત. તમે એ નથી કર્યું એનો અર્થ એ કે તમે ક્યારેય એક પણ વાત પર રાજી નથી થયાં, નહીંતર તમે બારણાં પછાડ્યાં વિના રહી જ ન શકત. હું દિલગીર છું કે તમે એક પણ વસ્તુ માટે રાજી નથી થયા.'

'પોલીએના!' પોલી મેડમ કડક અવાજે બોલ્યાં. પણ પોલીએના ત્યાંથી નીકળી ચૂકી હતી. દૂર માળિયાના દાદરનું બારણુ ભટકાયું એટલે ખબર પડી કે પોલીએના નેન્સીને પોતાનો સામાન નવા રૂમમાં ફેરવવા માટે મદદ કરવા પહોંચી ગઈ હતી.

પોલી મેડમ બેઠકખંડમાં વિચારતા બેઠાં હતાં. એવું નહોતું કે તે ક્યારેય 'રાજી' નહોતાં થયાં. અલબત્ત, અમુક બાબત માટે તો એ જરૂર રાજી થયેલાં.

જિમીનો પરિચય

ઑગસ્ટ મહિનો આવ્યો. સાથે લાવ્યો અમુક અચરજ અને અમુક ફેરફાર. જો કે નેન્સીને કાંઈ અચરજ ન થયું. પોલીએના જ્યારથી આવી ત્યારથી નેન્સી અચરજ અને ફેરફારથી ટેવાઈ ગઈ હતી!

પહેલાં આવ્યું ખિલાડીનું બચ્ચું.

પોલીએનાને આ બચ્ચું રસ્તા પરથી, બહુ દયનીય હાલતમાં, મિયાંઉં મિયાંઉં આક્રંદ કરતું મળેલું. આજુબાજુમાં તપાસ કરી પણ કોઈએ તેની ઉપર પોતાની માલિકીનો દાવો કર્યો નહીં. આથી પોલીએના તેને ઘરે લઈ આવી.

'મને ગમ્યું કે તેનો કોઈ માલિક ન હતો.' પોલીએના મેડમ પોલીને કહેતી હતી. 'મારે તો એને ઘરે લાવવું જ હતું. મને ખિલાડીનાં બચ્ચાં બહુ ગમે. મને ખબર હતી કે તમને પણ આ બચ્ચાને અહીં રાખવું ગમશે.'

પોલીએનાના હાથમાં રહેલા ગંદા, માંદલા ખિલાડીના બચ્ચાને જોઈ પોલી મેડમને જરા કંપારી આવી. તેમને ખિલાડીઓ જરા પણ નહોતી ગમતી, ભલે સુંદર, ચોખ્ખી અને તંદુરસ્ત હોય.

'ઉંહ પોલીએના, કેવું ગંદું બચ્ચું છે! સાવ માંદલું અને દુર્બળ છે.'

'મને ખબર છે.' પોલીએના વહાલથી બચ્ચાની આંખમાં જોતાં બોલી. 'બહુ ડરી ગયું છે એટલે ધ્રૂજી રહ્યું છે. એને હજુ ખબર નથીને કે આપણે તેને રાખવાના છીએ.'

'ના.. બીજા કોઈને પણ...' પોલી મેડમે કહ્યું.

'આન્ટી, બીજા બધાને ખબર છે.' પોલીએનાએ મેડમના વાક્યનો જુદો જ અર્થ કાઢ્યો હતો. 'મેં તો બધાને કહ્યું કે જો એનો માલિક નહીં મળે તો આપણે તેને રાખવાના છીએ. મને ખાતરી હતી કે આ માંદલા, નાના બચ્ચાને સાચવવું તમને ગમશે.'

પોલી મેડમ કંઈક બોલવા ગયાં પણ શબ્દો ન નીકળ્યા. પોલીએના આવી ત્યારથી જે વિચિત્ર લાચારી તે અનુભવતાં હતાં તેની અસર અત્યારે પણ થઈ.

'મને તો ખબર જ હતી.' પોલીએનાનું બોલવાનું ચાલુ હતું 'શ્રીમતી ફોર્ડે મને પૂછ્યું કે તારાં આન્ટી આ બચ્ચાને રાખવા દેશે કે નહીં. ત્યારે મેં તેમને તરત જણાવ્યું કે જ્યારે એમણે મને આશરો આપ્યો છે ત્યારે એક નાના, લાચાર ખિલાડીના બચ્ચાને તો જરૂર રાખશે. મારી પાસે તો મહિલા સહાયક મંડળની મદદ હતી પણ આ બચ્ચાનું તો કોઈ નથી. એટલે મને

લાગ્યું કે તમને તેની પર દયા આવશે જ.' આટલું બોલીને આનંદથી ઝૂમતી તે રૂમની બહાર દોડી ગઈ.

'પોલીએના... પોલીએના...' મેડમ પોલી ચિડાઈને બોલ્યાં, 'મેં હા નથી...'

પરંતુ પોલીએના તો રસોડા પાસે પહોંચી ગઈ હતી. 'નેન્સી, નેન્સી, જો બિલાડીનું આ બચ્ચું કેવું સરસ છે! પોલી આન્ટી તેને સાચવવાના છે, મને સાચવે છે તેમ જ!'

બેઠકરૂમમાં પોલી મેડમ, જેને બિલાડીઓ દીઠી નહોતી ગમતી, લાચારીથી ખુરશી પર બેસી પડ્યાં.

બીજે દિવસે પોલીએના એક ગલૂડિયું લઈ આવી. એ તો બિલાડીના બચ્ચા કરતાં પણ વધુ માંદલું દેખાતું હતું. ફરી એકવાર પોલીએનાએ લાંબું વર્ણન કરીને એ સાબિત કર્યું કે પોલી મેડમ કેટલાં દયાળુ હતાં જે નિરાધારને પ્રેમથી સાચવતાં હતાં.

અંતે થયું એવું કે જે પોલી મેડમ, જેને કૂતરા તો બિલાડીઓ કરતાં પણ ઓછાં ગમતાં હતાં,.એ આ નવા પ્રાણીને ઘરમાં રાખવા માટે મજબૂર બન્યાં. વિચિત્ર પ્રકારની લાચારી અનુભવતા વિચારતાં હતાં 'આ છોકરીને તો પહોંચવું કેમ?'

આ વાતને એક અઠવાડિયું પણ નહોતું વિત્યું ત્યાં પોલીએના એક નાના લઘરવઘર કપડાં પહેરેલાં છોકરાને લઈ આવી અને પહેલાંની જેમ જ તેને પણ ઘરમાં રહેવા દેવા માટે માગણી કરી. આ વખતે પોલી મેડમની ધીરજ ખૂટી ગઈ.

❄

વાત એમ બનેલી કે ગુરુવારે પોલીએના મેડમ સ્નો માટે જેલી લઈને જતી હતી. તેને મેડમ સ્નો સાથે ગાઢ મૈત્રી થઈ ગયેલી. આ મૈત્રીની શરૂઆત પોલીએનાએ મેડમ સ્નોને 'રાજી થવાની રમત' શીખવી ત્યારથી થયેલી. હવે મેડમ સ્નો પોલીએના સાથે એ રમત રમતાં હતાં. અલબત્ત હજુ એ બહુ સારી રીતે નહોતાં રમી શકતાં. તે એટલો લાંબો સમય દરેક વાત માટે નિરાશ, અસંતુષ્ટ રહેલા કે હવે કોઈ પણ બાબત માટે રાજી થવું તેમને અઘરું પડતું હતું. પણ પોલીએના તેમને સતત સૂચના આપતી રહેતી અને તેમની ભૂલ થાય ત્યારે ખડખડાટ હસીને તેમને ખુશ કરી દેતી. આને લીધે તે ઝડપથી આ રમત શીખી રહ્યાં હતાં. આજે જ્યારે તેમણે પોલીએનાને કહ્યું કે તે જેલી મેળવીને ખુશ થયાં ત્યારે પોલીએના આનંદિત થઈ ઊઠી! ખાસ એટલા માટે કે મિલીએ પોલીએના આવી ત્યારે જણાવેલું કે આવી જ જેલીનો મોટો વાટકો પાદરીના ઘરેથી સવારે જ આવેલો.

પોલીએના આ બધું યાદ કરતી હતી ત્યાં એની નજર આ છોકરા પર પડી.

તે રસ્તા પાસે ટૂંટિયું વાળીને સૂતો હતો. તેના હાથમાં નાની છરી હતી જેનાથી તે એક લાકડી છોલતો હતો.

‘કેમ છે?’ પોલીએનાએ સ્મિત કરીને પૂછ્યું.

‘તું કેમ છે?’ છોકરો ધીમેથી બોલ્યો.

પોલીએના હસી પડી. ‘મને નથી લાગતું કે હું તને જેલી આપું તો પણ તું ખુશ થા.’

છોકરાએ સહેજ નવાઈ ભરેલી નજરે પોલીએના સામે જોયું અને લાકડી છોલવાનું ચાલુ રાખ્યું.

પોલીએના તેની પાસે ઘાસ પર બેસી ગઈ. તે મહિલા સહાયક મંડળની આભારી હતી પણ પોતાની ઉંમરના અનાથ બાળકોને જોતી તો તેને દુઃખ થતું. તેમની સાથે મૈત્રી કરવા પ્રેરાતી.

‘મારું નામ પોલીએના વ્હિટ્રિઅર છે. તારું નામ શું?’ પોલીએનાએ પૂછ્યું

છોકરો અડધો ઊભો થયો પણ પાછો બેસી ગયો. ‘જિમી બીન’ તેણે સહેજ તોછડાઈથી જવાબ આપ્યો.

પોલીએના બોલી, ‘સરસ! આપણી ઓળખાણ થઈ. હું રાજી થઈ કે તેં તારું નામ જણાવ્યું. ઘણા નથી જણાવતા. હું પોલી હેરિંગ્ટનને ઘરે રહું છું, તું ક્યાં રહે છે?’

‘કયાંય પણ નહીં.’

‘કયાંય પણ નહીં? એવું કેમ બને? બધા કયાંક તો રહેતા જ હોય ને?’ પોલીએનાએ પૂછ્યું...

‘ખબર નહીં. અત્યારે તો હું રહેવા માટે ઘર શોધું છું.’ જિમીએ જણાવ્યું.

‘એ ઘર ક્યાં છે?’ પોલીએનાના પ્રશ્નો ચાલુ હતા.

‘મૂરખ!.. એ ખબર હોત તો ઘર શું કામ શોધું?’ જિમીએ ચિડાઈને કહ્યું.

પોલીએનાને આ છોકરો સારો ન લાગ્યો. તેને મુરખ કીધી તે એને ન ગમ્યું. છતાં તે પોતાની ઉંમરનો હતો એટલે પોલીએનાએ વાત ચાલુ રાખી, ‘તું પહેલાં ક્યાં રહેતો હતો?’

જિમી કંટાળીને બોલ્યો, ‘તું તો બહુ બધા સવાલ કરે છે!’

‘તે કરું જ ને. નહીંતર તારા વિશે વધુ કેવી રીતે જાણી શકું? તું જો વધુ બોલે તો હું ઓછું બોલું.’ પોલીએનાએ પરખાવ્યું.

જિમી આછું હસ્યો. બોલતી વખતે તેનો ચહેરો વધુ પ્રસન્ન લાગ્યો.

‘જો સાંભળ, મારું નામ જિમી બીન છે અને હું દસ વર્ષનો છું. હું ગયે વર્ષે અહીં અનાથ આશ્રમમાં રહેવા આવ્યો. ત્યાં એટલા બધા છોકરા છે કે મારે માટે તો જાણે ત્યાં જગ્યા જ નથી! મને નથી લાગતું ત્યાં કોઈને હું ગમતો હોઉં. એટલે હું ત્યાંથી નીકળી ગયો. હવે કયાંક બીજે રહેવા જઈશ. જો કે હજુ સુધી મને જગ્યા મળી નથી. બસ, મને એક ઘર મળે જયાં મેટ્રનને બદલે મમ્મી હોય! ઘર હોય ત્યાં આપણા કુટુંબીજનો હોય. મારા પપ્પા ગુજરી ગયા પછી મારે માટે કોઈ ઘર રહ્યું નહીં એટલે હવે ઘર શોધું છું. મેં ત્રણ-ચાર ઘરમાં રહેવા માટે પ્રયત્ન કર્યા પણ કોઈ મને રાખવા તૈયાર ન થયું. મેં તેમને કહ્યું કે હું ઘરનું કામ કરીશ, છતાં પણ ન રાખ્યો. આટલી મારી વાત છે. બસ વધુ જાણવું છે?’

છેલ્લાં બે વાક્ય બોલતાં જિમીનો અવાજ તરડાયો.

‘અરર... કેવું ખરાબ.. પોલીએના સહાનુભૂતિથી બોલી. ‘ત્યાં તને કોઈ રાખવા નહોતું માગતું? હું સમજું છું તને કેવું થતું હશે તે, કારણકે મારા પપ્પા ગુજરી ગયા પછી મને પણ મહિલા સહાયક મંડળ સિવાય કોઈ રાખવા નહોતું માગતું. પછી પોલી આન્ટીએ કહ્યું કે તે મને રાખશે..’ પોલીએના અચાનક બોલતાં અટકી ગઈ. તેના મનમાં એક સરસ વિચાર આવ્યો હતો જે તેના ચહેરા પર છવાવા લાગ્યો.

‘મને ખબર છે તારા માટે યોગ્ય જગ્યા કઈ છે. પોલી આન્ટી તને રાખશે. તેણે મને પણ રાખી અને પછી ફલફી બિલાડી અને બફી ગલૂડિયાને પણ રાખ્યાં. તેમને પણ કોઈ સાચવનાર ન હતું. ચાલ, પોલી આન્ટી તને પણ ઘરમાં રાખશે. તને ખબર નથી તે કેટલાં સારાં અને માયાળું છે.’

જિમીનો ચહેરો ખીલ્યો. ‘સાચે જ તે મને રાખશે? હું ઘરકામ કરીશ હોં! હું સાચે જ તાકાતવાળો છું.’ કહીને એણે પોતાના નાનાં, પાતળાં બાવડાં બતાવ્યાં.

‘અલબત્ત તેઓ તને રાખશે. મારા પોલી આન્ટી આખી દુનિયામાં સારામાં સારા અને સૌથી ભલી વ્યક્તિ છે. હા, મારી મમ્મી પણ એવી જ હતી પણ તે ભગવાન પાસે ગઈ છે. વળી ઘરમાં ઘણાબધા રૂમ છે.’ પોલીએના ઊભી થઈ ગઈ અને જિમીને પકડીને ઊભો કરતાં બોલી, ‘બહુ મોટું ઘર છે પોલી આન્ટીનું. કદાચ તારે માળિયાના રૂમમાં રહેવું પડશે હોં. હું પણ પહેલાં ત્યાં રહેતી હતી. પરંતુ હવે ત્યાં બારીની જાળીઓ આવી ગઈ છે એટલે બહુ ગરમી નહીં થાય અને માખીઓ નહીં આવે. તને ખબર છે

માખીઓના પગમાં ગંદકી હોય છે? જો તું સારી રીતે રહીશ તો આન્ટી તને માખીઓ વિશે ચોપડી વાંચવા આપશે.' વચ્ચે જિમીના ચહેરાને ધ્યાનથી જોઈને પોલીએનાએ બોલવાનું ચાલુ રાખ્યું.

'અરે, તારા મોઢા પર પણ કાળા ડાઘ છે. સારું છે કે માળિયાની રૂમમાં અરીસો નથી. વળી બારીમાંથી એટલું સરસ દૃશ્ય દેખાય છે કે ભીંત પર ચિત્ર નથી તેની ખોટ નહીં સાલે.' આટલું બોલતાં પોલીએના હાંફી ગઈ.

જિમી બધી વાત સમજ્યો નહીં પણ આનંદનો ચિત્કાર કરી ઊઠ્યો. પછી બોલ્યો, 'તારી જેમ કોઈ આટલો લાંબો સમય બોલી શકે તેને તો સમય કેમ વિતાવવો તેનો પ્રશ્ન જ ન થાય!'

પોલીએના હસીને બોલી, 'તેમાં તારે રાજી થવા જેવું છે કારણકે હું બોલતી હોઉં ત્યારે તારે બોલવાની જરૂર નથી પડતી!'

❇

ઘરે પહોંચ્યા પછી પોલીએના જિમીને ઘરના રૂમોમાંથી દોરતી પોલી આન્ટી પાસે લઈ આવી. ' ઓ પોલી આન્ટી, અહીં જુઓ! હું ફલફી અને બફફી કરતાં પણ સારી વસ્તુ લઈ આવી છું જેને તમે ઉછેરી શકશો. આ તો જીવતો જાગતો છોકરો છે. એને પેલા માળિયાના રૂમમાં રહેવામાં વાંધો નથી અને તે કહે છે કે તે ઘરકામ પણ કરશે. જો કે મારે તેની વધારે જરૂર પડશે, રમવા માટે.'

પોલી મેડમ ગુસ્સાથી રાતાં-પીળાં થઈ ગયા. તેમને આખી વાત ન સમજાઈ પણ જરૂર પૂરતી સમજાઈ ગયેલી.

'પોલીએના, આનો શું અર્થ. આ ગંદો ટેણિયો કોણ છે? તને એ ક્યાં મળ્યો?' પોલી મેડમે ઊંચા અવાજે પૂછ્યું.

એ 'ગંદો ટેણિયો' બે કદમ પાછળ હઠી ગયો. તેણે બારણા તરફ જોયું. પોલીએના હજુ આનંદથી હસતી હતી.

'અરે હા, હું તમને એનું નામ જણાવતાં તો ભૂલીજ ગઈ! હું ય ઘેલી છું ને. એ ગંદો છે. બસ, જેવા ફલફી અને બફફી હતા! જ્યારે તમે તેમને ઘરમાં આશરો આપેલો. પણ એકવાર તે હાથ-પગ-મોઢું ધોઈ લેશે એટલે ચોખ્ખો દેખાશે. ફલફી બફફી પણ આવ્યાં ત્યારે કેટલાં ગોબરાં હતાં, નહીં? જો પાછી હું ભૂલી ગઈ.. આનું નામ જિમી બીન છે'

'તે અહીં કેમ આવ્યો છે?' પોલી મેડમ ગુસ્સો કાબૂમાં રાખીને બોલ્યાં.

'પોલી આન્ટી, મેં તમને હમણાં જ કહ્યુંને?' પોલીએના આશ્ચર્ય દેખાડતી બોલી. 'હું એને અહીં તમારી સાથે રહેવા લાવી છું. એને ઘરની, કુટુંબની જરૂર છે. મેં તેને કહ્યું કે તમે કેટલાં માયાળુ છો. તમે મને પ્રેમથી રાખી છે, ફલફી બફફીને રાખ્યાં છે અને મને ખાતરી હતી કે તમે એના પ્રત્યે

પણ એવી જ માયા, પ્રેમ દેખાડશો. એ કૂતરા- બિલાડા કરતાં તો સારો છે જ ને!'

પોલી મેડમ ગળા પર હાથ રાખી ખુરશી પર બેસી પડ્યાં. ફરી એકવાર લાચારીની ભાવના તેમને ઘેરી વળેલી. અચાનક ટટ્ટાર થઈને બોલ્યાં. 'પોલીએના, હવે હદ થાય છે. લાવારિસ કૂતરાં-બિલાડાં શું ઓછાં હતાં કે આવા લઘરવઘર ભિખારીને તું રસ્તા પરથી ઘરમાં લઈ આવે છે…'

જિમીની આંખો ચમકી. તે પોલી મેડમની પાસે આવીને નિર્ભય થઈ બોલ્યો, 'હું ભિખારી નથી મેડમ! મારે તમારી પાસેથી કાંઈ જોઈતું નથી. હું રહેવા-ખાવાના બદલામાં ઘરનું કામ કરવા તૈયાર છું. આ નાની છોકરી અહીં ન ખેંચી લાવી હોત, અને એણે એમ ન કહ્યું હોત કે તમે બહુ સારા અને માયાળુ છો અને મને પણ રાખવા રાજી હશો, તો હું અહીં ક્યારેય ન આવત.' આટલું કહીને જિમી ગૌરવપૂર્વક રૂમની બહાર નીકળી ગયો.

પોલીએના રડવું દબાવીને બોલી, 'અરે પોલી આન્ટી, મને એમ હતું કે તમે જિમીને અહીં રાખવા રાજી થશો.'

પોલી મેડમે પોતાનો હાથ ઊંચો કરીને પોલીએનાને મૂંગા રહેવા જણાવ્યું.

તેમનું મગજ ચકરાવો લઈ રહ્યું હતું. નાનો છોકરો બોલેલો કે, 'તમે બહુ માયાળુ અને પ્રેમાળ છો.' આ શબ્દો હજુ તેમને સંભળાતા હતા. લાગતું હતું કે આ વખતે પણ લાચારી તેમનો કબજો લઈ લેશે પરંતુ તેમણે દૃઢ નિર્ણય લઈ લીધો…

પોલી મેડમ તાડૂક્યાં 'પોલીએના, તું આ 'રાજી' શબ્દ બોલવો બંધ કરીશ? આખો દિવસ આ 'રાજી, રાજી' શબ્દ સાંભળીને હું થાકી ગઈ છું. કયાંક પાગલ ન થઈ જાઉં!'

પોલીએનાના આશ્ચર્યનો પાર ન હતો. તેનું મોઢું પડી ગયું. તે ધીમેથી બોલી, 'પોલી આન્ટી, મને એમ કે હું ખુશ થાઉં તેમાં તમે રાજી. ઓહ!' તેણે મોઢા પર હાથ મૂકી દીધો અને રૂમની બહાર દોડી ગઈ.

જિમી દરવાજા પર પહોંચે તે પહેલાં પોલીએના તેની સાથે થઈ ગઈ અને તેનો હાથ પકડીને બોલી, 'જિમી, જિમી… હું બહુ દિલગીર છું.'

જિમી રિસાયેલા અવાજે બોલ્યો, 'એમાં તું શું કામ દિલગીર થાય છે? તારો કાંઈ વાંક નથી, પણ હું ભિખારી નથી હોં!'

'અલબત્ત તું ભિખારી નથી પરંતુ આમા પોલી આન્ટીનો પણ વાંક નથી. કદાચ મેં તારી ઓળખાણ બરાબર રીતે ન આપી. વધુ વિગતે વાત ન કરી. જે થયું તે. આન્ટી સારા અને માયાળુ છે, સાચે જ. મેં તેમને બરાબર

સમજાવ્યાં નહીં. મને થાય છે તારે માટે કોઈ ઘર શોધી શકું તો સારું.' પોલીએનાએ ચોખવટ કરતાં કહ્યું.

જિમીએ ડોકુ ધુણાવીને કહ્યું, 'તેની ફિકર નથી. હું મારી મેળે શોધી લઈશ. હું કાંઈ ભિખારી નથી.'

પોલીએના વિચારમાં હતી. અચાનક તેના ચહેરો ખીલી ઊઠ્યો. 'અરે હા! પોલી આન્ટી બોલતાં હતાં કે આજે મહિલા સહાયક મંડળની મિટિંગ થવાની છે. હું તેમને તારા વિશે વાત કરીશ. પપ્પા જ્યારે પણ પછાત લોકોને મદદ કરવા માગતા ત્યારે મહિલા સહાયક મંડળ સાથે વાત કરતા.'

જિમીએ તોરમાં પૂછ્યું, 'હું કાંઈ પછાત નથી. આ વળી મહિલા સહાયક મંડળ શું છે?'

પોલીએના અચરજ સાથે બોલી, 'અરે! તને મહિલા સહાયક મંડળ વિશે ખબર નથી? તું ક્યાં રહે છે?'

'તારે ન કહેવું હોય તો કાંઈ નહીં.' છણકો કરી જિમી દરવાજા તરફ ચાલ્યો.

પોલીએના દોડીને એની સાથે થઈ ગઈ. 'એ મંડળ એટલે ઘણી બધી મહિલાઓ ભેગી થઈને સિવણકામ કરે, પૈસા ભેગા કરે, ગરીબોને જમાડે અને વાતો કરે. તે લોકો બહુ સારા લોકો છે. અહીંયાં કેવા છે તે મને ખબર નથી પણ હું જ્યાં રહેતી હતી ત્યાં બહુ સારા હતા. તેમને હું તારા વિશે વાત કરીશ.'

જિમી ફરીવાર અકળાઈને બોલ્યો, 'ના! તું કોઈને વાત નહીં કરતી. તને એમ લાગે છે હું એ બધી મહિલાઓ મને ભિખારી કહે તે સાંભળી લઈશ? એકે કહ્યું તે બસ નથી?'

'પણ તું ત્યાં નહીં હો. હું એકલી જઈશ અને કહીશ.' પોલીએના બોલી.

'સાચે જ?'

'હા, અને આ વખતે હું તેમને સારી રીતે સમજાવીશ.' પોલીએના ઉતાવળથી બોલતી હતી. 'મને ખાતરી છે કે ત્યાં એવા સભ્યો હશે જે તને તેમના ઘરે રાખવામાં રાજી હશે.'

'હું ઘરકામ કરવા તૈયાર છું એમ ભૂલ્યા વગર કહેજે.' જિમીએ યાદ કરાવ્યું

'અવશ્ય! શું થાય છે તે તને આવતીકાલે જણાવીશ.' પોલીએનાએ કહ્યું.

'કયાં મળીશું?' જિમીએ પૂછ્યું

'આજે જ્યાં મળ્યાં હતાં ત્યાં. મેડમ સ્નોના ઘર પાસે.'

'ભલે, હું ત્યાં આવીશ.' જિમી થોડું અટકીને બોલ્યો. 'હું પાછો અનાથ આશ્રમમાં જાઉં છું. બીજે ક્યાંય જઈ શકું તેમ નથી. હું કહ્યા વિના જ નીકળી ગયેલો. એમ નથી કહ્યું કે પાછો નહીં આવું. જો કે મને નહીં જુએ તો પણ કોઈ મારી ચિંતા કરે તેમ મને લાગતું નથી. એ લોકો કાંઈ કુટુંબીજન જેવા નથી. જરાય દરકાર નથી કરતા.'

'મને ખબર છે.' પોલીએના સમજણપૂર્વક બોલી. 'મને ખાતરી છે કે કાલે તને મળીશ ત્યારે તારા માટે સરસ ઘર અને સંભાળ રાખે તેવા લોકો તૈયાર હશે. આવજે!'

આટલું કહી પોલીએના ઘર તરફ ગઈ.

બેઠકરૂમની બારીમાંથી પોલી મેડમ આ બાળકોને જોઈ રહ્યાં હતાં. જિમી દરવાજાની બહાર ગયો ત્યાં સુધી તેને જોતાં રહ્યાં. એક આછો નિસાસો નાખીને હતાશ થઈ દાદરા ચડવા લાગ્યાં. સામાન્ય રીતે તે હતાશ નહોતાં થતાં. તેમના કાનમાં હજુ જિમીનો અવાજ ગુંજતો હતો. 'તમે સારા અને માયાળુ છો.' આજે તે ન સમજાય તેવો ખાલીપો અનુભવતાં હતાં.

મહિલા સહાયક મંડળ પાસે

મહિલા મંડળની મિટિંગ જે દિવસે હતી તે દિવસે પોલી મેડમના ઘરે બપોરના જમતી વખતે બહુ વાતો નહોતી થતી. બેશક, પોલીએના વાતો કરવા પ્રયત્નશીલ હતી પણ બહુ સફળ ન થઈ. આનું મુખ્ય કારણ એ હતું કે ચાર વખત એ 'રાજી' થવાની વાત કરવા ગઈ અને દરેક વખતે પોલી મેડમે તેને અધવચ્ચે ટોકી. પોલીએના શરમાઈ ગઈ પણ રાજી થવાની વાત કરતાં અટકી નહીં.

પાંચમી વખત આ વાતનો ઉલ્લેખ થયો ત્યારે પોલી મેડમ કંટાળીને બોલ્યાં, 'સારું, પોલીએના. રાજી થવાની વાત ચાલુ રાખ. હું તને વારંવાર ટોક્યા કરું છતાં તું અટકવાની ન હો તો પછી હું ન બોલું એ જ બરાબર છે.'

પોલીએનાના ચહેરા પર સ્મિત આવ્યું. 'આન્ટી, મારા માટે રાજી થવાની વાતનો ઉલ્લેખ ન કરવો તે અઘરું છે. હું આ ઘણા વખતથી રમતી આવી છું એટલે.'

'તેં ઘણા વખતથી શું કર્યું છે?' પોલી મેડમે પૂછ્યું.

'આ રાજી થવાની રમત રમી હું. તમને ખબર છે કે પપ્પા...' પોલીએના અટકી ગઈ. એણે જે વાત નહોતી કરવાની તે મોઢામાંથી નીકળી ગઈ એટલે.

પોલી આન્ટીની ભમર ખેંચાઈ પણ તે કાંઈ બોલ્યાં નહીં. ત્યારબાદ ભોજન દરમ્યાન વાતચીત ન થઈ.

થોડા વખત બાદ પોલીએનાએ તેનાં આન્ટીને પાદરીનાં પત્ની સાથે વાત કરતાં સાંભળ્યાં ત્યારે તેને ખબર પડી કે આન્ટીનું માથું દુખતું હતું એટલે તે આ મિટિંગમાં નહોતાં આવવાનાં. જ્યારે પોલી આન્ટી તેમના રૂમમાં ગયાં ત્યારે પોલીએનાએ તેમના માથાના દર્દ માટે દિલગીર થવાનો પ્રયત્ન કર્યો. પરંતુ એ રાજી હતી કે એ જ્યારે જિમી બીનની વાત મહિલા સહાયક મંડળને કરશે ત્યારે પોલી આન્ટી હાજર નહીં હોય. તેને યાદ હતું કે પોલી આન્ટીએ જિમને 'નાનો ભિખારી' કહેલો અને પોલીએના નહોતી ઇચ્છતી કે આન્ટી જીમની ઓળખાણ મહિલા સહાયક મંડળને આ રીતે કરાવે.

પોલીએનાને ખબર હતી કે મહિલા સહાયક મંડળની મિટિંગ ચર્ચ પાસેના મકાનમાં બપોરે બે વાગે મળવાની હતી. આ મકાન ઘરથી અડધો માઈલ દૂર હતું. માટે પોલીએનાએ ત્યાં ત્રણ વાગ્યા પહેલાં પહોંચવાનું નક્કી કર્યું.

'મારી ઇચ્છા છે કે તે બધા ત્યાં હોય.' પોલીએના વિચારતી હતી. 'નહીં તો એવું બને કે જે જિમીને પોતાના ઘરમાં રાખવા માગતા હોય તે જ ગેરહાજર હોય. આમ પણ બે વાગ્યાનું કહીને મહિલા સહાયક મંડળના બધા ત્રણ વાગે જ પહોંચતા હોય છે.'

શાંતિથી પણ પૂરા આત્મવિશ્વાસ સાથે પોલીએનાએ મકાનનાં પગથિયાં ચડી બારણું ખોલ્યું અને લૉબીમાં દાખલ થઈ. મુખ્ય રૂમમાંથી વાતચીતના અને હસવાના અવાજ સંભળાતા હતા. થોડું અચકાઈને પોલીએનાએ એક બારણું ખોલ્યું.

રૂમમાં સોપો પડી ગયો. પોલીએના થોડી અચકાઈને આગળ વધી. હવે જ્યારે કહેવાનો સમય આવેલો ત્યારે તે શરમાતી હતી. ગમે તેમ પણ આ તેનું જાણીતું મહિલા સહાયક મંડળ નહોતું.

'તમે બધાં કેમ છો, મહિલા સહાયકો?' તે જરા અચકાઈને આગળ બોલી.

'મારું નામ પોલીએના વ્હિટ્રિઅર છે. કદાચ તમારામાંથી થોડા મને ઓળખે છે. હું તમારા જેવા મહિલા સહાયકોને ઓળખું છું. હા, તમને બધાંને આ રીતે પહેલી વાર મળી રહી છું.'

રૂમમાંનું મૌન હવે વધુ ઘેરું થતું જતું હતું. અમુક મહિલાઓ આ 'વિચિત્ર અને જબરી' છોકરીને તેના માશીને કારણે ઓળખતા હતા. લગભગ દરેક સ્ત્રીએ તેનો વિશે સાંભળેલું જરૂર. પરંતુ અત્યારે કોઈ નક્કી ન કરી શક્યું કે પોલીએનાને શું કહેવું.

'હું તમારી પાસે એક રજૂઆત કરવા આવી છું.' પોલીએના અચકાતી બોલી. અજાણતાં પણ તે એના પપ્પાની ભાષા બોલતી હોય તેવું તેને લાગ્યું.

'તને તારી આન્ટીએ મોકલી છે બેટા?' મેડમ ફોર્ડ, જે પાદરીના પત્ની હતાં, તેમણે પૂછ્યું.

પોલીએના સંકોચ અનુભવતાં બોલી, 'ના, હું જાતે જ આવી છું. મને મહિલા સહાયક મંડળનો અનુભવ છે. મારો ઉછેર મારા પપ્પાએ અને સહાયક મંડળે કર્યો છે.'

કોઈ ધીમા અવાજે હસ્યું. મેડમ ફોર્ડે પૂછ્યું, 'તારે શું રજૂઆત કરવાની છે?'

'જિમી બીન માટે કહેવાનું છે. તે અનાથઆશ્રમ સિવાય ક્યાંય રહ્યો નથી. એ બધા આશ્રમ ભરેલા છે. જિમીને લાગે છે કોઈ એને રાખવા કોઈ તૈયાર નથી માટે તેને નવા ઘરમાં જવું છે, જ્યાં મેટ્રનને બદલે મમ્મી હોય,

સંભાળ રાખે તેવા કુટુંબીજનો હોય. તે દસ વર્ષનો છે. મેં વિચાર્યું કે કદાચ તમારામાંથી કોઈ તેને પોતાના ઘરમાં રાખવાનું પસંદ કરે.'

'અચ્છા, તેં એમ વિચાર્યું?' છવાયેલ શાંતિનો ભંગ કરતો એક ધીમો અવાજ આવ્યો. પોલીએના દરેકના ચહેરા પર આશાભરી આંખે જોતી હતી.

'અરે, હું કહેતાં ભૂલી ગઈ. તે ઘરકામ પણ કરશે.' પોલીએનાએ જણાવ્યું.

થોડો વખત શાંતિ છવાઈ રહી પછી એક-બે મહિલાઓ સવાલ પુછવા લાગી. થોડા સમય પછી બધાં આખી વાતથી વાકેફ હતાં. તે બધાએ અંદરઅંદર વાતો શરૂ કરી. લાગતું હતું કે ઉગ્ર ચર્ચા થઈ રહી છે.

પોલીએના વધતી ચિંતા સાથે બધું સાંભળતી હતી. અમુક વાતો તેને સમજાતી નહોતી. થોડા વખત પછી તેને એટલું સમજાયું કે કોઈપણ મહિલા જિમીને પોતાના ઘરમાં રાખવા તૈયાર નહોતી. જો કે બધાં એમ જરૂર વિચારતાં હતાં કે કોઈ બીજું જિમીને ઘરમાં રાખી શકે, ખાસ કરીને તેવા સભ્યો જેમને ઘરે નાનાં છોકરાં ન હોય. ત્યારબાદ પાદરીના પત્નીએ સૂચવ્યું કે તે બધા એક મંડળ તરીકે દૂર ભારતમાં રહેતા ગરીબ બાળકો માટે પૈસા મોકલવાને બદલે જિમીનો રહેવાનો-ભાડાનો ખર્ચ ઉપાડી લે.

મહિલાઓ અંદરોઅંદર વાતો કરવા લાગી.

હવે અવાજ અને મિજાજ પહેલાંની વાતો કરતાં વધુ દેખાતો હતો. એવું લાગ્યું કે તેમનો સંપ્રદાય ભારતમાં ચાલતા સત્કાર્યોને સહાય આપવા માટે જાણીતો હતો. ઘણાનો મત એવો હતો કે ભારતમાં ઓછા પૈસા મોકલવાથી ત્યાંના ગરીબ લોકો ભૂખે મરશે. પોલીએના આ વાતોમાંનુ ઘણુંખરું સમજતી ન હતી. તેને એમ લાગ્યું કે સોસાયટીના સભ્યોને તેમણે સહાય રૂપે આપેલા પૈસા કઈ રીતે વપરાય છે તેમાં રસ જ નહોતો. બસ, યાદીમાં તેમનું નામ અને તેમણે આપેલ દાનની રકમ નોંધાય એટલે બસ!.

આ બધું ગૂંચવાડાભર્યું હતું. બહુ આનંદ આપે તેવું ન હતું. આથી પોલીએના જ્યારે રૂમની બહાર નીકળી તાજી હવામાં આવી ત્યારે રાજી થઈ. જો કે તેને દુ:ખ હતું કે તેણે જિમીને કહેવું પડશે કે તેને માટે ઘરની કોઈ સગવડ થઈ નથી. તે એને જણાવશે કે મહિલા સહાયક મંડળવાળા દૂર રહેલા ભારત દેશના પછાત બાળકોને મદદ કરવા તૈયાર છે, પરંતુ પોતાના ગામનાં છોકરાને મદદ કરવા તૈયાર નથી. તેમને તેમાં 'ક્રેડીટ' ન મળે એટલે સ્તો! આ વાત ચશમાં પહેરનારાં ઊંચા મેડમે કહેલી.

'હું માનું છું કે પછાત લોકો માટે પૈસા મોકલવા સારી વાત છે.' પોલીએના આછો નિસાસો નાખીને સ્વગત બોલી. 'મારી એવી ઇચ્છા નથી કે તે લોકો પછાત દેશ માટે થોડાક પણ પૈસા ન મોકલે. તે લોકો તો એમ

વર્તે છે કે અહીંના છોકરા સાવ નકામા છે. હું માનું છું કે રિપોર્ટ વિસ્તાર પામે તેના કરતાં જિમી વિકાસ કરે તે વધુ મહત્ત્વનું છે.'

પેન્ડલટન વનમાં

મહિલા સહાયક મંડળની મિટિંગમાંથી નીકળ્યા બાદ પોલીએના ઘર તરફ ન ગઈ. આજે તેનો ‘રજા’નો દિવસ હતો કારણકે સિવણ અને રસોઈના ક્લાસ ન હતા. તે પેન્ડલટન ટેકરી તરફ ચાલી. ત્યાં છવાયેલાં લીલાંછમ વૃક્ષો વચ્ચે ચાલવાનો આનંદ અનોખો હતો. તડકો લાગતો હતો પણ પોલીએનાએ દરકાર કર્યા વિના ટેકરી ચડવાનું ચાલું રાખ્યું. તે વિચારતી હતી, ‘મારે સાડા પાંચ વાગ્યા પહેલાં ઘરે નથી પહોંચવાનું. વનરાજીમાં ચાલીને જવાની મજા પડશે, ભલે ટેકરી ચડવી પડે.’

પેન્ડલટનની લીલીછમ વનરાજી હંમેશ માફક સુંદર દેખાતી હતી. પોલીએના જિમીના રહેઠાણના પ્રશ્ને નિરાશ થયેલી પણ આ સૌંદર્ય જોઈને તેનું મન પ્રફુલ્લિત થઈ ગયું. સ્વગત બોલી, ‘એ બધી મહિલાઓ, જે મોટી વાતો કરતી હતી, તે અહીં હોય તો કેટલું સારું.’ લીલાંછમ વૃક્ષો વચ્ચે ભૂરા આકાશના ટુકડા નીરખતી પોલીએના બોલી, ‘તે બધાં અહીં આવે તો જિમીને પોતાના ઘરમાં રાખવા સંમત થઈ જાય.’ તેને આ બાબતમાં સંપૂર્ણ વિશ્વાસ હતો પણ તેને માટે તેની પાસે કોઈ કારણ ન હતું.

અચાનક તેને દૂરથી કૂતરાના ભસવાનો અવાજ સંભળાયો. થોડીવારમાં એક કૂતરો તેની પાસે આવ્યો, તેનું ભસવાનું ચાલુ હતું. પોલીએનાએ ચપટી વગાડીને કૂતરાને બોલાવ્યો અને એ જ્યાંથી આવેલો તે રસ્તા પર નજર નાખી. તેણે આ કૂતરાને એક વખત પેલા ‘સજ્જન’ જ્હોન પેન્ડલટન સાથે જોયેલો. તેણે માન્યું કે જ્હોન સાહેબ હમણાં દેખાશે પણ થોડો સમય વીત્યો છતાં તે દેખાયા નહીં. પોલીએનાએ કૂતરા તરફ જોયું. તે કાંઈક વિચિત્ર રીતે વર્તતો હતો. તે હજુ ભસતો હતો પણ કાંઈક ચેતવણી દેતો હોય તે રીતે. એ જે રસ્તે આવેલો તે તરફ દોડીને પાછો આવતો હતો. પોલીએના તેની પાછળ ગઈ. એક નાનો રસ્તે દેખાયો જ્યાં કૂતરો ઝડપથી દોડીને ગયો. ફરી આવ્યો અને ભસ્યો.

‘અરે! આ મારા ઘરનો રસ્તો નથી.’ પોલીએના હસી અને મુખ્ય રસ્તે ચાલી. કૂતરો હવે જોરથી ભસવા લાગ્યો અને ઝડપથી મુખ્ય રસ્તા અને નાના રસ્તા વચ્ચે દોડવા લાગ્યો. તેની આંખમાં એવો ભાવ હતો કે પોલીએના તેની પાછળ નાના રસ્તા પર ગઈ.

કૂતરો હવે એકદમ ઝડપથી આગળ દોડ્યો. થોડીવારે પોલીએનાને કૂતરાના આવા વર્તનનું કારણ સમજાયું. એક માણસ રસ્તા વચ્ચે, મોટા પથ્થર પાસે પડેલો. પોલીએનાનો પગરવ સાંભળી તેણે માથું ઊંચું કર્યું. પોલીએના દોડી અને ચિંતિત સ્વરે બોલી ઊઠી, ‘અરે! મિસ્ટર પેન્ડલટન! તમને બહુ વાગ્યું છે?

‘વાગ્યું છે? ના રે ના. હું તો અહીં તડકામાં થોડો આરામ કરું છું!’ જ્હોન પેન્ડલટન ચિડાઈને બોલ્યા. ‘તને શું ભાન પડે? તું શું કરી શકીશ? તને કાંઈ આવડે છે?’

પોલીએના જરા અચકાઈ પણ આદત મુજબ એણે દરેક પ્રશ્નના જવાબ આપ્યા, ‘મને બહુ કાંઈ આવડતું નથી. હું કાંઈ કરી નથી શકતી. હા, મહિલા સહાયક મંડળના સભ્યો એમ માનતા કે મારામાં સારી સમજણ છે. એક મેડમ રોવસન સિવાય.’

‘બસ, બસ, હું માફી માગું છું. આ મારો પગ... હવે સાંભળ.’ તે અટક્યા અને થોડી તકલીફ પછી તેમણે પેન્ટના ખિસ્સામાંથી ચાવીનો ઝૂમખો કાઢ્યો. તેમાંથી એક ચાવી આપતાં પોલીએનાને કહ્યું, ‘આ રસ્તે પાંચ મિનિટ ચાલીશ તો મારું ઘર આવશે. આ ચાવીથી પોર્ચ પાસેનું બારણું ખુલશે. તને ખબર છે પોર્ચ એટલે શું?’

પોલીએના બોલી, ‘હા, આન્ટીના ઘરે છે. તેના છાપરા પર હું સૂઈ ગયેલી. જોકે લાંબો સમય નહીં.’

‘ઠીક, ઠીક... તું મારા ઘરમાં જાય પછી લૉબીમાં અને હૉલમાં થઈને છેલ્લા બારણે જજે. તે રૂમમાં મોટા ટેબલ પર ટેલિફોન છે. તને ટેલિફોન કરતાં આવડે છે?’

‘અલબત્ત મને આવડે છે! એકવાર પોલી આન્ટી.’ પોલીએના બોલી.

‘અત્યારે પોલી આન્ટીની વાત જવા દે.’ મિસ્ટર જ્હોન છણકો કરીને બોલ્યા. ‘ટેબલ પર અથવા તેની આજુબાજુ એક કાર્ડ હશે. તને ખબર છે ટેલિફોન કાર્ડ કેવું હોય?’

‘હા, પોલી આન્ટી પાસે બહુ સરસ કાર્ડ છે. તેમાં એવાં વિચિત્ર નામો છે કે...’

‘તે કાર્ડમાંથી ડૉ. થોમસ શિલ્ટનનો નંબર શોધી તેમને ફોન કરીને જણાવજે કે જ્હોન પેન્ડલટનનો પગ ભાંગ્યો છે અને તે પેન્ડલટન વૂડની ટેકરીઓ છે ત્યાં પડ્યા છે. કહેજે કે તે સ્ટ્રેચર અને બે માણસોને લઈને જલ્દીથી આવે. મારા ઘર પાસેના રસ્તે આવે તેમ જણાવજે.’

‘પગ ભાંગ્યો છે? કેટલું ખરાબ... જો કે હું ખુશ છું કે હું અહીં આવી. હું કાંઈ ન કરી શકું?’ પોલીએના બોલી.

‘જરૂર તું કરી શકે. બોલવાનું બંધ કર અને મેં જણાવ્યું તે પ્રમાણે કર.’ દર્દથી કણસતા મિસ્ટર જ્હોન બોલ્યા.

પોલીએના ઝડપથી મિસ્ટર જ્હોનના ઘર તરફ ચાલી. તેનું ધ્યાન હવે આકાશ કે વનરાજીમાં નહોતું. તે પથ્થર અથવા ડાળીની ઠોકર ન ખાય એમ સાચવી સાચવીને ચાલી.

થોડા વખતમાં ઘર પાસે પહોંચી. તેણે આ ઘરને દૂરથી જોયેલું. મસમોટા પથ્થર, વિશાળ દરવાજા અને વરંડા વાળું ઘર બીક લાગે તેવું હતું. તે પોર્ચ પાસેના બારણે પહોંચી ગઈ અને હાથમાં પકડેલી ચાવીથી તાળું ખોલ્યું. થોડી મુશ્કેલી પછી વજનદાર બારણું ખૂલ્યું.

પોલીએના ઉંબરા પર અટકી ગઈ! ઉતાવળ હતી છતાં મોટા હૉલને જોઈ રહી. આ મિસ્ટર જ્હોનનું ઘર હતું. આમાં કાંઈ ભેદ હતો. આ ઘરમાં માલિક સિવાય બીજું કોઈ આવતું નહીં. આમ છતાં તેણે આ ઘરમાં જઈને ડૉક્ટરને ફોન કરવાનો હતો.

પોલીએના આજુબાજુ જોયા વિના હૉલમાંથી દોડીને છેડે આવેલા બારણા પાસે ગઈ અને તેને ખોલ્યું. અંદરનો રૂમ વિશાળ હતો. બારીમાંથી સૂરજનો પ્રકાશ આવતો હતો જે ભઠ્ઠીમાંના તાંબાને અને ટેબલ પરના ટેલિફોનને ચમકાવતો હતો. પોલીએના દોડીને ટેબલ પાસે ગઈ.

ટેલિફોન કાર્ડ ફર્શ પર પડેલું. પોલીએનાએ ડૉ. શિલ્ટનનો નંબર શોધી તેમને ફોન કરી વિગત જણાવી. ડૉક્ટરના પ્રશ્નોના જવાબ આપ્યા અને ફોનનું રિસીવર પાછું મૂકી નિરાંતનો શ્વાસ લીધો.

પોલીએનાએ રાતા પડદા, પુસ્તકોથી ભરપૂર ખાનાં, ઘણી વસ્તુઓ જેની પર વિખરાયેલી તેવી ફર્શ, ઘણા બધા બંધ બારણાં (જેની પાછળ પેલું હાડપિંજર છુપાયેલું હોય) અને બધી વસ્તુઓ પર છવાયેલી ધૂળ પર પળવાર નજર કરી અને હૉલમાંથી દોડીને મોટા બારણા પાસે પહોંચી ગઈ.

મિસ્ટર જહૉનને નવાઈ લાગી કે પોલીએના એમની પાસે ઝડપથી પાછી આવી ગઈ.

‘શું થયું? તું ઘરની અંદર ન જઈ શકી?’ તેમણે પૂછ્યું.

પોલીએનાએ આંખો પહોળી કરતાં કહ્યું, ‘જઈ આવીને! હું અહીં છું ને. જો ન જઈ શકી હોત તો અહીં આવત? ડૉક્ટર સાહેબ અહીં બને તેટલા જલ્દી પહોંચશે. તેમને ખબર છે કે તમે ક્યાં છો એટલે તેમને રસ્તો બતાવવા હું ન રોકાઈ. મારે તમારી પાસે રહેવું હતું.’

‘અચ્છા... તારે મારી પાસે રહેવું હતું? તારી પસંદગી બહુ સારી નથી. તને મારા કરતાં વધુ સારા સાથીદાર મળી શકે.’ મિસ્ટર જ્હોન બોલ્યા.

‘તમે આટલા અતડા છો એટલા માટે?’ પોલીએનાએ પૂછ્યું.

‘તારી નિખાલસતા ગમે તેવી છે.’ મિસ્ટર જ્હોને કબૂલ કર્યું.

પોલીએના ધીમેથી હસી. ‘પણ તમે બહારથી જ અતડા છો, અંદરથી નહીં.’

'અચ્છા? તને કેવી રીતે ખબર પડી?' જ્હોને પોતાનું શરીર હલાવ્યા વિના માથું ફેરવવા પ્રયત્ન કર્યો.

'ઘણી વાત પરથી જોઈ શકાય છે. દાખલા તરીકે તમે જે રીતે તમારા કૂતરાને સાચવો છો' જ્હોનનો હાથ કૂતરાના માથા પર હતો તે દેખાડતાં પોલીએના બોલી, 'માણસની અંદર શું છે તે કૂતરા અને બિલાડી તરત પારખી જાય છે હોં! માણસોને આ પારખતા વાર લાગે છે. ઊભા રહો, હું તમારું માથું સરખું ગોઠવી દઉં.' અચાનક તે અટકી.

માથું સરખું ગોઠવાયું તે દરમ્યાન જ્હોન એક બે વાર કણસ્યા પણ અંતે કડક પથ્થરને બદલે પોલીએનાના ખોળામાં તેમનું માથું મુકાયું તે બહુ સારું લાગ્યું. 'આહ! ઘણું સારું લાગે છે!' તે ધીમેથી બોલ્યા.

તે થોડીવાર કાંઈ બોલ્યા નહીં. પોલીએનાને લાગ્યું, તે કદાચ સૂઈ ગયા હશે. તેમના હોઠ દર્દને દબાવવા માટે ભીડેલા હતા. તેમને આવા લાચાર રીતે પડેલા જોઈને પોલીએના પોતે રડવા જેવી થઈ ગઈ. તેમનો એક હાથ સ્થિર પડેલો, જ્યારે બીજો તેમના કૂતરાના માથા પર હતો. કૂતરો પણ માલિકના ચહેરા સામે નજર કરીને સ્થિર બેઠો હતો.

સમય પસાર થતો ગયો. સૂરજ પશ્ચિમમાં ઢળ્યો. પડછાયા લાંબા થયા. પોલીએના જરાપણ હલ્યા વિના બેસી રહી. એક પંખી તેની પાસે આવીને બેઠું. એક ખિસકોલી ઝાડ પરથી ઊતરીને પોલીએના પાસે આવી પૂંછડી પટપટાવી ગઈ.

ઘણો સમય વિત્યો અને અચાનક કૂતરો ઊંચા કાને ઊભો થઈને ધીમેથી ભસ્યો. પછી તેણે જોરથી ભસીને આવનારાઓનું ધ્યાન ખેંચ્યું. થોડી વારમાં માણસોના અવાજ સંભળાયા અને બીજી પળે ત્રણ જણા સ્ટ્રેચર લઈને આવતા દેખાયા.

ત્રણમાં સૌથી ઊંચા હતા તે, ડૉ. શિલ્ટન આગળ આવ્યા. પોલીએના તેમને જોયે ઓળખતી હતી. તેમણે કહ્યું. 'અહો નાની બહેન, તમે નર્સ બન્યાં છોને કાંઈ!'

'ના સાહેબ!' પોલીએનાએ હસીને કહ્યું. 'મેં તો તેમનું માથું જ સરખું રાખ્યું છે. જો કે હું રાજી છું કે હું અહીં હતી.'

'એ માટે તો હું પણ રાજી છું.' ડૉક્ટરે કહ્યું અને ઈજાગ્રસ્ત જ્હોન તરફ વળ્યા.

જેલીની વાત

જ્હોન પેન્ડલટનને અકસ્માત થયો તે દિવસે પોલીએના જમવામાં મોડી પડી પણ ઠપકો ખાવામાંથી બચી ગઈ.

નેન્સી એને બારણામાં મળી અને બોલી, 'હાશ, તમને જોઈને રાજી થઈ છું. ખબર છે સાડા છ વાગ્યા છે?'

'મને ખબર છે.' કબૂલ કરતાં પોલીએના બોલી, 'પણ એમાં મારો વાંક નથી, સાચે જ નથી. પોલી આન્ટી પણ મારો વાંક નહીં કાઢે.'

'તેમને એવી તક પણ નહીં મળે.' નેન્સી બહુ સંતુષ્ટ અવાજમાં બોલી. 'તે તો ગયાં.'

'ગયાં એટલે?' પોલીએના આઘાતથી બોલી. 'એવું તો નથી ને કે મારે કારણે તે ચાલ્યાં ગયાં?' આટલું કહેતાં તેને એ પ્રસંગો યાદ આવ્યા જ્યારે તે બિલાડી, કુરકુરિયું અને છેલ્લે જિમીને લઈ આવેલી. વળી આન્ટીને નહોતું ગમતું છતાં તે ક્યારેક પપ્પાને યાદ કરી લેતી હતી. તેણે ફરી પૂછ્યું, 'આન્ટી મારા લીધે ચાલ્યાં ગયાં?'

નેન્સી છાશિયું કરીને બોલી, 'ના રે, તમે કાંઈ નથી કર્યું. તેમના કઝીન બોસ્ટનમાં રહેતા હતા તે અચાનક ગુજરી ગયા એવો તાર આવ્યો એટલે મેડમને તાબડતોબ જવું પડ્યું. તે હવે ત્રણ દિવસ સુધી નહીં આવે. હવે મને લાગે છે કે આપણે બંને રાજી થઈશું. ઘર સાચવીશું. બસ, આખો વખત આપણે બંને સાથે હોઈશું.'

'નેન્સી, કોઈ ગુજરી ગયું એમાં રાજી થવાનું હોય?' પોલીએના આઘાત પામીને બોલી.

'મિસ પોલીએના, હું કોઈ ગુજરી ગયું એટલે રાજી નથી થઈ. હું તો રાજી થઈ છું...' અચાનક અટકીને તેણે પોલીએનાની સામે મસ્તીખોર આંખથી જોયું. 'તમે જ મને આ રમત નથી શીખવી? જેમાં દરેક બાબતમાં રાજી થવા જેવું શું છે તે શોધવાનું?'

પોલીએનાના કપાળ પર કરચલી પડી. 'હું એમ માનું છું કે અમુક બાબતો એવી હોય છે જેમાં આ રમત ન રમી શકાય. મને ખાતરી છે કે મરણ એક એવી બાબત છે. કોઈના મરણમાં કાંઈ રાજી થવા જેવું નથી હોતું.'

નેન્સી હસી. 'એમ માની ને રાજી થઈ શકાય કે આપણે જીવતા છીએ.'

પોલીએનાએ આ સાંભળ્યું હોય તેમ ન લાગ્યું. તેણે મિસ્ટર જ્હોનને થયેલા અકસ્માત વિશે વાત શરૂ કરી અને નેન્સી આ વાતમાં જાણે ખોવાઈ

ગઈ!

બીજે દિવસે બપોરે નક્કી કરેલી જગ્યાએ પોલીએના જિમીને મળી. ધાર્યા મુજબ જીમ બહુ નિરાશ થયો જ્યારે તેને ખબર પડી કે મહિલા સહાયક મંડળ દૂર ભારત દેશના અનાથ બાળકોને મદદ કરવા તૈયાર હતું પરંતુ એને પોતાને નહીં.

‘કદાચ સ્વાભાવિક છે કે જે વાતની ખબર ન હોય તે હંમેશાં જે વાતની ખબર હોય તેના કરતાં વધુ સારી લાગે. જેમ બીજાની પ્લેટમાં હોય તે બટાકો આપણી પ્લેટના બટાકા કરતા મોટો જ લાગે. મને ક્યારેક થાય કે દૂર દેશના લોકો પણ મારા જેવા માટે એવું વિચારે તો? ભારતમાં રહેનાર કોઈ જો મને મદદ કરવા તૈયાર થાય તો કેટલું સારું થાય... નહીં?

પોલીએના ખુશ થઈને તાળી પાડતાં બોલી, ‘બરાબર જિમી, સાચી વાત! હું મારા મહિલા મંડળના સભ્યોને તારી વાત કરીશ. તે લોકો ભારતમાં નથી. અહીંથી પશ્ચિમમાં છે અને ઘણા દૂર છે. તું પણ મારી જેમ મુસાફરી કરીને આવ્યો હોત તો તને પણ એ ઘણું દૂર લાગત.’

જિમી બોલ્યો, ‘તને લાગે છે કે તેઓ મને રાખશે?’

‘જરૂર, શા માટે નહીં? તે લોકો ભારતના નાના છોકરાઓને લઈને ઉછેરે જ છે ને? આ વખતે તે લોકો એમ માની શકે કે તું ભારતમાંથી આવ્યો છે. વળી તું એટલો દૂર છે કે તારો રિપોર્ટ પણ સારી રીતે લખી શકાય. તું રાહ જો, હું તેમને લખીશ. હા, હું મેડમ વ્હાઈટને લખીશ. ના, હું મેડમ જોન્સને લખીશ. મેડમ વ્હાઈટ પાસે ઘણા પૈસા છે, પરંતુ મેડમ જોન્સ સૌથી વધુ દાન કરે છે. આ જરા વિચિત્ર અને હાસ્યાસ્મદ કહેવાય, નહીં? છતાં હું જોઉં છું. મને લાગે છે અમુક મહિલા સહાયકો તને રાખશે.’

‘સારું, પરંતુ એટલું જરૂર કહેજે કે હું ઘરકામ કરીશ. હું ભિખારી નથી. મહિલા સહાયક મંડળ હોય તો પણ વ્યવહાર એટલે વ્યવહાર.’ થોડું અટકીને તે બોલ્યો. ‘લાગે છે કે હાલ પૂરતું તો મારે જ્યાં રહું છું ત્યાં રહેવું પડશે.’

‘અવશ્ય’ પોલીએના બોલી. ‘તો જ મને ખબર પડે ને કે તું ક્યાં મળીશ.’

તે લોકો તને જરૂર રાખશે. તું એમનાથી એટલો દૂર છે. જો ને, પોલી આન્ટીએ મને નથી રાખી?’ અચાનક તે બોલતાં અટકી અને બોલી, ‘તને એમ લાગે છે કે પોલી આન્ટી માટે હું ભારતથી આવેલ છોકરી છું?’

‘તું તો ભારે વિચિત્ર છોકરી છે!’ જિમી આછું હસીને ચાલ્યો ગયો.

જ્હોન પેન્ડલટનને અકસ્માત થયો તેના અઠવાડિયા બાદ પોલીએનાએ એક સવારે કહ્યું, ‘પોલી આન્ટી, આજે હું મેડમ સ્નોને આપવાની જેલી

કોઈ બીજાને માટે લઈ જાઉં તો તમને વાંધો છે? મને ખાતરી છે મેડમ સ્નોને વાંધો નહીં હોય.'

'પોલીએના, ફરી પાછું તેં શું ધાર્યું છે?' પોલી મેડમ બોલ્યાં. 'તું બહુ જબરી છે.'

પોલીએનાએ આતુરતાથી પૂછ્યું, 'આન્ટી, "જબરી" એટલે શું? જબરા હોય તે સામાન્ય ન હોય, બરાબર?'

'હા. જબરા હોય તે સામાન્ય ન હોય.' પોલી મેડમે જવાબ આપ્યો.

'તો સારું' પોલીએનાના ચહેરા પર તેજ આવ્યું. 'એમાં એવું છે ને કે મહિલા સહાયક મંડળના મેડમ વ્હાઈટ હંમેશાં કહેતાં કે મેડમ રાઓસન સાવ સામાન્ય છે. તે બંને વચ્ચે બહુ ઝઘડા થતા. પપ્પાને.. મારો મતલબ છે અમને એ બંને વચ્ચે સુમેળ રાખવા માટે બહુ તકલીફ પડતી. બીજા કોઈ સભ્યો માટે આવી તકલીફ નહોતી થતી.' પોલીએના આ વાત કરતાં દ્વિધા અનુભવતી હતી. પપ્પાએ ચર્ચ વિશે ઘસાતું બોલવાની ના કહી હતી. વળી પોલી આન્ટીએ પપ્પાની વાત કરવાની ના પાડી હતી. આજે બંનેની શિખામણ વિરુદ્ધની વાત થઈ ગઈ હતી.

'ઠીક છે પોલીએના, જવા દે.' પોલી મેડમે થોડાં અકળાઈને વાત કાપી. 'તું દરેક વાતમાં આ મહિલા સહાયક મંડળનો ઉલ્લેખ કર્યા વિના નથી રહેતી.'

'હા, પોલી આન્ટી.' પોલીએના હસીને બોલી. 'હું એવું કરું છું પણ તેનું કારણ છે. તેમણે મને મોટી કરી છે અને...'

'બસ, એ વાત બંધ કર.' પોલી મેડમનો ઠંડો અવાજ સંભળાયો. 'હા, તું આ જેલી માટે શું કહેતી હતી?'

'એવી કોઈ વાત નથી જેમાં તમને વાંધો હોય. તમે દર અઠવાડિયે મને મિસિસ સ્નો માટે જેલી લઈ જવાનું કહો છો. આ વખતે હું એ જેલી એક મિસ્ટર માટે લઈ જવા માગું છું. તેમનો પગ ભાંગ્યો છે, પણ તે અપંગ નથી થઈ ગયા. માટે તેમને માટે વધુ વખત જેલી નહીં લઈ જવી પડે. તેમને સારું થઈ જાય ત્યારબાદ દરેક વખતે હું આ જેલી મેડમ સ્નો માટે જ લઈ જઈશ.' પોલીએનાએ વિગતે વાત કરી.

'મિસ્ટર? પગ ભાંગ્યો છે?' તું શું વાત કરી રહી છે પોલીએના?'

પોલીએના મેડમ પોલીને જોઈ રહી. પછી કાંઈક યાદ આવ્યું હોય તેમ બોલી, 'અરે હા, હું તો ભૂલી ગઈ. તમને આ વાતની ખબર નથી કારણકે તમે બહાર હતાં ત્યારે આ બનેલું. તમે જે દિવસે ગયાં તે દિવસે જ મેં તેમને રસ્તામાં પડેલા જોયા. મારે તેમનું ઘર ખોલીને ડૉક્ટરને ફોન કરવો પડેલો. બધા આવ્યા ત્યાં સુધી મેં તેમના માથાને ટેકો આપ્યો. ત્યારબાદ હું

ચાલી આવી અને મેં હજુ સુધી તેમને જોયા નથી. આજે નેન્સીએ મેડમ સ્નો માટે જેલી બનાવી ત્યારે મને થયું કે હું આ જેલી એમને માટે લઈ જાઉં તો કેવું સારું, ફક્ત આ વખત માટે જ.'

'હા, જરૂર લઈ જા.' પોલી મેડમે સંમતિ આપતાં પૂછ્યું, 'કોના માટે લઈ જવાની છે?'

'પેલા સજ્જન, મિસ્ટર જ્હોન પેન્ડલટન માટે.' પોલીએનાએ જણાવ્યું.

'જ્હોન પેન્ડલટન!' પોલી મેડમ ખુરશીમાંથી અડધાં ઊભાં થઈ ગયાં.

'હા, નેન્સીએ મને તેમનું નામ જણાવ્યું. તમે કદાચ એને ઓળખતાં હશો.'

પોલી મેડમે જવાબ ન આપ્યો પણ પ્રશ્ન કર્યો, 'તું એને ઓળખે છે?'

પોલીએનાએ ડોકું હલાવી હા પાડી. 'હા, હું એમને ઓળખું છું. હવે તે હંમેશાં હસીને વાત કરે છે. એ ફક્ત બહારથી અતડા લાગે છે. હું જેલી લઈ આવું. હું આવી ત્યારે નેન્સીએ લગભગ બનાવી રાખેલી.' પોલીએના વાત પૂરી કરી રસોડા તરફ ચાલી.

'પોલીએના, ઊભી રહે.' પોલી મેડમનો કડક અવાજ આવ્યો. 'મેં નિર્ણય બદલ્યો છે. હવે તું એ જેલી દર વખતની જેમ મેડમ સ્નો માટેજ લઈ જા. બસ. હવે જા'

પોલીએનાનું મોઢું પડી ગયું.

'પોલી આન્ટી, મેડમ સ્નો હંમેશાં પથારીમાં હશે અને તેમને વસ્તુઓ મળતી રહેશે. પરંતુ મિસ્ટર જ્હોનનો તો પગ જ ભાંગ્યો છે. તે જલ્દી સાજા થઈ જશે. એક અઠવાડિયું તો થઈ ગયું છે'

'હા, મને યાદ છે કે જ્હોન પેન્ડલટનને અકસ્માત થયો છે તેવા ખબર આવેલા.' પોલી મેડમે કહ્યું. 'પરંતુ મારે તેમને જેલી નથી મોકલવી, પોલીએના.'

'મને ખબર છે તે બહારથી અતડા છે.' પોલીએનાએ કબૂલ કર્યું. 'એટલે કદાચ તમે એમને પસંદ નથી કરતા. પરંતુ હું એમને નહીં કહું કે આ જેલી તમે મોકલી છે. હું કહીશ કે હું પોતે આ લાવી છું. મને તેઓ પસંદ છે. હું તેમને જેલી આપીને રાજી થઈશ.'

પોલી મેડમ નકારમાં માથું હલાવવા લાગ્યાં. અચાનક અટકીને તેમણે પોલીએનાને પૂછ્યું, 'તેમને ખબર છે કે તું કોણ છે?'

પોલીએનાએ થોડી હતાશા સાથે કહ્યું, 'મને નથી લાગતું તેઓ મને ઓળખતા હોય. મેં તેમને મારું નામ જણાવ્યું છે પરંતુ તે મને ક્યારેય એ

નામથી બોલાવતા નથી'

'એમને ખબર છે તું ક્યાં રહે છે?' પોલી મેડમે પૂછ્યું.

'ના, મેં તેમને એ ક્યારેય જણાવ્યું નથી.'

'તો એમને ખબર નથી કે તું મારી ભાણેજ છે?' મેડમે પૂછ્યું.

'ના, મને નથી લાગતું કે તેઓ આ જાણતા હોય.' પોલીએના બોલી.

થોડો વખત શાંતિ છવાઈ. પોલી મેડમ પોલીએનાને બેધ્યાનપણે જોઈ રહ્યા.

પોલીએના એક પગથી બીજા પગ પર શરીર ટેકવતી તેમને જોઈ રહી. અંતે પોલી મેડમ બોલ્યાં, 'સારું પોલીએના, તું મિસ્ટર પેન્ડલટન માટે જેલી લઈ જા. તારા તરફથી તેમના માટે ભેટ છે તેમ જણાવજે. પણ ધ્યાન રાખજે. મેં આ જેલી નથી મોકલી. તેમને ખબર ન પડવી જોઈએ કે મેં આ મોકલી છે.'

પોલીએના હર્ષથી બોલી, 'થેન્કયુ આન્ટી!' અને રૂમની બહાર દોડી ગઈ.

ડૉ. શિલ્ટન

પોલીએના મિસ્ટર પેન્ડલટનને ઘરે બીજી વાર આવી ત્યારે ઘર બહુ બદલાયેલું લાગ્યું. બારીઓ ખુલ્લી હતી. એક વયસ્ક મહિલા કપડાં સૂકવતાં હતાં. ડૉક્ટરની ગાડી પોર્ચમાં ઊભી હતી.

પહેલાંની જેમ પોલીએનાએ બાજુના બારણા પાસે જઈ બેલ વગાડી.

જાણીતો લાગતો નાનો કૂતરો પોલીએના પાસે દોડી આવ્યો. થોડા વખત પછી કપડાં સુકવનાર વયસ્ક મહિલાએ બારણું ખોલ્યું.

'હું મિસ્ટર પેન્ડલટન માટે જેલી લાવી છું.' પોલીએનાએ સ્મિત કરતાં કહ્યું.

'આભાર' કહીને મહિલાએ જેલી લેવા હાથ લંબાવ્યો અને પૂછ્યું, 'કોણે મોકલી છે આ જેલી?'

બરાબર આ સમયે ડૉક્ટર હૉલમાં આવ્યા. તેમણે વાતચીત સાંભળી અને પોલીએનાના મોઢા પર નિરાશા જોઈ તેની પાસે આવ્યા અને બોલ્યા 'આહ, જેલી લાવી છે? બહુ સરસ! તારે દર્દીને મળવું છે?'

'હા, સાહેબ.' પોલીએનાએ જવાબ આપ્યો. ડૉક્ટરે મહિલાને ઇશારાથી જણાવ્યું અને તે ડૉક્ટરના હુકમ માની પોલીએનાને લઈને અંદરના રૂમ તરફ ચાલ્યા. તેમના ચહેરા ઉપર આશ્ચર્ય દેખાતું હતું.

ડૉક્ટરની પાછળ ઊભેલા યુવાને પૂછ્યું, 'સર, મિસ્ટર પેન્ડલટને તો કોઈને પણ આવવા માટે મનાઈ ફરમાવી છે ને?'

ડૉક્ટર સ્વસ્થતાથી બોલ્યા, 'હા, મને ખબર છે. પણ હવે હું આદેશ આપું છું. જોખમ લેવાની તૈયારી સાથે.' વધુ જણાવતાં બોલ્યા. 'તમને ખબર નથી પણ તે છોકરી ટોનિકના છ ડોઝની બરાબર છે. એકમાત્ર આ છોકરી પેન્ડલટનની રીસ દૂર કરી શકે તેમ છે. એટલા માટે જ મેં તેને બોલાવી છે.'

'તે કોણ છે?' યુવાને પૂછ્યું.

'આ નગરના બહુ જાણીતી વ્યક્તિની ભાણેજ છે. તેનું નામ પોલીએના વ્હિટ્ટિઅર છે. હું તેને બહુ ઓળખતો નથી પણ મારા ઘણા દર્દીઓ તેને જાણે છે. હું એને માટે તેનો આભારી છું.'

યુવાને હસીને પૂછ્યું, 'અચ્છા, એના ટોનિકમાં એવાં ક્યાં ખાસ તત્વો છે?'

ડૉક્ટર માથું ધુણાવીને બોલ્યા, 'મને ખબર નથી. હું ધારું છું કે તેના મનમાં દરેક વાત, જે બની ગઈ છે કે બનવાની છે, તેને માટે અખૂટ રાજીપો

છે. તે આ બાબતમાં જે કાંઈ બોલે છે તે મારા દર્દીઓ મને કહી સંભળાવે છે. એમાં મુખ્ય વાત, 'બસ રાજી થવાની' હોય છે.' ડૉક્ટર પોર્ચ પર ચડતાં હસીને બોલ્યા, 'હું તો ઇચ્છું કે હું તેને ગોળીઓ માફક દર્દીઓને આપી શકું!. જો કે આ દુનિયામાં તેના જેવા ઘણા થઈ જાય તો મારો અને તમારો ડૉકટરી અને નર્સિંગનો ધંધો ઠપ્પ થઈ જાય તે નક્કી! પછી રિબન વેચવાવાળાને કે ખાડા ખોદવાવાળાને જેટલા પૈસા મળે તેટલાય આપણને માંડ મળે!' ડૉક્ટર પોતાની બગીમાં ચડ્યા અને લગામ સંભાળી.

આ દરમ્યાન પોલીએનાને મિસ્ટર જ્હૉનના રૂમ તરફ લઈ જવામાં આવતી હતી. ઉતાવળે ચાલતાં પણ તેણે જોયું કે ઘરમાં ઘણા ફેરફાર થઈ ગયા હતા. પુસ્તકો ભરેલાં ખાનાં અને રાતા પડદા એમ જ હતા પણ ફર્શ પરનો કચરો સાફ થઈ ગયો હતો. ડેસ્ક પરની વસ્તુઓ વ્યવસ્થિત હતી અને કયાંય ધુળનો કણ પણ નહોતો દેખાતો. ટેલિફોન કાર્ડ એની જગ્યાએ લટકતું હતું અને પૉલિશ કરેલા તાંબાના કઠેડા ચમકતા હતા. એક 'ભેદી' લાગતું બારણું ખુલ્લું હતું અને આયા તેમાંથી પોલીએનાને અંદર લઈ ગઈ. એક વૈભવી રીતે સજાવેલા બેડરૂમમાં પોલીએના દાખલ થઈ. વયસ્ક આયાએ ડરેલા અવાજમાં કહ્યું, 'આ નાની છોકરી જેલી લાવી છે. ડૉક્ટર સાહેબે કહ્યું કે મારે તેને અંદર લઈ આવવી એટલે હું લાવી છું.'

બીજી પળે પોલીએના એક ગુસ્સે થયેલા માણસ પાસે ઊભી હતી, જે પલંગ પર ચત્તોપાટ સૂતો હતો.

'મેં ના પાડી છે ને કોઈને પણ...' પલંગ પરથી ચીડભરેલો અવાજ આવ્યો. પણ અચાનક 'ઓહો, તું આવી છે' તેવું સંભળાયું. જો કે અવાજમાં ચીડ હજુ પણ હતી.

પોલીએના પલંગ તરફ આગળ વધી.

'હા, હું આવી છું.' પોલીએના હસીને બોલી. 'હું ખૂબ રાજી થઈ કે મને અંદર આવવા દીધી. પહેલાં તો આયાએ મારી પાસેથી જેલી લઈ લીધી અને મને થયું કે હું તમને મળી નહીં શકું. પછી ડૉક્ટરે આવીને કહ્યું કે હું મળી શકીશ. તે કેટલા સારા છે કે મને તમને મળવાની હા પાડી!'

કમને પણ મિસ્ટર જ્હોનના મોઢા પર સ્મિત આવ્યું.

'હું તમારા માટે જેલી લાવી છું.' પોલીએનાએ વાત ચાલુ રાખી. આશા રાખું તમને ગમશે.'

'મેં ક્યારેય ખાધી નથી.' ફરી મિસ્ટર જ્હોનના મોઢા પર અણગમો દેખાયો.

પોલીએના થોડી હતાશ થઈ પણ જેલીનો વાડકો ટેબલ પર મૂકતાં બોલી, 'જો ક્યારેય ન ખાધી હોય તો કેમ ખબર પડે કે ભાવે છે કે નથી ભાવતી? હું રાજી છું કે તમે નથી ખાધી. તમને જો ખબર હોત...'

'મને એક વાતની ચોક્કસ ખબર છે અને તે એ કે હું અહીં પલંગ પર ચત્તોપાટ પડ્યો છું અને કદાચ કયામતના દિવસ સુધી આમ પડ્યો રહીશ.' જ્હોન ચીડાઈને બોલ્યાં.

પોલીએના આઘાત પામી હોય તેમ બોલી, 'ના, ના. છેક કયામતના દિવસ સુધી નહીં જ પડ્યા રહો. ગેબ્રિએલ પોતાનું ટ્રમ્પેટ વગાડે ત્યારે કયામતનો દિવસ આવે. સિવાય કે આપણા ધાર્યા કરતાં વહેલો આવે. અલબત્ત બાઇબલમાં લખ્યું છે તે મુજબ કદાચ વહેલો પણ આવી શકે, પણ હું નથી માનતી કે એ વહેલો આવે. હું બાઇબલમાં માનું છું પણ એવું નથી માનતી કે કયામતનો દિવસ વહેલો આવશે.'

જ્હોન પેન્ડલટન અચાનક ખડખડાટ હસી પડ્યા. તે જ પળે એક પુરુષ નર્સ ઓરડામાં આવ્યો પરંતુ ખડખડાટ હસવાનો અવાજ સાંભળી, ધીમેથી પાછો જતો રહ્યો.

'તું થોડા ગોટાળા કરે છે તેમ નથી લાગતું?' મિસ્ટર જ્હોને પોલીએનાને પૂછ્યું.

પોલીએના હસીને બોલી, 'કદાચ. પરંતુ મારા કહેવાનો મતલબ છે એ કે પગ ભાંગ્યો હોય તો તે કાંઈ કયામતના દિવસ સુધી લંબાય નહીં. કોઈ મેડમ સ્નોની માફક પથારીવશ હોય તો તે બીમારી લાંબી ચાલે. માટે તમારી બીમારી કયામતના દિવસ સુધી નહીં જ લંબાય. મને લાગે છે તે બાબતમાં તમારે રાજી થવા જેવું છે.

'હા, હું રાજી છું.' મિસ્ટર જ્હોન બોલ્યા.

'વળી તમારો એક જ પગ ભાંગ્યો છે, બંને નહીં એ પણ ખુશ થવા જેવી વાત છે.' પોલીએના પોતાની રમત સરસ રીતે રમતી હતી.

'હા, હોં! એ ખરું.' મિસ્ટર જ્હોન ભવાં ચડાવીને બોલ્યા. 'એ રીતે જોતાં તો મારે રાજી થવું જોઈએ કે હું કાનખજૂરો નથી અને મારા પચાસ પગ ભાંગ્યા નથી.'

પોલીએના સ્મિત કરતાં બોલી, 'વાહ! એ બહુ સરસ વાત કરી. મને ખબર છે કાનખજુરો કેવો હોય. તેને ઘણા બધા પગ હોય. વળી તમે એ વાત માટે રાજી.'

'અલબત્ત' જ્હોનના અવાજમાં જૂની કડવાશ આવી ગઈ. 'બીજી બધી બાબત માટે પણ મારે રાજી થવા જેવું છે, નહીં? આ નર્સ, ડૉક્ટર, રસોડામાં છે તે ઓયા.'

'અવશ્ય સાહેબ, જરા વિચારો, એ બધા ન હોય તો કેટલી તકલીફ થાય?' પોલીએનાએ પૂછ્યું.

'શું કીધું?' જ્હોને ચિડાઈને પૂછ્યું.

'મેં કહ્યું કે એ બધા ન હોય તો તમને કેટલી તકલીફ થાય? આવી રીતે પથારીમાં પડ્યા પડ્યા.' પોલીએના બોલી.

'તકલીફ ત્યાં જ છે ને!' જ્હોન અકળાઈને બોલ્યા. 'હું અહીં લાચાર પડ્યો છું. ત્યાં ઓલી ઘેલી બાઈ મારી બધી વસ્તુઓ અસ્તવ્યસ્ત કરે છે અને પાછી કહે છે કે સરખી મૂકે છે, પેલો યુવાન એને મદદ કરે છે અને કહે છે એ બધું મારી સારવારના ભાગ રૂપે છે. આટલું ઓછું હોય એમ પેલો ડૉક્ટર આ બેયને ચડાવે છે. વળી એ ત્રણેયને આને માટે મારે પૈસા આપવાના હોય છે, ઘણા બધા પૈસા હોં!'

'એ વાત ખરી.' પોલીએના સહાનુભૂતિથી બોલી. 'પૈસા આપવા આકરા લાગે. ખાસ કરીને જ્યારે તમે એને ઘણા સમયથી ભેગા કરતા રહેતા હો.'

'હું શું કરું છું?' જ્હોને પૂછ્યું.

'તમે પૈસા ભેગા કરો છો.' પોલીએનાએ ચોખવટ કરી. 'તમે વટાણા અને મચ્છી જમો છો. કહો, તમને વટાણા ભાવે છે? કે ચીકન વધુ ભાવે? વટાણા સસ્તા પડે એટલે ખાઓ છો ને?'

'છોકરી, તું આ શું વાત કરે છે? મને કાંઈ સમજાતું નથી.' જ્હોન બોલ્યા.

પોલીએના હસીને બોલી. 'તમે જે પૈસા ભેગા કરો છો તેની વાત છે. તમે પોતે સાદું જમીને પછાત લોકો માટે પૈસા ભેગા કરો છો એવું મને નેન્સીએ કહ્યું. મને આ ખબર પડી ત્યારે મને થયું કે તમે બહારથી અતડા લાગતા હશો પણ અંદરખાને દયાળુ છો.'

'નેન્સીએ કહ્યું? આ નેન્સી કોણ છે?'

'અમારી નેન્સી. પોલી આન્ટીને ત્યાં કામ કરે છે.'

'તો આ પોલી આન્ટી કોણ છે?' જ્હોને પૂછ્યું.

'કુમારી પોલી... હેરિંગ્ટન. હું એમની સાથે રહું છું' પોલીએનાએ જણાવ્યું.

'કુમારી પોલી... હેરિંગ્ટન... તું એની સાથે રહે છે.?' જ્હોને સવાલ કર્યો.

'હા, હું એમની ભાણેજ છું. તેમણે મને ઉછેરવાનું નક્કી કર્યું. મારી માને કારણે.' પોલીએનાનો અવાજ તૂટીને ધીમો થયો. 'મારી મા તેમની બહેન હતી. જ્યારે પપ્પા પણ મમ્મી સાથે સ્વર્ગમાં રહેવા ગયા ત્યારે મારી સંભાળ રાખવાવાળું કોઈ નહોતું, મહિલા સહાયક મંડળ સિવાય. એટલે આન્ટીએ મને સાચવવાનું નક્કી કર્યું.'

જ્હોન કાંઈ બોલ્યા વિના સૂઈ રહ્યા. તેમનો ચહેરો એવો ફિક્કો પડી ગયો કે પોલીએનાને ભય લાગ્યો અને તે ઊભી થઈ ગઈ.

‘હું જાઉં છું.’ તે અચકાઈને બોલી. આશા રાખું તમને જેલી ગમશે.’

જ્હોને માથું ફેરવીને આંખો ખોલી. તેમની આંખોમાં અનોખો ભાવ હતો જે પોલીએનાને ગમ્યો. ‘તો તું પોલી હેરિંગ્ટનની ભાણેજ છે.’ તેમણે હળવેથી કહ્યું.

મિસ્ટર જ્હોન પોલીએનાના ચહેરાને જોઈ રહ્યા. થોડીવાર પછી સંકોચ પામતી પોલીએના બોલી, ‘હું માનું છું કે તમે તેમને ઓળખતા હશો.’

જ્હોનના હોઠ સ્મિતમાં વંકાયા. ‘હા, હું એમને ઓળખું છું.’ થોડું અચકાઈને તેમણે કહ્યું, ‘પણ... હું નથી માનતો... તું કહે છે કે મિસ પોલી હેરિંગ્ટને મારા માટે આ જેલી મોકલી છે?’

પોલીએના મૂંઝાઈ. ‘ના સાહેબ, આ જેલી એમણે નથી મોકલી. તેમણે મને ખાસ સૂચના આપી છે કે તમને ખબર ન પડવી જોઈએ કે આ જેલી તેમણે મોકલી છે.’

‘મને હતું જ.’ જ્હોન બોલ્યા અને પડખું ફરી ગયા. પોલીએના વધુ મૂંઝાઈ અને રૂમની બહાર નીકળી.

પોર્ચ નીચે ડૉક્ટર તેમની ઘોડાગાડીમાં પોલીએનાની રાહ જોતા ઊભા હતા. યુવાન નર્સ પગથિયા પર હતો.

‘મિસ પોલીએના, હું તને ઘર સુધી આ ઘોડાગાડીમાં લઈ જાઉં?’ ડૉક્ટર સ્મિત આપીને બોલ્યા. ‘હું જતો જ હતો ત્યાં થયું કે તને સાથે લેતો જાઉં’

‘સાહેબ, આભાર. હું રાજી થઈ કે તમે રોકાયા. મને ઘોડાગાડીમાં સવારી કરવી બહુ ગમે.’ પોલીએના ખુશ થઈને બોલી. ડૉક્ટરે તેનો હાથ પકડી ઘોડાગાડીમાં બેસાડી.

‘અચ્છા?’ યુવાનને આવજો કરતાં ડૉક્ટર બોલ્યા. ‘ હું માનું છું કે એવી ઘણી બધી પ્રવૃત્તિ છે જે કરવાથી તું રાજી થાય છે. સાચું?’ ઘોડાગાડી ચાલી નીકળી.

પોલીએના હસીને બોલી, ‘હા, કદાચ એવું છે. મને એ બધી પ્રવૃત્તિ કરવી જરૂર ગમે જેમાં જીવંત રહેવાય. અલબત્ત બીજી પ્રવૃત્તિઓ એટલી બધી ન ગમે. જેવી કે સિવણકામ, મોટેથી વાંચવાનું... એ બધું જીવંત નથી.’

‘અચ્છા, તો એ બધી પ્રવૃત્તિ કેવી કહેવાય?’ ડૉક્ટરે પૂછ્યું

'પોલી આન્ટી કહે છે કે તે બધી હજુ જીવંત થતાં શીખે છે.' પોલીએનાએ ખેદયુક્ત સ્મિત કર્યું.

ડૉક્ટર હસીને બોલ્યા, 'ઓહો, તારી આન્ટીએ આમ કહ્યું? જો કે હું માનું છું કે તે આમ જ કહે.'

'હા, પોલી આન્ટી એમ માને છે.' પોલીએનાએ કહ્યું, 'જો કે હું એ વાતમાં સંમત નથી. હું નથી માનતી કે તમારે જીવંત રહેવાનું શીખવું પડે. હું ક્યાં શીખી છું?'

ડૉક્ટરે નિસાસો નાખીને કહ્યું, 'બેટા, તો પણ આપણામાનાં અમુક લોકોને આ વાત શીખવી પડે છે.' આટલું કહી તે ખામોશ થઈ ગયા.

પોલીએનાએ તીરછી નજરે તેમની સામે જોયું. તેમનો ચહેરો ઉદાસ હતો. પોલીએનાએ એમના માટે જરા વેદના અનુભવી. તેને થયું કે એ તેમને ખુશ કરવા કાંઈક કરી શકે તો સારું. આ કારણે એ બોલી, 'મને લાગે છે ડૉક્ટરનું કામ સૌથી વધુ આનંદ આપે એવું, બીજાં બધા કામ કરતાં વધુ રાજી થવાય એવું હશે.'

'સૌથી વધુ રાજી થવાય એવું? જ્યારે હું જ્યાં જાઉં છું ત્યાં વેદના અને દર્દ જોઉં છું?' ડૉક્ટર આશ્ચર્ય વ્યક્ત કરતાં બોલી ઊઠ્યા.

પોલીએનાએ ડોક હલાવી હા પાડી અને કહ્યું, 'હું જાણું છું. પરંતુ તમે એ દર્દ અનુભવનારાઓની મદદ કરો છો ને? અલબત્ત તમને તેમાં આનંદ મળતો હશે. આને કારણે તમે બધા કરતાં વધારે સુખી, વધારે રાજી છો.'

ડૉક્ટરની આંખો ભરાઈ આવી. ડૉક્ટરનું જીવન બહુ એકલવાયું, સૂનું હતું.

તેમને પત્ની નહોતી. ઘર કહેવાય એવું પણ કાંઈ ન હતું. હતા ફક્ત બોર્ડિંગ હાઉસમાં બે રૂમ, જેમાં તેમનું રહેઠાણ અને દવાખાનું સમાઈ જતું હતું. તેમનો વ્યવસાય તેમને બહુ પ્રિય હતો. પોલીએનાની ચમકતી આંખો જોઈ તેમને એમ લાગ્યું કે કોઈ વહાલભર્યો હાથ તેમના માથા પર ફરીને તેમને આશીર્વાદ આપી રહ્યો છે. તેમને એમ પણ લાગ્યું કે હવે ક્યારેય તેમને આખા દિવસની મહેનત કે આખી રાતના કામનો થાક એક એવો આનંદ, ઉલ્લાસ આપ્યા વિના નહીં રહે જે તેમને અત્યારે પોલીએનાની આંખમાં દેખાતો હતો.

'બેટા, ભગવાન તારું ભલું કરે.' કહીને એમણે એમનું લોકપ્રિય બનેલું સ્મિત કરી વાત ચાલુ રાખી. 'મને લાગે છે કે દર્દીઓની જેમ જ ડૉક્ટરોને પણ તારી પાસે જે ટોનિક છે તેની જરૂર છે!' પોલીએના આમાં કાંઈ સમજી નહીં. ત્યાં એણે એક ખિસકોલી જોઈ અને તે બીજી બધી વાત ભૂલી ગઈ.

ડૉક્ટરે પોલીએનાને ઘરને દરવાજે ઉતારી, પોર્ચ વાળતી નેન્સી સામે હસ્યા અને ઘોડાગાડી ઝડપથી દોડાવી ગયા.

'મને ડૉક્ટર સાથે ઘોડાગાડીની સવારી કરવાની બહુ મજા આવી.' પોલીએના પગથિયાં ઠેકીને ચડતાં બોલી. 'નેન્સી, ડૉક્ટર સાહેબ બહુ સારા છે હોં!'

'સાચે જ?' નેન્સીએ સવાલ કર્યો.

'હા. મેં એમને કહ્યું કે મને એમ લાગે છે કે તેમનું કામ બીજાં બધા કામ કરતાં વધુ આનંદ આપે એવું, વધુ રાજી કરે તેવું હોય છે.'

'શું? બીમાર માણસોને જોવા જવાનું. વળી એવા માણસોનેય કે જે બીમાર ન હોય પણ પોતાની જાતને બીમાર સમજતા હોય, એ તો વધુ ખરાબ!' નેન્સીના ચહેરા પર શંકા અને મૂંઝવણ દેખાતી હતી.

પોલીએના હસી પડી અને બોલી, 'લગભગ આવી જ વાત એમણે પણ કરેલી! છતાં આ સ્થિતિમાં પણ રાજી થવા જેવું હોય છે. વિચારી જો.'

નેન્સી વિચારમાં પડી. પોલીએનાને લાગ્યું કે નેન્સી, 'રાજી થવાની રમત' રમવામાં પારંગત થતી જતી હતી. તેને પોલીએના જે પ્રશ્નો કરે તો ગમતા હતા.

'હં... મને ખબર પડી ગઈ.' નેન્સી આછું હસી. 'તમે મિસિસ સ્નોને કહ્યું હતુ તેનાથી તદ્દન ઊલટું અહીંયા કહેવાનું.'

'ઊલટું?' પોલીએના ઉલઝનમાં પડી.

'હા, તમે મિસિસ સ્નોને કહ્યું હતું ને, કે તેઓ એ બાબતે રાજી થઈ શકે કે બીજા લોકો એમની માફક બીમાર નથી.' નેન્સી બોલી.

'હા, મેં એમ કહ્યું હતું.' પોલીએનાએ જવાબ આપ્યો.

'બસ! તો ડૉક્ટર એ બાબતમાં રાજી થઈ શકે કે તેઓ પોતે બીમાર નથી, એમના દર્દીઓ માફક.' નેન્સી વિજયીની અદામાં બોલી.

પોલીએના વિચારમાં પડી. 'હા હોં, આ પણ એક રસ્તો છે રાજી થવાનો. પણ મેં તેમને આ રીત નથી બતાવી. મને એ રીત એકદમ બરાબર હોય તેમ નથી લાગતું. એમણે એમ નથી કહ્યું કે બધા માંદા પડે છે એટલે એ ખુશ છે. પરંતુ તું આ રાજી થવાની રમત સરસ રમે છે હોં!' આટલું બોલી પોલીએના ઘરમાં ગઈ.

પોલીએના તેનાં આન્ટી બેઠકરૂમમાં હતાં તેમની પાસે ગઈ.

‘પોલીએના, તને દરવાજા સુધી ઘોડાગાડીમાં જે મૂકી ગયા તે કોણ હતા?’ તેમણે જરા તિખાશભર્યા અવાજે પૂછ્યું.

‘આન્ટી, તે ડૉક્ટર શિલ્ટન હતા. તમે તેમને નથી ઓળખતા?’ પોલીએનાએ જવાબ આપ્યો.

‘ડૉ. શિલ્ટન? એ વળી અહીં શું કરતા હતા?’ આન્ટીએ પૂછ્યું.

‘એ મને ઘર સુધી મૂકવા આવેલા.’ પોલીએનાએ કહ્યું, ‘અને હા આન્ટી, મેં મિસ્ટર પેન્ડલટનને જેલી આપી દીધી.’

પોલી મેડમે પોલીએનાની સામે જોઈને કહ્યું, ‘તેમને ખબર નથી પડવા દીધી ને કે જેલી મેં મોકલી છે?’

‘ના પોલી આન્ટી. મેં તેમને જણાવ્યું કે જેલી તમે નથી મોકલી.’

‘શું? તેં એમને જણાવ્યું કે જેલી મેં નથી મોકલી?’ પોલી મેડમ બોલ્યાં.

પોલીએના જવાબ દેવા ગઈ પણ પોલી મેડમનો ચહેરો જોઈને અટકી ગઈ.

‘પોલી આન્ટી, તમે જ કહ્યું હતું ને?’ પોલીએનાએ સરળ તર્ક આપ્યો.

પોલી મેડમે લાંબો શ્વાસ લીધો. ‘પોલીએના, મેં કહ્યું હતું કે મેં આ જેલી નથી મોકલી. તને એ પણ ધ્યાન રાખવાનું કહ્યું હતું કે આ વાતની મિસ્ટર જાહોનને ખબર ન પડે. આ વાત એમને કહી દેવી કે મેં જેલી નથી મોકલી તેના કરતા બહુ જુદી છે!’ ઓટલું કહી તે ખીજમાં ચાલ્યાં ગયાં. પોલીએના બબડી. ‘મને ખબર નથી આ બે બાબતમાં શું ફેર છે.’ તેણે એ જ ખીંટીએ હેટ ટાંગી જ્યાં પોલી મેડમે ટાંગવા કહ્યું હતું.

લાલ ગુલાબ અને લેસવાળી શાલ

પોલીએના મિસ્ટર પેન્ડલટનને મળવા ગઈ તેના એક અઠવાડિયા બાદ પોલી મેડમ મહિલા સહાયક મંડળની મિટિંગમાં ગયાં. તે દિવસે વરસાદ પડતો હતો. બપોરે ત્રણ વાગે પાછાં આવ્યાં ત્યારે તેમના ગાલ લાલ થઈ ગયેલા અને પવનને કારણે ઉડેલા વાંકડિયા વાળ ખુલ્લા થઈ ગયેલા.

પોલીએનાએ તેના આન્ટીને પહેલીવાર આ સ્વરૂપમાં જોયા.

'ઓહ હો! આન્ટી, તમને પણ છે!' બેઠકરૂમમાં આવેલા પોલી મેડમની આજુબાજુ નાચતાં-કૂદતાં પોલીએના બોલી.

'મને પણ શું છે તે કહીશ?' પોલી મેડમ બોલ્યાં.

પોલીએના હજુ પોલી મેડમની આસપાસ કુદરડી ફરતી હતી. 'મને તો ખબર જ નહોતી કે તમને પણ છે. તમને લાગે છે મને એ મળી શકે? ઉપર જાઉં તે પહેલાં એક જ વાર...' પોલીએનાએ પોતાના કાન પરના સીધા વાળ પસવાર્યા. 'છતાં પણ તે કાળા તો ન જ થાય.'

'પોલીએના, શું છે આ બધું, જરા સમજાવ.' પોલી મેડમે હેટ કાઢતાં અને વાળ સરખા કરતાં કહ્યું.

'ના, પોલી આન્ટી, રહેવા દો.' પોલીએનાએ આજીજીના સ્વરમાં કહ્યું. વાળ સરખા ન કરો. હું તમારા વાળની જ વાત કરું છું. કેવા સરસ કાળા અને વાંકડિયા છે!'

'નકામી વાત ન કર. પહેલાં એ જણાવ કે પેલા ભિખારી છોકરાની વાત કરવા તું મહિલા સહાયક મંડળ પાસે શું કામ ગઈ હતી?'

'એ નકામી વાત નથી, આન્ટી.' પોલીએનાએ વાતના પહેલા ભાગનો જવાબ આપતાં કહ્યું. 'તમને ખબર નથી તમે આવા છુટ્ટા વાળમાં કેવા સુંદર દેખાઓ છો! ઓ આન્ટી, મેં જેમ મેડમ સ્નોના વાળ ઓળીને તેમાં ગુલાબનું ફૂલ નાખી આપેલું તેવું તમારા વાળમાં પણ કરવા દો ને. પ્લીઝ... તમે તો તેમનાથી ઘણા વધુ સુંદર દેખાશો...'

'પોલીએના! (પોલી મેડમ કડક અવાજે બોલ્યાં, ખાસ એટલા માટે કે પોલીએનાના શબ્દોએ એમને ન સમજાય એવો આનંદ આપેલો. પહેલાં ક્યારેય કોઈએ તેમના માટે કે તેમના વાળ માટે દરકાર નહોતી કરેલી, કે ન તો કોઈએ કહેલું કે પોલી મેડમ સુંદર દેખાય તે તેમને ગમશે.) 'તેં મારા પ્રશ્નનો જવાબ નથી આપ્યો. તું શા માટે મહિલા સહાયક મંડળ પાસે ગયેલી?'

'હા, આન્ટી, હું એમની પાસે ગયેલી પણ ત્યારે મને ખબર નહોતી કે આ રીત અયોગ્ય છે. એમની સાથે વાત કરી ત્યારે ખબર પડી કે તે લોકોને

તો તેમનો રિપોર્ટ મોટો થાય તેમા રસ છે, જિમીને મદદ કરવામાં નહીં. એટલા માટે મેં મારા મહિલા સહાયક મંડળનો સંપર્ક કર્યો. મને લાગ્યું કે જિમી તેમનાથી ઘણો દૂર રહે છે એટલે તેને ભારતમાં રહેતા છોકરા તરીકે મદદ કરશે. પોલી આન્ટી, તમે મને ભારતની છોકરી ગણીને મદદ કરેલી? હવે હું તમારા વાળ ઓળી દઉં આન્ટી?' પોલીએનાનો લાંબો જવાબ પૂરો થયો.

પોલી મેડમે પોતાનો હાથ ગળા પર મૂક્યો. તે જૂની અને જાણીતી લાચારી અનુભવતાં હતાં.

'પોલીએના, મને જ્યારે મહિલા સહાયક મંડળના સભ્યોએ કહ્યું કે તું આ રીતે તેમની પાસે ગયેલી ત્યારે મારે માટે બહુ શરમજનક પરિસ્થિતિ ઊભી થઈ ગઈ. હું...' પોલી મેડમ બોલ્યાં.

પોલીએના ખુશીથી ઝુમી ઊઠી. 'તમે મને તમારા વાળ ઓળવાની ના નથી પાડી! એનો અર્થ એ કે હું તમારા વાળ ઓળું એમાં તમને વાંધો નથી. આ તો પેલી જેલી જેવી વાત થઈ ગઈ. જ્યારે તમે જેલી નહોતી મોકલી અને મિસ્ટર પેન્ડલટનને કહેવાની ના પાડી હતી કે જેલી તમે નથી મોકલી. તમે અહીં જ રહેજો, હું દાંતિયો લઈ આવું...'

'પણ પોલીએના... પોલીએના...' પોલી મેડમ ખિસિયાઈને બોલ્યાં અને પોલીએના પાછળ દાદરો ચડ્યાં.

'અરે! તમે તો ઉપલા માળે આવી ગયા.' પોલી મેડમના રૂમમાંથી બહાર નીકળતાં પોલીએના બોલી. 'આ તો વધુ સારું! હું દાંતિયો લઈ આવી છું. તમે અહીં બેસી જાઓ. ઓહ, હું બહુ રાજી છું કે તમે મને તમારા વાળ ઓળવા દો છો.'

'અરે પણ પોલીએના... હું...' પોલી મેડમનું વાક્ય અધૂરું રહ્યું. તેમના આશ્ચર્ય વચ્ચે તે નાની ખુરશી પર બેઠાં અને થોડી વારમાં તેમના છુટ્ટા વાળ તેમના ખભા ઉપર પથરાયેલા હતા. દસ કોમળ આંગળીઓ તેમાં ફરતી હતી.

'ઓહ, કેવા સરસ વાળ છે તમારા.' પોલીએનાએ બોલતાં બોલતાં કામ ચાલુ રાખ્યું. 'વળી કેટલા વધારે છે. મેડમ સ્નોના વાળ તો સાવ પાંખા અને ઓછા છે. જો કે તમારે વધુ વાળ હોવા જોઈએ કારણ કે તમે સાજાં-સારાં છો અને બધે જાઓ છો જ્યાં લોકો તમને જુએ છે. મને લાગે છે કે લોકો જ્યારે તમારા વાળ જોશે ત્યારે રાજી થશે અને થોડા ચકીત પણ થશે. તમે અત્યાર સુધી આ વાળ છુપાવી રાખ્યા છે. પોલી આન્ટી, હું તમને એવાં સરસ તૈયાર કરીશ કે લોકો તમને જોઈને રાજી થશે.'

વાળોના ઝુલ્ફાં વચ્ચેથી એક દબાયેલો અવાજ આવ્યો. 'પોલીએના, મને ખબર નથી હું તને આ બધું શું કામ કરવા દઉં છું.'

'પોલી આન્ટી, હું તો એમ માનું કે જ્યારે લોકો તમને જોશે. તમે ખુશ થશો તમને સરસ વસ્તુઓ જોવી ન ગમે? મને તો સુંદર દેખાતા લોકો બહુ ગમે કારણ કે બીજા પ્રકારના જોઉં ત્યારે હું તેમની માટે દિલગીર થાઉં.' પોલીએના બોલી.

'પણ... પણ...' ફરી પોલી મેડમનું વાક્ય અધૂરું રહ્યું અને પોલીએનાની વાક્ધારા વહી નીકળી. 'મને કોઈના વાળ સજાવવા બહુ ગમે. મેં મહિલા સહાયક સભ્યોના વાળ ઓળેલા. પરંતુ એ કોઈના વાળ તમારા વાળ જેવા સરસ ન હતા. જો કે મેડમ વ્હાઈટના વાળ સારા હતા. એમાં એક દિવસ મેં તેમને એક ડ્રેસ... પોલી આન્ટી, મને એક વિચાર આવ્યો પણ તમને હમણાં નહીં કહું. તમારા વાળ લગભગ ઓળાઈ ગયા છે. હું હમણાં ગઈ અને તરત આવી. પરંતુ હું પાછી ન આવું ત્યાં સુધી તમે અહીંથી જરા પણ હલતાં નહીં કે આજુબાજુ જોતાં નહીં.. પાકું? પોલીએના રૂમની બહાર દોડી ગઈ.

પોલી મેડમ કાંઈ બોલ્યાં નહીં પણ મનમાં વિચારતાં રહ્યાં કે એમની ભાણેજે એમના વાળની જે 'સજાવટ' કરી છે તે તરત વીંખી નાખીને તેમણે જૂની ઢબે વાળ ઓળી લેવા જોઈએ.

આ પળે પોલી મેડમની નજર ડ્રેસિંગ ટેબલના અરીસામાં તેમના પ્રતિબિંબ પર પડી અને જે દૃશ્ય દેખાયું તેનાથી તેમના ગાલ ગુલાબી થઈ ગયા! તેમને એ ચહેરો દેખાયો જે ભલે જુવાન નહોતો પણ ઉત્સાહ અને આશ્ચર્યથી જીવંત હતો. ગાલ ઉપર લાલી હતી અને આંખો ચમકતી હતી. ઘાટા, કાળા વાંકડિયા વાળ કપાળ પર અને ખભા પર પથરાઈને પડેલા.

પોલી મેડમ પોતાના પ્રતિબિંબમાં એટલાં ખોવાઈ ગયેલાં કે વાળ ફરી જૂની ઢબે ઓળવાની વાત વીસરી ગયાં. પોલીએના પાછી આવી અને પોલી મેડમ ફરીને એને જુએ તે પહેલાં તેમની આંખો પર પટ્ટી બંધાઈ ગઈ!

'પોલીએના, તું આ શું કરે છે?' પોલી મેડમ બોલી ઊઠ્યાં.

પોલીએના હસીને બોલી, 'એ જ મારે તમને જણાવવું નથી, સરપ્રાઈઝ! એટલે જ મેં આ પટ્ટી બાંધી દીધી. બસ, હવે એક જ મિનિટ સ્થિર બેસજો. હલતા નહીં.'

'પણ પોલીએના, આ પટ્ટી કાઢ...' પોલી મેડમ ઊભાં થતાં બોલ્યાં. 'છોકરી, તું આ શું કરે છે?' તેમના ખભા પર એક મુલાયમ વસ્ત્ર પથરાયું તેને સ્પર્શ કરી તેમણે કહ્યું.

પોલીએના વધુ આનંદથી હસી. તે પોલી આન્ટીના ખભા પર સુંદર લેસવાળી શાલ ઓઢાડતી હતી. તેને આ શાલ એક અઠવાડિયા પહેલાં માળિયામાં મળેલી અને આજે તેને આન્ટીને સરસ તૈયાર કરવા માટે તેનો ઉપયોગ કરવાનું સૂઝયું.

પોલીએનાનું કામ લગભગ પૂરું થઈ ગયેલું પણ હજુ કાંઈક ખૂટતું લાગ્યું. તે આન્ટીને બારી પાસે દોરી ગઈ જ્યાં એક સરસ લાલ ગુલાબ હાથવેંતમાં દેખાતું હતું.

‘પોલીએના, તું મને ક્યાં લઈ જાય છે? જો, મને આવી વાતો…’

‘અરે આન્ટી, તમને બારી પાસે લઈ જાઉં છું, બસ એક જ મિનિટ.’ કહીને પોલીએનાએ બારીમાંથી હાથ લંબાવીને ગુલાબનું ફૂલ તોડયું અને પોલી મેડમના સુંવાળા વાળમાં પરોવી દીધું. ‘હવે જુઓ.’ કરીને તેણે પટ્ટી ખોલી. ‘મને લાગે છે કે તમે રાજી થશો કે મેં તમને સરસ તૈયાર કર્યાં.’

એક પળ પોલી મેડમ પોતાને નીરખી રહ્યાં. પછી તેમણે આજુબાજુ જોયું અને ‘હાય, હાય’ કરીને પોતાના રૂમમાં દોડી ગયાં. પોલીએનાએ બારીમાંથી જોયું તો એક ઘોડાગાડી દરવાજામાં દેખાઈ. તેના ચાલકને પોલીએના ઓળખી ગઈ. તેણે બારીમાંથી ડોકાઈને બૂમ પાડી: ‘ડૉ. શિલ્ટન, ડૉ. શિલ્ટન! તમે મને મળવા આવ્યા? હું અહીં છું.’

‘હા, હું તને મળવા આવ્યો છું. તું નીચે આવીશ પ્લીઝ?’ ડૉક્ટર બોલ્યા.

બેડરૂમમાં પોલી મેડમ ગુસ્સામાં પોતાને વીંટલાયેલી શાલ કાઢી રહ્યા હતા. ‘પોલીએના, તેં આવું શું કામ કર્યું? એક તો મને આમ સજાવી અને પછી બારી પાસે લઈ ગઈ કે બધા મને જોઈ શકે.’

પોલીએના મૂંઝાઈને બોલી, ‘પણ આન્ટી, તમે કેટલા સુંદર દેખાઓ છો!’

‘સુંદર? એહ..’ પોલી મેડમ શાલ ફગાવતાં અને વાળ વીંખતાં બોલ્યાં.

પોલીએના કરગરી: ‘ઓ આન્ટી, પ્લીઝ, વાળ જેવા છે તેવા રહેવા દો.’

‘આ રીતે રાખું? હરગીજ નહીં.’ કહેતાં પોલી મેડમે વાળ એવા ખેંચ્યા કે એક લટ તેમના હાથમાં આવી ગઈ.

‘ઓહ, તમે કેટલા સરસ દેખાતાં હતાં.’ પોલીએના વ્યથિત થઈને બોલી અને બેડરૂમની બહાર ગઈ.

ડૉક્ટર શિલ્ટન પોલીએનાની રાહ જોતા હતા.

‘મેં એક દર્દીને દવા તરીકે તારું નામ દીધું છે. એણે મને કહ્યું કે મારે જ આ દવા લઈ આવવી. બોલ, તું આવીશ?’ ડૉક્ટરે જણાવ્યું.

‘એટલે દવાની દુકાનેથી હું દવા લઈ આવું?’ પોલીએનાએ પૂછ્યું.

ડૉક્ટર હસીને માથું ધુણાવતા બોલ્યા, ‘એમ નહીં. મિસ્ટર જ્હોન પેન્ડલટન તને મળવા માગે છે અને તેણે મને તને લાવવા મોકલ્યો છે. તું આવીશ? હું તને છ વાગ્યા પહેલાં પાછી મૂકી જઈશ.’

‘મને ગમશે!’ પોલીએના બોલી ઊઠી. ‘હું પોલી આન્ટીને પૂછી આવું.’

થોડીવાર પોલીએના હાથમાં હેટ પકડીને ગંભીર ચહેરે આવી.

‘શું થયું? આન્ટીએ જવાની ના પાડી?’ ડૉક્ટરે પૂછ્યું.

‘હા’ પોલીએના નિરાશ થઈને બોલી. ‘એમણે કહ્યું જા, જા, જરૂર જા. વહેલી ગઈ હોત તો સારું થાત. લાગે છે અત્યારે હું ઘરમાં રહું તે એમને પસંદ નથી.’

ડૉક્ટરના હોઠ સ્મિતમાં વંકાયા પરંતુ એમની આંખો ગંભીર હતી. થોડા વખત સુધી તે કાંઈ બોલ્યા નહીં. પછી ધીમેથી પૂછ્યું, ‘હમણાં જેમને મેં બારીમાં જોયાં તે તારા આન્ટી હતાં ને?’

‘એ જ મુશ્કેલી થઈ ને!’ પોલીએના લાંબો શ્વાસ લઈને બોલી. ‘મેં એમને સરસ લેસવાળી શાલ ઓઢાડેલી, તેમના વાળ ઓળીને ગુલાબનું ફૂલ નાખેલું. તે એવા સરસ લાગતાં હતાં! તમને ન લાગ્યું કે તે સુંદર દેખાતાં હતાં?’

થોડીવાર પછી ડૉક્ટર બહુ ધીમા અવાજે બોલ્યા: ‘હા, પોલીએના... મને લાગ્યું કે તે બહુ સરસ દેખાતાં હતાં.’

‘તમને પણ લાગ્યું ને? મને ગમ્યું. હું એમને કહીશ.’ પોલીએના બોલી.

ડૉક્ટર તરત બોલી ઊઠ્યા, ‘અરે ના પોલીએના, મહેરબાની કરીને તેમને એવું ન કહીશ!’

પોલીએના નવાઈથી બોલી: ‘શા માટે નહીં ડૉક્ટર સાહેબ? મને લાગ્યું તમને ગમશે કે...’

‘પણ એમને નહીં ગમે.’ પોલીએનાની વાત કાપતાં ડૉક્ટર બોલ્યા.

પોલીએનાએ થોડો વિચાર કરીને કહ્યું. ‘સાચું, એમને કદાચ આ વાત ન ગમે. હવે મને યાદ આવ્યું. તે તમને જોઈને જ અંદર દોડી ગયેલાં. પછી કહેતાં હતાં કે આવા વેશમાં તેમને કોઈ જોઈ ગયું તે એમને જરાપણ ન ગમ્યું.’

‘મને પણ એમ લાગ્યું.’ ડૉક્ટર ફરી ધીમા અવાજે બોલ્યા.

‘પરંતુ શા માટે ન ગમે તે મને સમજાતું નથી.’ પોલીએના બોલી. ‘જ્યારે તે આટલાં સુંદર લાગે છે!’

ડૉક્ટર કાંઈ ન બોલ્યા. ઘોડાગાડી જ્યાં સુધી જ્હોન પેન્ડલટનને ઘરે ન પહોંચી ત્યાં સુધી બંને વચ્ચે મૌન છવાયેલું રહ્યું.

રહસ્યનો ઘટસ્ફોટ

આ વખતે જ્હોન પેન્ડલટને પોલીએનાનું હસીને સ્વાગત કર્યું.

'પોલીએના! મને લાગે છે કે તું ઘણી ઉદાર છે, નહીં તો આ રીતે આજે મને મળવા ન આવે.'

'કેમ મિસ્ટર પેન્ડલટન, હું તો બહુ રાજી થઈ કે હું અહીં આવી. હું શા માટે ન આવું?' પોલીએનાએ હંમેશ માફક ઉત્સાહથી જવાબ આપ્યો.

મિસ્ટર જ્હોને સમજાવ્યું, 'મેં બે વખત તારી સાથે ખરાબ રીતે વાત કરી. એક જ્યારે તું મારે માટે જેલી લાવી અને બીજું એની અગાઉ જ્યારે તેં મને મારો પગ ભાંગ્યો ત્યારે મદદ કરી. મેં એ બાબતે તારો આભાર પણ નથી માન્યો. હવે તો તું માને છે ને કે તું ઉદાર છે. હું ખરાબ રીતે વર્ત્યો છતાં તું મારી પાસે આવે છે.'

'પરંતુ હું ખુશ થઈ કે મેં તમને તમારો પગ ભાંગ્યો ત્યારે જોયા.' પોલીએનાને વાત સમજાવવામાં થોડી મૂંઝવણ થતી હતી. 'અલબત્ત, હું એમ નથી કહેતી કે કે તમારો પગ ભાંગ્યો એટલે હું રાજી થઈ.'

'તું શું કહેવા માગે છે તે હું સમજું છું. છતાં ક્યારેક તું વધારે પડતું બોલી નાખે છે ખરું?' જ્હોન બોલ્યા. 'હું સાચે જ તારો આભારી છું અને તે દિવસે તેં જે કર્યું તેને માટે માનું છું કે તું બહુ હિંમતવાળી છોકરી છે. અને હા, જેલી લાવવા માટે આભાર.'

'તમને જેલી ગમી?' પોલીએનાએ રસપૂર્વક પૂછ્યું.

'બહુ ગમી. મને લાગે છે આજે તારી પાસે જેલી નહીં હોય જે તારાં પોલી આન્ટીએ નથી મોકલી. છે તારી પાસે?' જ્હોન મર્માળું હસીને બોલ્યા.

પોલીએના મૂંઝાઈને બોલી, 'ના સાહેબ, આજે નથી, અને તે દિવસે મેં કહ્યું કે જેલી આન્ટીએ નથી મોકલી ત્યારે તમારું અપમાન કરવાનો મારો ઇરાદો ન હતો.'

જ્હોન તરફથી કાંઈ જવાબ ન મળ્યો. તે એકીટશે કોઈ દૂરની વસ્તુ જોતા હતા. થોડીવારે લાંબો શ્વાસ લઈને પોલીએના તરફ ફરીને બોલ્યા.

'મેં તને આવી વાતો કરવા નથી બોલાવી.' મિસ્ટર જ્હોન બોલ્યા. 'સાંભળ, લાઇબ્રેરીમાં, જ્યાં ફોન પડ્યો છે તે રૂમમાં, ખૂણામાં રહેલા ગ્લાસના કબાટના નાના ખાનામાં લાકડાની એક પેટી પડી છે. પેલી બુડથલ બાઈએ જો એને ફેરવી ન હોય તો. તે પેટી લઈ આવ. જરા ભારે છે પણ તું ઊંચકી શકીશ.'

'અરે હું ઘણી તાકાત ધરાવું છું.' પોલીએના બોલી અને એક મિનિટમાં તે પેટી લઈને પાછી આવી.

પછીનો અડધો કલાક પોલીએના માટે બહુ આનંદદાયક રહ્યો. પેટીમાં નાનો ખજાનો હતો. મિસ્ટર પેન્ડલટને દેશ-વિદેશની સફરો દરમ્યાન એકઠી કરેલી અનેક વસ્તુઓ હતી. દરેક વસ્તુની રસપ્રદ કહાણી હતી. પછી એ ચીનનો શતરંજનો સેટ હોય કે ભારતથી આવેલી માણેકજડીત મૂર્તિ હોય.

ભારતથી આવેલ મૂર્તિની વાત થઈ એટલે પોલીએનાએ કહ્યું, 'હું માનું છું કે જિમી બીનને ઉછેરવા કરતાં ભારતના એક ગરીબ બાળકને ઉછેરવો તે સારી વાત છે. તેને તો બસ એટલી ખબર હોય કે ભગવાન નાની ઢીંગલીમાં છે. જિમી બીનને તો ખબર છે કે ભગવાન ઉપર બેઠા છે. છતાં મને થાય છે કે તે લોકોએ ભારતના નાના છોકરાઓ સાથે જિમી બીનને પણ ઉછેરવાની વાત વિચારી હોત તો સારું થાત.'

જહોન પેન્ડલટન કાંઈ સાંભળતા ન હોય તેમ લાગ્યું. ફરી તેમની નજર સામેની કોઈ અજ્ઞાત વસ્તુ પર હતી. થોડીવાર પછી તેમણે પેટીમાંથી બીજી વસ્તુ કાઢી.

આ મુલાકાત પોલીએના માટે બહુ મજાની રહી. પરંતુ તેને એ ખ્યાલ આવ્યો કે પેટીમાંની વસ્તુઓ ઉપરાંત મિસ્ટર જહોને તેની, નેન્સીની, પોલી આન્ટીની અને તેની રોજની પ્રવૃત્તિની વાતો કરતા હતા. એ લોકોએ પોલીએના પોલી મેડમ પાસે રહેવા આવી તે પહેલા ક્યાં અને કોની સાથે રહેતી હતી તેની પણ વાતો કરી.

પોલીએનાને જવાનો સમય થયો ત્યારે જહોન નવાઈ લાગે તેવા માયાળુ સ્વરમાં બોલ્યા, 'બેટા, તું અહીં મને મળવા આવ્યા કરીશ તો મને ગમશે, આવીશ ને? હું અહીં એકલો રહું છું અને તું આવે છે તે ગમે છે. એક બીજું પણ કારણ છે. તારી ઓળખાણ થઈ પછી મેં એમ વિચારેલું કે તને બીજી વાર ક્યારેય નહીં મળું. તું મને એ વાતની યાદ કરાવે છે જે હું વર્ષોથી ભૂલવા પ્રયત્ન કરું છું. એટલે મેં નક્કી કરેલું કે તને મારે ફરીવાર નથી મળવું. ડૉક્ટર દરરોજ મને કહેતા કે તે તને લઈ આવશે પરંતુ હું ના પાડતો. પછી તો એવું થયું કે મેં તને ન મળવાનું નક્કી કર્યું પરંતુ તેને કારણે હું જે વાત ભૂલવા માગતો હતો તેની યાદ તીવ્ર બનતી ગઈ. એટલા માટે તું અહીં આવે તેવી મારી ઇચ્છા છે. તું આવીશ ને?' મિસ્ટર જહોન બોલ્યા.

'અલબત્ત હું આવીશ.' પોલીએનાના અવાજમાં દર્દથી પીડાતા માણસ માટે સહાનુભૂતિ હતી. 'મને આવવું ગમશે.'

'ધન્યવાદ.' જહોને કહ્યું.

તે રાતે જમ્યા પછી પોલીએનાએ નેન્સીને મિસ્ટર જહોનની કોતરણી વાળી પેટી અને તેમાં રહેલી વસ્તુઓની વાત કરી.

'એમણે તમને એ બધી વસ્તુઓ બતાવી!' નેન્સીનું આશ્ચર્ય દેખાયું. 'એ તો ભારે અતડા છે. કોઈ સાથે વાત નથી કરતા.'

'નેન્સી, એ અતડા લાગે છે પણ છે નહીં.' પોલીએના જ્હોનનો પક્ષ લેતાં બોલી. 'મને સમજાતું નથી બધા એમને ખરાબ કેમ માને છે. એમને એકવાર જાણી જાય તો આવું ન વિચારે. પોલી આન્ટીને પણ તે બહુ ગમતા નથી. ખબર છે તે એમને જેલી મોકલવા નહોતા માગતા. વળી તેમણે મોકલી છે તેમ જણાવવા નહોતા માગતા.'

નેન્સીએ કહ્યું, 'એ તો ખબર નહીં કે મેડમ એમને માટે શું વિચારે છે પણ મને એ વાતની બહુ નવાઈ લાગે છે કે મિસ્ટર જ્હોન તમારી સાથે આટલી સારી રીતે વાતો કરે છે. ખોટું ન લગાડશો પણ એ એવા નથી જે છોકરાઓ સાથે સારી રીતે વાત કરે.'

પોલીએનાએ આનંદથી હસીને કહ્યું, 'પણ તેમણે મારી સાથે તો સારી રીતે વાત કરી. મને લાગે છે તે બધો સમય સારી રીતે વાત કરવા નહોતા માગતા. જો ને આજે જ એમણે કહ્યું કે એક વખત એવો હતો જ્યારે તે મારી સાથે વાત કરવા નહોતા માંગતા. મને જોઈને એમને કાંઈક એવું યાદ આવતું હતું જેને એ ભૂલવા માગતા હતા. પરંતુ પછીથી...'

નેન્સીએ વાત અટકાવીને કહ્યું, 'શું? એમણે એમ કહ્યું કે તમને જોઈને એમને એ વસ્તુની યાદ આવે છે જે તે ભૂલવા માગે છે?'

'હા, પરંતુ પછીથી...' પોલીએનાનો જવાબ ફરીથી અધૂરો રહ્યો. નેન્સી ઉત્તેજિત થતા બોલી, 'તમને જોઈને એમને શું યાદ આવે છે?'

'એમણે એ કહ્યું નહીં. ફક્ત એટલું બોલ્યા કે કાંઈક યાદ આવે છે.' પોલીએનાએ ચોખવટ કરી.

'આ જ પેલું રહસ્ય છે!' નેન્સીએ જટિલ કોયડો ઉકેલ્યો હોય તે રીતે બોલી. 'એટલે જ એમણે તમને પસંદ કર્યા. પોલીએના, આ તો પેલી ચોપડીઓમાં હોય છે તેવી વાત છે. મેં ઘણી ચોપડીઓ વાંચી છે જેવી કે શ્રીમતી મેગીનું રહસ્ય, ગુમશુદા વારસ, વર્ષો સુધી એકાંત, વગેરે.. દરેકમાં કાંઈક ને કાંઈક રહસ્ય હતું. આ તો સામે જીવતી જાગતી ચોપડી પડી છે અને મને ખબર પડી! પોલીએના, હવે મને બધી વાત વિગતે કરો પ્લીઝ.'

પોલીએનાએ જણાવ્યું, 'શરૂઆતમાં એમણે મને પસંદ નહોતી કરી. મેં પહેલાં એમની સાથે વાત કરી. એમને તો ખબર પણ ન હતી કે હું કોણ છું. હું તેમને માટે જેલી લઈ ગઈ અને જણાવ્યું કે આ જેલી પોલી આન્ટીએ નથી મોકલી ત્યારે એમને...'

નેન્સી ઊભી થઈ ગઈ અને તાળીઓ પાડી ઊઠી, 'પોલીએના, મને ખબર પડી ગઈ, ખબર પડી ગઈ.' બીજી પળે પોલીએનાની પાસે બેસીને નેન્સી બોલી. 'હું પૂછું તેના સાચા જવાબ બરાબર યાદ કરીને આપજો.

એમણે તમે પોલી મેડમના ભાણેજ છો તે જાણ્યા પછી કહ્યું ને કે એ તમને ક્યારેય મળવા નથી માગતા? ખરું કે નહીં?'

'હા, એમણે મને એવી વાત કરેલી.'

'મને હતું જ!' નેન્સી બોલી. 'પોલી મેડમ પોતે જેલી મોકલવા નહોતા માગતા ને?'

'ના.'

'અને તમે મિસ્ટર જ્હોનને એમ કહ્યું કે એમણે નહોતી મોકલી.'

'હા મેં એમને...' પોલીએનાએ જવાબ આપ્યો.

નેન્સી બોલી, 'અને તેમનું વર્તન વિચિત્ર થઈ ગયું, તેમને ખબર પડી કે તમે પોલી મેડમના ભાણેજ છો એટલે તે સહેજ ડઘાઈ ગયા, ખરું કે નહીં?'

પોલીએનાએ વિચાર કરતાં કહ્યું, 'હા, એમનું વર્તન જરા વિચિત્ર લાગેલું ખાસ કરીને જેલી માટે.'

નેન્સી ઊંડો શ્વાસ લઈને વિશ્વાસપૂર્વક બોલી, 'હવે મને ખાતરી છે કે મિસ્ટર જ્હોન પેન્ડલટન મેડમ પોલીના પ્રેમી હતા!' આટલું કહી તેણે પાછળ જોઈ લીધું.

પોલીએનાએ વિરોધના સૂરમાં કહ્યું, 'નેન્સી, એ શક્ય નથી. પોલી આન્ટીને તો એ નથી ગમતા.'

નેન્સી મોઢું બગાડતાં બોલી, 'એ જ તો મોકાણ છે ને!' પોલીએનાનું અચરજ જોઈને તેણે વિગતે કથા કહી. 'એમાં એવું છે ને કે તમે આવ્યાં તે પહેલાં મને ટોમકાકાએ કહેલું કે પોલી મેડમને એક જમાનામાં કોઈ પ્રેમ કરતું હતું. હું તો માનવા તૈયાર નહોતી. એ અને પ્રેમી? પરંતુ ટોમકાકાએ જણાવ્યું કે મેડમને પ્રેમી હતો જે આ નગરમાં જ રહે છે. હવે મને ખબર પડી કે તે પ્રેમી જ્હોન પેન્ડલટન છે. તેમના જીવનમાં કંઈક રહસ્ય છે, ખરું કે નહીં? તેમણે પોતાની જાતને તેમના એકદંડિયા મહેલમાં કેદ નહોતી કરી દીધી?

તે કોઈની સાથે વાત પણ નહોતા કરતા. જ્યારે તેમને ખબર પડી કે તમે મેડમના ભાણેજ છો ત્યારે તેમનું વર્તન વિચિત્ર નહોતું થઈ ગયું? હવે તેમણે કહ્યું ને કે તમને જોઈને તેમને કોઈ એવી વસ્તુ યાદ આવે છે જેને તે ભૂલવા માગે છે? આ બધાથી એ વાત સાફ દેખાય છે કે જ્હોન પેન્ડલટન જ મેડમ પોલીના પ્રેમી છે.'

'ઓહ' પોલીએના આંખો પહોળી કરીને બોલી. 'પરંતુ મને લાગે છે કે તે બંને એકબીજાંને પ્રેમ કરતા હોય તો તેમણે સમાધાન કરી લેવું જોઈએ.

બંને આટલા વર્ષોથી સાવ એકલાં રહે છે. મને લાગે છે કે સમાધાન કરીને તેઓ રાજી થશે.'

નેન્સીએ છણકો કરીને કહ્યું, 'લાગે છે તમને પ્રેમીઓ વિશે બહુ ખબર નથી. તમે હજુ નાનાં છો. પરંતુ એક વાત નક્કી. તમારી 'રાજી થવાની રમત' ઝઘડો કરીને છૂટા પડેલાં બે પ્રેમીઓને જરાપણ માફક ન આવે. આ બંને એવા જ છે. મિસ્ટર જ્હોન કેવા અતડા છે અને આપણા મેડમ...'

નેન્સી અચાનક અટકી ગઈ. તેને યાદ આવ્યું કે તે કોના વિશે બોલતી હતી.

અચાનક હળવું હસીને બોલી, 'તમે એ બંનેને 'રાજી થવાની રમત' રમવા માટે પ્રેરી શકો તો બહુ સારું થાય. લોકો તો જોઈ જ રહે હોં! પોલી મેડમ અને જ્હોન પેન્ડલટન! જો કે મને લાગતું નથી કે આ શક્ય છે.'

પોલીએના કાંઈ બોલી નહીં. થોડીવાર પછી તે વિચારમગ્ન થઈ ઘરમાં ગઈ.

નાનું મેઘધનુષ

ઑગસ્ટ મહિનાના દિવસો પસાર થતા ગયા. પોલીએના ઘણી વાર પેન્ડલટન ટેકરી પરના ઘરે જતી. તેને એમ લાગ્યા કરતું કે તેની મુલાકાતો બહુ સફળ નથી થતી. એવું નહોતું કે મિસ્ટર જ્હોન તેને પસંદ નહોતા કરતા. તે એને સામેથી બોલાવતા. પરંતુ એ જ્યારે ત્યાં જતી ત્યારે એ બહુ ખુશ થતા હોય તેવું નહોતું લાગતું.

એ તેની સાથે વાત જરૂર કરતા. નવી ચોપડીઓ, ચિત્રો, વસ્તુઓ બતાવતા. પરંતુ પોતાની લાચાર અવસ્થા માટે બહુ અણગમો વ્યક્ત કરતા. તેમના ઘરમાં રહી તેમની ઉપર 'હુકમ ચલાવનાર' લોકો પ્રત્યે તેમને ભારોભાર ચીડ હતી. તેમને પોલીએનાની વાતો સાંભળવી ગમતી અને પોલીએનાને વાતો કરવાનો શોખ હતો. પરંતુ પોલીએનાને ભય રહેતો કે વાત દરમ્યાન અચાનક તેઓ ઉદાસ થઈને સામે જોઈ રહેશે.

પછી તે વિચારમાં પડતી કે એની કઈ વાતથી મિસ્ટર જ્હોન આમ ઉદાસ થતા હશે.

તે એમને 'રાજી થવાની રમત' શીખવવા માગતી હતી, પણ મોકો નહોતો મળતો. તેણે બે વખત આ રમત વિશે કહેવાનો પ્રયત્ન કર્યો પણ બંને વખતે પોલીએના તેના પપ્પાની વાત સુધી પહોંચી ત્યારે મિસ્ટર જ્હોને વાત બીજા વિષય પર વાળી દીધેલી.

પોલીએનાને પાકો વિશ્વાસ હતો કે એક જમાનામાં જ્હોન પેન્ડલટન પોલી આન્ટીના પ્રેમી હતા. તે તેના દિલથી ચાહતી હતી કે તે પોતે કાંઈ કરી શકે જેને કારણે આ બંને પ્રેમીઓના એકાંત જીવનમાં આનંદ આવે.

આ કઈ રીતે કરવું તેનો પોલીએનાને ખ્યાલ નહોતો આવતો. તે જ્હોન પેન્ડલટનને પોલી આન્ટીની વાત કરતી ત્યારે તે સાંભળી લેતા, ક્યારેક આછું હસતા તો ક્યારેક થોડી ચીડ દેખાડતા. તે જ્યારે પોલી આન્ટીને મિસ્ટર જ્હોન વિશે કાંઈ કહેવા જતી ત્યારે આન્ટી તેની વાતને અવગણી. વાત બીજે પાટે ચડાવી દેતા. જો કે આવું તેઓ ડૉક્ટર શિલ્ટનની વાત હોય ત્યારે પણ કરતા. આવું થાય ત્યારે પોલીએના વિચારતી કે ડૉ. શિલ્ટને પોલી આન્ટીને શાલ ઓઢેલા અને ગુલાબનું ફૂલ નાખેલાં જોઈ લીધા હતા એટલે આન્ટી તેમના પર ગુસ્સે હશે. પોલી આન્ટી ડૉ. શિલ્ટન પર વધુ ચિડાયેલા તે વાતની ખબર પોલીએનાને ત્યારે પડી જ્યારે તેને શરદી થઈ હતી.

'કાલ સુધી તને સારું નહીં થાય તો હું ડૉક્ટરને બોલાવીશ.' આન્ટીએ કહ્યું.

‘સાચે જ! તો તો હું બીમાર જ રહીશ. મને ડૉ. શિલ્ટન અહીં આવે તે બહુ ગમે.’ પોલીએના ઉત્સાહથી બોલી.

પોલીએના આન્ટીના ચહેરાના બદલાતા ભાવો જોઈ રહી. ‘પોલીએના, હું ડૉક્ટર શિલ્ટનને નહીં બોલાવું. તે આપણા ફેમિલી ડૉક્ટર નથી. તને ઠીક નહીં થાય તો હું ડૉક્ટર વોરેનને બોલાવીશ.’

પોલીએના સાજી થઈ ગઈ એટલે ડૉક્ટર વોરેનને બોલાવવાનું બંધ રહ્યું.

‘હું રાજી થઈ કે ડૉક્ટર વોરેનને બોલાવવા ન પડચા.’ પોલીએનાએ તે દિવસે સાંજે પોલી મેડમને કહ્યું. ‘મને ડૉ. વોરેન ગમે છે પણ ડૉ. શિલ્ટન વધુ ગમે છે. જો તેમને ન બોલાવ્યા હોત તો તેમને ખોટું લાગત. આન્ટી, એ એમનો વાંક તો નથી ને કે તે દિવસે તમે સરસ તૈયાર થઈને બેઠાં હતાં ત્યારે તે આવ્યાં અને તેમણે તમને જોઈ લીધાં.

‘બસ, પોલીએના, રહેવા દે, મારે ડૉ. શિલ્ટન વિશે વાત નથી કરવી.’ પોલી મેડમે પોતાનો નિર્ણય સંભળાવ્યો.

પોલીએના પોલી મેડમને જોઈ રહી અને થોડીવારે બોલી, ‘આન્ટી, તમારા ગાલ ગુલાબી થઈ જાય છે ત્યારે તમારો ચહેરો બહુ સારો લાગતો હોય છે. હા, લાવો તમારા વાળ ઓળી આપું... અરે પોલી આન્ટી..’ પણ આન્ટી તો ઝડપથી હૉલ પસાર કરીને દૂર ચાલ્યા ગયાં હતાં.

ઑગસ્ટ મહિનાના અંતમાં પોલીએના એક સવારે મિસ્ટર પેન્ડલટનને ઘરે ગઈ ત્યારે તેમના ઓશીકા ઉપર ભૂરા, સોનેરી, લીલા, લાલ, કથ્થાઈ રંગોની પથરાયેલી રંગોળી જોઈને આનંદવિભોર થઈ ઊઠી.

‘અરે મિસ્ટર પેન્ડલટન! જુઓ આ નાનું મેઘધનુષ! તમારે ત્યાં રમવા આવ્યું છે.’ ધીમેથી તાળીઓ પાડતાં બોલી, ‘વાહ, વાહ, વાહ કેવું સુંદર છે! પરંતુ એ અંદર ક્યાંથી આવ્યું?’

જ્હોન આજે સારા મૂડમાં નહોતા. મોઢું બગાડીને બોલ્યા, ‘લાગે છે સૂરજનાં કિરણો બારી પર રાખેલા થર્મોમીટરના કાચમાંથી આવે છે એટલે આ મેઘધનુષ આવી ગયું. સામાન્ય રીતે સૂર્યકિરણો સીધા થર્મોમીટર પર ન પડવાં જોઈએ પણ આજે પડે છે.

‘કેટલું સરસ લાગે છે! આ સૂર્યને કારણે થાય છે? મારું ચાલે તો હું આખો દિવસ થર્મોમીટરને સૂર્ય સામે રાખું.’ પોલીએનાનો આનંદ માતો ન હતો.

‘પછી થર્મોમીટરનું શું કામ રહે? થર્મોમીટર આખો દિવસ તાપમાં રહે તો કેટલી ગરમી કે ઠંડી છે તે કેવી રીતે બતાવી શકે?’ જ્હોન હસીને બોલ્યા.

'એની કોને પડી હોય?' પોલીએનાની આંખો ઓશીકા પર પથરાયેલા રંગો પર જડાયેલી હતી. 'આવા સરસ મેઘધનુષમાં રહેવાનું મળે તો કેટલી ગરમી કે કેટલી ઠંડી છે તેની કોને પરવા હોય?'

જ્હોન હસ્યા. તે તલ્લીન થયેલી પોલીએનાને જોઈ રહ્યા. અચાનક તેમને કાંઈ વિચાર આવ્યો અને તેમણે ઘંટડીની દોરી ખેંચી. વયસ્ક આયા રૂમમાં આવ્યાં ત્યારે જ્હોને સૂચના આપી, 'નોરા, આગળના બેઠકખંડમાંથી પિત્તળનું મોટી મીણબત્તીનું સ્ટૅન્ડ લઈ આવ.'

'જી સર' નોરાએ જવાબ આપ્યો. થોડીવારમાં તે મીણબત્તીનું સ્ટેન્ડ લઈ પાછી આવી. સાથે જ નાની ઘંટડી વાગતી હોય તેવો અવાજ સંભળાયો. આ અવાજ મીણબત્તીના સ્ટૅન્ડમાં લટકાવેલા પ્રિઝમમાંથી આવતો હતો.

જ્હોન બોલ્યા, 'થેંક્યુ. તેને આ સ્ટૅન્ડ પર મૂક. હવે આ બારીનો પડદો ઉતારીને તેની બારસાખમાં એક છેડેથી બીજે છેડે હુકમાં એક દોરી બાંધ. બસ, બહુ સરસ.' નોરાએ સૂચન મુજબ કામ કર્યું અને રૂમની બહાર ગઈ.

જ્હોન હસતી આંખોએ પોલીએના તરફ વળ્યા અને કહ્યું, 'પોલીએના, મને પેલું મીણબત્તીનું સ્ટૅન્ડ આપ.' પોલીએના એ લાવી એટલે જ્હોને તેની ઉપર રહેલા બધા કાચ એક પછી એક છૂટા કરી પલંગ પર મૂક્યા.

'હવે આ બધા કાચ લે અને બારી પર જે દોરી લગાડેલી છે ત્યાં હારબંધ ટાંગી દે. તને મેઘધનુષ બહુ ગમે છે ને? તો તારે માટે અહીં મેઘધનુષ લાવવું જ પડે ને?'

પોલીએનાએ ત્રણ પ્રિઝમ કાચ ટાંગ્યા. ત્યાં તેની અસર તેને દેખાઈ. તે એટલી બધી ઉત્તેજિત થઈ ગઈ કે બાકીના પ્રિઝમ લગાડતાં તેને વધુ વાર લાગી, તેના હાથ કંપતા હતા!

બધા કાચ લાગી ગયા અને તે આનંદનો ઉદ્‌ગાર કરી ઊઠી.

જે બેડરૂમ પહેલાં સાવ શુષ્ક દેખાતો હતો તે હવે અનેક રંગોથી છલકાતા પરીઓના દેશ જેવો દેખાતો હતો. બધે લાલ અને લીલા, વાદળી અને કેસરી, સોનેરી અને ભૂરા રંગ છવાયા હતા. દીવાલ, ફર્શ, ફર્નિચર, પલંગ સુધ્ધાં રંગસાગરમાં ડૂબેલાં હતાં.

'ઓહ... કેવું સરસ લાગે છે!' પોલીએના આનંદવિભોર થઈને બોલી.

'લાગે છે સૂરજદાદા પણ રાજી થવાની રમત રમે છે, ખરું?' તેને એ યાદ ન રહ્યું કે મિસ્ટર પેન્ડલટન આ 'રાજી થવાની રમત' વિશે અજાણ હતા. 'આ હા... મારી પાસે જો આવા કાચ હોય તો કેવું સારું! હું પોલી આન્ટીને, મેડમ સ્નોને અને બીજા ઘણાને આ આપું. લાગે છે તે લોકો બધા

જરૂર રાજી થાય. અરે મને લાગે છે કે પોલી આન્ટી આવા રંગથી ભરપૂર ઘરમાં રહેતાં હોય તો બારણા પછાડયાં વિના ન રહે, તમને શું લાગે છે?'

મિસ્ટર જ્હોને હસીને કહ્યું, 'હું તારા આન્ટીને જે રીતે જાણું છું તેથી એમ માનું કે તે રાજી થઈને બારણાં પછાડે તેને માટે આવા કાચ કરતાં ઘણું વધારે જોઈએ. પરંતુ તું કહેવા શું માગે છે?'

પોલીએના બોલી, 'ઓહ, હું ભૂલી ગઈ. મેં તમને આ રમત વિશે વાત નથી કરી. મને અત્યારે યાદ આવ્યું.'

'ઠીક છે તો અત્યારે વાત કર.' મિસ્ટર જ્હોને કહ્યું.

પોલીએનાએ રાજી થવાની રમત વિશે વિગતે વાત કરી. સાવ શરૂઆતથી, જ્યારે ઢીંગલીને બદલે ટેકણલાકડીઓ આવેલી. આ વાત કરતી વખતે પણ પોલીએનાની નજર તો રૂમમાં રહેલા રંગબેરંગી આકારો પર જ હતી. 'બસ, આ રમતની આટલી વાત છે.' પોલીએનાએ વાત પૂરી કરતાં કહ્યું, 'એટલા માટે જ મેં કહ્યું કે સૂરજદાદા આ રમત રમતા હોય તેવું લાગે છે.'

થોડીવાર શાંતિ છવાઈ. પછી પલંગમાંથી અવાજ આવ્યો, 'એ વાત સાચી કે પ્રિઝમને કારણે સુંદર રંગો ઊભરી આવે છે પણ સૌમાં સારો પ્રિઝમ તું છે પોલીએના!'

'પણ મારામાંથી સૂર્યનો પ્રકાશ પસાર થાય છે ત્યારે હું અવનવા રંગો નથી બતાવી શકતી.' પોલીએનાએ દલીલ કરી.

'તું અવનવા રંગો નથી બતાવતી?' જ્હોન બોલ્યા. પોલીએનાએ તેમની સામે જોયું. તેને સમજાયું નહીં કે મિસ્ટર જ્હોનની આંખો ભીની કેમ હતી.

'ના' પોલીએનાએ કહ્યું. થોડીવાર પછી શોકમગ્ન રીતે બોલી. 'સૂર્યનો પ્રકાશ મારામાંથી પસાર થાય છે ત્યારે ફક્ત મારા મોઢા પર કાળા ડાઘા મૂકી જાય છે. પોલી આન્ટી કહે છે કે એ સૂર્યને કારણે જ થાય છે.'

જ્હોન થોડું હસ્યા. પોલીએનાએ તેમાં રુદનની છાંટ અનુભવી.

આશ્ચર્ય

પોલીએના સપ્ટેમ્બરમાં નિશાળે જવા લાગી. થોડા જ વખતમાં જણાયું કે તે ઊપલી કક્ષાના વિદ્યાર્થીઓ સાથે ભણવા સક્ષમ હતી. આથી તેને તેની ઉંમરના વિદ્યાર્થીઓ સાથે ભણવા મૂકી.

પોલીએના માટે નિશાળ થોડી આશ્ચર્ય બની રહી. અલબત્ત નિશાળ માટે પોલીએના મોટું આશ્ચર્ય બની રહી! તેને પહેલા શંકા હતી કે નિશાળે જવાની મજા આવશે કે નહીં. પરંતુ થોડા વખતમાં જ તેને શાળા ખૂબ ગમવા લાગી અને તેણે પોલી આન્ટીને જણાવ્યું કે નિશાળે જવું એના માટે પ્રસન્નતા અને ખુશી મેળવવા જેવું કામ હતું.

નવી પ્રવૃત્તિમાં પરોવાયા બાદ પણ પોલીએના જૂના મિત્રોને નહોતી ભૂલી. તે હવે પહેલાં જેટલો સમય તેમની સાથે નહોતી વિતાવી શકતી. કદાચ આને કારણે જ્હોન પેન્ડલટન સૌથી વધુ અસંતુષ્ટ હતા. એક શનિવારે બપોરે તેમણે પૂછ્યું, ‘પોલીએના, તું તો હમણાં દેખાતી જ નથી. તને અહીં મારી સાથે રહેવાનું ગમે કે નહીં?’

‘હું માનું છું કે તમને બહુ ભીડ ગમતી નથી.’ પોલીએનાએ કહ્યું.

‘એ તો બહુ જૂની વાત થઈ. તેં જ્યારથી મને રાજી થવાની રમત શિખવાડી છે ત્યારેથી મને લોકો ગમવા લાગ્યા છે. હવે બધા મારું ધ્યાન રાખે છે. મારી સંભાળ રાખે છે તે મને ગમે છે. ઠીક છે. હું થોડા દિવસમાં જ સાજો થઈ જઈશ. ચાલવા લાગીશ. પછી જોજે શું થાય છે!’ તેમણે પોતાની ટેકણલાકડી મજાકમાં પોલીએના સામે ઉગામી. તે બંને લાઈબ્રેરીમાં બેઠા હતા.

‘પણ તમે હજુ બધી બાબત માટે રાજી નથી થતા.’ પોલીએના બોલી. તેની નજર સગડી પાસે સૂતેલા નાના કૂતરા પર હતી. ‘તમે હજુ રમત સારી રીતે નથી રમતા.’

જ્હોનનો ચહેરો ગંભીર થઈ ગયો. ‘એટલા માટે જ કહું છું કે અહીં આવીને મારી સાથે રહે. મને રમતાં શીખવાડ. બોલ, આવીશ?’

‘મિસ્ટર પેન્ડલટન, તમે સાચે જ મને અહીં આવીને રહેવાનું કહો છો?’

‘હાસ્તો. બોલ, તું આવીશ?’ જ્હોને વાત દોહરાવી.

‘પણ હું ન આવી શકું. મારે આવવું હોય તોપણ કઈ રીતે આવું? હું તો પોલી આન્ટી સાથે રહું છું.’ પોલીએનાએ જવાબ આપ્યો.

જ્હોનના ચહેરા પર ભાવ બદલાયા. તે બોલી ઊઠ્યા, ‘તું જેટલી તેમની છો તેટલી જ મારી...’ પછી હળવા સાદે બોલ્યા, ‘જો તારાં આન્ટી આવવા દે તો તું □□વે?’

પોલીએના ઊંડા વિચારમાં ડૂબી ગઈ. ‘પરંતુ પોલી આન્ટી બહુ સારા છે. તેમણે મને ત્યારે રાખી જ્યારે મહિલા સહાયક મંડળ સિવાય મારું કોઈ ન હતું’.

ફરીવાર ન સમજાય એવા ભાવ જ્હોનના ચહેરા પર આવ્યા. પછી બહુ ધીમા અવાજે તેમણે વાત કરી ‘પોલીએના, બહુ વર્ષો પહેલાં હું કોઈને પ્રેમ કરતો હતો. હું તેને આ ઘરમાં લાવવા ઇચ્છતો હતો. મેં વિચારેલું કે અમે બંને સાથે રહીને કેટલાં સુખી થશું!’

‘પછી…’ પોલીએનાએ હોંકારો ભણ્યો.

‘પરંતુ એને હું આ ઘરમાં ન લાવી શક્યો. શા માટે ન લાવી શક્યો તેની ચર્ચા વ્યર્થ છે. બસ, ન લાવી શક્યો. ત્યારથી આ મકાન મકાન જ રહ્યું છે, ઘર નથી બન્યું.

ઘર બનાવવા માટે સ્ત્રીનું હૈયું અને હાથ તથા બાળકની હાજરી જોઈએ. મારી પાસે એ બેમાંથી કાંઈ નથી. બોલ બેટા, તું અહીં આવીને રહીશ?’

પોલીએના ઊભી થઈને ઉત્તેજીત અવાજમાં બોલવા લાગી. ‘મિસ્ટર જ્હોન, તમે એવું ઇચ્છો છો કે એ સ્ત્રીના હાથ અને હૈયું [illegible] તમારી સાથે હોય?’

‘હા, પોલીએના.’ જ્હોને જવાબ આપ્યો.

‘તો તો બધું થઈ જશે.’ પોલીએનાએ કહ્યું. ‘તમે અમને બંનેને રાખી લો. બધું બરાબર થઈ જશે.’

‘તમને બંનેને?’ જ્હોન સમજ્યા ન હોય તેમ બોલ્યા.

પોલીએનાએ થોડું અટકીને કહ્યું, ‘અલબત્ત, પોલી આન્ટીને મનાવવાં પડે. તમે જે રીતે મને વાત કરી તે રીતે એમને કહો તો માની જશે. પછી અમે બંને આવી જઈશું.’

મિસ્ટર જ્હોન ડઘાઈને બોલ્યા, ‘પોલી આન્ટી, અહીં આવીને રહેશે?’

પોલીએના આશ્ચર્યથી આંખો ફાડીને બોલી, ‘તો શું તમે તેમને ઘરે જશો? તેમનું ઘર એટલું સરસ નથી, જેટલું….’

‘પોલીએના, તું શું વાત કરી રહી છે?’

‘અલબત્ત, અમે લોકો ક્યાં રહેવા જશું તેની વાત કરું છું.’ પોલીએનાએ જવાબ આપતાં કહ્યું. ‘હું સમજી કે તમે અમને અહીંયાં રહેવા બોલાવો છો. તમે એવી ઇચ્છા રાખેલી કે પોલી આન્ટીનાં હાથ અને હૈયું આ મકાનને ઘર બનાવે…’

જ્હોનના મોઢામાંથી ન સમજાય તેવી ચીસ નીકળી અને તેમણે હાથ ઊંચો કરીને કાંઈક બોલવાનું શરૂ કર્યું. બીજી પળે તે હાથ સુસ્ત થઈ તેની જગ્યાએ પાછો ફર્યો.

આયાએ બારણામાં આવીને કહ્યું, 'ડૉક્ટર સાહેબ આવ્યા છે, સર.'

પોલીએના ઊભી થઈ ગઈ. જ્હોન તેને આજીજી કરતા બોલ્યા, 'પોલીએના, મેં જે કાંઈ કહ્યું તે વિશે ડૉક્ટરની હાજરીમાં ન બોલીશ.'

'અલબત્ત નહીં કહું.' પોલીએના બહાર જતાં સ્મિત કરતાં બોલી. 'મને ખબર છે આ વાત તમારે આન્ટીને જાતે કહેવી છે!'

જ્હોન થાકેલા હોય તેમ ખુરશીમાં પાછા ઢળી પડ્યા. ડૉક્ટરે આવીને નાડ હાથમાં લેતાં પૂછ્યું, 'શું ચાલે છે?'

જ્હોન મર્માળુ હસીને બોલ્યા, 'આ તમારું 'ટોનિક' વધુ પડતું લેવાઈ ગયું હોય તેમ લાગે છે.' તેમણે જોયું કે ડૉક્ટરની નજર બહાર નીકળતી પોલીએના પર હતી.

વધુ આશ્ચર્ય

દર રવિવારે પોલીએના ચર્ચ જતી અને પછી રવિવારની શાળામાં જતી. રવિવારે બપોરે તે નેન્સી સાથે ફરવા જતી. જે શનિવારે તે મિસ્ટર પેન્ડલટનના ઘરે ગયેલી તે પછીના દિવસે બપોરે નેન્સી સાથે ફરવા જવાનું નક્કી કરેલું, પરંતુ રવિવારની શાળામાંથી ઘરે પાછી આવતી હતી ત્યારે ડૉક્ટર શિલ્ટન મળી ગયા. તેમણે ઘોડાગાડી પોલીએના પાસે ઊભી રાખી.

'ચાલ, હું તને ઘર સુધી મૂકી જાઉં. મારે તારી સાથે વાત કરવી છે.' ડૉક્ટરે જણાવ્યું. પોલીએના એમની પાસે બેઠી અને વાત આગળ ચાલી. 'આ વાત કહેવા હું તારા ઘરે આવવાનો હતો. મિસ્ટર જ્હોન પેન્ડલટનની ઇચ્છા છે કે તું આજે બપોરે એમના ઘરે જઈ એમને મળે. તેમને તારું અગત્યનું કામ છે.'

પોલીએના રાજી થઈને હા પાડતાં બોલી, 'હા, હું જઈશ. મને ખબર છે તેમને શું કામ છે.'

ડૉક્ટર તેને નવાઈપૂર્વક જોઈ રહ્યા. 'પણ હું તને એમને મળવાની ના પાડું તો? કાલે તેં એમને ખુશ કરવાને બદલે હેરાન કરી નાખ્યા.'

'મેં નહીં.' પોલીએના હસીને બોલી, 'પોલી આન્ટીએ હેરાન કર્યા!'

ડૉક્ટર આશ્ચર્યથી બોલ્યા, 'તારા પોલી આન્ટીએ જ્હોનને હેરાન કર્યા?'

પોલીએના સીટ પર નાનો ઠેકડો મારીને બોલી, 'એ વાત એવી સરસ છે. અદ્દલ વાર્તા જેવી. હું તમને નિરાંતે કહું.' પોલીએનાએ કહ્યું, 'એમણે આ વાત પોલી આન્ટીને કહેવાની ના પાડી છે, પરંતુ તમને કહીશ તેનો વાંધો નહીં લે.'

'આન્ટીને આ વાત કરવાની ના પાડી છે?' ડૉક્ટરે પૂછ્યું.

'હા, તેનું કારણ એ કે તે પોતે આ વાત પોલી આન્ટીને કહેવા માગે છે. પ્રેમીઓ ખરાંને!' પોલીએનાએ 'સમજાવતાં' કહ્યું.

'પ્રેમીઓ!' ડૉક્ટર લગભગ ચીસ પાડીને બોલ્યા. તેમણે લગામ પકડી હતી તે હાથ એવી રીતે ધ્રૂજ્યો કે ઘોડો ભડક્યો.

'હા' પોલીએના ખુશ થતાં બોલી, 'એ જ વાત છે. મને નેન્સીએ જણાવ્યું ત્યારે ખબર પડી. તેણે કીધું કે વર્ષો પહેલાં પોલી આન્ટી કોઈને પ્રેમ કરતાં હતાં. પછી ઝઘડો થયો એટલે બંને છૂટાં પડી ગયાં. નેન્સીને ખબર નહોતી કે એ પ્રેમી કોણ છે પણ હવે અમે એ શોધી કાઢ્યું છે. તે મિસ્ટર પેન્ડલટન છે.'

ડૉક્ટર સ્વસ્થ થઈને બોલ્યા, 'મને ખબર નહોતી.'

પોલીએના ઉતાવળે બોલ્યે જતી હતી. હવે ઘર પાસે આવી રહ્યું હતું.

'હું બહુ રાજી છું કે હવે બધું બરાબર થઈ રહ્યું છે. મિસ્ટર પેન્ડલટને મને તેમની સાથે રહેવાનું કહ્યું. પરંતુ હું પોલી આન્ટીને કેવી રીતે છોડું? તેમણે મારા માટે કેટલું કર્યું છે. ત્યારબાદ મિસ્ટર પેન્ડલટને મને જણાવ્યું કે તે એક નારીના હૈયા અને હાથને ઇચ્છતા હતા જે તેમના મકાનને ઘર બનાવે. મને ખબર પડી કે તેમને હવે તેની ઇચ્છા ફરી થઈ છે અને હું બહુ રાજી થઈ! અલબત્ત એ હવે ઝઘડો ખતમ કરવા માગે છે. પોલી આન્ટી અને હું અમે તેમની સાથે રહેવા જઈશું, અથવા તેઓ અમારી સાથે રહેવા આવશે. હજુ પોલી આન્ટીને આ વાતની ખબર નથી અને અમારે થોડી ગોઠવણ કરવાની બાકી છે. મને લાગે છે એટલા માટે જ મિસ્ટર પેન્ડલટન મને મળવા માગે છે.'

ડૉક્ટર આછુ હસતાં ટટ્ટાર બેઠા. 'હંમમ... હવે હું માનું છું કે મિસ્ટર પેન્ડલટન તને મળવા માગે છે, પોલીએના.' આટલું બોલી તેમણે દરવાજા પાસે ગાડી ઊભી રાખી.

'જુઓ ત્યાં બારીમાં પોલી આન્ટી દેખાય!' પોલીએના બોલી ઊઠી. 'અરે! હવે નથી દેખાતાં, પણ મને લાગ્યું કે એ જ હતાં.'

ડૉક્ટર બોલ્યા, 'ના, હવે તે બારીમાં નથી દેખાતાં.' તેમનું સ્મિત વિલીન થઈ ગયેલું.

તે દિવસે બપોરે પોલીએના જ્હોન પેન્ડલટનને ઘરે ગઈ ત્યારે તે બહુ વિહ્વળ લાગ્યા. 'પોલીએના, હું આખી રાત વિચારતો રહ્યો.' તે તરત બોલ્યા. 'તું કહેતી હતી કે મારી એવી ઇચ્છા હતી કે પોલીઆન્ટીનો હાથ અને હૈયું આ ઘરમાં હોય. આમાં તું શું કહેવા માગે છે?'

'તમે એક જમાનામાં પ્રેમી હતા એ. મને આનંદ છે કે હજુ તમે બંને એકમેક માટે એવી ભાવના રાખો છો.' પોલીએનાએ ચોખવટ કરી.

'પ્રેમીઓ? હું અને પોલી આન્ટી?' જ્હોન આશ્ચર્યચકિત થઈ બોલ્યા.

તેમના આશ્ચર્યના ઉદ્ગાર સાંભળી પોલીએનાએ ઘટસ્ફોટ કર્યો. 'પેન્ડલટન સાહેબ, નેન્સીએ મને કહ્યું કે તમે લોકો પ્રેમી હતા.'

જ્હોને થોડું હસીને કહ્યું, 'તો મારે કહેવું જોઈએ કે નેન્સીને ખબર નથી.'

'તો તમે બંને પ્રેમીઓ નહોતા?' પોલીએનાના અવાજમાં આઘાત હતો.

'ક્યારેય નહીં.' જ્હોને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું.

'આ તો પછી વાર્તામાં આવે તેના જેવું ન થયું?' પોલીએનાએ પૂછ્યું.

આ પ્રશ્નનો કોઈ જવાબ ન મળ્યો. મિસ્ટર જ્હોન બારી બહાર જોતા રહ્યા.

‘અરે! બધું કેટલું સરસ ચાલતું હતું.’ પોલીએના રડમસ અવાજે બોલી. ‘મને પોલી આન્ટી સાથે આવવાની કેટલી મજા પડત.’

‘તો હવે તું નહીં આવે?’ મિસ્ટર જ્હોને પૂછ્યું.

‘ના, હું નહીં આવું. હું પોલી આન્ટીની છું.’ પોલીએના બોલી.

જ્હોન એની તરફ ફરીને બોલ્યા, ‘તું પોલી આન્ટીની હતી તેની પહેલાં તું તારી મમ્મીની હતી. તારી મમ્મીનો હાથ અને હૈયું મારે જોઈતાં હતાં.’

‘મારી મમ્મીનો?’ પોલીએના બોલી.

‘હા, મારે તને આ વાત નહોતી કરવી પણ હવે લાગે છે કે કરી દઉં તે સારું થશે.’ જ્હોનનો ચહેરો ફિક્કો પડી ગયેલો અને તેમને બોલવામાં મુશ્કેલી પડતી હોય તેમ લાગતું હતું. પોલીએના ડઘાઈને, ફાટી આંખે તેમની તરફ જોતી હતી. ‘હું તારી મમ્મીને પ્રેમ કરતો હતો પણ તે મને પ્રેમ નહોતી કરતી અને થોડા સમય બાદ તારા પપ્પા સાથે ચાલી ગઈ. ત્યાં સુધી મને ખ્યાલ નહોતો આવેલો કે હું તેને કેટલો ચાહતો હતો. મારે માટે સમગ્ર જગત કડવું થઈ ગયું. જવા દે... ઘણાં વર્ષો સુધી હું એકલો, શુષ્ક, નઠારો માણસ બની રહ્યો. પછી એક દિવસ પેલા પ્રિઝમ જેવી તું મારી જિંદગીમાં હસતી-રમતી આવી.

મારી શુષ્ક જિંદગી તે સુંદર રંગોથી ભરી દીધી. થોડા વખત પછી મને તારો પરિચય થયો.

ત્યારે મને થયું કે મારે તને ફરી ક્યારેય નથી મળવું. તને જોઈને મને તારી મમ્મી યાદ આવી જતી જે મારે નહોતું થવા દેવું. પરંતુ તને ખબર છે કે પછી શું થયું. તું આવે તે મારે માટે અનિવાર્ય બનતું ગયું. હવે મને ઇચ્છા થાય છે કે તું હંમેશ માટે મારી સાથે રહે. તું આવીશને, પોલીએના?

‘પણ મિસ્ટર પેન્ડલટન, પોલી આન્ટીનું શું?’ પોલીએનાની આંખો આંસુથી ઉભરાઈ ગઈ.

જ્હોન અકળાઈને બોલ્યા, ‘તો પછી મારું શું? હું કઈ રીતે કોઈપણ બાબત માટે ‘રાજી થઈશ’ જો તું નહીં હો તો? બેટા, તું અહીં આવી પછી જ હું થોડોકેય રાજી થતાં શીખ્યો છું. તું મારી દીકરી થઈને રહે તો હું દરેક વાત માટે રાજી થઈ શકું. હા, તને પણ રાજી કરવા પ્રયત્ન કરું. તને જે ગમે તે લાવી આપું. મારી બધી સંપત્તિનો ઉપયોગ તને ખુશ કરવા કરું.

પોલીએના અચંબો પામીને બોલી, ‘અરે મિસ્ટર પેન્ડલટન, તમને લાગે છે હું એ પૈસાનો ઉપયોગ મારા માટે થવા દઉં, જે પૈસા તમે પછાત લોકો માટે બચાવ્યા છે?’

જ્હોનનો ચહેરો લાલ થયો અને તે કાંઈક બોલવા ગયા પણ પોલીએનાની વાત ચાલુ હતી. 'વળી જેની પાસે તમારા જેટલા પૈસા હોય તેને રાજી થવા માટે મારા જેવાની શું જરૂર પડવાની? તમે જરૂરિયાત વાળા લોકોને વસ્તુઓ આપીને રાજી કરો છો તેથી તમે પોતે પણ રાજી થતા જ હશો. તમે મને અને મેડમ સ્નોને કેટલા સરસ પ્રીઝમ આપ્યા. નેન્સીને તેના જન્મદિવસે સોનાના સિક્કા આપ્યા....'

'હા, હા, હવે એ વાત જવા દે.' જ્હોન પેન્ડલટન બોલ્યા. તેમનો ચહેરો લાલચોળ થઈ ગયો હતો. એ વાત સાચી હતી કે જ્હોન પેન્ડલટન દાનવીર તરીકે જાણીતા ન હતા. 'એ બધી નગણ્ય વાત છે. મેં કાંઈ બહુ આપી નથી દીધું. મેં જે કાંઈ આપ્યું એ તારે કારણે આપ્યું. આમ એ વસ્તુઓ તેં આપી છે. મેં નહીં.' પોલીએના ના પાડવા ગઈ પણ તેને અટકાવીને જ્હોન બોલ્યા, 'સાચે જ એ વસ્તુઓ તેં આપી ગણાય. આ એક મોટું કારણ છે કે હું તને હવે મારી સાથે રાખવા માગું છું બેટા.'તે નમ્ર અવાજે આજીજીપુર્વક કહેવા લાગ્યા. 'પોલીએના, હું રાજી થવાની રમત ત્યારે જ રમીશ જો તું અહીં આવીને એ રમત મારી સાથે રમીશ.'

પોલીએનાના કપાળમાં કરચલી પડી. 'પોલી આન્ટીએ મને બહુ સરસ સાચવી છે.'

જ્હોનના મોઢા પર ગુસ્સો દેખાયો. તેમને વિરોધ સહન કરવાની ટેવ ન હતી. પોલીએનાની વાત અડધેથી કાપતાં તે બોલ્યા: 'તને એમણે સાચવી હશે, પણ હું તને જે ખુશીથી રાખવા માગુ છું તેનાથી અડધી ખુશીથી પણ તે તને રાખવા નથી માગતા.'

'ના મિસ્ટર પેન્ડલટન, એવું નથી. પોલી આન્ટી રાજી છે કે...'

'એ રાજી છે?' જ્હોન હવે ગુસ્સે થઈને બોલવા લાગ્યા. 'હું શરત મારીને કહું છું કે મિસ પોલીને એકપણ બાબત માટે રાજી થતાં આવડતું નથી. હા, તેમને તેમની ફરજ બજાવતાં આવડે છે. તે બહુ ફરજપરસ્ત છે. મને તેમના 'ફરજપાલન'નો અનુભવ થઈ ચૂક્યો છે. હું કબુલ કરું છું કે છેલ્લા દોઢ દાયકામાં અમારા સંબંધો મૈત્રીપૂર્ણ નથી રહ્યા. પરંતુ હું એમને જાણું છું બધા એમને જાણે છે. તે રાજી થવામાં સમજતાં નથી. તેમને રાજી થતાં આવડતું જ નથી. રહી તારી મારી સાથે રહેવાની વાત. તો તું એમને પુછજે. પછી જોજે તે કેવી તરત હા પાડે છે! બેટા, તું આવીશ તો મને ખૂબ ગમશે.' તેમનો અવાજ તરડાયો.

પોલીએના ઊભી થઈને બોલી, 'ઠીક છે, હું તેમને પૂછીશ. એવું નથી કે મને તમારી સાથે અહીં રહેવું ન ગમે પણ...' તે વાક્ય પૂરું ન કરી શકી. થોડીવાર ચુપ રહ્યા બાદ બોલી, 'હું રાજી છું કે આ વાત મેં ગઈકાલે તેમને ન કરી. નહીં તો એમને પણ અહીં આવવાનું છે એવી વાત થાત!.'

જ્હોન આછું હસીને બોલ્યા, 'હા, એ સારું થયું કે તેં આ વાત ગઈકાલે એમને ન કરી.'

'આ વાત તો મેં કોઈને નથી કરી, સિવાય ડૉક્ટરને.' પોલીએનાએ કહ્યું.

'ડૉક્ટર? એટલે ડૉક્ટર શિલ્ટન તો નહીં?' જ્હોન અડધા ઊભા થઈ ગયા.

પોલીએના બોલી, 'હા, ડૉક્ટર શિલ્ટનને. તે મને કહેવા આવ્યા કે તમે મને મળવા માગતા હતા ત્યારે મેં તેમને વાત કરી હતી.'

'ઑફ઼ ઓહ.. આખા ગામમાંથી ફક્ત...' જ્હોન ખુરશીમાં પાછા બેસતાં બોલ્યા. અચાનક તેમણે રસપૂર્વક પૂછ્યું, 'ડૉક્ટર શિલ્ટને શું કહ્યું?'

પોલીએના યાદ કરતાં બોલી, 'ખાસ કાંઈ નહીં. હા, એમણે કહ્યું કે એ સમજી શકે છે કે તમે મને શું કામ મળવા ઉત્સુક છો.'

'અચ્છા... તે એવું બોલેલા?' જ્હોન હસ્યા, જે પોલીએનાને સમજાયું નહીં.

પ્રશ્નનો જવાબ

પોલીએના પેન્ડલટનના ઘરેથી પાછી આવતી હતી ત્યારે વાદળ ઘેરાવા લાગ્યા. તોફાનની એંધાણી દેખાવા લાગી. પોલીએના ઉતાવળે ચાલવા લાગી. અડધે રસ્તે નેન્સી મળી. તે છત્રી લઈને પોલીએનાને લેવા આવેલી. જો કે ત્યાં સુધીમાં તોફાનનું જોખમ ટળી ગયેલું. વાદળ બીજી દિશાએ ફંટાઈ ગયેલાં.

‘લાગે છે વાદળ ઉત્તર તરફ ચાલ્યાં ગયાં.’ નેન્સી આકાશ તરફ જોતાં બોલી.

‘મને તો હતું જ કે તોફાન નહીં આવે પણ પોલી મેડમે મને તમને લેવા મોકલી. તેમને તમારી ચિંતા થતી હતી.’

‘સાચે જ આન્ટીને મારી ફિકર થતી હતી?’ પોલીએના બોલી પણ તેનું ધ્યાન આકાશમાં છવાયેલ વાદળ પર હતું.

‘તમે સમજ્યાં મેં શું કીધું?’ નેન્સી બોલી. ‘મેં કહ્યું તમારાં આન્ટીને તમારી ચિંતા થતી હતી.’

પોલીએનાનું ધ્યાન નેન્સી તરફ ગયું. એને એ પ્રશ્ન પણ યાદ આવ્યો જે તે પોલી આન્ટીને પૂછવાની હતી. ‘ઓહ, હું દિલગીર છું. મારે તેમને ચિંતા નહોતી કરાવવી.’

નેન્સીએ અણધાર્યું કહ્યું, ‘હું બહુ રાજી થઈ છું, સાચે જ.’

પોલીએના નેન્સીને જોઈ રહી. ‘તમે એટલે રાજી છો કે આન્ટીને ચિંતા થઈ? એવી રીતે આ રમત ન રમાય. એવી વાતમાં રાજી ન થવાય.’

નેન્સીએ જવાબ આપ્યો, ‘અત્યારે હું એ રમત રમતી નથી. તમને ખબર છે પોલી મેડમ ચિંતા કરે તેનો અર્થ શું થાય?’

‘એનો અર્થ એ કે તે મારી ફિકર કરે છે. એનો બીજો અર્થ વળી શું હોય?’

નેન્સી બોલી, ‘હું સમજાવું તેનો અર્થ શું થાય. તેનો અર્થ એ થાય કે પોલી મેડમ હવે માણસ જેવા થોડાક થતા જાય છે. તમારી પ્રત્યે ફક્ત ‘ફરજ’ નથી બજાવતાં.’

પોલીએના ચકિત થઈને બોલી, ‘નેન્સી! પોલી આન્ટી હંમેશા પોતાની ફરજ બજાવતાં આવ્યાં છે. તે ઘણા ફરજપરસ્ત છે.’ અજાણ્યે પોલીએના જ્હોનનું વાક્ય બોલી.

નેન્સીએ હળવું હસીને કહ્યું, ‘તમે સાચા છો. તેઓ ફરજપરસ્ત છે અને હંમેશાં રહ્યા છે. પરંતુ અત્યારે તેઓ કાંઈક વધારે છે. તમે આવ્યા

પછી ખાસ.'

પોલીએના ચિંતીત થઈ, ભમ્મર ભેગી કરીને બોલી, 'નેન્સી, હું તને એક વાત પૂછવા માગતી હતી. તને લાગે છે કે હું અહીં રહું છું તે પોલી આન્ટીને ગમે છે? હું ન હોઉં તો તેમને ગમે?'

નેન્સીએ તરત પોલીએનાની સામે જોયું. તેને આ પ્રશ્ન પુછાશે એવો ભય હતો જ. તેને એ પણ વિચાર આવેલો કે આ સવાલનો જવાબ કઈ રીતે આપવો જેથી સત્ય બહાર આવે અને કોઈને ખરાબ પણ ન લાગે. પરંતુ હવે પરિસ્થિતિ જુદી હતી. જે રીતે પોલી મેડમે તેને છત્રી લઈને પોલીએનાને લેવા મોકલી તે જોતાં લાગતું હતું કે તેમનો સ્વભાવ બદલાઈ રહ્યો છે. નેન્સીને હવે આ સવાલનો ભય ન લાગ્યો. તે બરાબર જવાબ આપી શકશે તેમ તેને લાગ્યું.

'તમે ઘરમાં રહો છો તે મેડમને ગમે છે કે નહીં? તમે ન હો તો તેમને ગમે?'

નેન્સીએ પ્રશ્નો દોહરાવતાં જવાબ આપ્યો. 'હું એ તો વાત કરું છું. એક નાનું વાદળ જોયું ત્યાં મને છત્રી સાથે તમને લઈ આવવા ન દોડાવી? યાદ છે, માળિયાના અંધારિયા રૂમને બદલે પહેલા માળે તમને ગમતો રૂમ તેમણે તમને આપ્યો? તમે આવ્યા ત્યારે તો એમને જરાય નહોતુ ગમેલું...' નેન્સી વધુ બોલતાં અટકી ગઈ.

થોડો શ્વાસ લઈ નેન્સીએ વાત ચાલુ રાખી. 'આટલું જ નહીં, બીજી નાની નાની બાબતોમાં પણ દેખાય છે કે તમે તેમને પીગળાવ્યા છે, અંદરથી કુણા પાડ્યા છે. પેલું બિલાડીનું બચ્ચું અને ગલૂડિયું ઘરમાં રહી શક્યાં. મારી સાથે વાત કરવાની તેમની રીત બદલાઈ છે. બીજી પણ ઘણી બાબતો છે. તમે જો નહીં હો તો તેમને નહીં જ ગમે.' નેન્સીએ આત્મવિશ્વાસ સાથે કહ્યું. તેને ભય હતો કે પોલી મેડમના શરૂઆતના અણગમા વાળી વાત પોલીએનાને ખૂંચશે પણ પોલીએનાના ચહેરા પર એવો આનંદ છવાયો જેની નેન્સીને કલ્પના પણ નહોતી.

'ઓ નેન્સી, હું કેટલી રાજી છું... કેટલી ખુશ છું કે પોલી આન્ટી મને રાખવા માગે છે. તેમને હું અહીં રહું તે ગમે છે!'

થોડી વાર પછી પોતાના રૂમ તરફ જતાં પોલીએના વિચારતી હતી, 'હવે તે કાંઈ પોલી આન્ટીને મૂકીને બીજે જવાય? મને એ તો ખબર હતી જ કે મારે પોલી આન્ટી સાથે રહેવું છે પણ એ ખબર નહોતી કે આન્ટી મારી સાથે રહે તે મને કેટલું ગમે!'

આ વાત જ્હોન પેન્ડલટનને સમજાવવી અઘરી પડશે તે પોલીએના જાણતી હતી. તેને જ્હોન ગમતા હતા અને તેમના પ્રત્યે તે દિલગીર હતી. તેનું કારણ એ હતું કે તે પોતાની જાત પ્રત્યે બહુ દિલગીર હતા. તેમણે જે

લાંબી, એકલવાયી જિંદગી વિતાવેલી તેને માટે પણ પોલીએનાને ખેદ હતો. ખાસ કરીને એટલા માટે કે પોલીએનાની મમ્મીને કારણે જ્હોનની જિંદગી આવી થઈ ગઈ હતી. પોલીએનાએ કલ્પના કરી કે જ્હોન સાજા થઈ જશે, પછી ફરીવાર તેમના મહેલ જેવા ઘરમાં ફર્શ પર કચરો જામશે, ટેબલ પર વસ્તુઓ અસ્તવ્યસ્ત પડી હશે, બધે ધૂળ છવાશે. તેને જ્હોનની એકલતા માટે દુ:ખ થયું અને લાગ્યું કે કોઈ વ્યક્તિ મિસ્ટર પેન્ડલટન સાથે રહી શકે તો સારું. ત્યાં અચાનક તેને એક વિચાર આવ્યો અને તે ઊછળી પડી!

પછી જ્યારે તે જ્હોનને ઘરે ગઈ ત્યારે તે પોતાની વિશાળ લાઇબ્રેરીમાં મળ્યા. તેમના લાંબા પાતળા હાથ ખુરશીના હાથા પર હતા. નાનો કૂતરો ફર્શ પર બેઠેલો.

'મને તું એટલું કહે પોલીએના, હું હંમેશા રાજી થવાની રમત રમી શકીશ?' જ્હોને પૂછ્યું.

'હા,' પોલીએના હર્ષથી બોલી. 'મેં એક વાત વિચારી છે જેને કારણે તમે હંમેશ રાજી રહેવાય તેવું કરી શકશો.'

'એટલે તારી સાથે હું રાજી થવાની રમત...' જ્હોને પૂછ્યું.

'ના... પરંતુ...' પોલીએનાએ જવાબ આપ્યો જેને અધવચ્ચેથી કાપતાં જ્હોને કહ્યું. 'પોલીએના, તારે ના નથી પાડવાની!'

'સર, એમાં હું લાચાર છું પોલી આન્ટી....'

'શું પોલી આન્ટીએ ના પાડી?' ફરી વાત કાપતાં જ્હોને પૂછ્યું.

'મેં હજુ એમને પૂછ્યું નથી' પોલીએના બોલી.

'પોલીએના, તેં એમને પૂછ્યું પણ નથી?' જ્હોનના અવાજમાં દર્દ હતું.

પોલીએના નજર ફેરવી ગઈ. તે જ્હોનનું દુ:ખ જોઈ નહોતી શકતી.

થોડીવારે ધીમા અવાજે તેણે વાત કરી, 'હું ન પૂછી શકી સર. પોલી આન્ટી મને સાથે રાખવા માગે છે. મને પૂછ્યા વિના જ ખબર પડી ગઈ. મારે પણ તેમની સાથે રહેવું છે. તમને ખબર નથી તેમણે મને ખૂબ સારી રીતે રાખી છે. વળી હવે લાગે છે કે તે ઘણી બાબતો માટે રાજી થવાનું શીખતાં જાય છે. પહેલાં એ ક્યારેય રાજી નહોતાં થતાં. તમે જ મને કહેલું ને? એટલે હવે હું પોલી આન્ટીને ન છોડી શકું સાહેબ.'

ત્યારબાદ ઘણો વખત શાંતિ છવાઈ રહી. એકમાત્ર અવાજ સગડીમાં ભડભડ બળતા લાકડાનો આવતો હતો. અંતે જ્હોન બોલ્યા, 'ના,

પોલીએના, હું સમજું છું કે તું તારી આન્ટીને અત્યારે ન છોડી શકે. હું તને ફરીવાર નહીં કહું.' છેલ્લું વાક્ય બહુ ધીમા અવાજે બોલાયું.

'પણ બીજી વાતની તમને ખબર નથી. તમે બહુ રાજી થાઓ તેવું થઈ શકે તેમ છે. સાચે જ.' પોલીએનાએ યાદ કરાવ્યું.

જ્હોન બોલ્યા, 'મારા માટે નહીં પોલીએના.'

'અલબત્ત તમારે માટે. તમે જ કહેલું ને કે એક નારીનો હાથ અને હૈયું અથવા તો બાળકની હાજરી એક મકાનને ઘર બનાવી શકે. હું એક બાળકની હાજરી તમારે ત્યાં હોય તેવું કરી શકું. મારી નહીં, પણ બીજા કોઈની...' પોલીએનાએ કહ્યું.

'હું જાણે તારા સિવાય બીજા કોઈને રાખવા તૈયાર થઈશ એમ તું માને છે?' જ્હોને કહ્યું.

'પણ તમે જાણશો એટલે તૈયાર થશો. તમે એટલા સારા અને દયાળુ છો. યાદ કરો એ પ્રિઝમ, સોનાના સિક્કા, પૈસા જે તમે પછાત લોકો માટે ભેગા કરો છો.'

'પોલીએના' જ્હોન બરાડી ઊઠયા. 'આ બકવાસ બંધ કર. મેં તને ઘણીવાર કહ્યું છે અને છેલ્લીવાર કહું છું કે મેં ક્યારેય પછાત લોકો માટે પૈસા બચાવ્યા નથી. તેમને એક પાઈ પણ મોકલી નથી.' તેમને થયું કે પોલીએના દુ:ખ અનુભવશે કે નિરાશ થશે. પરંતુ તેમણે પોલીએનાની સામે જોયું તો તેની આંખમાં પ્રસન્નતા દેખાઈ!

'વાહ, વાહ. હું ખુશ થઈ. એમ નથી કે પછાત લોકો માટે હું દિલગીર નથી. અત્યારે મને ખુશી એ વાતની છે કે તમે ભારતીય છોકરાઓને રાખવા નથી માગતા. બીજા બધા ફક્ત એમને જ રાખવા માગે છે. હું રાજી છું કે તમે ભારતના કોઈ છોકરાને બદલે જિમી બીનને રાખશો.'

'હું કોને રાખીશ?' જ્હોને પૂછ્યું.

'જિમી બીનને. તે તમારા ઘરમાં બાળકની હાજરી પૂરી પાડશે.' પોલીએના સમજાવતાં બોલી. 'તે અહીં રહીને બહુ ખુશ થશે. ગયા અઠવાડિયે મારે તેને કહેવું પડેલું કે દૂરના શહેરમાંનું મારું મહિલા સહાયક મંડળ પણ તેને રાખવા તૈયાર નથી, ત્યારે તે બહુ નિરાશ થયેલો. હવે જ્યારે એને આ ખબર પડશે ત્યારે તે બહુ રાજી થશે.'

'એમ? એ બહુ રાજી થશે? પરંતુ હું રાજી નહીં થાઉં.' જ્હોન બોલ્યા. 'પોલીએના, તું સાવ અક્કલ વિનાની વાત ન કર.'

'તમે એમ કહો છો કે તમે એને નહીં રાખો?' પોલીએનાએ પૂછ્યું

'અલબત્ત હું એમ જ કહું છું.' જ્હોને કડક થઈને જવાબ આપ્યો.

‘પણ એ તમને બાળકની ખોટ સહેજ પણ નહીં લાગવા દે.’ પોલીએનાએ રડમસ અવાજે કહ્યું. ‘વળી જિમી હશે એટલે તમે એકલા પણ નહીં પડી જાઓ.’

‘એ બાબતમાં મને શંકા નથી પણ મને લાગે છે મને એકલા અટૂલા રહેવું વધારે ગમશે.’ જ્હોને નિર્ણય જણાવ્યો.

આ વાત થતી હતી ત્યારે પોલીએનાને નેન્સીએ કહેલી વાત યાદ આવી અને તે પૂછી બેઠી, ‘તમને એમ લાગતું હશે ને કે આ નાનો છોકરો તમે છુપાવીને રાખેલા પાપ કરતાં વધુ સારો નહીં હોય? પરંતુ હું એમ માનું છું કે તે વધુ સારો નીકળશે.’

‘છુપાવીને રાખેલું પાપ?’ જ્હોને પૂછ્યું.

‘હાસ્તો વળી. મને નેન્સીએ કહ્યું છે કે તમે પેટમાં પાપ છુપાવેલું છે.’

પોલીએનાએ ભારપૂર્વક કહ્યું.

આ સાંભળીને જ્હોન પેન્ડલટન ખડખડાટ હસી પડ્યા. તે એટલું જોરથી હસ્યા કે પોલીએના રડવા લાગી. તેને રડતી જોઈ જ્હોન એકદમ ગંભીર થઈ ગયા.

‘પોલીએના, તું સાચી છે. તને ખબર છે તેના કરતાં પણ વધારે સાચી.’ તેમણે હળવે સાદે કહ્યું. ‘મને ખબર છે કે એક નાનો છોકરો છુપાવેલાં પાપથી વધુ સારો હોય. પણ તકલીફ એ હોય છે કે આપણને તે બંનેની અદલાબદલી કરતાં નથી આવડતું. આપણે હંમેશાં જૂની વાતોને વળગી રહીએ છીએ. એક કામ કર. આ નાના, સરસ છોકરા વિશે તું મને વધારે માહિતી આપ.’ પોલીએનાએ તેમને જિમી વિશે વિગતે વાત કરી.

કદાચ નિખાલસ હાસ્યએ જાદુ કર્યો કે કદાચ પોલીએનાએ જે રીતે જિમીની વાત કરી તેથી, સહેજ કુણા બનેલાં હૃદય પર અસર થઈ, પણ પરિણામ રૂપે પોલીએના તે સાંજે ઘરે ગઈ ત્યારે જિમી માટે આમંત્રણ લેતી ગઈ. જિમીએ પોલીએના સાથે શનિવારે જ્હોન પેન્ડલટનને મળવા જવાનું હતું.

‘હું બહુ રાજી છું. મને ખાતરી છે કે જિમી તમને ગમશે.’ પોલીએના છૂટા પડતાં બોલી. ‘જિમીને એક ઘર મળે અને તેની સંભાળ લે તેવા લોકો મળે તે મારી ખાસ ઇચ્છા છે.’

પ્રવચન અને લાકડાંનો ભારો

જે બપોરે પોલીએનાએ જ્હોન પેન્ડલટનને જિમી બીનની વાત કરી તે વખતે જ પાદરી પૌલ ફોર્ડ પેન્ડલટન ટેકરી ચડયા. ઈશ્વરે સર્જેલ વનરાજીનું શાંત સૌંદર્ય માણીને તેમના મનમાં ચાલતા ઘમસાણને શાંત કરવાનો તેમનો ઇરાદો હતો.

પાદરી ફોર્ડ કંટાળી ગયા હતા. છેલ્લા વર્ષથી લગભગ દર મહિને તેમના તાબા હેઠળના વિસ્તારમાં પરિસ્થિતિ વણસતી જતી હતી. હવે તો ચોતરફ વિખવાદ, દગાબાજી, ઈર્ષા અને હોંસાતુસી દેખાતા હતા. તેમણે દલીલ અને આજીજી કરેલી, ઠપકો આપેલો, અમુક બાબતો અવગણેલી, બધું સારું થઈ જાય તેવી બે હાથ જોડીને પ્રાર્થના કરેલી. છતાં આજે એમને લાગતું હતું કે પરિસ્થિતિ સુધરી નહોતી, ઊલટી વણસી હતી.

તેમના બે સાથીદારો સાવ નજીવી બાબત માટે ઉગ્ર ઝઘડો કરતા હતા. મહિલા સહાયક મંડળના ત્રણ સભ્યો એટલે છૂટા થઈ ગયા હતા કે કોઈએ તેમની કુથલી કરી હતી. ચર્ચનું ગાયકવૃંદ એટલે નારાજ હતું કે એક ગાયકને વધુ પડતા ગીતો આપી દેવામાં આવેલાં. ખ્રિસ્તી સમાજમાં એટલો ચણભણાટ હતો કે તેના બે અધિકારીઓએ ખુલ્લેઆમ ટીકા કરી હતી. આ બધું ઓછું હોય તેમ રવિવારશાળાના આચાર્યે અને બે શિક્ષકોએ રાજીનામાં આપ્યાં હતાં. આ બધાથી ત્રાસેલા પાદરી ફોર્ડ જંગલનાં એકાંતમાં પ્રાર્થના કરવા અને ધ્યાન ધરવા આવેલા.

ઝાડની લીલીછમ ઘટા નીચે બેસી પૉલ ફોર્ડ વિચારતા હતા કે હવે તાકીદે કોઈ યોગ્ય પગલાં લેવાની જરૂર હતી. ચર્ચના બધા કામો ઠપ્પ થઈ ગયાં હતાં. રવિવારની પ્રાર્થનામાં, પ્રવચનોમાં, અઠવાડિક બેઠકોમાં, હાજરી ઓછી થતી જતી હતી. એ સાચું હતું કે અમુક નિષ્ઠાવાન કાર્યકરો હજુ પણ બાકી રહ્યા હતા, પરંતુ તેમને વિવેચન કરવા નીરખતી આંખ અને ટીકા કરતી જીભ પ્રત્યે નફરત હતી.

પૉલ ફોર્ડ સમજતા હતા કે આ બધાને કારણે તે પોતે ચર્ચ, સમગ્ર નગર અરે ખ્રિસ્તી ધર્મ સુધ્ધાં વ્યથીત હતા. એ વ્યથા ચાલુ રહેવાની હતી જો તાકીદે કોઈ પગલાં ન લેવાય તો, પરંતુ પગલાં શું લેવાં?

પછીના રવિવારે પોતે જે પ્રવચન કરવાના હતા તેની નોંધ તેમણે ખિસ્સામાંથી કાઢી. ગંભીર ચહેરે તેમણે એ લખાણ મોટેથી વાંચવાનું શરૂ કર્યું.

'ઓ લેખકો, કટ્ટરવાદીઓ, ઢોંગીજનો! શરમ કરો! તમે સ્વર્ગની રાજધાનીને મનુષ્યો માટે બંધ કરી દીધી છે. તેમ પોતે તો તેમાં જતા નથી અને જે ત્યાં જવા માગે છે તેને સહન નથી કરી શકતા. ઓ લેખકો,

કટ્ટરવાદીઓ, ઢોંગીજનો! તમે વિધવાઓનાં ઘર પચાવી પાડો છો, દેખાડો કરવા લાંબી પ્રાર્થના કરો છો. તમને તો ભયંકર નરકવાસ મળવાનો છે.'

આ કડવું આરોપનામું હતું. પાદરીનો ક્રોધભર્યો અવાજ લીલી ઝાડીઓમાં ગાજતો હતો. પક્ષીઓ પણ ડઘાઈને કલરવ કરતા અટકી ગયાં હતાં. પૉલ ફોર્ડ વિચારતા હતા કે આ જ શબ્દો આવતા રવિવારના પ્રવચનમાં, ચર્ચની શાંતિમાં કેવી અસર કરશે.

એ પોતાના જ માણસો પર આવો આરોપ લગાવી શકે? તેની હિંમત ચાલે?

આ કડવું સત્ય, આરોપનામું એ પોતાના જ લોકો માટે કહી શકે? તેમણે કાંઈક માર્ગદર્શન પ્રાપ્ત કરવા સતત પ્રાર્થના અને આજીજી કરી હતી... એમણે આ કટોકટીના સમયે યોગ્ય કદમ ઉઠાવવું હતું. પરંતુ એ જે કરવાના હતા શું તે યોગ્ય હતું?

ધીમેથી તેમણે કાગળ ખિસ્સામાં મૂક્યા અને ઝાડ નીચે લંબાવ્યું.

આ પરિસ્થિતિમાં, પેન્ડલટનને ઘરેથી આવતી, પોલીએનાએ એમને જોયા.

તે દોડીને આવી. 'મિસ્ટર ફોર્ડ, તમારો પગ તો નથી ભાંગ્યો ને?'

પાદરીએ તેમના ચહેરા પરથી હાથ હટાવીને કહ્યું, 'ના બેટા, હું ઠીક છું. બસ, થોડો આરામ કરી રહ્યો છું.'

'તો સારું. તમને ખબર હશે કે મિસ્ટર પેન્ડલટનનો પગ ભાંગી ગયેલો. ત્યારે તે સૂતા હતા. તમે તો બેઠા છો!' પોલીએના બોલી.

'હા, હું બેઠો છું. મેં કોઈ એવી વસ્તુ નથી તોડી જેને ડૉક્ટરો સાજી કરી શકે.' છેલ્લું વાક્ય બહુ ધીમા અવાજે બોલયું હતું પણ પોલીએનાએ તે સાંભળી લીધું. તેના હાવભાવ બદલાયા. સહાનુભૂતિ સાથે તે બોલી, 'હા, હું તમારી વાત સમજી શકું છું. તમને કોઈ ચિંતા હોય તેવું લાગે છે. મારા પપ્પાને પણ ઘણી વખત આવું થઈ જતું. મને લાગે છે કે પાદરી હોય તેને આવું થાય જ. તેમના પર ઘણા લોકો મદાર રાખે છે.'

'પોલીએના, તારા પપ્પા પાદરી હતા?' પૉલે આશ્ચર્યથી પૂછ્યું.

'હા, તમને ખબર નથી? મને એમ કે બધા જાણે છે. એમણે પોલી આન્ટીની બહેન સાથે લગ્ન કરેલા, જે મારી મમ્મી હતી.' પોલીએનાએ જણાવ્યું.

'ઓહો. હવે સમજાયું. હું ઘણાં વર્ષોથી અહીં રહ્યો નથી એટલે મને કુટુંબો વિશે માહિતી નથી.'

થોડો વખત શાંતિ છવાઈ રહી. પાદરી પોલીએનાની હાજરી ભૂલી ગયા હોય તેમ લાગતું હતું. તેમણે ખિસ્સામાંથી થોડા કાગળો કાઢેલા પરંતુ તેને વાંચવાને બદલે તે જમીન પર પડેલા એક પાંદડાને એકીટસે જોઈ રહ્યા હતા. પોલીએના એમને જોઈને થોડું દુ:ખ અનુભવતી હતી.

'આજનો દિવસ સારો છે.' પોલીએના બોલી.

બે પળ પછી પાદરી બોલ્યા, 'શું? હા, આજનો દિવસ બહુ સારો છે.'

'વળી ઠંડી પણ નથી લાગતી. ઑક્ટોબર છે તો પણ.' પોલીએનાએ વાત ચાલુ રાખી. 'મિસ્ટર પેન્ડલટને ભઠ્ઠી સળગાવેલી પણ કહ્યું કે એમને તાપની જરૂર નથી. બસ, અગ્નિને જોવા પૂરતી જ ભઠ્ઠી ચાલુ કરેલી. મને પણ અગ્નિ જોવો બહુ ગમે. તમને ગમે?'

આ વખતે કાંઈ જવાબ ન મળ્યો. પોલીએનાએ વાત બદલી. 'તમને પાદરી થવું ગમે છે?'

પાદરીએ પોલીએના સામું જોઈને કહ્યું, 'મને પાદરી થવું ગમે, એ કેવો વિચિત્ર પ્રશ્ન! બેટા, તું મને આવું શા માટે પૂછે છે?'

'અમસ્તું જ. તમારો ચહેરો જોઈને મને મારા પપ્પા યાદ આવ્યા. એમનો ચહેરો પણ ક્યારેક આવો થઈ જતો.' પોલીએના બોલી.

'સાચે જ?' પાદરીએ નમ્ર અવાજે કહ્યું પણ તેમનું ધ્યાન પાંદડા પર હતું.

'હા, મેં તમને પૂછ્યું એવું ત્યારે હું એમને પૂછતી કે તમને પાદરી થવું ગમે?'

પૉલ ફોર્ડ આછું હસીને બોલ્યા, 'એ શું કહેતા?'

પોલીએનાએ જણાવ્યું. 'એ કહેતા કે તેમને ગમતું. ખાસ એ કહેતા કે તેમને પાદરી થવામાં જરાપણ આનંદ ન મળત જો બાઇબલમાં આનંદદાયક લખાણ ન હોતો.'

'શું?' પાદરીનું ધ્યાન પાંદડાથી હટી પોલીએનાની હસતી આંખો પર ગયું.

'બાઇબલમાં ભલે એવું નથી લખ્યું, પણ પપ્પા એ લખાણોને એ રીતે ઓળખતા.' પોલીએના હસીને બોલી. 'પ્રભુએ આપેલ છે તેમા રાજી થાઓ', 'અખૂટ આનંદ પામો' જેવાં લખાણો એ પ્રકારનાં છે. એક વખત પપ્પા બહુ શોકમગ્ન હતા ત્યારે તેમણે એ ફકરા ગણેલા. બધા થઈને આઠસો છે.'

'આઠસો!' પાદરીનો આશ્ચર્યસભર અવાજ આવ્યો.

'હા, દરેકમાં રાજી થવાની, આનંદ કરવાની વાત લખી છે. એટલે જ પપ્પા એને આનંદદાયક લખાણ કહેતા.'

પાદરીએ એમના હાથમાં રહેલો કાગળ જોયો. 'ઓ લેખકો, કટ્ટરવાદીઓ, ઢોંગીઓ...' તે ધીમેથી બોલ્યા 'તારા પપ્પાને આનંદદાયક લખાણો ગમતાં હતાં.'

'હા, તેમણે કહેલું કે જેવાં એ લખાણ ગણ્યાં કે તેમને તરત સારું લાગેલું.

એમણે જણાવેલું કે જો પ્રભુએ આપણને આઠસો વાર રાજી થવાનું કહેવાની જહેમત કરી હોય તો એની ઇચ્છા હોય ને કે આપણે થોડા તો રાજી થઈએ!' પોલીએનાનો સંવાદ લાંબો ચાલ્યો. 'પપ્પા થોડા દુખી હતા કે તે વધુ વખત રાજી નહોતા થયા. આ પછી પપ્પા જ્યારે પણ વ્યથિત થાય, ધાર્યા પ્રમાણે કામ ન થાય, મહિલા સહાયક મંડળના સભ્યોમાં વિખવાદ થાય, ત્યારે તેમને આ લખાણોમાંથી બહુ સાંત્વન મળતું. આમાંથી જ એમણે 'રાજી થવાની રમત' શોધેલી. પછી તેમણે મને એ રમત રમતાં શીખવ્યું.'

'આ વળી કઈ રમત?' પાદરીએ પૂછ્યું.

'દરેક વાતમાંથી કાંઈક રાજી થવા જેવું, ખુશ થવા જેવું શોધી કાઢવાની રમત. પપ્પાએ મારી આ રમતની શરૂઆત ફ્રૉકને બદલે ટેકણલાકડી આવી ત્યારે કરેલી.

પોલીએનાએ વિગતવાર આ રમત વિશે પાદરીને વાત કરી. તે ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા.

થોડા વખત બાદ પાદરી અને પોલીએના હાથમાં હાથ પકડી ટેકરી ઊતર્યા.

પોલીએનાનો ચહેરો ચમકતો હતો. તેને વાતો કરવી ગમતી. અત્યારે તેણે પાદરીને તેના પપ્પા વિશે, રાજી થવાની રમત વિશે, પહેલાંની જિંદગી વિશે ઘણી વાતો કહી.

ટેકરીની તળેટીએ પહોંચી બંને પોતપોતાના રસ્તે ગયા.

તે સાંજે પૉલ પોતાના રૂમમાં બેસી વિચાર કરતા હતા. તેમની પાસે તેમના પ્રવચનના કાગળો પડેલા. પરંતુ તે તેમણે જે લખેલું કે જે લખવાના હતા તેના વિશે નહોતા વિચારતા. તેમનું મન હતું, પશ્ચિમ દિશાના નાના નગરમાં રહેતા હતા તે પાદરી પર, જે ગરીબ, બીમાર, ચિંતીત હતા. લગભગ એકલા હતા. છતાં એ બાઇબલમાં પ્રભુએ કેટલી વખત રાજી રહેવા માટે કહ્યું છે તે શોધતા હતા.

પૉલ એક ઊંડો નિસાસો નાખી વર્તમાનમાં પાછા આવ્યા. ઊભા થઈને એમણે કાગળ સરખા કર્યા. 'મેથ્યુ ત્રેવીસમું, ૧૩-૧૪ અને ૨૩' લખ્યું. અકળાઈને તેમણે પેન્સિલ બાજુએ મૂકી અને ટેબલ પર તેમનાં પત્નીએ રાખેલું મૅગેઝિન હાથમાં લીધું. વાંચતાં વાંચતાં તેમની નજર આ શબ્દો પર અટકી.

'પિતાએ પુત્ર ટોમને બોલાવ્યો. ટોમે તે સવારે તેની માતાએ લાકડા કાપીને પેટીમાં ભરવા કહ્યું ત્યારે ચોક્ખી ના પાડેલી. 'ટોમ મને ખાતરી છે કે તારી મા માટે થોડાં લાકડાં લાવી આપવાનું તને ગમશે.' ટોમ એકપણ શબ્દ બોલ્યા વિના લાકડાં લઈ આવ્યો. શા માટે? કારણકે તેના પિતાએ દર્શાવેલું કે તે ટોમ સારું કામ કરે તેવું ઇચ્છતા હતા. એમણે જો કહ્યું હોત 'ટોમ, સવારે તેં તારી માને જે કહ્યું તે મેં સાંભળ્યું. આવું કરાય? તને મારો દીકરો કહેતાં શરમ આવે છે. ચાલ, તરત લાકડાં કાપીને પેટી ભરી દે!' તો મને ખાતરી છે કે તે પેટી હજુ ખાલી જ હોત!'

પાદરી વાંચતા રહ્યા. પાનાં ફેરવતાં રહ્યાં.

સ્ત્રી અને પુરુષને પ્રોત્સાહનની જરૂર છે. તેની નબળાઈઓ બતાવ્યા કરવાને બદલે તેના સદ્‌ગુણોની વાત કરો. તેની કુટેવોમાંથી તેને બહાર કાઢો. તેને તેની અંદર રહેલી શક્તિનો પરિચય કરાવો. તે શક્તિ જેના થકી તે હિંમત કરીને પોતાની જાતને જીતી શકશે. મદદરૂપ થનાર, પ્રોત્સાહન આપનાર, આશાવાદી વ્યક્તિની અસરથી સમગ્ર નગરમાં બદલાવ આવે છે. લોકોના હૃદયમાં, મનમાં જે સારપ છે તે તેમના ચહેરા પર ચમકવા લાગે છે. જો એક વ્યક્તિ માયાળુ બને તો તેના પાડોશીઓ પણ તેવા બનવાના. પરંતુ જો એ ગુસ્સો કર્યા કરે, છણકા કરીને વાતો કરે, તો પાડોશી તેના છણકા વ્યાજ સાથે પાછા વાળવાના! તમે જો કાંઈ ખરાબ વસ્તુની આશા રાખશો તો તમને ખરાબ વસ્તુ મળશે. તમને જ્યારે વિશ્વાસ હોય કે કાંઈક સારું થવાનું છે ત્યારે સારું થઈને જ રહે છે. તમારા દીકરાને કહો કે કે તમને ખાતરી છે કે તેને તેની માએ કહ્યા મુજબ લાકડાં લાવી આપવાનું ગમશે અને પછી જુઓ ચમત્કાર!

પાદરી ઊભા થઈને રૂમમાં એક છેડેથી બીજે છેડે ચાલવા લાગ્યા. થોડા વખત પછી લાંબો શ્વાસ લઈને મેજ પાસેની ખુરશી પર બેઠા.

'ભગવાનની દયાથી હું એ કરીશ!' તે ધીમેથી પણ દૃઢતાથી બોલ્યા. 'હું મારા સાથીદારોને કહીશ કે મને ખાતરી છે તેઓ તેમનું કામ આનંદથી કરશે. હું તમને જે કામ આપીશ એને કરવામાં કેટલો આનંદ સમાયેલો છે તે સમજાવીશ. તે લોકો પાસે કુથલી-ખણખોદ કરવાનો સમય જ નહીં રહે!' આટલું કહેતાં તેમણે પોતાના પ્રવચનનાં પાનાં ફાડી નાખ્યાં. 'ઓ લેખકો, કટ્ટરવાદીઓ, ઢોંગીઓ' શબ્દોવાળો કાગળ એક તરફ રહ્યો. તેમણે નવું પ્રવચન લખવું શરૂ કર્યું.

પછીના રવિવારે પાદરી પૉલ ફોર્ડે જે પ્રવચન આપ્યું તેમાં દરેક વ્યક્તિની અંદર જે શ્રેષ્ઠ છે તેને જગાડવાની હાકલ હતી. તે પ્રવચનમાં પોલીએનાએ જે આઠસોનો ઉલ્લેખ કરેલો તેમાંનું એક વાક્ય હતું,

'હે નીતિમાન મનુષ્યો, પ્રભુએ જે આપ્યું છે તેમાં રાજી થાઓ. હે સહૃદયો, એની અસીમ કૃપા અનુભવીને આનંદો.'

અકસ્માત

મેડમ સ્નો એક દવાનું નામ ભૂલી ગયેલાં તે જાણી લાવવા માટે પોલીએના ડૉક્ટર શિલ્ટનના દવાખાને ગયેલી. તે આ દવાખાનમાં પહેલી વાર આવેલી.

'હું પહેલાં અહીંયા આવી નથી. આ તમારું ઘર છે ને?' પોલીએનાએ રસ લેતાં આજુબાજુ જોઈને પૂછ્યું.

ડૉક્ટરે સ્મિત કરતાં કહ્યું, 'હા, એમ કહી શકાય.' તેમણે કાગળ પર લખતાં વાત ચાલુ રાખી. 'પણ પોલીએના, આને ઘર ન કહેવાય, કમરાઓવાળું મકાન કહેવાય.'

પોલીએના વાત સમજતી હોય તેમ માથું હલાવીને બોલી, 'મને ખબર છે. મકાનને ઘર બનાવવા માટે સ્ત્રીનું હૈયું અને હાથ અથવા બાળકની હાજરી જોઈએ.'

ડૉક્ટર તેની સામે ફરીને બોલ્યા, 'શું?'

'મિસ્ટર પેન્ડલટન આવું કહેતા હતા.' પોલીએના ચોખવટ કરતાં બોલી. 'સ્ત્રીના હૈયા અને હાથ અથવા બાળકની હાજરી માટે તમે કોઈ સ્ત્રીનું હૈયું અને હાથ કેમ નથી લઈ આવતા ડૉક્ટર શિલ્ટન? અથવા તમે જિમી બીનને રાખી શકો, જો મિસ્ટર પેન્ડલટન તેને રાખવા તૈયાર ન હોય.'

ડૉક્ટર હસવું ખાળતાં બોલ્યા, 'એટલે મિસ્ટર પેન્ડલટન કહે છે કે મકાનને ઘર બનાવવા એક સ્ત્રીના હૈયા અને હાથની જરૂર પડે છે, એમ?'

'હા, એ પણ એવું માને છે કે તેમનું ઘર મકાન છે, ઘર નહીં. તમે કેમ નથી લઈ આવતા?' પોલીએનાએ પ્રશ્ન દોહરાવ્યો.

'શું નથી લઈ આવતો?' ડૉક્ટર પોતાના ટેબલ તરફ ફરીને બોલ્યા.

'એક સ્ત્રીનું હૈયું અને હાથ... અરે હા, હું તમને કહેતાં ભૂલી ગઈ.' પોલીએનાના ચહેરા પર દર્દની રેખા ઊપસી આવી. 'મિસ્ટર પેન્ડલટન પોલી આન્ટીને પ્રેમ નહોતા કરતા. એટલે અમે તેમની સાથે રહેવા નહીં જઈએ. મેં તમને કહેલું પણ તે મારી ભૂલ હતી. હું માનું છું તમે કોઈને એ વાત નહીં કરી હોય.'

'ના પોલીએના, મેં કોઈને એ વાત નથી કરી.' ડૉક્ટરે જણાવ્યું.

'તો સારું.' પોલીએનાએ નિરાંતનો શ્વાસ લીધો. 'મેં ફક્ત તમને જ કીધું છે. હા, મિસ્ટર પેન્ડલટનને મેં કહ્યું કે આ વાત મેં તમને જણાવી છે ત્યારે તેમનું મોઢું જોવા જેવું થઈ ગયું હતું!'

'અચ્છા?' ડૉક્ટર મલકાયા.

'હા. અલબત્ત એ એવું ન ઇચ્છે કે ઘણા લોકોને આ વાતની ખબર પડે. ખાસ કરીને આ વાત સાચી નથી ત્યારે. પરંતુ તમે એક નારીનું હૈયું અને હાથ કેમ નથી લઈ આવતા ડૉક્ટર શિલ્ટન?' પોલીએનાએ વાતનો તંત ન છોડ્યો.

પળભર ચુપકીદી છવાઈ રહી. પછી ડૉક્ટર ગંભીર થઈને બોલ્યા, 'બેટા, અમુક વસ્તુઓ ઇચ્છીએ ત્યારે હંમેશાં મળતી નથી'

પોલીએના થોડો વિચાર કરીને બોલી, 'પરંતુ તમને તો એ વસ્તુઓ માગો ત્યારે મળી જવી જોઈએ.' તેના અવાજમાં ડૉક્ટર પ્રત્યેનો અહોભાવ છતો થતો હતો.

ડૉક્ટર થોડું હસ્યા અને વળી ગંભીર થઈને બોલ્યા, 'પરંતુ તારાથી મોટી સ્ત્રીઓ આ વાત આટલા વિશ્વાસથી નથી કહેતી. એમાંથી કોઈએ મરજી નથી દેખાડી.'

પોલીએનાએ થોડો વિચાર કર્યો અને તેની આંખો આશ્ચર્યથી પહોળી થઈ.

'તમે એમ કહો છો કે તમે મિસ્ટર પેન્ડલટનની જેમ કોઈ નારીનું હૈયું અને હાથ મેળવવા પ્રયત્ન કરેલો પણ ન મેળવી શક્યા?'

ડૉક્ટર અચાનક ઊભા થઈને બોલ્યા, 'બસ, પોલીએના, વાત જવા દે. બીજાની તકલીફોથી તારું મગજ ખરાબ ન કર. જા, મેડમ સ્નો પાસે જઈને તેમને આ કાગળ આપજે. એમાં મેં દવાનું નામ અને તે ક્યારે, કઈ રીતે લેવાની છે તે લખેલ છે. બીજું કાંઈ?'

પોલીએનાએ માથું ધુણાવીને ના પાડી. 'ના સાહેબ, થેંકયુ સાહેબ.' કહેતાં તે દવાખાનાની બહાર ગઈ. ત્યાંથી ડૉક્ટર તરફ ફરીને બોલી, 'ડૉક્ટર શિલ્ટન, હું રાજી થઈ કે તમે મારી મમ્મીનો હાથ અને હૈયું નહોતા ઇચ્છતા! આવજો.'

ઑક્ટોબર મહિનાના છેલ્લા દિવસે અકસ્માત થયો. પોલીએના નિશાળેથી ઉતાવળે ઘરે જતી હતી ત્યારે એક મોટરકાર ઝડપથી આવી રહી હતી અને પોલીએના રસ્તો ક્રોસ કરી રહી હતી.

શું થયું તે પછીથી કોઈ કહી ન શક્યું. એવું પણ કોઈ મળ્યું નહીં જે કહી શકે કે ખરેખર શું બન્યું અને કોનો વાંક હતો. સાંજે પાંચ વાગે ઘાયલ અને બેભાન થયેલી પોલીએનાને ઊંચકીને ઘરે એના મનપસંદ રૂમમાં લાવવામાં આવી. નેન્સી રડતી હતી. પોલી મેડમનો ચહેરો ફિક્કો પડી ગયેલો. પોલીએનાનાં કપડાં બદલાવીને તેને પલંગમાં સુવાડવામાં આવી. ડૉક્ટર વોરન બાજુના ગામે ગયા હતા ત્યાં તેમને ટેલિફોન થકી સંદેશો પહોંચ્યો એટલે તે ઝડપથી મોટરકારમાં આવી ગયા હતા.

ડૉક્ટર આવ્યા અને રૂમનું બારણું બંધ કરી સારવાર-વાતચીતમાં પરોવાયા. નેન્સી ટોમકાકાને રડતાં રડતાં કહેતી હતી, ‘મેડમનું મોઢું જોઈએ ત્યારે લાગે કે અત્યારે તે કોઈ ‘ફરજ’ નથી બજાવતા. જો ‘ફરજ’ જ બજાવતા હોત તો તેમના હાથ આટલા બધા ધ્રૂજત નહીં. તેમની આંખમાં એવો ભાવ ન હોત કે સાક્ષાત યમરાજ સાથે ભિડાઈ જવા તૈયાર છે. આ ફક્ત ‘ફરજ’ નથી જ.’

‘તેને બહુ વાગ્યું છે?’ ટોમકાકાએ ધ્રૂજતા અવાજે પૂછ્યું.

‘કાંઈ કહી શકાય તેમ નથી. ‘નેન્સીના ડૂસકાં રોકાતાં નહોતાં. તે સૂતી છે. કદાચ ભગવાનને વહાલી થઈ ગઈ હોય. પરંતુ પોલી મેડમે કહ્યું કે તે જીવે છે. પોલી મેડમને ખબર હોય. એમણે સતત પોલીએનાની નાડી અને હૃદયના ધબકારા સાંભળ્યે રાખ્યા હતા.’

‘તેને શું થયું છે તે ખબર નથી પડતી? પેલું વાહન...’ ટોમકાકાનો ચહેરો તેમની વ્યથાને દર્શાવતો હતો.

‘એ વાહનને તો ગાળ દેવી જોઈએ! આપણી નાની દીકરીને કચડી નાખી!’

મને તો એ ગંદી વાસવાળા વાહનો ગમતા જ નથી, સાચે જ?’ નેન્સી બોલી ઊઠી.

‘પણ એને વાગ્યું છે ક્યાં?’ ટોમકાકાએ પૂછ્યું.

‘મને ખબર નથી. એક નાનો ઘા માથા પર છે. તે એટલો ઊંડો નથી તેમ પોલી મેડમે કહ્યું. તેમણે કહ્યું કે શરીરની અંદર ઈજા થઈ હોય તેનો વધુ ભય છે.’

ટોમકાકા બોલ્યા, ‘આગ લાગે એ મોટરકારમાં!’

નેન્સીનો રઘવાટ વધતો જતો હતો. ‘ડૉક્ટર જલ્દી બહાર આવે તો સારું.’

‘અત્યારે કાંઈક કપડાં ધોવાનું કામ નીકળ્યું હોત તો સારું થાત.’ લાચારીથી તે પોતાના હાથ મસળતી રહી.

ડૉક્ટરના ગયા પછી પણ નેન્સી પાસે ટોમકાકાને કહેવા માટે કોઈ વધુ માહિતી નહોતી. પોલીએનાનું કોઈ હાડકું નહોતું ભાંગેલું. કપાળ પર ઘા હતો તે પણ ઊંડો ન હતો. છતાં ડૉક્ટર માથું ધુણાવતા ગંભીર ચહેરે રૂમની બહાર નીકળતાં અને બોલેલા, ‘સમય જતાં ખબર પડશે.’ ડૉક્ટરના ગયા બાદ પોલી મેડમનો ચહેરો પહેલા કરતાં પણ વધુ ફિક્કો પડી ગયેલો. પોલીએના હજુ ભાનમાં નહોતી આવી પણ તે પરિસ્થિતિમાં જેટલો આરામ થાય તેટલો તે કરી રહી હતી. એક કુશળ નર્સને બોલાવવામાં

આવેલી જે રાતથી આવવાની હતી. આટલું ટોમકાકાને જણાવીને નેન્સી ડૂસકાં ભરતી ઘરમાં ગઈ.

બીજે દિવસે બપોરે પોલીએના ભાનમાં આવી.

‘પોલી આન્ટી, દિવસ ઊગી ગયો છે ને? હું ઊભી કેમ નથી થઈ શકતી?’ દર્દથી ઉંહકારા કરતી પોલીએનાએ ઊભા થવા પ્રયત્ન કર્યો પણ સફળ ન થઈ.

‘પોલીએના, હમણાં ઊઠવા માટે પ્રયત્ન ન કરીશ.’ પોલી આન્ટીએ કહ્યું.

‘પણ થયું છે શું? હું ઊભી કેમ નથી થઈ શકતી?’

પોલી મેડમે નર્સ સામે લાચારીથી, દર્દભરી આંખે જોયું. નર્સે ઇશારાથી સમજાવ્યું, ‘એને કહી દો.’

પોલી મેડમે ડૂમો ગળે ઉતાર્યો. ‘બેટા, ગઈકાલે સાંજે તને મોટરકારે ટક્કર મારી એટલે તને ઈજા થઈ છે. પણ અત્યારે તેની વાત નથી કરવી. તું પાછી સૂઈ જા.’

‘ઈજા? હા, ગઈકાલે.’ પોલીએનાની આંખો ઘેનવાળી હતી. તેણે કપાળે હાથ મૂકીને કહ્યું, ‘અહીં પાટો બાંધ્યો છે. દુખે છે.’

‘હા બેટા પણ ચિંતા ન કર. સૂઈ જા, આરામ કર.’ પોલી મેડમ બોલ્યાં.

‘પણ આન્ટી, મને બહુ વિચિત્ર લાગે છે. ખરાબ લાગે છે. જાણે મારા પગ છે જ નહી એમ લાગે છે.’ પોલી મેડમે ઊભાં થઈને નર્સ તરફ આજીજીભરી નજરે જોયું.

નર્સે તરત આગળ આવી પોલીએના સાથે વાત કરી. ‘હું તને વાત કરું તે પહેલાં મારી ઓળખાણ આપું. મારું નામ મિસ હન્ટ છે. હું તારી આન્ટીને તારી સંભાળ રાખવામાં મદદ કરવા આવી છું. હવે પહેલું કામ તારે એ કરવાનું છે કે આ નાની સફેદ ગોળીઓ તારે ગળે ઉતારી જવાની છે.’

પોલીએનાએ થોડા ગુસ્સામાં કહ્યું, ‘પણ મારે કોઈ સંભાળ રાખવાવાળું જોઈતું નથી, એટલે કે લાંબા સમય માટે નહીં. મારે ઊભા થવું છે. નિશાળે જવું છે. હું કાલે નિશાળે ન જઈ શકું?’

બારી પાસે પોલી મેડમ ઊભાં હતાં ત્યાંથી દબાયેલું ધ્રુસકું સંભળાયું.

‘આવતીકાલે?’ નર્સે હસીને કહ્યું, ‘એટલી જલ્દી બહાર જવાની છૂટ હું કદાચ ન આપું. અત્યારે તો આ ગોળીઓ લઈ લો. જોઈએ, એ શું અસર કરે છે?’

‘સારું’ પોલીએનાએ વાત માની લીધી અને કહ્યું, ‘પણ મારે પરમ દહાડે તો નિશાળે જવું જ પડશે હોં! મારી પરીક્ષાઓ ચાલે છે.’

તે ફરી બોલી. નિશાળ વિશે, તેને અથડાયેલા વાહન વિશે, તેને માથામાં દર્દ હતું તેના વિશે. થોડા જ વખતમાં તેનો અવાજ ધીમો પડવા લાગ્યો અને અંતે ગોળીઓની અસરથી ઘેનમાં વિલીન થઈ ગયો.

જ્હોન પેન્ડલટન

પોલીએના બીજે કે ત્રીજે દિવસે નિશાળે ન જઈ શકી. જો કે તેને આ વાતની ખબર નહોતી. વચ્ચે ભાનમાં આવતી ત્યારે ઘણા પ્રશ્નો પૂછતી પણ તેને સાચે જ શું બન્યું છે તેની સ્પષ્ટ માહિતી એક અઠવાડિયા પછી મળી જ્યારે તાવ ઊતરી ગયેલો. દર્દ ઓછું થયેલું અને તે સંપૂર્ણ ભાનમાં આવેલી. તેને આખી વાત વિગતે કહેવામાં આવી.

તેણે ઊંડો શ્વાસ લઈને કહ્યું. ‘મને ઈજા થઈ છે અને હું બીમાર નથી, એ વાતે હું રાજી થઈ.’

‘રાજી થઈ?’ તેની બાજુમાં બેઠેલા પોલી મેડમ બોલ્યાં.

‘હા, આન્ટી. હું માનું છું કે મિસ્ટર પેન્ડલટનના પગ ભાંગ્યા હતા તે સારું કહેવાય પણ મેડમ સ્નો જેવી પથારીવશ કરતી બીમારી સારી નહીં. પગ ભાંગ્યા હોય તો સાજા થઈ જાય.

પોલી મેડમ ઊઠીને ડ્રેસિંગ ટેબલ પાસે ગયાં. કોઈ કારણ વિના ત્યાં પડેલી વસ્તુઓ એક પછી એક હાથમાં લઈને જોવા લાગ્યાં. સામાન્ય રીતે તેમનું દરેક કામ ચોક્કસ કારણસર થતું. તેમનો ચહેરો ફિક્કો અને તંગ હતો.

પોલીએના પથારીમાં પડી પડી છત પર અંકાયેલ રંગોળી જોઈ રહી. જે બારીએ ટિંગાડેલા પ્રિઝમને કારણે રચાતી હતી.

‘હું એટલે પણ ખુશ છું કે મને શીતળા નથી થયા. તે તો કાળા ડાઘા કરતાં ઘણા વધુ ખરાબ કહેવાય. વળી એ પણ સારું છે કે મને મોટી ઉધરસ નથી થઈ. મને એકવાર થયેલી અને તે બહુ ત્રાસદાયક હોય છે. હું રાજી છું કે મને એપેન્ડિક્સ અને ઓરી-અછબડા નથી થયાં. ઓરી-અછબડા તો ચેપી હોય એટલે ઘરમાં રહી પણ ન શકાય.’ પોલીએના બોલી.

‘તું ઘણી બધી વસ્તુઓથી રાજી થાય છે, ખરું?’ પોલી મેડમ જાણે ડૂમો અટકાવતા હોય એમ હાથ ગળે મૂકીને બોલ્યાં.

પોલીએનાએ હળવું હસીને કહ્યું, ‘હા. હું આ મેઘધનુષ જોતી જોતી એ જ વિચારતી રહી છું. મને મેઘધનુષ બહુ ગમે છે. હું બહુ રાજી છું કે મિસ્ટર પેન્ડલટને મને પ્રિઝમ આપ્યા. હું સૌથી વધુ રાજી એટલે છું કે મને આ ઈજા થઈ.’

‘પોલીએના!’ પોલી મેડમ બોલી ઊઠ્યાં.

પોલીએનાએ ફરી હસીને પોલી મેડમની સામે જોઈને કહ્યું, ‘એમાં એવું છે કે હું ઈજાગ્રસ્ત થઈને આવી ત્યારથી તમે મને અનેક વાર ‘બેટા’ કહીને

બોલાવી છે. પહેલાં તમે આ રીતે નહોતા બોલાવતા. મને પોતાના માણસો બેટા કહીને બોલાવે તે બહુ ગમે. મહિલા સહાયક મંડળના અમુક લોકો મને તે કહેતા અને સારું પણ લાગતું પરંતુ તમે જે રીતે બોલાવો છો એટલું સારું નહીં. ઓ પોલી આન્ટી, હું બહુ રાજી છું કે તમે મારા છો!'

પોલી મેડમ કાંઈ બોલી ન શક્યાં. તેમનો હાથ ગળા પર હતો. આંખો આંસુથી ઉભરાઈ ગયેલી. તે ઝડપથી રૂમની બહાર જતાં રહ્યાં.

❋

તે બપોરે નેન્સી દોડતી ટોમકાકા પાસે ગઈ અને આંખ પહોળી કરતી બોલી, 'ટોમકાકા, ટોમકાકા, વિચારો, શું થયું હશે? અરે તમને સો વર્ષમાં આવો વિચાર ન આવે.'

'તો તો હું પ્રયત્ન પણ નહીં કરું.' ટોમે ગંભીર મોઢે જવાબ આપ્યો. 'મારે તો હવે દસ વર્ષથી વધુ જીવવાનું નથી, એટલે તું જ કહી દે.'

'તો કહો, અત્યારે પોલી મેડમ સાથે મોટા રૂમમાં કોણ બેઠું હશે? કોણ?'

ટોમકાકાએ માથું ધુણાવીને કહ્યું, 'કોને ખબર?'

'મને ખબર છે. જ્હોન પેન્ડલટન આવ્યા છે.' નેન્સીએ જાહેર કર્યું.

'જાવા દે. તું મશ્કરી કરે છે.' ટોમકાકા બોલ્યા.

'હા, અરે મેં જ તેમને માટે બારણું ખોલેલું. તે ટેકણલાકડીના સહારે ચાલતા આવ્યા છે. અરે તે કોઈ સાથે ક્યારેય વાત કરતા નથી, સાવ અતડા રહે છે. ટોમકાકા, એ પોલીએનાને મળવા આવ્યા છે!' નેન્સી એકશ્વાસે બધું બોલી ગઈ.

ટોમકાકાએ કહ્યું, 'શા માટે ન આવે?'

'લે, તમને તો મારા કરતાં વધારે ખબર છે.' નેન્સી બોલી.

'કઈ વાતની?' ટોમે પૂછ્યું.

નેન્સી બોલી, 'આટલા ભોળા ન બનો. તમે જ તો મને આ વાતે ચડાવી છે.'

'તું શું કહેવા માગે છે?' ટોમ જરા અકળાઈને બોલ્યા.

નેન્સીએ ઘર તરફ નજર નાખી. ટોમકાકા પાસે આવીને બોલી, 'તમે મને નહોતું કહ્યું કે પોલી મેડમને પ્રેમી હતો? મેં ધારેલું કે એ કોણ હશે પણ હું ખોટી પડી.'

ટોમકાકા ચિડાઈને બોલ્યા, 'મારી સાથે વાત કરવી હોય તો સીધી રીતે કરવાની. ગોળ ગોળ નહીં.'

નેન્સી હસીને બોલી ‘એમાં એવું થયું કે મેં કાંઈક સાંભળ્યું અને એવું માની લીધું કે પોલી મેડમ અને જ્હોન પેન્ડલટન એકબીજાંને પ્રેમ કરતાં હતાં.’

ટોમકાકા ઊભા થઈ ગયા. ‘મિસ્ટર પેન્ડલટન?’

‘હા, જો કે હવે મને ખબર છે કે એવું નથી. તે પોલીએનાની માતાને પ્રેમ કરતા હતા અને એટલા માટે જ... ખેર, જવા દો એ વાત.’ તેને યાદ આવ્યું કે જ્હોન પેન્ડલટન પોલીએનાને પોતાની સાથે રાખવા માગતા હતા તે કોઈને કહેવાનું નહોતું.

‘ત્યારપછી મેં લોકો પાસેથી જાણ્યું કે મિસ્ટર પેન્ડલટનને અને પોલી મેડમને બનતું નથી. મેડમ તેને એટલે નફરત કરે છે કે એ જ્યારે અઢાર-વીસ વર્ષનાં હતાં ત્યારે કોઈએ એ બંનેનાં નામ જોડીને અફવા ફેલાવેલી.’

ટોમકાકા અનુભવી આંખોને ભૂતકાળમાં ઠેરવીને બોલ્યા, ‘મને યાદ છે. પોલીએનાની મા જ્હૉનને તરછોડીને પેલા પાદરી સાથે ચાલી ગઈ તે પછી ત્રણ-ચાર વર્ષે આ બનેલું. પોલી મેડમને તે પાદરી માટે હાડોહાડ નફરત હતી. પોલી મેડમ સહાનુભૂતિથી જ્હોનને મળતા. તેમાંથી બંનેની મૈત્રી બંધાઈ. ત્યાં કોઈએ આ અફવા ફેલાવી. કોઈક તો એવું પણ બોલેલું કે પોલી મેડમ જ્હોન પેન્ડલટનની પાછળ પડ્યાં છે!’

નેન્સી બોલી ઊઠી, ‘પોલી મેડમ, તે વળી કોઈની પાછળ પડે?’

‘મને ખબર છે કે તે કોઈની પાછળ ન પડે પણ આવી વાતો ફેલાઈ હતી. કોઈ સ્વમાની યુવતી આ સહન ન કરે. એમાં પોલી મેડમને બીજા સાથે પ્રેમ થયો. તે બંને વચ્ચે પણ વિખવાદ થયો. એટલે પોલી મેડમ આવા એકલસૂડા અને ચીડિયા થઈ ગયાં. તેમનું હૃદય આળું થઈ ગયું.’

‘હું એ વાત જાણું છું. એટલે જ મેં જ્હોનને બારણામાં જોયા તો હું આભી બની ગઈ! એ વ્યક્તિ, જેની સાથે મેડમ વર્ષોથી બોલ્યાં નથી, બારણે હતી! હું તેમને બેસાડીને મેડમને કહેવા ગઈ.’ નેન્સીની ઉત્તેજના હજુ શમી નહોતી.

‘મેડમ શું બોલ્યાં?’ ટોમકાકાએ અધ્ધર શ્વાસે પૂછ્યું.

‘પહેલાં તો કાંઈ નહીં.’ નેન્સીએ જણાવ્યું. ‘એ પૂતળાની જેમ બેસી રહેલાં. મને થયું એમણે સાંભળ્યું નથી. ફરીવાર બોલવા જતી જ હતી ત્યારે તેમણે શાંત અવાજે કહ્યું, ‘તેમને જણાવ કે હું હમણાં નીચે આવું છું. મેં તેમને જણાવ્યું અને અહીં આવીને તમને જણાવ્યું.’ નેન્સીએ વિવરણ પૂરું કરીને એકવાર ઘર તરફ જોઈ લીધું.

‘હંમમ...’ ટોમકાકા વાત પૂરી કરતા પોતાના કામે વળગ્યા.

ઘરના મુખ્ય ખંડમાં જ્હોન પેન્ડલટને બહુ રાહ ન જોવી પડી. તેમને કોઈનો પગરવ સંભળાયો. તે ઊભા થવા ગયા પણ પોલી મેડમે ઇશારો કરીને તેમને બેસવા કહ્યું. તેમના મોઢા પર રૂક્ષતા હતી અને તેમણે હસ્તધૂનન માટે હાથ ન લંબાવ્યો.

જ્હોન અચકાઈને બોલ્યા, 'હું પોલીએનાની ખબર કાઢવા આવ્યો છું. તેને કેમ છે?'

પોલી મેડમ ઠંડા અવાજે બોલ્યા 'આભાર. તેનામાં કાંઈ ફર્ક નથી.'

'એટલે? તેને શું થયું છે તે મને નહીં કહો?' જ્હોને તૂટતા અવાજે પૂછ્યું.

પોલી મેડમના મોઢા પરથી દર્દની રેખા પસાર થઈ. 'હું કાંઈ નથી કહી શકતી, કાશ કાંઈક કહી શકતી હોત!'

'તમે એમ કહો છો કે તમને ખબર નથી?' જ્હોને પૂછ્યું.

'ના, મને ખબર નથી.'

'પણ ડૉક્ટર શું કહે છે?'

'ડૉક્ટર વોરેન પોતે નક્કી નથી કરી શકતા. તે ન્યૂ યૉર્કના એક નિષ્ણાત ડૉક્ટર સાથે વાતચીત કરી રહ્યા છે. એ લોકોએ તરત તપાસ કરવાનું નક્કી કરેલ છે.' પોલી મેડમે જણાવ્યું.

જ્હોને પૂછ્યું. 'તમે એના શરીર પર ક્યાંય ઈજા થયેલી જોઈ?'

'માથા પર સહેજ ઘા હતો. એકબે જગ્યાએ છોલાયેલું અને... અને... કરોડરજ્જુમાં માર વાગ્યો છે એટલે થાપાથી બંને પગ ખોટા પડી ગયા છે.'

'અરર... બહુ ખરાબ થયું.' જ્હોન લગભગ ચીસ પાડતા બોલ્યા. 'પોલીએના... એણે આ જાણીને શું કહ્યું?'

'એ તો વાસ્તવિકતા જરા પણ સમજતી નથી અને હું એને કશું કહી નથી શકતી.' પોલી મેડમની લાચારી, દર્દ તેમના અવાજમાં છલકાતી હતી. 'પણ તેને થોડી તો ખબર પડી હશે ને?'

પોલી મેડમે ગળા પર હાથ મૂક્યો. આ હવે રોજની ટેવ પડી ગયેલી. 'હા, તેને ખબર છે કે તે હલી નથી શકતી. પણ તે માને છે કે તેના પગ ભાંગ્યા છે. એ તો રાજી છે કે તમારી જેમ તેના પગ ભાંગ્યા છે અને મેડમ સ્નો જેવી જીવનભર પથારીવશ કરી દે તેવી બીમાર નથી. તેનું કહેવાનું છે કે ભાંગેલા પગ સાજા થાય પણ પથારીવશ હોય તે ઊભા ન થાય. તે દરરોજ બસ આવી વાત કરે છે.' પોલી મેડમનો અવાજ તરડાયો.

જ્હોને આંસુભરી આંખે પોલી મેડમનો ચહેરો ફિક્કો પડેલો, વેદનાગ્રસ્ત ચહેરો જોયો. તેમણે જ્યારે પોલીએનાને તેમની સાથે રહેવા કહેલું ત્યારે પોલીએના શું બોલેલી તે યાદ આવ્યું, ‘ઓહ... હું પોલી આન્ટીને છોડીને ન આવી શકું!’

આ યાદ આવ્યું એટલે જ્હોને બહુ ધીમા અવાજે પૂછ્યું, ‘મિસ પોલી, તમને ખબર છે કે મેં પોલીએના મારી સાથે આવીને રહે તે માટે ઘણા પ્રયત્નો કરેલા?’

‘પોલીએના, તમારી સાથે?’ મેડમે આશ્ચર્યથી પૂછ્યું.

‘હા, હું તેને કાયદેસર દત્તક લેવા માગતો હતો. મારી વારસદાર બનાવવા માગતો હતો.’ જ્હોને જણાવ્યું.

પોલી મેડમ વિચારે ચડી ગયાં. જો જ્હોન પોલીએનાને દત્તક લે તો તેનું ભવિષ્ય ઉજ્જ્વળ બની જાય. પોલીએના કદાચ એ ઉંમરની હતી કે પૈસા અને સગવડ ભરેલું ઘર તેને વધુ પસંદ આવે. ત્યાં જવા તેનું મન લલચાય.

‘મને પોલીએના બહુ ગમે છે.’ જ્હોને વાત ચાલુ રાખી. ‘મારો તેના પ્રત્યેનો લગાવ ખુદ પોલીએનાને કારણે અને તેની માતાને કારણે છે. હું એને એ પ્રેમ, એ સ્નેહ આપવા તૈયાર છું જે છેલ્લાં પચીસ વર્ષથી મારામાં સચવાઈ રહ્યો છે.’

‘પ્રેમ.’ પોલી મેડમને યાદ આવ્યું કે તેમણે પોલીએનાને શું કામ ઘરમાં રાખેલી. સાથે જ પોલીએનાએ સવારે જે શબ્દો કહેલા તે યાદ આવ્યા. ‘મને મારું પોતાનું કોઈ વ્હાલી કહે તે મને બહુ ગમે.’ આ વહાલભૂખી છોકરીને પચીસ વર્ષથી સંગ્રહાયેલો પ્રેમ મળી રહ્યો હતો! વળી તે એટલી મોટી હતી કે આનાથી આકર્ષાઈ જાય. આ વિચારતાં તે ગ્લાની અનુભવવા લાગ્યાં. તેમને એ વાતની પણ ગ્લાની થઈ કે પોલીએના વિના રહેવું પડે તો જિંદગી કેવી શુષ્ક બની જશે.

‘પછી?’ પોલી મેડમ બોલ્યાં. જ્હોન પારખી ગયા કે આ સખત અવાજ પાછળ કેટલું નિયંત્રણ રહેલું અને તેમાં કેટલી વેદના છુપાઈ હતી.

જ્હોને આછું હસીને કહ્યું, ‘તેણે આવવાની ના પાડી.’

‘શા માટે?’

‘તે તમને છોડવા તૈયાર નહોતી. તેણે કહ્યું કે તમે તેને બહુ સાચવી છે. તે તમને એકલાં મૂકીને ક્યાંય ન જાય. એણે એમ પણ જણાવ્યું કે તમે પણ તેને તમારી સાથે રાખવા માગો છો તેમ તે માને છે.’ જ્હોન પેન્ડલટન ઊભા થતાં બોલ્યા.

પોલી મેડમ તરફ જોયા વિના જ એ બારણા તરફ ચાલ્યા. અચાનક તેમને કોઈની હાજરીનો અહેસાસ થયો. પોલી મેડમ પાસે આવીને હાથ લંબાવતા બોલ્યાં:

'જ્યારે નિષ્ણાત ડૉક્ટર એને તપાસીને કાંઈ ચોક્કસ જણાવશે ત્યારે હું તમને તરત જાણ કરીશ. આવવા બદલ આભાર. પોલીએના બહુ રાજી થશે.'

રાહ જોવાની રમત

જ્હોન પેન્ડલટનની મુલાકાતના બીજા દિવસથી પોલી મેડમે પોલીએનાને નિષ્ણાત ડૉક્ટરના આગમન માટે તૈયાર કરવા માંડી.

'જો પોલીએના બેટા, આપણે નક્કી કર્યું છે કે ડૉક્ટર વોરેન ઉપરાંત એક બીજા ડૉક્ટરની સલાહ લેવી. બીજા ડૉક્ટર કદાચ આપણને નવી વાત કરે જેનાથી જલ્દી સાજા થઈ જવાય.' પોલી મેડમે હળવેથી વાત કરી.

પોલીએનાનો ચહેરો આનંદિત થઈ ગયો. 'ડૉક્ટર શિલ્ટન? આહા, ડૉક્ટર શિલ્ટન આવે તો મને બહુ ગમે. પણ મને થયું કે કદાચ તમને નહીં ગમે. તે દિવસે તેમણે તમને પેલી લેસવાળી શાલ અને છુટ્ટા વાળ સાથે જોઈ લીધેલા ને? એટલા માટે હું કાંઈ કહેતી નહોતી. હવે હું બહુ ખુશ છું કે તમે તેમને બોલાવવાના છો.'

પોલી મેડમનો ચહેરો ફિક્કો પડી ગયો. પછી થોડો લાલ થયો. તેમણે જવાબ આપ્યો ત્યારે દેખાતું હતું કે તે બહુ હળવાશથી, આનંદપૂર્વક વાતો કરતાં હતાં.

'ના, દીકરી, હું ડૉક્ટર શિલ્ટનની વાત નથી કરતી. આ નવા ડૉક્ટર છે જે ન્યૂ યૉર્કથી આવવાના છે. તને જે દર્દ થયું છે તેના વિશે તે બહુ જાણકારી રાખે છે.' પોલી મેડમે વાત સમજાવી.

પોલીએનાનું મોઢું પડી ગયું. 'હું નથી માનતી કે આ બહારગામના નિષ્ણાત ડૉક્ટર શિલ્ટન કરતાં વધુ સારા હોય.'

'ના, એમને સારી ખબર પડે છે. મને ખાતરી છે.' પોલી આન્ટીએ કહ્યું.

'પરંતુ આન્ટી, ડૉક્ટર શિલ્ટને જ પેન્ડલટનને સાજા કર્યા છે. આન્ટી, તમને વાંધો ન હોય તો ડૉક્ટર શિલ્ટનને બોલાવો. સાચે જ હું બહુ રાજી થઈશ.' પોલીએના એકી શ્વાસે આ બોલી ગઈ.

પોલી મેડમના ગાલ લજ્જાથી લાલ થઈ ગયેલા. થોડો વખત મૌન રહ્યા બાદ તેમણે હળવેથી પણ મક્કમતાથી કહ્યું, 'મને વાંધો છે બેટા, મને વાંધો છે. હું તારે માટે ગમે તે કરવા તૈયાર છું પણ તું ડૉક્ટર શિલ્ટન અહીં આવે તેમ આગ્રહ નહીં રાખતી. હું તને અત્યારે કારણો નથી સમજાવતી. સાચું માન, તેમને તારા રોગ વિશે એટલી ખબર ન પડે જેટલી એક નિષ્ણાતને ખબર પડે, જે આવતી કાલે ન્યૂ યૉર્કથી આવવાના છે.'

પોલીએના હજુ માનવા તૈયાર ન હોય તેમ બોલી, 'પણ આન્ટી, તમને જો ડૉક્ટર શિલ્ટન ગમતા હોત.'

‘પોલીએના, તું શું બોલી?’ પોલી મેડમનો અવાજ કડક થયો. ગાલ લાલચોળ થઈ ગયા.

‘મેં એમ કહ્યું કે તમને ડૉક્ટર શિલ્ટન ગમતા હોત અને બીજા ડૉક્ટર ન ગમતા હોત, તો તમારો અભિપ્રાય જુદો હોત.’ પોલીએનાએ કહ્યું.

તે વખતે નર્સ રૂમમાં આવી અને પોલી મેડમ રાહતનો શ્વાસ લેતાં ઊભાં થયાં. ‘હું દિલગીર છું પોલીએના, પરંતુ આ નિર્ણય તારે મારી પર છોડવો પડશે. બધું નક્કી થઈ ગયું છે. ન્યૂ યૉર્કથી ડૉક્ટર આવતીકાલે આવી રહ્યા છે.’

પરંતુ ન્યૂ યૉર્કના ડૉક્ટર બીજે દિવસે ન આવી શક્યા. છેલ્લી ઘડીએ તાર દ્વારા ખબર આવ્યા કે તે પોતે બીમાર હતા એટલે નહીં આવી શકે. આને કારણે પોલીએનાની ડૉક્ટર શિલ્ટનને બોલાવવાની માગણીએ જોર પકડ્યું. ‘તે તો અહીંયાં જ છે ને, આસાનીથી આવી શકશે.’ પોલીએનાએ કહ્યું.

પહેલાંની જેમ જ પોલી આન્ટીએ ના પાડી. ‘બેટા, બીજું તું કહે તે કરવા હું તૈયાર છું પણ ડૉક્ટર શિલ્ટન માટે આગ્રહ ન રાખ.’

દિવસો પસાર થતા ગયા તેમ લાગતું ગયું કે પોલી મેડમ તેની ભાણેજને ખુશ રાખવાના બધા પ્રયત્નો કરી રહ્યાં હતાં.

‘મારા માન્યામાં નથી આવતું.’ નેન્સી ટોમકાકાને કહેતી હતી. ‘દિવસમાં એક પળ એવી નથી હોતી જ્યારે પોલી મેડમ પોલીએનાને રાજી રાખવા માટે કાંઈક ને કાંઈક કરતાં ન હોય. એમણે બિલાડીને પોલીએના પાસે જવા દીધી! અઠવાડિયા પહેલાં બિલાડી કે ગલૂડિયું પહેલે માળે જઈ શકે તે મનાય એમ જ નહોતું. હવે તે બંને પોલીએનાની પથારીમાં આળોટે છે!’

‘પોતે બીજું કાંઈ ન કરતાં હોય ત્યારે તે પેલા પ્રિઝમને એક બારીએથી બીજી બારીએ ફેરવે છે એટલે સૂર્યપ્રકાશને લીધે રૂમમાં મેઘધનુષ નૃત્ય કરતા રહે. ટીમોથીને દિવસમાં ત્રણ વખત ફૂલ લેવા મોકલે છે. ઘર આંગણે ફૂલો ઉગે છે તે ઉપરાંત. અરે ગઈકાલે તો તે પોલીએનાના વાળ ઓળતા હતા. છોકરી રોફથી બેઠી હતી અને એટલી ખુશ હતી!’

ટોમકાકા હસીને બોલ્યા, ‘પોલી મેડમ પણ સરસ લાગે છે. છુટ્ટા, વાંકડિયા વાળ તેમના કપાળ પર રાખીને.’

‘અલબત્ત તે સારા લાગે છે.’ નેન્સી બોલી ઊઠી. ‘હવે તે માણસ જેવાં લાગે છે. તે લગભગ...’

‘બસ, નેન્સી. મને યાદ છે તું શું બોલી હતી, જ્યારે મેં કહેલું કે પોલી મેડમ દેખાવડાં હતાં.’ ટોમકાકા હળવું હસીને બોલ્યા.

નેન્સીએ કહ્યું, 'તે બહુ દેખાવડાં નથી પણ હું કબૂલ કરીશ કે તે પહેલાં લાગતાં હતાં તેના કરતાં ઘણાં જુદાં લાગે છે. એમાં પણ પોલીએના એમને વાળમાં રિબન નખાવે છે અને ગળામાં લેસ વાળી શાલ ઓઢાડે છે ત્યારે તો બસ...'

'હું કહેતો હતો ને, તે કાંઈ ઉંમરલાયક નથી થઈ ગયાં.' ટોમકાકા બોલ્યા.

નેન્સી હસી પડી. 'ઠીક છે, હું કબૂલ કરું છું કે હવે તે ઉંમરલાયક હોવાનો અભિનય એટલો સારો નથી કરી શકતાં જેટલો પોલીએનાના આવતાં પહેલાં કરતાં હતાં. ટોમકાકા, તેમનો પ્રેમી કોણ હતો? મને હજુ ખબર નથી.'

'તને ખબર નથી?' ટોમકાકાએ પૂછ્યું. 'તો મારી પાસેથી તને ખબર નહીં જ પડે.'

'હવે કહી દો ને.' નેન્સીએ આજીજી કરી. 'હું બીજા કોને પૂછવા જાઉં?'

'એ તું જાણે, પણ હું નહીં કહું' ટોમકાકાએ જવાબ આપ્યો અને પૂછ્યું, 'પોલીએનાને કેમ છે?'

નેન્સી માથું હલાવતાં બોલી, 'કાંઈ ફરક નથી પડ્યો, ટોમકાકા. તે બસ સૂઈ રહે છે. થોડી વાતો કરે છે, હસીને રાજી રહેવા પ્રયત્ન કરે છે તેની હાલત જોઈને આપણો જીવ બળી જાય.'

'મને ખબર છે. આ એની રાજી થવાની રમત છે.' ટોમકાકા સ્નેહવશ બોલ્યા.

'એણે તમને પણ આ રમત વિશે કહ્યું છે?'

'હા. ઘણા વખત પહેલાં.' ટોમકાકા થોડું અટકીને બોલ્યા. 'હું બળાપો કરતો હતો કે હું બહુ વાંકો વળી ગયો છું, વિચિત્ર લાગું છું, તો ખબર છે એ મીઠડી દીકરીએ શું કહ્યું?'

નેન્સીએ વિચાર કરીને કહ્યું, 'ખબર નહીં. મને નથી લાગતું કે એમાં એને રાજી થવા જેવી એકપણ વાત મળી હોય.'

'એને મળી આવી. એણે મને કહ્યું કે હું એ વાતે રાજી થઈ શકું કે ઘાસ કાપવા માટે મારે બહુ વાંકા નથી વળવું પડતું, કારણકે હું થોડો વાંકો વળી જ ગયો છું!'

નેન્સી સ્મિત કરીને બોલી, 'મને નવાઈ નથી લાગતી. એ આવું કાંઈક શોધી જ કાઢે છે. અમે આ રમત તે આવી ત્યારથી રમીએ છીએ. પહેલાં

તો તેની સાથે આ રમવાવાળું કોઈ હતું જ નહીં. હા, તેણે તેના પોલી આન્ટીને આ રમત રમવાનું કહેલું.'

'પોલી મેડમને?' ટોમકાકા આભા બનીને બોલ્યા.

'લાગે છે, મેડમ માટે તમારો મત મારા મતથી બહુ જુદો નથી.' નાન્સી બોલી.

ટોમકાકા ગર્વથી બોલ્યા, 'મારું કહેવાનું એમ છે કે એ રમત મેડમ માટે નવી અને આશ્ચર્યકારક હોય.'

નેન્સી સંમત થઈ, 'હા, તે વખતે આ રમત તેમને માટે આશ્ચર્યકારક રહી હોય પણ અત્યારે નહીં. હવે તો મેડમ માટે હું કોઈપણ વાત માનવા તૈયાર છું. એટલે સુધી કે આ રાજી થવાની રમત તે પોતે રમવા લાગે તો પણ નવાઈ નહીં!'

ટોમકાકાએ પૂછ્યું, 'પરંતુ આ છોકરીએ મેડમને આ રમત વિશે ક્યારેય નહોતું કહ્યું? લાગે છે બીજા બધાને તેણે આ રમત વિશે વાત કરી છે. તેને અકસ્માત થયો છે ત્યારથી બધા એ જ યાદ કરે છે.'

'ના, પોલીએનાએ આ વાત મેડમને નહોતી કરી.' નેન્સીએ જણાવ્યું. 'મને તેણે વાત કરેલી કે પોલી મેડમે તેને તેના પપ્પાની કોઈપણ વાત કરવાની ના પાડી હતી. આ રમત તેના પપ્પાએ તેને શીખવેલી. રમતની વાત કરવી હોય તો તેના પપ્પાનું નામ તો આવે જ ને? એટલે પોલીએનાએ આ વાત મેડમને નહોતી કરી.'

'હંમમ. હવે સમજ્યો.' ટોમકાકાએ ડોકું હલાવ્યું. 'કુટુંબના બધા સભ્યો પાદરીની વિરુદ્ધ હતા કારણ કે તે જેનીને પોતાની સાથે લઈ ગયો. પોલી મેડમે તેને ક્યારેય માફ નથી કર્યો. તેને પોતાની બહેન જેની બહુ પ્રિય હતી. એ આખો બનાવ બહુ દુખદાયક હતો.'

ટોમકાકા પોતાના કામે વળગ્યા અને નેન્સી રસોડા તરફ ગઈ.

તે દિવસો કોઈ માટે સરળ નહોતા. નર્સ ખુશ દેખાવા પ્રયત્ન કરતી પણ તેની આંખોમાં ચિંતા દેખાતી. ડૉક્ટર અધીરા અને મૂંઝાયેલા લાગતા. પોલી મેડમ ઓછું બોલતાં તેમના ખભા પર ઝૂલતા વાંકડિયા વાળ કે ગળા પર શોભતી શાલ એ હકીકત છુપાવી નહોતા શકતા કે તે દિવસે દિવસે સુકાતાં જતાં હતાં. પોલીએના ગલૂડિયાને પંપાળતી, બિલાડીના બચ્ચાને વહાલ કરતી, ફૂલોને અહોભાવે જોતી, તેને માટે આવેલાં ફળ અને જેલી ખાતી અને તેને મળતા અનેક સંદેશાનો આનંદપૂર્વક જવાબ આપતી. આમ છતાં તે પણ દુબળી અને ફિક્કી પડતી જતી હતી. તેના હાથ અનેકવાર હલતા ત્યારે એ યાદ અપાવતા કે તેના પગ નકામા થઈ ગયા છે.

રાજી થવાની રમત હજુ ચાલુ હતી. પોલીએનાએ નેન્સીને કહેલું કે એ બહુ રાજી થશે જ્યારે એ નિશાળે જઈ શકશે, મેડમ સ્નોને મળવા જશે, મિસ્ટર પેન્ડલટનને ઘરે જશે અને ડૉક્ટર શિલ્ટનની ઘોડાગાડીમાં સહેલ કરશે. તેને જાણે એ ખ્યાલ જ નહોતો કે આ બધો રાજીપો ભવિષ્યમાં શક્ય હતો, વર્તમાનમાં નહીં. જોકે નેન્સીને આ વાતનો ખ્યાલ હતો અને એ વાત વિચારીને તે એકાંતમાં રડી લેતી હતી.

અધખુલ્લું બારણું

ડૉક્ટર મીડ, ન્યૂ યૉર્કના નિષ્ણાત ડૉક્ટર એક અઠવાડિયા પછી આવ્યા. તે ઊંચા અને પહોળા ખભાવાળા હતા. ભૂખરી આંખો અને હસતા ચહેરાવાળા ડૉક્ટર મીડ પોલીએનાને પહેલી નજરે પસંદ પડી ગયા.

'તમે મારા ડૉક્ટર જેવા દેખાઓ છો.' પોલીએનાએ જણાવ્યું.

'તારા ડૉક્ટર?' ડૉક્ટર મીડે નર્સ સાથે વાત કરી રહેલા ડૉક્ટર વોરેન સામે નજર કરી. ડૉક્ટર વોરેન બેઠી દડીના હતા. તેમને કથ્થાઈ આંખો અને એ જ રંગની અણિયાળી દાઢી હતી.

પોલીએનાએ હસીને કહ્યું, 'એ નહીં. એ મારા ડૉક્ટર નથી. ડૉક્ટર વોરેન તો આન્ટીના ડૉક્ટર છે. મારા ડૉક્ટર તો ડૉક્ટર શિલ્ટન છે.'

ડૉક્ટર મીડે પોલી મેડમ સામે જોયું. જે શરમાઈને બીજી તરફ જોઈ ગયાં.

'હા' પોલીએના થોડું અટકીને બોલી, 'મારે ડૉક્ટર શિલ્ટનને જ બોલાવવા હતા પરંતુ પોલી આન્ટી તમને બોલાવવા માગતા હતા. તેમણે કહ્યું કે મારા પગના રોગ વિશે તમે ડૉક્ટર શિલ્ટન કરતાં વધુ જાણો છો. જો એવું હોય તો તે વાત માટે હું રાજી થઈ શકું. તમે સાચે જ વધુ જાણો છો?'

ડૉક્ટરના ચહેરા પર જે ભાવ આવ્યા તે પોલીએના કળી ન શકી. 'ફક્ત સમય જ કહી શકશે કે આગળ પર શું થવાનું છે.' આટલું કહી તે પથારી પાસે આવેલા ડૉક્ટર વોરેન તરફ વળ્યાં.

❄

પછીથી બધાએ એમ કહ્યું કે આ બિલાડીને કારણે થયું. એ ચોક્કસ કે ફલફીએ બારણા પર પંજા અને માથું ન પછાડ્યાં હોત તો બારણું એક ફૂટ જેટલું ખૂલી ન જાત. જો બારણું ખુલ્લું ન હોત તો આન્ટી બોલ્યાં તે પોલીએનાએ સાંભળ્યું ન હોત.

બેઠકખંડમાં બે ડૉક્ટર, નર્સ અને પોલી મેડમ વાતો કરતાં હતાં. પોલીએનાના રૂમમાં ફલફી 'મ્યાઉં ' કરીને પલંગ પર કૂદેલું. ત્યાં પોલી આન્ટીની દર્દ ભરેલી ચીસ જેવો અવાજ ખુલ્લા બારણામાંથી સંભળાયો. 'ના ડૉક્ટર, એ ન બને. શું તમે એમ કહો છો કે પોલીએના ક્યારેય ચાલી નહીં શકે?'

પછી બધે અંધાધૂંધી છવાઈ રહી. પહેલા બેડરૂમમાંથી પોલીએનાનો ભયભીત અવાજ આવ્યો 'પોલી આન્ટી, પોલી આન્ટી.' પોલી મેડમે ખુલ્લું બારણું જોયું અને તેમને ખ્યાલ આવ્યો કે પોલીએનાએ તેમના શબ્દો

સાંભળ્યા છે. તેમના મોંમાંથી દર્દભર્યો ચિત્કાર નીકળ્યો અને તે જીવનમાં પહેલી વાર બેહોશ થઈ ગયાં.

નર્સ બોલી ઊઠી, 'અરર તેણે સાંભળી લીધું.' અને રૂમ તરફ દોડી. બંને ડૉક્ટરો પોલી મેડમની સારવારમાં રોકાયા. ડૉક્ટર મીડે પોલી મેડમને ઝીલી લીધાં હતાં.

ડૉક્ટર વોરેન લાચાર થઈને જોતા હતા. પોલીએનાએ ફરીવાર ચીસ પાડી. નર્સે રૂમનું બારણું બંધ કરી દીધું. ત્યાર પછી બંને ડૉક્ટરો પોલી મેડમની સારવાર કરવા લાગ્યા.

પોલીએનાના રૂમમાં નર્સે જોયું કે નાની બિલાડી ધીમા અવાજે ભયથી ફાટેલી આંખોવાળી પોલીએનાનું ધ્યાન ખેંચવા પ્રયત્ન કરતી હતી.

'મિસ હન્ટ, મારે પોલી આન્ટીને મળવું છે. તમે જલ્દીથી પોલી આન્ટીને બોલાવો. પ્લીઝ.' પોલીએનાએ વિહ્વળ થઈને કહ્યું.

નર્સ બારણું બંધ કરીને ઝડપથી આવી. તેનો ચહેરો ફિક્કો પડી ગયેલો. 'બેટા, તે હમણાં નહીં આવી શકે. થોડીવાર પછી આવશે. હું કાંઈ લાવી આપું?'

પોલીએનાએ માથું ધુણાવ્યું, 'મારે જાણવું છે કે તેમણે શું બોલ્યાં. તમે તેમને સાંભળ્યા? મારે પોલી આન્ટી જોઈએ. એ કાંઈક બોલ્યાં. મારે એમની પાસેથી જાણવું છે કે એ સાચું નથી. ના એ સાચું નથી.'

નર્સ બોલવા ગઈ પણ મોઢામાંથી શબ્દો ન નીકળ્યા. તેનો ચહેરો જોઈને પોલીએનાની આંખોમાં વધુ ડર દેખાવા લાગ્યો. 'મિસ હન્ટ, તમે તેમને સાંભળ્યા ને?

એ સાચું છે. ના એ સાચું નથી. શું તમે એમ કહો છો કે હું ક્યારેય ચાલી નહીં શકું?'

'બસ, બસ, બેટા.' નર્સ ગળગળી થતાં બોલી. 'કદાચ તેમને ખબર નથી. કદાચ તેમની ભૂલ થઈ છે. ખબર છે ઘણી વસ્તુ બની શકે છે?'

'પરંતુ પોલી આન્ટી તો એમ કહે છે કે તેમને ખબર છે. તેમણે કહ્યું કે બીજા કોઈ ડૉક્ટર કરતાં આ ડૉક્ટર આવા ભાંગેલા પગ વિશે વધુ જાણે છે.' પોલીએનાની વ્યથા, ભય તેના અવાજમાં વ્યક્ત થતાં હતાં.

'તે વાત બરાબર છે.' નર્સ સમજાવતાં બોલી. 'પણ દરેક ડૉક્ટર ક્યારેક તો ભૂલ કરતા જ હોય છે ને? બસ, હવે તેના વિશે વધુ વિચાર ન કર.'

પોલીએના તેના હાથ ફંગોળતી બોલી, 'પણ કેવી રીતે વિચાર ન કરું?' તેના ડૂસકાં ચાલુ થયાં. 'હવે બસ એના જ વિચાર આવ્યા કરશે. મિસ

હન્ટ, હવે હું નિશાળે કેવી રીતે જઈશ? મેડમ સ્નોને, મિસ્ટર પેન્ડલટનને અને બીજાં બધાંને મળવા કઈ રીતે જઈશ?’ તેનો શ્વાસ રૂંધાયો અને તે બહુ રડવા લાગી. અચાનક નર્સ તરફ ભય ભરેલી આંખે જોઈને તેણે પૂછ્યું, ‘મિસ હન્ટ, હું જો ચાલી નહીં શકું તો ક્યારેય કોઈ પણ વાત માટે રાજી કઈ રીતે થઈ શકીશ?’

મિસ હન્ટ આ ‘રાજી થવાની રમત’ જાણતા ન હતાં પણ તે જાણતાં હતાં કે તેમના દર્દીને શાંત પાડવાની તાતી જરૂરિયાત હતી. હૃદયમાં વેદના અને મનમાં મૂંઝવણ હતી છતાં તેમણે દર્દીને શાંત કરી દેતો પાવડર હાથમાં લઈ લીધો.

‘ચાલ, આ લઈ લે.’ તેમણે સ્નેહપૂર્વક કહ્યું, ‘સરસ આરામ થઈ જશે. પછી જોઈએ આગળ શું કરવાનું છે. ઘણી વખત પરિસ્થિતિ એટલી ખરાબ નથી હોતી જેટલી આપણને લાગે છે.’

પોલીએનાએ દવા લઈને પાણી પીધું.

‘મને ખબર છે કે આ, પપ્પા કહેતા હતા તેવું છે.’ પોલીએના આંસુ ખાળતા બોલી. ‘એ કહેતા કે દરેક પરિસ્થિતિમાં કાંઈક એવું હોય છે જે તેનાથી વધુ ખરાબ હોય. પણ મને લાગે છે એમણે એવું ક્યારેય નહીં સાંભળ્યું હોય કે તેઓ ક્યારેય ચાલી નહીં શકે. મને સમજાતુ નથી કે આ પરિસ્થિતિથી વધુ ખરાબ શું હોઈ શકે? તમને સમજાય છે?’

મિસ હન્ટે કાંઈ જવાબ ન આપ્યો. તે બોલી શકે તેવી સ્થિતિમાં નહોતા.

બે મુલાકાત

પોલી મેડમે ડૉક્ટર મીડના નિદાન વિશે મિસ્ટર જ્હોન પેન્ડલટનને વાકેફ કરવા નેન્સીને મોકલી. તેમણે મિસ્ટર પેન્ડલટનને વચન આપેલું કે પોલીએનાના સમાચાર જણાવશે પરંતુ રૂબરૂ જઈને કે પત્ર લખીને પોલીએનાની ખબર આપવા જેટલું સાહસ હવે તેમનામાં નહોતું રહ્યું. માટે તેમણે નેન્સી દ્વારા આ સમાચાર મોકલ્યા.

એક સમય હતો જ્યારે નેન્સીને આ મહેલ જેવડા મોટા અને ભેદી ઘરમાં જવાનું ગમત. પરંતુ આજે તેનું દિલ ગમગીનીથી છલોછલ હતું. તેમાં કોઈ પ્રકારના આનંદ ઉલ્લાસને માટે સ્થાન નહોતું. જ્હોન પેન્ડલટનની રાહ જોતાં તેણે ભાગ્યે આજુબાજુ જોયું.

જ્હોન રૂમમાં આવ્યા ત્યારે તેમની આંખોમાં પ્રશ્ન હતો. નેન્સીએ ઊભા થઈને જણાવ્યું, 'મારું નામ નેન્સી છે, સાહેબ. મને મેડમ પોલી હેરિંગ્ટને મોકલી છે. પોલીએનાના સમાચાર આપવા માટે.'

'બોલો' કડક સ્વરે બોલાયેલા ટૂંકો જવાબ સંભળાયો. જો કે તેને લાગ્યું કે આ અવાજની પાછળ એક પ્રકારની ચિંતા વ્યક્ત થતી હોય તેમ લાગ્યું.

'સારા સમાચાર નથી મિસ્ટર પેન્ડલટન.' નેન્સીને ગળે ડૂમો બાઝયો.

'તું કહેવા માગે છે કે...' જ્હોનનો સવાલ અધૂરો રહ્યો.

'હા, સાહેબ, ડૉક્ટર કહે છે કે પોલીએના ક્યારેય ચાલી નહીં શકે.'

થોડીવારની નીરવ શાંતિ પછી જ્હોન બોલ્યા, 'બિચારી છોકરી, બિચારી...'

નેન્સીએ તેમની સામું જોયું અને તરત નજર ફેરવી લીધી. તેણે નહોતું ધાર્યું કે રૂક્ષ, ચીડિયા અને અતડા મિસ્ટર જ્હોનના મોઢા પર આવા ભાવ આવી શકે. થોડી વારે જ્હોન ફરીવાર બોલ્યા, 'આ તને જુલ્મ કહેવાય. હવે તે સૂર્યનાં કિરણોમાં સ્નાન નહીં કરી શકે? મારી નાની દોસ્ત જેને પ્રિઝમ બહુ ગમે છે.' ફરીવાર શાંતિ છવાઈ. અચાનક જ્હોને પૂછ્યું, 'તેને પોતાને હજુ ખબર નથીને? કે ખબર પડી ગઈ છે?'

નેન્સી આંસુ સારતાં બોલી, 'સાહેબ, તેને ખબર છે. એટલે આ બધું અસહ્ય થઈ રહે છે. બિલાડીએ બારણું ખોલેલું અને પોલીએનાએ પોલી મેડમની વાતો સાંભળી.'

'અરેરે... બિચારી છોકરી.' જ્હોને ફરી નિસાસો નાખીને કહ્યું.

'હા, તમને તેની દયા આવી જ જાય જો તમે તેને અત્યારે જુઓ તો.' નેન્સીના શબ્દો તેના ગળામાં અટકતા હતા. મેં, તેને ખબર પડી પછી, બે વખત જ જોઈ છે.

પણ બંને વખતે હું ભાંગી પડી. આ બધું એને માટે એટલું નવું છે કે તે હંમેશાં પોતે અત્યારે શું નથી કરી શકતી તેના વિચાર કર્યા કરે છે. તેને એ વાતની પણ ફિકર છે કે તે હવે બધી વસ્તુ માટે રાજી નથી થઈ શકતી. પરંતુ તમે આ રાજી થવાની રમત વિશે નહીં જાણતા હો.'

'રાજી થવાની રમત?' જ્હોન બોલ્યા, 'મને ખબર છે. તેણે મને તે એક વખત શીખવેલી.'

'અચ્છા, એણે તમને શીખવેલી? તેણે લગભગ બધાને આ રમત શીખવી છે. પરંતુ હવે આ રમત તે પોતે નથી રમી શકતી એનું એને બહુ દુ:ખ છે. એ કહે છે કે એ પોતે એકપણ કારણ નથી વિચારી શકતી જેને કારણે એ રાજી થઈ શકે કે તે ક્યારેય ચાલી નથી શકવાની.' નેન્સીએ લંબાણથી સમજાવ્યું.

'સાચી વાત છે. આમાં રાજી થવા જેવું કાંઈ નથી.' જ્હોને કહ્યું.

નેન્સી અચકાઈને બોલી, 'મને પણ એમ જ લાગેલું. પછી મને વિચાર આવ્યો કે પોલીએના પોતે જો આ બાબતમાં રાજી થવાની વાત શું છે તે શોધી શકે માટે મેં તેને યાદ દેવા પ્રયત્ન કર્યા.

'શેની યાદ દેવા?' જ્હોનનો ગુસ્સો અને રોફ બંધ નહોતા થયા.

'એમણે બીજાને આ રાજી થવાની વાત રમવાનું કેટલી સરસ રીતે શીખવેલું.' નેન્સીએ જવાબ આપ્યો. 'મિસિસ સ્નો અને બીજા ઘણાંને. અત્યારે બિચારી રડ્યા કરે છે અને કહે છે કે રમત બદલાઈ ગઈ લાગે છે. તે કહે છે કે જીવનભર પથારીવશ હોય તેને રાજી થવાની રમત શીખવવી સહેલી છે, પરંતુ તમે પોતે પથારીવશ થઈ જાઓ ત્યારે આ રમત રમવી અઘરી છે. તેણે જણાવ્યું કે તેણે તેના મનને બહુ સમજાવ્યું કે તે પોતે રાજી છે કે બીજા લોકો તેના જેવા નથી. પણ આ બધું કરતી હોય ત્યારે તેના વિચાર તો, 'હું ક્યારે ચાલી શકીશ?' સવાલની આસપાસ મંડરાતા રહે છે.'

નેન્સી વાત કરતાં અટકી. તેણે જોયું કે જ્હોન આંખ પર હાથ રાખી બેઠા હતા. 'પછી તેમણે જે કહેલું તે વાક્ય મેં યાદ કર્યું કે 'પરિસ્થિતિ જેટલી કઠીન, રાજી થવાની રમત રમવાની તેટલી વધુ મજા, ખરું?' આના જવાબમાં પોલીએનાએ મને કહેલું કે, 'આ વાત પણ અત્યારે બદલાઈ છે. હવે હું જાઉં, સાહેબ?'નેન્સી અચાનક ચાલી ગઈ. દરવાજા પાસે થોડી રોકાઈને તે બોલી, 'હું પોલીએનાને એમ જણાવું કે તમે જિમી બીનને ફરી મળવાના છો?'

‘ના, કારણકે હું તેને મળ્યો નથી, તેં આ શા માટે પૂછ્યું?’ જ્હોને સામો સવાલ કર્યો.

નેન્સીએ સમજાવ્યું, ‘ખાસ કાંઈ નહીં. આ એવી બાબત છે જેને કારણે પોલીએના દુખી થઈ છે કે અત્યારે જિમીને લઈને તે તમારે ત્યાં આવી નથી શકતી. તેણે એકવાર જિમીને તમારી સાથે મુલાકાત કરવા બોલાવેલો. પરંતુ ત્યારે પોલીએનાને લાગ્યું કે જિમી ઠીક નહોતો દેખાતો. તેને ભય લાગેલો કે તમે વિચારશો કે જિમી કાંઈ સારા બાળકની ગરજ નહીં સારી શકે. સાહેબ, મને આમાંનું કાંઈ સમજાણું નથી. તમને કદાચ સમજણ પડી હશે કે પોલીએના શું કહેવા માગે છે.’

‘મને ખબર છે કે તે શું કહેવા માગે છે.’ જ્હોન બોલ્યા.

‘ઠીક છે સાહેબ. પોલીએના એટલું જ ઇચ્છતી હતી કે જિમીને કોઈ રાખવા તૈયાર થાય. એટલે જ એ તમને બતાવવા માગતી હતી કે જિમી સારો છોકરો છે. હવે તે જિમીને અહીં ક્યારેય નહીં લાવી શકે. નખ્ખોદ જાય તે મોટરકારનું! સાહેબ આવજો, હું જાઉં.’ કહેતી નેન્સી ઝડપથી ઘરે ચાલી ગઈ.

❈

થોડા વખતમાં જ આખા બેલ્ડિન્ગ્ઝવીલે નગરમાં વાત ફેલાઈ ગઈ કે ન્યૂ યૉર્કના નિષ્ણાત ડૉક્ટરે કહ્યું છે કે પોલીએના વ્હિલ્ટ્રિઅર ક્યારેય ચાલી નહીં શકે. સમગ્ર નગરમાં પહેલાં ક્યારેય નહોતી થઈ એવી હલચલ મચી ગઈ. આ મીઠડી છોકરીને, જે હંમેશાં બધાંને સ્મિત સાથે બોલાવતી હતી, લગભગ બધાં જોયે ઓળખતાં હતા. લગભગ બધાને રાજી થવાની રમત વિશે પણ ખબર હતી. એ વિચાર અસહ્ય હતો કે હવે આ હસતો ચહેરો ક્યારેય શેરીઓમાં જોવા નહીં મળે અને આનંદ ભરેલો અવાજ દરેક સ્થિતિમાં મળી આવતી રાજી થવાની વાતનું વર્ણન નહીં કરે.

રસોડામાં, બેઠકરૂમમાં, વરંડામાં સ્ત્રીઓ પોલીએનાને યાદ કરીને ખુલ્લેઆમ રડતી હતી. પુરુષો રસ્તા પર અથવા દુકાનના ઓટલે મળીને વાત કરતાં રડી પડતા હતા.

આમાં નેન્સી તરફથી એ ખબર આવ્યા કે પોલીએના બહુ દુ:ખી હતી કે તે રાજી થવાની રમત નહોતી રમી શકતી. તે હવે એકપણ બાબત માટે રાજી થઈ શકે તેમ ન હતી. આને કારણે દરેકની વેદનામાં વધારો થયો.

જાણે પોલીએનાના બધા મિત્રોને એકસાથે સરખો વિચાર આવ્યો હોય તેવું થયું. પોલી મેડમના આશ્ચર્ય વચ્ચે તેમના ઘરે લોકો આવવા લાગ્યા. જાણીતાં, અજાણ્યાં, સ્ત્રી, પુરુષ, બાળકોનો અવિરત પ્રવાહ શરૂ થઈ ગયો! પોલી મેડમને ખબર નહોતી કે પોલીએના આટલાં બધાં લોકોને ઓળખે છે!

અમુક મુલાકાતીઓ પાંચ-દસ મિનિટ બેસીને જતા રહેતાં. અમુક પોર્ચમાં ઊભા રહીને શું કરવું તે મૂંઝવણ અનુભવતાં. પુસ્તકો, ગુલદસ્તા, ચૉકલેટ જેવી ભેટો આવવા લાગી. મુલાકાતીઓમાંના થોડા ખુલ્લેઆમ રડી પડતા તો અમુક છૂપું રુદન કરી લેતા. બધાં બહુ ચિંતાથી પોલીએનાની તબિયતના ખબર પૂછતા અને બધા એકસરખો સંદેશો મોકલતા. આ સંદેશાને લીધે પોલી મેડમને પ્રેરણા મળી.

પહેલાં મિસ્ટર પેન્ડલટન આવ્યા. ટેકણલાકડીના સહારા વિના. આવીને તરત બોલી ઊઠ્યા, 'હું કહી નથી શકતો કે મને કેટલું દુ:ખ થયું છે... પણ કાંઈ થઈ શકે તેમ નથી?'

પોલી મેડમે લાચારી દર્શાવતાં કહ્યું, 'અમારા બધા પ્રયત્નો ચાલે છે. ડૉક્ટર મીડે અમુક દવાઓ અને ઉપચાર સૂચવ્યા છે જે મદદરૂપ થઈ શકે અને ડૉક્ટર વોરેન એ પ્રમાણે ધ્યાન રાખી રહ્યા છે. પણ ડૉક્ટર મીડે પરિસ્થિતિ સુધરે એવી આશા નથી બંધાવી.

જ્હોન તરત ઊભા થઈ ગયા. હજુ હમણાં જ આવ્યા હતા તો પણ. તેમનો ચહેરો ફિક્કો પડી ગયેલો. હોઠ સખત બીડેલા. પોલી મેડમ તેમને જોઈને સમજી શક્યાં કે તે વધારે રોકાવા કેમ નહોતા માગતા. બારણા પાસે રોકાઈને જ્હોન બોલ્યા,

'પોલીએના માટે એક સંદેશો છે. તેને કહેજો કે હું જિમી બીનને મળ્યો છું અને તેને મારી સાથે રાખવાના છું. કહેજો કે મને લાગ્યું કે આ જાણીને તે રાજી થશે. હું જિમીને કદાચ દત્તક લઈશ.'

થોડા વખત માટે પોલી મેડમ પોતાનો સંયમ ગુમાવી બેઠાં. 'તમે જિમીને દત્તક લેશો?' તેમણે આભા થઈને પૂછ્યું.

જ્હોને તેમની સામું જોઈને કહ્યું, 'હા. મને લાગે છે કે પોલીએના સમજશે. તમે તેને કહેજો કે મને થયું કે તે આ જાણીને રાજી થશે.'

'હું તેને ચોક્કસ જણાવીશ.' પોલી મેડમ જરા થોથવાઈને બોલ્યાં.

'આભાર.' કહીને જ્હોન બારણા તરફ વળ્યા.

પોલી મેડમ ઊભાં રહ્યાં. શાંત અને આશ્ચર્યચકિત. તે હજુ જ્હોન તરફ જોતાં હતાં. તેમણે જે સાંભળ્યું તે હજુ તેમના માન્યામાં આવતું નહોતું. જ્હોન પેન્ડલટન જિમીને દત્તક લેવાના હતા? જ્હોન પેન્ડલટન જે અમીર, સ્વતંત્ર, અતડા હતા, લોભી અને અતિ સ્વાર્થી તરીકે જાણીતા હતા, તે આ છોકરાને દત્તક લેવાના હતા? તેય આવા છોકરાને? મોઢા પર આશ્ચર્ય લઈને પોલી મેડમ પોલીએનાના રૂમમાં ગયાં.

'પોલીએના, તારે માટે જ્હોન પેન્ડલટને સંદેશો મોકલ્યો છે. તે હમણાં અહીં આવેલા. તેમણે તને જણાવવાનું કહ્યું કે તે જિમી બીનને પોતાની

સાથે રાખવાના છે. મિસ્ટર જ્હોન માને છે કે આ વાત જાણીને તું રાજી થઈશ.’

પોલીએનાનો ચહેરો પ્રસન્નતાથી ખીલી ઊઠ્યો!

‘હા, હું જરૂર રાજી થઈ છું. પોલી આન્ટી, મને ક્યારની ઇચ્છા હતી કે જિમી બીનને એક સારું ઘર મળે. વાહ! કેટલું સરસ ઘર મળ્યું. હું મિસ્ટર પેન્ડલટન માટે પણ ખુશ છું. તેમને પણ હવે એક બાળકની હાજરી મળી રહેશે.’

‘શું મળી રહેશે?’ પોલી મેડમે પૂછ્યું.

પોલીએના શરમાઈ ગઈ. તેને યાદ આવ્યું કે તેણે પોલી આન્ટીને એ વાત નહોતી કરી કે જ્હોન પેન્ડલટન તેને દત્તક લેવા માગતા હતા. વળી પોલીએના એ તો જણાવવા માગતી જ નહોતી કે એક ક્ષણ માટે પણ તેણે પોલી આન્ટીને છોડીને બીજે જવાનો ક્યારેય વિચાર પણ કરેલો. આ વ્હાલા પોલી આન્ટીને!

‘બાળકની હાજરી મળી રહેશે.’ પોલીએનાએ તરત ચોખવટ કરી. ‘મિસ્ટર પેન્ડલટને મને એકવાર કહેલું કે માત્ર સ્ત્રીનું હૈયું અને હાથ અથવા બાળકની હાજરી એક મકાનને ઘર બનાવી શકે છે. હવે તેમને બાળકની હાજરી મળી ગઈ.’

‘ઓહ, હવે સમજી.’ પોલી આન્ટી બોલ્યાં. પોલીએનાએ જણાવ્યું હતું તેના કરતાં તે વધુ સમજેલાં. તેમને ખ્યાલ આવ્યો કે પોલીએના કેવા માનસિક તણાવમાં આવી હશે જ્યારે જ્હોન પેન્ડલટને તેને અપનાવવાની, એક બાળકની હાજરી તરીકે પ્રસ્થાપિત કરવાની વાત કરી હશે જેથી તેમનું વિશાળ મકાન એક ઘર બને. ‘હવે સમજી’ તેમણે ફરીવાર કહ્યું. તેમની આંખમાં અચાનક આંસુ ઊભરાઈ આવ્યાં.

પોલીએનાને થયું કે પોલી આન્ટી મિસ્ટર પેન્ડલટન અને તેમના ઘર વિશે વધુ પ્રશ્નો પૂછશે. આથી એણે વાત બીજે વાળી.

‘તમને ખબર છે કે ડૉક્ટર શિલ્ટન પણ એમ માને છે કે માત્ર સ્ત્રીનું હૈયું અને હાથ અથવા બાળકની હાજરી એક મકાનને ઘર બનાવી શકે છે.’

પોલી મેડમ અચાનક તેની તરફ ફર્યાં. ‘ડૉક્ટર શિલ્ટન પણ એમ માને છે? તને ક્યાંથી ખબર?’

‘તેમણે મને કહેલું.’ પોલીએનાએ જવાબ આપ્યો. ‘તે કહેતા હતા કે તે એક મકાનના રૂમમાં રહે છે. ઘરમાં નહીં.’

પોલી મેડમ કાંઈ બોલ્યાં વિના બારીની બહાર જોતાં રહ્યાં.

‘પછી મેં તેમને પૂછ્યું કે તે એક સ્ત્રીનો હાથ અને હૈયું અથવા બાળકની હાજરી કેમ નથી લઈ આવતા. મકાનને ઘર બનાવવા.’ પોલીએનાએ કહ્યું.

‘પોલીએના, તેં આવું પૂછ્યું?’ પોલી મેડમના ગાલ જરા લાલ થઈ ગયા.

‘હા, તે એટલાં દુ:ખી લાગતાં હતાં કે મેં આમ પૂછી લીધું.’ પોલીએના બોલી.

‘પછી તેમણે શું જવાબ આપ્યો.’ પોલી આન્ટીએ સવાલ એવી રીતે પૂછ્યો જાણે અંદરથી કોઈ તેમને આ પૂછવાની ના પાડતું હોય.

‘પહેલાં તેં કાંઈ બોલ્યા નહીં.’ પોલીએનાએ કહ્યું, ‘પછી ધીમેથી એમ બોલ્યા કે આ બધી વસ્તુઓ માગવાથી નથી મળી જતી.’

થોડીવાર શાંતિ છવાઈ રહી. પોલી મેડમે ફરી બારી બહાર નજર કરી. તેમના ગાલ હજુ લાલ હતા.

પોલીએના નિસાસો નાખતાં બોલી, ‘મને ખબર છે કે તેમને એ જોઈએ છે. હું ઇચ્છું કે તેમને એ મળી જાય.’

‘પોલીએના, તને કઈ રીતે ખબર કે એમને શું જોઈએ છે?’

‘કારણ કે પછી એક દિવસ તેમણે કહેલું. ધીમેથી બોલેલા, પણ મેં સાંભળેલું.

‘એમણે કહ્યું કે એક સ્ત્રીનો હાથ અને હૈયું મળે તો તે પોતાની પાસેનું બધું આપવા તૈયાર હતાં. અરે પોલી આન્ટી, શું થયું?’ પોલી આન્ટીને અચાનક ઊભાં થઈ બારી પાસે જતાં જોઈ પોલીએનાએ પૂછ્યું, ‘કાંઈ નહીં બેટા. આ પ્રિઝમની જગ્યા જરા બદલાવવા આવી.’ પોલી આન્ટીએ જવાબ આપ્યો. તેમનો આખો ચહેરો લાલ થઈ ગયો હતો.

રમત અને રમનારા

જ્હોન પેન્ડલટનની બીજી મુલાકાતના થોડા દિવસો બાદ એક બપોરે મિલી સ્નો આવી. પહેલાં તે આ ઘરમાં ક્યારેય આવી નહોતી. પોલી મેડમ આવ્યાં ત્યારે તે શરમાઈ ગઈ.

'હું પોલીએનાની ખબર કાઢવા આવી છું.' મિલીએ અચકાતાં જણાવ્યું.

'સારું કર્યું. પોલીએનાની સ્થિતિમાં બહુ ફેર નથી પડ્યો. તારી મા કેમ છે? 'પોલી મેડમે થોડા અણગમા સાથે પૂછ્યું.

'હું એ જ તમને કહેવા આવી છું. તમે પોલીએનાને જણાવો મિલી વિનતિ સાથે ઉતાવળે બોલવા લાગી. ' અમને જાણીને બહુ દુ:ખ થયું કે પોલીએના હવે ક્યારેય ચાલી નહીં શકે. તેણે અમારે માટે, ખાસ તો મમ્મી માટે બહુ કર્યું છે. રાજી થવાની રમત શીખવી અને બીજું ઘણું. હવે સાંભળ્યું કે તે પોતે આ રમત નહીં રમી શકે. બિચારી!

તેની આવી પરિસ્થિતિમાં તે આ રમત કઈ રીતે રમી શકે? પરંતુ એણે જે અમારા માટે કર્યું છે એને યાદ કરે તો તે બાબત માટે તે રાજી થઈ શકે. એટલે કે થોડી રાજી થઈ શકે.' મિલી બોલવાનું બંધ કરી પોલી મેડમ શું જવાબ આપે છે તેની રાહ જોઈ રહી.

પોલી મેડમે બધી વાત સાંભળી પણ તેમને અડધી પડધી વાત જ સમજાયેલી. તેમણે સાંભળેલું કે મિલી સ્નો વિચિત્ર છોકરી છે પણ તેમને ખબર નહોતી કે તે પાગલ છે. આવી તૂટક શબ્દોવાળી, અર્થહીન, અસંબદ્ધ વાતો ફક્ત પાગલ વ્યક્તિ જ કરી શકે. મિલીનું બોલવાનું અટક્યું એટલે પોલી મેડમ બોલ્યાં, 'મિલી, મને સમજાતું નથી. તું મારી ભાણેજને શું કહેવરાવવા માગે છે?'

'હા, હું એ કહેવા માગું છું.' મિલી ફરી ઉત્તેજીત થઈને બોલવા લાગી. 'તમે તેને કહેજો. તમે તેને યાદ કરાવજો કે તેણે અમારે માટે શું કર્યું છે. તેણે થોડું જોયું છે. તેને ખબર છે કે મારી માતામાં ફેર પડ્યો છે. પરંતુ મારે તેને જણાવવું છે કે મારી મા કેટલી બદલાઈ ગઈ છે. હું પણ બદલાઈ ગઈ છું. હું પણ તે રમત રમવા પ્રયત્ન કરું છું. પોલી મેડમ પૂછવા માગતાં હતાં કે આ 'રમત' કઈ છે પણ મિલીનો વાક્પ્રવાહ એવો ચાલુ હતો કે વચ્ચે બોલવું અશક્ય હતું.'

'મમ્મી માટે પહેલાં એકપણ વસ્તુ બરાબર નહોતી તેને હંમેશાં જે કાંઈ મળે તેનાથી જુદી વસ્તુ જોતી હતી. હું તેનો વાંક નથી કાઢતી, પરંતુ હવે તે મને બારીના પડદા ખુલ્લા રાખવા દે છે. પોતે કેવી લાગે છે, નાઇટડ્રેસ કેવો છે તે બધી વાતોમાં રસ લે છે. તે થોડું ભરતગૂંથણ કરવા લાગી છે.

બાળકોના નાના ધાબળા બનાવે છે. તેને આમાં એટલો રસ પડવા માંડ્યો છે, તે એટલી બધી રાજી છે કે ન પૂછો વાત! આ બધું પોલીએનાને કારણે થયું છે. તેણે મમ્મીને સમજાવેલું કે તે એ વાત માટે રાજી થઈ શકે કે તેના હાથ સલામત છે. આને કારણે મમ્મીને વિચાર આવ્યો કે તે તેના હાથથી કેમ કાંઈ કરી ન શકે. એટલે તેણે ભરત-ગૂંથણ શરૂ કર્યું. તમે કલ્પના નહીં કરી શકો કે તેનો રૂમ કેટલો બદલાઈ ગયો છે!

લાલ, ભૂરા, પીળા રંગોથી ચમકે છે. બારીમાં પોલીએનાએ આપેલા પ્રિઝમ લગાડ્યા છે. હવે તો એ રૂમમાં જવાનું ગમે છે! પહેલાં તો એ રૂમમાં જતાં મને બીક લાગતી. એ રૂમ એવો તો અંધારિયો હતો અને મમ્મી એમાં એટલી ઉદાસ રહેતી હતી.'

'એટલે તમે પોલીએનાને કહેજો કે આ બધું તેને કારણે થયું છે. અમે એટલાં રાજી છીએ કે અમારો તેની સાથે પરિચય થયો. અમને લાગે છે કે અમે ખુશ છીએ એટલે તે થોડી રાજી થઈ શકશે. બસ... તમે આટલું એને કહેશોને? મિલી ઊભી થતાં બોલી.

'જરૂર કહીશ.' પોલી મેડમ ઊભાં થતાં બોલ્યાં. તેમને શંકા હતી કે આટલા લાંબા ભાષણમાંનું કેટલું યાદ રાખીને તે પોલીએનાને કહી શકશે!

જહોન પેન્ડલટન અને મિલીની આ મુલાકાત એક શરૂઆત હતી. ત્યારબાદ અનેક લોકો મળવા આવ્યા. અગણિત સંદેશા આવતા રહ્યા. અમુક સંદેશા એવા વિચિત્ર હતા કે તેમને સમજવા પોલી મેડમને વધુ ને વધુ મૂંઝવણ થવા લાગી.

એક દિવસ મેડમ બેન્ટન આવ્યાં. તે વિધવા હતાં. નીચા કદનાં મેડમ બેન્ટનને પોલી મેડમ સારી રીતે જાણતાં હતાં. જો કે ક્યારેય એકમેકને ઘરે જવાનું નહોતું બન્યું. તે 'સૌથી ઉદાસ' વ્યક્તિ તરીકે જાણીતા હતાં. તે હંમેશાં કાળાં કપડાં પહેરતાં. આજે તે ભૂરો દુપટ્ટો ગળા પર નાખીને આવેલાં. આંસુભરી આંખે તેમણે ઍક્સિડન્ટ માટે શોક વ્યક્ત કર્યો અને પોલીએનાના ખબર પૂછ્યા. 'હું તેને થોડો વખત મળી શકું?'

પોલી મેડમે ના પાડતાં જણાવ્યું, 'સૉરી. હમણાં તે કોઈને મળતી નથી. કદાચ થોડા સમય બાદ.'

મેડમ બેન્ટન આંખો લૂછતાં ઊઠીને બારણા સુધી ગયાં પણ કાંઈ યાદ આવ્યું હોય તેમ પાછા આવ્યાં. 'મિસ હેરિંગ્ટન, તમે પોલીએનાને એક સંદેશો પહોંચાડશો?'

'અવશ્ય. મેડમ બેન્ટન. ખુશીથી.' પોલી મેડમે જવાબ આપ્યો.

મેડમ બેન્ટન થોડું અચકાઈને બોલ્યાં. 'તેને કહેજો કે મેં આ પહેર્યું છે.' પોતાના ગળા પરનો ભૂરો દુપટ્ટો બતાવતાં તે બોલ્યાં. પોલી મેડમના ચહેરા પર આશ્ચર્ય જોઈને તેમણે ઉમેર્યું, 'તે નાની છોકરી મને કાંઈક રંગીન કપડું

પહેરવાનું કહ્યા કરતી હતી. મને થયું કે તે જાણીને રાજી થશે કે મેં રંગીન કપડું પહેરવાનું શરૂ કર્યું છે. તેણે મને કહેલું કે ફ્રેડી આ જોશે તો બહુ રાજી થશે. ફ્રેડી સિવાય હવે મારું કોઈ નથી. બીજા બધા...' મેડમ બેન્ટન મોઢું ફેરવી બારણા તરફ ગયાં. 'પોલીએનાને આટલું કહેશો તો તે સમજી જશે.'

એ જ દિવસે બીજી સ્ત્રી, જે પહેરવેશ પરથી વિધવા લાગતી હતી, મળવા આવી. પોલી મેડમ એને ઓળખતા નહોતાં. તેમને નવાઈ લાગી કે પોલીએના આમને કઈ રીતે ઓળખતી હશે. તેમનું નામ 'મિસિસ ટારબેલ', હતું.

'તમારે માટે હું અજાણી છું.' તેમણે વાત શરૂ કરી. 'પરંતુ તમારી ભાણેજ પોલીએના માટે હું અજાણી નથી. હું હોટલમાં રહું છું અને મારી તબિયતને લીધે મારે લાંબું ચાલવાનું હોય છે. આમ ચાલવા જાઉં ત્યારે હું તમારી ભાણેજને મળી છું. કેવી વ્હાલી મીઠડી દીકરી છે! હું વર્ણવી નહીં શકું કે તે મારે માટે શું છે! હું અહીં આવી ત્યારે બહુ ઉદાસ હતી. એનો હસતો ચહેરો અને રમતિયાળ સ્વભાવ જોઈને મને મારી દીકરી યાદ આવી ગઈ, જેને મેં વર્ષો પહેલાં ગુમાવેલી છે. મને અકસ્માત વિશે જાણીને આઘાત લાગ્યો. પછી જ્યારે એ જાણ્યું કે તે ક્યારેય ચાલી નહીં શકે અને તે બહુ દુખી છે કે તે હવે એકપણ વાત માટે રાજી નથી થઈ શકતી ત્યારે હું અહીં આવ્યા વિના રહી ન શકી.'

'સારું કર્યું. આભાર.' પોલી મેડમે કહ્યું.

'તમે મારો એક સંદેશો પોલીએનાને પહોંચાડશો?' મિસિસ ટારબેલે પૂછ્યું.

'જરૂર.'

'તમે તેને કહેજો કે મિસિસ ટારબેલ હવે ખુશ છે. મને ખબર છે કે આ વિચિત્ર લાગે તેવો, ન સમજાય તેવો સંદેશો છે. પણ માફ કરજો, હું સમજાવવા નથી ઇચ્છતી.' મિસિસ ટારબેલના મુખ પર વેદના અંકાઈ. 'તમારી ભાણેજ સમજી જશે કે હું શું કહેવા માગું છું. મને લાગ્યું કે મારે તેને જણાવવું જોઈએ. પરિચય વગર આમ આવી ગઈ તે બદલ માફ કરજો.' આટલું કહીને તેમણે રજા લીધી.

પોલી મેડમ તરત પોલીએનાના રૂમમાં જઈને બોલ્યાં, 'પોલીએના, તું મિસિસ ટારબેલને ઓળખે છે?'

'હા. હું મિસિસ ટારબેલને ઓળખું છું. તે મને ગમે છે. તે માંદાં છે અને બહુ ઉદાસ હોય છે. તે હૉટલમાં રહે છે અને રોજ લાંબું ચાલવા નીકળે છે. અમે ઘણીવાર સાથે ચાલીએ છીએ... એટલે કે સાથે ચાલતા.' પોલીએનાનો અવાજ તૂટ્યો અને બોર જેવાં બે આંસુ તેના ગાલ પર દદડી રહ્યાં.

પોલી મેડમે ગળું સાફ કરીને કહ્યું, 'બેટા, હમણાં તે આવેલાં. તેમણે તારે માટે એક સંદેશો મોકલ્યો છે. તેમણે તેનો અર્થ મને ન કહ્યો. ફક્ત તને એટલું કહેવાનું કહ્યું કે તે હવે રાજી છે, ખુશ છે.'

પોલીએના તાળીઓ પાડતાં બોલી, 'સાચે જ તેમણે આવું કહ્યું? ઓહ હું બહુ રાજી થઈ.'

'પણ પોલીએના, એ કહેવા શું માગતાં હતાં?' પોલી મેડમે પૂછ્યું.

'અરે આ એક રમત છે અને...' અચાનક પોલીએના બોલતી અટકી ગઈ.

'કઈ જાતની રમત?'

'ખાસ કાંઈ નહીં પોલી આન્ટી.' પોલીએના મૂંઝાતાં બોલી. 'હું એને વિશે વાત કરું તને મારે એ વાત પણ કહેવી પડે જે કહેવાની તમે મને ના પાડી છે.'

પોલી મેડમ વધુ પૂછવા માગતાં હતાં પણ પોલીએનાના ચહેરા પર તનાવ જોઈને તેમણે વાત અટકાવી દીધી.

મિસિસ ટારબેલની મુલાકાત પછી થોડા વખતે જ બધાને ચોંકી જાય તેવો પ્રસંગ બન્યો. એક યુવાન વયની સ્ત્રી, જેને કાળા વાળ હતા, જેણે ઉંચી એડીનાં સેન્ડલ અને સસ્તી કિંમતનાં ઘરેણાં પહેરેલાં, જેને પોલી મેડમ તેની 'ખ્યાતિથી' બહુ સારી રીતે ઓળખતા હતા, તે મળવા આવી. પોલી મેડમને આ સ્ત્રી ઘરમાં આવી તેનો ગુસ્સો અને આશ્ચર્ય એકસાથે થયાં. પોલી મેડમે હસ્તધૂનન ન કર્યું. તે રૂમમાં આવીને થોડા ખચકાયાં. આવેલ સ્ત્રી તરત ઊભી થઈ ગઈ. તેની આંખો જાણે તે બહુ રડી હોય તેવી લાલ હતી. તેણે થોડા તોરથી પૂછ્યું કે તે પોલીએનાને મળી શકે કે નહીં.

પોલી મેડમ કડક થઈને ના પાડવા ગયાં પણ તેમણે આવેલ સ્ત્રીની આંખમાં કાંઈક એવું જોયું કે તેમણે સારી રીતે જણાવ્યું કે હજુ પોલીએના કોઈને મળતી નહોતી.

આવનાર સ્ત્રી થોડું અચકાઈ. હજુ તેના મોઢા પર થોડો તોર દેખાતો હતો. તેણે બોલવાનું શરૂ કર્યું, 'મારું નામ મિસિસ પેયસન છે. મિસિસ ટોમ પેયસન. કદાચ તમે મારું નામ સાંભળ્યું હશે. નગરના મોટાભાગના પ્રતિષ્ઠિત લોકો મારું નામ જાણે છે. તમે મારા વિશે જે વાતો સાંભળી હશે તે બધી સાચી નથી. જવા દો એ વાત. હું નાની છોકરી માટે આવી છું. મેં અકસ્માત વિશે સાંભળ્યું અને હું બહુ દુ:ખી થઈ. ગયે અઠવાડિયે ખબર પડી કે તે ક્યારેય ચાલી નહીં શકે અને મને થયું કે હું મારા નકામા પણ સુંદર બે પગ એને આપી દઉં, જો એ ચાલતી થઈ શકે તો!. એ તેના પગ ઉપર ચાલીને એક કલાકમાં જે સારાં કામ કરી શકે છે તે હું સો વર્ષમાં ન

કરી શકું. તે પણ જવા દો. દર વખતે એવા લોકોને સારા પગ નથી મળતા જે તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકે.'

તે શ્વાસ લેવા રોકાઈ અને ગળું સાફ કર્યું. પછી વાત ચાલુ રાખી.

'તમને ખબર નહીં હોય પણ હું તમારી નાની છોકરીને ઘણીવાર જોઉં છું. અમે પેન્ડલટન ટેકરીના રસ્તે રહીએ છીએ અને તે ત્યાંથી ઘણી વાર પસાર થાય છે. ફક્ત પસાર નથી થતી. ઘરમાં આવીને મારાં બાળકો સાથે રમે છે. મારી સાથે અને મારા વર સાથે વાતો કરે છે. એવું લાગ્યું કે તેને અમારી સાથે વાતો કરવી ગમતી હતી. તેને કદાચ ખબર ન હતી કે તેના જેવા લોકો અમારા જેવા સાથે બહુ વાત નથી કરતા. કદાચ એના જેવા લોકો અમારા જેવા લોકો સાથે વધુ વાત કરે, વધુ હળેભળે, તો અમારા જેવા લોકોની સંખ્યા જરૂર ઓછી થાય.' મિસિસ પેયસન છેલ્લું વાક્ય કટુતાથી બોલ્યાં.

'જે હોય તે. એ અમારે ત્યાં આવતી. તેણે અમારું બહુ સારું કર્યું. તેણે અમારું કેટલું ભલું કર્યું છે તેની કદાચ એને ખબર નહીં હોય. અને ખબર ન પડે તે જ સારું. કારણકે તે ખબર પડે તો તેને અમારા વિશે બીજી વાતોની પણ ખબર પડે, જે ઠીક ન થાય. 'અમારું આ વર્ષ બહુ ખરાબ રહ્યું છે. એક કરતાં વધુ કારણે. હું અને મારો વર બહુ [illegible] હતાં અને છુટાછેડા લેવાનાં હતાં. અમને ખબર ન હતી કે છોકરાઓનું શું થશે. ત્યાર બાદ આ અકસ્માત વિશે અમે આ દીકરી ક્યારેય ચાલી નહીં શકે તે વિશે સાંભળ્યું. ત્યારે અમને યાદ આવ્યું કે કઈ રીતે તે અમારા ઘરે આવીને ઉંબરા પર બેસતી. બાળકો સાથે રમતી, હસતી અને રાજી થતી. તે હંમેશાં કોઈક વાત માટે રાજી થતી. એક દિવસ તેણે અમને આ રમત વિશે વાત કરી અને અમને રમવા માટે સમજાવ્યા.'

'મને ખબર પડી કે અત્યારે તે બહુ દુખી છે કે તે આ રમત રમી નથી શકતી. તેને કાંઈ રાજી થવા જેવું લાગતું નથી. હું તેને આ જ કહેવા આવી છું. તે અમારા માટે થોડી રાજી થઈ શકશે કારણકે અમે સાથે રહેવાનું નક્કી કર્યું છે અને આ રમત રમવાની શરૂ કરી છે. મને ખબર છે કે તે આ જાણીને રાજી થશે. અમારી અમુક વાતોથી તે દુ:ખી થતી. આ રમત શું ફાયદો કરશે તે ખબર નથી. તેની ઇચ્છા હતી એટલે અમે રમશું.'

'હું આ વાત તેને જરૂર કરીશ. પોલી મેડમે વચન આપ્યું. પછી અચાનક તે આગળ આવ્યાં અને હસ્તધૂનન માટે પોતાનો હાથ લંબાવતાં બોલ્યાં, 'મિસિસ પેયસન, તમે અહીં આવ્યાં તે માટે આભાર.'

તોરીલું મોઢું સહેજ નીચે ઝૂક્યું. હોઠ થોડા કાંપ્યા. કાંઈ ન સમજાય તેવું બોલીને મિસિસ ટોમ પેયસને પોલી મેડમનાં બંને હાથ પોતાના હાથમાં લીધા, નમન કર્યું અને ઝડપથી બહાર નીકળી ગયાં.

બારણું બંધ થાય તે પહેલાં પોલી મેડમ રસોડામાં પહોંચીને કડક અવાજે બોલ્યાં, 'નેન્સી!' છેલ્લા બે-ત્રણ દિવસના બનાવોએ તેમનું મગજ ચકરાવે ચડાવેલું એમાં આજની છેલ્લી મુલાકાતે હદ કરી નાખી. પોલીએનાના અકસ્માત પછી નેન્સીએ મેડમને પહેલી વાર આટલા સખત અવાજે બોલતાં સાંભળ્યા.

'નેન્સી, આ આખું ગામ જેની વાતો કરે છે તે આ રમત કઈ છે? તેમાં પોલીએનાએ શું કરેલ છે? શા માટે મિલી સ્નોથી માંડીને જ્હોન પેન્ડલટન સુધીના બધા તેને કહેવરાવે છે કે તે બધા આ રમત રમી રહ્યા છે? મને લાગે છે કે અડધું ગામ કાં તો ભૂરી રિબન પહેરે છે અથવા કુટુંબના ઝઘડા બંધ કરે છે અથવા અત્યાર સુધી નથી ગમ્યું તેને ગમાડવા પ્રયત્ન કરે છે અને બધું પોલીએનાને લીધે. મેં તેને જ પૂછ્યું પણ તેણે સરખો જવાબ ન આપ્યો. મારે તેને અત્યારે વધુ તકલીફ નથી આપવી. ગઈકાલે એ તારી સાથે વાત કરતી હતી તે ઉપરથી મને લાગ્યું કે તું આ રમત વિશે જાણે છે. હવે તું મને કહીશ કે આ બધું શું છે?'

પોલી મેડમના આશ્ચર્ય અને વિમાસણ વચ્ચે નેન્સી રડી પડી.

'એ આવી છે ત્યારથી આખા નગરને રાજી રાખી રહી છે. હવે જ્યારે એ પોતે માંદી પડી છે ત્યારે બધાં તેને ખુશ, રાજી કરવા માગે છે.' નેન્સીએ હીબકાં વચ્ચે કહ્યું.

'કઈ બાબત માટે ખુશ કરવા માગે છે?' પોલી મેડમે પૂછ્યું.

'બસ, આમ જ. એ રાજી થવાની રમત છે.' નેન્સીએ જણાવ્યું.

'પાછી તું બીજા જેવી વાત કરવા લાગી. કઈ રમત?' પોલી મેડમ અકળાયાં.

'હું તમને કહું છું મેડમ. આ રમત પોલીએનાના પપ્પાએ એને શીખવેલી. તેને એકવાર દાનપેટીમાંથી ટેકણલાકડીઓ મળેલી જ્યારે તેણે ઢીંગલીની ઇચ્છા કરેલી. બીજાં બાળકની જેમ તે પણ રડી. ત્યારે તેના પપ્પાએ તેને સમજાવ્યું કે દુનિયામાં એક પણ વાત એવી નથી જેને માટે તમે કોઈ ને કોઈ કારણસર રાજી ન થઈ શકો. તેમણે સમજાવ્યું કે ટેકણલાકડીઓ માટે પણ ખુશ થઈ શકાય.' નેન્સીએ જણાવ્યું.

'ટેકણલાકડીઓ માટે રાજી થઈ શકાય?' ધ્રુસકું અટકાવતાં પોલી મેડમને પોલીએનાની અત્યારની હાલત યાદ આવી ગઈ.

'હા મેડમ. મેં પોલીએનાને આ જ પૂછેલું અને તેણે આવો જ સવાલ તેના પપ્પાને કરેલો. 'ત્યારે તેના પપ્પાએ તેને એમ સમજાવેલી કે, 'આપણે રાજી થઈ શકીએ કે આપણને એવી ટેકણલાકડીની જરૂર નથી.' નેન્સીએ જવાબ આપ્યો.

'ઓ હો' પોલી મેડમનો ઉદ્‌ગાર નીકળ્યો.

'ત્યાર પછી પોલીએનાના પપ્પાએ આ રમત શરૂ કરી. દરેક વાતમાંથી કાંઈક એવું શોધવાનું જેનાથી રાજી થઈ શકાય.' નેન્સીએ જણાવ્યું. 'ત્યારે પોલીએનાને ઢીંગલી ન મળી તેનું તેને બહુ દુ:ખ ન થયું. તે બહુ રાજી હતી કે તેને ચાલવા માટે ટેકણલાકડીઓની જરૂર નહોતી. બસ, આ રાજી થવાની રમત છે જે પોલીએના ત્યારથી રમતી આવી છે.'

'પરંતુ આ કઈ રીતે...' પોલી મેડમનું વાક્ય અધૂરું રહ્યું.

'મેડમ તમને નવાઈ લાગશે કે આ રમત કેટલી સરસ રીતે રમી શકાય છે.' નેન્સીના અવાજમાં લગભગ પોલીએનાના અવાજ જેટલો જ ઉત્સાહ હતો. હું તમને કહી ન શકું કે મારા ઘરે મારી મા અને ભાઈઓ માટે પોલીએનાએ કેટલું કર્યું છે. તે મારી સાથે મારા ઘરે બે વખત આવી ગયાં છે. તેમણે મને પણ નાની મોટી વાત માટે અનેક વખત રાજી કરી છે. આને કારણે એ વાતો એટલી સરળ બની ગઈ કે બસ! દાખલા તરીકે મારું નામ નેન્સી છે તેનો મને હવે વાંધો નથી. જ્યારથી પોલીએનાએ સમજાવ્યું કે નેન્સી નામ 'હેફઝિબાહ' નામ કરતાં ઘણું સારું છે ત્યારથી હું ખુશ છું. વળી પેલી સોમવારની સવારની વાત હતી. મને સોમવારની સવાર નહોતી ગમતી પણ પોલીએનાએ મને તેને માટે રાજી કરી.'

'રાજી, સોમવારની સવાર માટે?' પોલી મેડમે પૂછ્યું.

'મને ખબર છે આ થોડી વિચિત્ર લાગે તેવી વાત છે પણ સાંભળો. તેને ખબર પડી કે મને સોમવારની સવાર નથી ગમતી. તેણે આવીને મને કહ્યું, 'નેન્સી, સોમવારે સવારે તો તારે ખાસ રાજી થવું જોઈએ. કારણકે હવે બીજી સોમવારની સવાર છે... 'અઠવાડિયા પછી આવવાની!' બસ, ત્યારથી દર સોમવાર સવારે આ વાત યાદ કરું છું ત્યારે હસી શકું છું. હસવાથી ફાયદો થાય છે. ખરુંને મેડમ?' નેન્સીએ પૂછ્યું.

'પણ પોલીએનાએ આ રમતની વાત મને કેમ નથી કરી?' મેડમ બોલ્યાં.

'મેં પૂછ્યું ત્યારે મોટું રહસ્ય હોય તેવો દેખાડો કેમ કર્યો?'

નેન્સી સંકોચ પામતાં બોલી, 'માફ કરજો મેડમ, પણ તમે તેને તેના પપ્પાની કોઈપણ વાત કરવાની ના પાડેલી. આ રમત તેના પપ્પાએ તેને શીખવેલી. એટલા માટે તે તમને નહોતી કહી શકતી.'

પોલી મેડમે દાંત વચ્ચે હોઠ દબાવ્યો.

'એનો તમને પહેલાં જ આ રાજી થવાની રમત વિશે કહેવા માગતી હતી.' નેન્સીએ સંકોચસહ વાત ચાલુ રાખી. 'તેને કોઈ સાથે આ રમત રમવી હતી. એટલે મેં આ રમત શીખવાની અને રમવાની હા પાડી.'

‘અને આ બીજા બધા...?’ મેડમે પૂછ્યું.

‘હા, હવે લગભગ બધા આ રમત વિશે જાણે છે. હું જ્યાં જાઉં છું ત્યાં આ રમત વિશે સાંભળું છું. અલબત્ત. પોલીએનાએ ઘણાને વાત કરી અને એમણે બીજાને વાત કરી. એકવાર શરૂ થાય એટલે આવી વાતો ઝડપથી પ્રસરે છે. વળી એ હંમેશાં હસતી રમતી રહેતી. બધા સાથે સરસ રીતે વાતો કરતી અને પોતે એટલી રાજી રહેતી કે બધાને આ રમત વિશે ખબર પડ્યા વિના ન રહે. હવે તેને ઈજા થઈ છે એટલે બધાને બહુ દુ:ખ થયું છે. ખાસ એટલા માટે કે પોલીએના બહુ વ્યથિત છે કારણકે અત્યારે તે એકપણ વસ્તુ માટે રાજી થઈ શકે તેમ નથી. એટલા માટે બધા રોજ આવે છે. તેને કહેવા માટે કે તેણે એ બધાને કેટલા રાજી કરેલા છે. તે હંમેશાં ઇચ્છતી કે બધા આ રમત તેની સાથે રમે.

‘હું એક વ્યક્તિને જાણું છું જે આ રમત તેની સાથે આજથી રમશે.’ મેડમ ડૂમો દબાવતાં રસોડામાંથી બહાર નીકળ્યાં.

નેન્સી તેમની પાછળ જોઈ રહી. ‘હવે હું કાંઈપણ, અરે કાંઈપણ માનવા તૈયાર છું! હવે મને એકપણ વાતની નવાઈ નહીં લાગે! ઓ પોલી મેડમ!’

થોડા વખત પછી પોલીએનાના રૂમમાંથી નર્સ બહાર ગઈ અને પોલી મેડમ તથા પોલીએના રૂમમાં એકલાં પડ્યાં.

‘બેટા, આજે બીજું કોઈ તને મળવા આવ્યું હતું’ પોલી મેડમ અવાજને ધ્રૂજતો અટકાવવા પ્રયત્ન કરતાં હતાં. ‘તને મિસિસ પેયસન યાદ છે?’

‘મિસિસ પેયસન? હા મને યાદ છે. તેમનું ઘર પેન્ડલટનના ઘરના રસ્તે આવે છે. તેમની ત્રણ વર્ષની દીકરી બહુ રૂપાળી છે. તેમનો દીકરો લગભગ પાંચ વર્ષનો થયો. તે અને તેના વર બહુ સારા છે. તકલીફ એક જ છે કે તે બંનેને કદાચ ખબર નથી કે તેઓ કેટલા સારા છે. ક્યારેક તે લોકો ઝઘડે છે. મતલબ કે એકબીજા સાથે સંમત નથી હોતા. તેમણે જણાવ્યું તે લોકો ગરીબ છે. તેમને ત્યાં દાનપેટી નથી આવતી કારણકે તે ચર્ચના પાદરી નથી.’ પોલીએનાના ગાલ લાલ થયા. થોડીવારે એ રંગ પોલી મેડમના ગાલે આવ્યો, ‘પરંતુ તે બહુ સારાં કપડાં પહેરે છે. તે લોકો આટલા ગરીબ છે તો પણ.’ પોલીએનાએ એ જ ઉત્તેજનાથી વાત ચાલુ રાખી. ‘તેમની પાસે હીરા, માણેક, નીલમની સરસ વીંટીઓ છે. પરંતુ તે કહેતાં હતાં કે તેમાંની એક વીંટી ફેંકી દઈને તે છૂટાછેડા લઈ લેવાનાં છે. આ છૂટાછેડા એટલે શું આન્ટી? મને લાગે છે તે બહુ સારું નહીં હોય કારણકે તેની વાત કરતાં હતાં ત્યારે મિસિસ પેયસન ખુશ નહોતાં. તેમણે એ પણ કહ્યું કે તેમને છૂટાછેડા મળશે તો તેઓ ત્યાં નહીં રહે. મિસ્ટર પેયસન દૂર ચાલ્યા જશે. કદાચ બાળકો પણ જશે. પરંતુ મને લાગે છે કે તેમણે એ વીંટી સાચવી રાખવી

જોઈએ, ભલેને બીજી વીંટીઓ હોય. તમને શું લાગે છે? પોલી આન્ટી, છૂટાછેડા એટલે શું?'

પોલી મેડમે જવાબ ટાળતાં કહ્યું, 'પરંતુ બેટા, તે લોકો દૂર નથી જવાના. તે બધા હવે સાથે રહેવાના છે.'

'વાહ, હું બહુ ખુશ થઈ! તો તો તે લોકો ત્યાં જ હશે જ્યારે હું મિસ્ટર પેન્ડલટન.. અરેરે આન્ટી, મને કેમ યાદ નથી રહેતું કે મારા પગ હવે ક્યાંય જઈ શકે તેમ નથી અને એ કે હું હવે ક્યારેય મિસ્ટર પેન્ડલટનને ઘરે નહીં જઈ શકું.' પોલીએના વ્યથિત થઈને બોલી ઊઠી.

'બસ બેટા. વધુ નહીં વિચાર. તું ત્યાં ક્યારેક ગાડીમાં જઈશ. પણ સાંભળ, મેં તને મિસિસ પેયસને કહ્યું તે બધું નથી કહ્યું. તે મને એમ કહીને ગયા કે મારે તને જણાવવું કે હવે તે બધા સાથે રહેવાનાં છે અને તેં જે રમત શીખવી છે તે રમવાનાં છે.'

પોલીએનાનું સ્મિત આંસુભરી આંખમાથી ડોકાયું. 'સાચે જ એ બધા સાથે રહેવાનાં છે? ઓહ, હું બહુ રાજી છું.'

'તેમને લાગ્યું કે તું આ વાત જાણીને રાજી થઈશ. એટલે જ આ વાત તને કહેવાનું કહ્યું. તને રાજી કરવા માટે.' પોલી મેડમે જણાવ્યું.

પોલીએના બોલી ઊઠી, 'પોલી આન્ટી, તમે આ વાત એ રીતે કરી કે તમે આ રાજી થવાની રમત જાણતા હો. તમને ખબર છે?'

'હા. બેટા.' પોલી મેડમે અવાજ સ્વાભાવિક રાખ્યો. 'મને નેન્સીએ વાત કરી. મને લાગે છે કે તે બહુ સુંદર રમત છે. હું હવે તે રમત રમવાની છું. તારી સાથે.'

'ઓહ આન્ટી, તમે મારી સાથે રમશો? વાહ, હું બહુ ખુશ છું. ખબર છે તમારી સાથે આ રમત રમવાની મને ક્યારની ઇચ્છા છે!' પોલીએનાનો ઉત્સાહ માતો નહોતો.

પોલી આન્ટી ઊંડો શ્વાસ લેતાં બોલ્યાં, અવાજ સ્વાભાવિક રાખવો વધુ અઘરો હતો. 'હા, અને બીજા બધા પણ ઘણા છે. પોલીએના, મને લાગે છે આખું નગર આ રમત રમી તારી સાથે રહ્યું છે. અરે પાદરીસાહેબ પણ! મેં તને વાત નથી કરી પણ હું આજે ગામમાં ગઈ ત્યારે મને મિસ્ટર ફોર્ડ મળ્યા. તેમણે તને કહેવરાવ્યું છે કે જેવી તું જરા સારી થઈશ એટલે તે તને મળવા આવશે. તે તને કહેવા માગે છે કે તેમનું રાજી થવાનું અટક્યું નથી જ્યારથી તેમણે તેં જણાવેલા આઠસો ફકરા વિશે જાણ્યું છે. જોયું, તેં આખા ગામને આ રાજી થવાની રમત રમતું કરી દીધું છે! બધા કેટલા આનંદમાં આવી ગયા છે! આ બધું ફક્ત એક નાની છોકરીને કારણે થયું જેણે બધાને નવી રમત રમતાં શીખવ્યું.'

પોલીએના તાળીઓ પાડતાં બોલી, ‘હું બહુ રાજી થઈ.’ અચાનક તેના ચહેરા પર અનોખો પ્રકાશ દેખાયો. ‘આન્ટી, કાંઈક એવું છે જ જેને માટે હું રાજી થઈ શકું. હું એ વાતે રાજી થઈ શકું કે ત્યારે મારા પગ હતા! નહીં તો આ બધું હું કઈ રીતે કરી શકત?’

ખુલ્લી બારીમાંથી

શિયાળાના ટૂંકા દિવસો પૂરા થતા ગયા. જો કે પોલીએના માટે તે ટૂંકા ન હતા. તેને માટે તે લાંબા અને ક્યારેક પીડાદાયક હતા. પોલીએના દરેક પરિસ્થિતિનો દૃઢતાથી, પ્રસન્નતાપૂર્વક સામનો કરતી હતી. હવે તો પોલી આન્ટી પણ રાજી થવાની રમત રમવા લાગ્યા હતા, તો પછી તે કઈ રીતે પાછળ રહે? રાજી થવા જેવી બહુ બધી વસ્તુઓ પોલી આન્ટી શોધી લાવતા! તેમણે બરફના તોફાનમાં ફસાઈ ગયેલા બે કંગાલ માણસો વિશે વાત કરી. તે બંને જણા એક બારણા નીચે છુપાઈ ગયેલા. ત્યારબાદ તેમણે વિચારેલું કે જેને આવું બારણું નહીં મળતું હોય તેવા ગરીબોનું શું થતું હશે! પોલી આન્ટીએ જ એ ડોશીમાની વાત કરેલી જેમને બે જ દાંત બચ્યા હતા. તે ખુશ હતાં કે બંને દાંત એકબીજાને અથડાતા હતા!

પોલીએનાએ મેડમ સ્નોની માફક ગૂંથવાનું શરૂ કરેલું તે સુંવાળા રંગબેરંગી ઉનમાંથી સુંદર વસ્તુઓ બનાવવા લાગી. આને કારણે મેડમ સ્નોની માફક જ પોલીએના પણ ખુશ થઈ કે તેના હાથ તો ચાલતા હતા!

હવે તે થોડા લોકોને મળવા લાગી. જેને મળી નહોતી શકતી તેના પ્રેમાળ સંદેશા તેને મળતા. તે બધાં હંમેશાં કાંઈક નવી વસ્તુ લઈ આવતા જેના વિશે પોલીએના વિચારી શકે. પોલીએનાને આવી નવી વસ્તુઓ વિશે વિચાર કરવાની જરૂર હતી.

તે જ્હોન પેન્ડલટનને એકવાર અને જિમી બીનને બે વાર મળેલી. જ્હોન કહેતા હતા કે જિમી બહુ સારો છોકરો હતો. જિમીએ તેને જણાવ્યું કે તેનું ઘર બહુ સરસ હતું અને મિસ્ટર પેન્ડલટન બહુ સારા હતા. તે બંને જણાએ કબૂલ કરેલું કે આ બધું તેને આભારી હતું.

'આ બધી વાતથી હું રાજી થાઉં છું કે મારે પગ હતા!' પોલીએનાએ તેની આન્ટીને કહેલું શિયાળો ગયો અને વસંત આવી. જે લોકો આતુરતાથી પોલીએનાની તબિયત પર નજર રાખતા હતા અપાતી સારવારથી તેમને કાંઈ મોટો ફેર દેખાતો ન હતો.

એમ લાગતું હતું કે ડૉક્ટર મીડે વ્યક્ત કરેલો ભય સાચો પડે કે પોલીએના ફરી કદી ચાલી નહીં શકે.

બેલ્ડિન્ગ્ઝવીલે ગામ પોલીએનાની ખબર રાખતું હતું. તેમાં પણ એક સજ્જન અત્યંત ચિંતિત રહીને ધ્યાનપૂર્વક રોજિંદા સમાચાર મેળવતા હતા. જેમ દિવસો પસાર થતા ગયા અને દર્દીની હાલતમાં કોઈ ફેરફાર ન દેખાયો, ઊલટું હાલત બગડતી જણાઈ, ત્યારે તેમની ચિંતાએ અજંપાનું સ્વરૂપ લીધું. તેમના ચહેરા પર બે ભાવ વારાફરતી દેખાતા હતા. દૃઢ નિર્ણય

અને ઘેરો અજંપો. અંતે નિર્ણયનો વિજય થયો અને ત્યારબાદ જ્હોન પેન્ડલટનને ત્યાં એક રવિવારે ડૉક્ટર થોમસ શિલ્ટન આવી પહોંચ્યા.

ડૉક્ટર શિલ્ટને આવીને તરત વાત શરૂ કરી. 'પેન્ડલટન, હું અહીં એટલા માટે આવ્યો છું કે આખા ગામમાં તમે એક એવા છો જે મારા અને મિસ પોલી હેરિંગ્ટનના સંબંધ વિશે સૌથી વધુ જાણો છો.'

જ્હોન આશ્ચર્યપૂર્વક ડૉક્ટરને જોઈ રહ્યા. એ સાચું હતું કે તે પોલી હેરિંગ્ટન અને ડૉક્ટર શિલ્ટનના પ્રેમસંબંધ વિશે જાણતા હતા પરંતુ આ વાતનો ઉલ્લેખ છેલ્લાં પંદર વર્ષમાં થયો ન હતો.

'હા' તેમણે કહ્યું. એ ધ્યાન રાખીને કે તેમનો અવાજ મૈત્રીપૂર્ણ લાગે, વધુ પડતો આતુર નહીં. જો કે તેમને તરત ખ્યાલ આવ્યો કે ડૉક્ટર જે હેતુસર આવેલા તેમાં એટલા મશગૂલ હતા કે આવી વાત તેમના ધ્યાનમાં ન આવે.

'પેન્ડલટન, મારે એ છોકરીને તપાસવી છે. મારે તેને તપાસવી જ પડશે.'

ડૉક્ટરની વિહ્વળતા છતી થતી હતી.

'તો જઈને તપાસોને. ન જઈ શકો?' જ્હોને પૂછ્યું.

'ન જઈ શકું એમ પૂછો છો? પેન્ડલટન તમને ખબર છે કે એ ઘરમાં હું છેલ્લાં પંદર વર્ષમાં એકપણ વાર ગયો નથી. તમને ખબર નથી પણ તે ઘરની માલિકણે મને કહેલું કે જ્યારે તે મને ફરીવાર ઘરમાં આવવાનું કહેશે તેનો અર્થ એ થશે કે તે મારી માફી માગે છે અને બધું પહેલાં જેવું થઈ જશે. એનો અર્થ એમ કે તે મારી સાથે લગ્ન કરવા તૈયાર હશે. કદાચ તમને લાગતું હોય કે તે મને બોલાવશે પણ મને નથી લાગતું.' ડૉક્ટર એકશ્વાસે આખી વાત બોલી ગયા.

'પણ તે ન બોલાવે તો તમે ન જઈ શકો?' જ્હોને પૂછ્યું.

ડૉક્ટર થોડું વિચારીને બોલ્યા, 'ના. મારે પણ થોડું સ્વમાન હોય ને!'

'પરંતુ તમે જો પોલીએનાની આટલી ફિકર કરતા હો તો થોડું ગળી ખાઈને ઝઘડો ભૂલીને...' જ્હોનનું વાક્ય અધૂરું રહ્યું.

'અરે એ ઝઘડાને કોણ યાદ કરે છે?' ડૉક્ટર બોલી ઊઠ્યા. 'હું એવા ઘમંડની વાત નથી કરતો. અરે પોલીએના સાજી થતી હોય તો હું મારા ગોઠણ પર કે માથા પર ચાલીને ત્યાં જવા તૈયાર છું. હું વ્યાવસાયિક સ્વમાનની વાત કરું છું. આ બીમારીનો કેસ છે અને હું ડૉક્ટર છું. હું વચ્ચે પડીને એમ ન કહી શકું કે ચાલો મને પૂછો. કહી શકું?'

'શિલ્ટન, મને કહો. ઝઘડો શેને કારણે થયેલો?' જ્હોને પૂછ્યું.

ડૉક્ટર ઊભા થઈ ગયા. ‘ઝઘડો શેને કારણે થયેલો? અરે બે પ્રેમી વચ્ચેના ઝઘડાનું શું મહત્ત્વ, જ્યારે બધું પૂરું થઈ ગયું હોય?’ તે ગુસ્સામાં રૂમમાં આંટા મારવા લાગ્યા. ‘હા, ચંદ્રના કદ અથવા કોઈ નદીની ઊંડાઈ માટે થતી વાહિયાત દલીલો જેવું જ કોઈ વાહિયાત કારણ હશે. ઝઘડાની વાત જવા દો. જ્યાં સુધી મારો સવાલ છે ત્યાં સુધી હું એમ કહેવા પણ તૈયાર છું કે કોઈ ઝઘડો નથી થયો. પેન્ડલટન, મારે તે છોકરીને તપાસવી છે. આ તેના જીવનમરણનો સવાલ છે.

હું દૃઢપણે માનું છું કે પોલીએના ચાલી શકશે તેવી શક્યતા નેવું ટકા છે!’

ડૉકટરે આ બધું વિશ્વાસપૂર્વક, સ્પષ્ટ શબ્દોમાં કહેલું. આ કહેતા હતા ત્યારે તે પેન્ડલટનના રૂમની બારી પાસે ઊભા હતા. આથી આ શબ્દો બારીની બહાર ઊભેલા જિમી બીનને સ્પષ્ટ સંભળાયા.

જિમી બીન જે ફૂલોના ક્યારામાંથી ઘાસ કાઢવાનું કામ કરતો હતો. આ શબ્દો સાંભળીને બેઠો થઈ ગયો. તેણે ધ્યાનથી સાંભળવા માંડ્યું.

‘પોલીએના ચાલી શકશે? શું વાત કરો છો?’ જ્હોને પૂછ્યું.

“એની પથારીથી આટલા દૂર રહીને, ‘મેં જે સાંભળ્યું છે અને સમજ્યો છું, તે પરથી લાગે છે કે પોલીએનાનો કેસ એવા કેસ જેવો લાગે છે જેને મારા કૉલેજના એક મિત્રે હમણાં જ મદદ કરી છે. ઘણાં વર્ષોથી મારો મિત્ર આવા કેસના ઉપચાર કરી રહ્યો છે. હું તેના સંપર્કમાં છું. મેં પણ આવા કેસનો અભ્યાસ ચાલુ રાખ્યો છે. આટલા માટે જ મારે એ છોકરીને તપાસવી છે’ ડૉક્ટર શિલ્ટને કહ્યું.

જ્હોન ખુરશીમાંથી ઊભા થઈ ગયા ‘અરે તમારે તેને તપાસવી જ જોઈએ! તમે એમ ન કરી શકો? ડૉક્ટર વૉરેન સાથે ન જઈ શકો?’

ડૉકટરે માથું ધુણાવીને ના પાડી. ‘એ ન બની શકે. વૉરેન બહુ સાલસ છે. તેણે પોતે મને વાત કરી કે તેણે તો મારું નામ પહેલાં જ સૂચવેલું પણ મિસ હેરિંગ્ટને એવી ઘસીને ના પાડી દીધી કે ફરીવાર મારું નામ સૂચવવાની તેની હિંમત ન ચાલી. તેને ખબર છે કે મારે એ છોકરીને તપાસવી છે. હમણાં તેના ઘણા દર્દીઓ મારી પાસે આવ્યા છે. આથી મારા હાથ બંધાયેલા છે. પરંતુ પેન્ડલટન, મારે એ છોકરીને જોવી છે. વિચાર કરો હું તેને તપાસીશ તો તેને કેટલો ફાયદો થશે!’

‘હા, અને વિચારો કે તમે તેને નહીં તપાસો તો શું થશે?’ જ્હોન બોલ્યા.

‘પરંતુ હું ત્યાં કઈ રીતે જાઉં. તેની આન્ટી ન બોલાવે ત્યાં સુધી? અને તે મને ક્યારેય નહીં બોલાવે.’ ડૉક્ટર દર્દભર્યા અવાજે બોલ્યા.

‘તે તમને બોલાવવા માટે મજબૂર થાય તેવું કરવું પડે.’ જ્હોને સૂચવ્યું.

‘કઈ રીતે?’ ડૉક્ટરે પૂછ્યું.

‘મને ખબર નથી.’ જ્હોને લાચારીથી કહ્યું.

‘ના. હું માનું છું કે તમને અથવા બીજા કોઈને ખબર નથી કે આ કઈ રીતે થશે. મિસ હેરિંગ્ટન એટલી ઘમંડી અને ગુસ્સાવાળી છે કે તે મને ક્યારેય ત્યાં આવવા નહીં કહે. તેણે વર્ષો પહેલાં કહ્યું, તે મુજબ તે જો મને તેના ઘરે બોલાવે તો તેણે હાર માની લીધી ગણાય. પરંતુ હું જ્યારે પેલી છોકરી વિશે વિચારું છું જે જિંદગીભર આવી અપંગ કરી મૂકતી બીમારીની શિકાર બનેલી છે, અને એ વિચારું છું કે કદાચ તેનો ઈલાજ મારા હાથમાં છે, જે એટલા માટે જ નથી થઈ શકતો કે ખોટું અભિમાન અને વ્યવસાયિક શિસ્ત આડાં આવે છે, ત્યારે મને...’ ડૉક્ટર વાક્ય પૂરું ન કરી શક્યા. ફરી રૂમમાં આંટા મારવા લાગ્યા.

‘પરંતુ કોઈ તેમને સમજાવે, સાચી વાત કહે તો...’ જ્હોને કહ્યું.

‘પણ એ કોણ કરશે?’ ડૉક્ટરે જ્હોન સામે ફરીને પૂછ્યું.

‘મને ખબર નથી... ખબર નથી...’ જ્હોન ઉદાસ થઈને બોલ્યા.

બારી નીચે બેઠેલો જિમ હવે ઊભો થયો. અત્યાર સુધી તદ્દન શાંત થઈ બધું સાંભળતો હતો. ‘મને ખબર છે કોણ આ કરશે. હું આ કરીશ!’ કહીને તે બિલ્લીપગે ક્યારામાંથી નીકળ્યો, ઘરના દરવાજા સુધી ગયો અને બહાર નીકળીને ઝડપથી પોલી મેડમના ઘર તરફ દોડ્યો.

સુકાની જિમી બીન

'મેડમ, જિમી બીન આવ્યો છે અને તમને મળવા માગે છે.' નેન્સીએ પોલી મેડમને જણાવ્યું.

'મને?' પોલી મેડમ આશ્ચર્યથી બોલ્યાં. 'તને ખાતરી છે કે તે પોલીએનાને મળવા નથી આવ્યો? તેને મળવું હોય તો આજે થોડી વાર મળી શકશે.'

'મેં તેને કહ્યું પણ એ કહે છે કે એ તમને જ મળવા માગે છે.' નેન્સી બોલી.

'સારું. હું નીચે આવું છું.' પોલી મેડમ ખુરશીમાંથી ઊભાં થતાં બોલ્યાં.

બેઠકખંડમાં મોટી આંખો અને થાકેલા ચહેરાવાળો જિમી બેઠો હતો. પોલી મેડમને જોઈને તેણે તરત બોલવાનું શરૂ કર્યું, 'મેડમ, કદાચ હું જે કહી રહ્યો છું અને કરી રહ્યો છું તે સારું નથી. પરંતુ છૂટકો નથી. પણ આ બધું હું પોલીએના માટે કહું છું અને કરું છું. હું પોલીએના માટે ગમે તે કરવા તૈયાર છું. ગરમ કોલસા પર ચાલવા, તમારો સામનો કરવા અથવા બીજું કાંઈ પણ કરવા. મને ખાતરી છે તમે પણ આવું જ કરો. જો તમને સહેજ પણ એવું થાય કે પોલીએના ફરી ચાલી શકે તેવી શક્યતા છે. એટલા માટે જ હું તમને કહેવા આવ્યો છું કે જો અભિમાન અને એવું જ કાંઈક પોલીએનાને ફરી ચાલતી કરતાં રોકતું હોય તો... મને ખબર છે કે તમે ખુદ ડૉક્ટર શિલ્ટનને અહીં બોલાવો, જો તમને ખબર પડે...'

'શું કીધું?' પોલી મેડમે વાત કાપતાં પૂછ્યું. તેમના ચહેરા પર વિસ્મયની જગ્યાએ ક્રોધ છવાઈ ગયો.

જિમી નિસાસો નાખતાં બોલ્યો, 'જુઓ મારે તમને ગુસ્સે નથી કરવાં. એટલા માટે જ પહેલાં મેં એ કહ્યું કે પોલીએના ફરી ચાલી શકે તેમ છે. મને એમ કે તમે એ સાંભળ્યું હશે.'

'તું શું વાત કરી રહ્યો છે, જિમી?' પોલી મેડમે પૂછ્યું.

'હું તમને સમજાવવા પ્રયત્ન કરી રહ્યો છું.' જિમીએ કહ્યું.

'તો મને વિગતે સમજાવ. પહેલેથી શરૂ કર. ધીમેથી વાત કર એટલે હું બધું બરાબર સમજી શકું.' પોલી મેડમે જણાવ્યું.

જિમીએ હોઠ પર જીભ ફેરવીને કહ્યું, 'શરૂઆત એમ થઈ કે ડૉક્ટર શિલ્ટન મિસ્ટર જ્હોનને મળવા આવ્યા. તે બંને લાઇબ્રેરીમાં વાતો કરતા હતા. સમજાયું?'

'હા જિમી.' પોલી મેડમનો અવાજ જરા ફિક્કો પડી ગયો.

'બારી ખુલ્લી હતી. હું નીચે ફૂલના ક્યારામાં ઘાસ કાઢતો હતો. મેં તેમની વાતો સાંભળી.'

'તેં છુપાઈને વાતો સાંભળી?' પોલી મેડમ ઠપકો દેતાં હોય તેમ બોલ્યાં.

'તે વાતો મારા વિશે નહોતી. વળી હું કાંઈ છુપાઈને નહોતો સાંભળતો.' જિમી બોલ્યો. 'સારું થયું કે મેં તે વાતો સાંભળી. તેને કારણે પોલીએના કદાચ ચાલતી થશે.'

'જિમી, તું શું કહેવા માગે છે?' પોલી મેડમ આતુરતાથી આગળ નમ્યાં.

'મેં જે કહ્યું તે.' જિમીના અવાજમાં સંતોષ હતો. 'ડૉક્ટર શિલ્ટન કોઈ ડૉક્ટરને ઓળખે છે જે પોલીએનાનો ઇલાજ કરી શકશે. તેને ફરી ચાલતી કરી શકશે. પરંતુ ડૉક્ટર શિલ્ટન પોલીએનાને તપાસે નહીં ત્યાં સુધી તે શક્ય નથી. તે પોલીએનાને તપાસવા માગે છે પણ તે મિસ્ટર પેન્ડલટનને કહેતા હતા કે તમે આ કરવા નહીં દો.'

પોલી મેડમનો ચહેરો રાતોચોળ થઈ ગયો.

'પણ જિમી, હું તે કારણ નહોતી કરી શકતી, કે મને આ ખબર નહોતી.' પોલી મેડમ પોતાના આંગળાં એકમેકમાં ભરાવીને વાત કરતાં હતાં.

'એટલા માટે જ હું તમને જણાવવા આવ્યો, જેથી તમને ખબર પડે.' જિમી ઉત્સુકતાથી બોલ્યો, 'તે કહેતા હતા કે કોઈ કારણસર, કયું કારણ તે મેં સાંભળ્યું નહીં. તમે ડૉક્ટર શિલ્ટનને તમારા ઘરમાં આવવા નથી દેતાં. તમે ડૉક્ટર વોરેનને પણ આમ કહ્યું. ડૉક્ટર શિલ્ટન તમે બોલાવો નહીં ત્યાં સુધી ન આવી શકે. કાંઈક અભિમાન અને વ્યાવસાયિક શિસ્તની વાતો છે. ખેર, એ લોકો ઇચ્છતા હતા કે તમને કોઈ સમજાવે. પરંતુ તેમને ખબર નહોતી પડતી કે કોણ તમને સમજાવે. હું બારી બહાર જ હતો અને મેં તરત મારી જાતને કહ્યું કે હું આ કરીશ. પછી દોડીને સીધો અહીં આવ્યો. બોલો હું તમને પૂરી વાત સમજાવી શક્યો છું?' જિમીની ગાથા પૂરી થઈ.

'હા, જિમી હું તારી વાત સમજી ગઈ. પણ આ ડૉક્ટર વિશે કહે.' પોલી મેડમ આજીજી કરતાં બોલ્યાં. 'તે કોણ છે? તેણે શું કર્યું છે? તેમને ખાતરી છે કે પોલીએનાને ચાલતી કરી શકશે?'

'મને ખબર નથી તે કોણ છે. તે લોકોએ તેની વાત ન કરી. ડૉક્ટર શિલ્ટન તેમને ઓળખે છે. તેમણે હમણાં પોલીએના જેવા જ એક કેસનો ઉપચાર કરેલો છે.' જિમીએ જણાવ્યું અને ઉમેર્યું, 'તે લોકોને તે ડૉક્ટરની ફિકર નથી. તમારે માટે બંને જણા ફિકર કરે છે કારણકે તમે ડૉક્ટર શિલ્ટનને પોલીએનાની તપાસ કરવા નથી દેતાં. પણ કહો, હવે તેમને આવવા દેશોને? હવે સમજી ગયાં ને?'

પોલી મેડમે માથું હલાવ્યું. તેમનો શ્વાસ ટૂંકો થઈ ગયેલો. જિમી તેમને જોતો હતો અને તેને લાગ્યું કે પોલી મેડમ રડી પડશે. પરંતુ તે રડ્યાં નહીં. થોડા વખત પછી તે તૂટક અવાજે બોલ્યાં, 'હા, હું ડૉક્ટર શિલ્ટનને પોલીએનાની તપાસ કરવા દઈશ. હવે તું દોડીને ઘરે જા. મારે ડૉક્ટર વૉરેનને વાત કરવાની છે. તે ઉપરના રૂમમાં છે.'

થોડા વખત પછી ડૉક્ટર વૉરેનને અચરજ થયું. જ્યારે તે ઉત્તેજીત થયેલા પોલી મેડમને હૉલમાં મળ્યા. તેમનું અચરજ બેવડાયું. જ્યારે પોલી મેડમે તેમને કહ્યું, 'ડૉક્ટર વૉરેન, તમે મને એકવાર પૂછેલું કે તમે ડૉક્ટર શિલ્ટનને સલાહ માટે બોલાવી શકો કે નહીં અને મેં ના પાડેલી. હવે મેં વિચાર ફેરવ્યો છે. હવે મારી ખાસ ઇચ્છા છે કે તમે ડૉક્ટર શિલ્ટનને સલાહ આપવા માટે તાકીદે બોલાવો. આભાર.'

નવા અંકલ

ફરી જ્યારે ડૉક્ટર વોરેન પોલીએનાને જોવા માટે તેના રૂમમાં ગયા ત્યારે પોલીએના છત પર બનતા રંગબેરંગી આકારો જોવામાં વ્યસ્ત હતી. ડૉક્ટરની સાથે એક ઊંચા કદના, પહોળા ખભાવાળા સજ્જન હતા.

'ડૉક્ટર શિલ્ટન! ડૉક્ટર શિલ્ટન! હું તમને જોઈને કેટલી ખુશ થઈ!' પોલીએના બોલી ઊઠી. તેનો આ ખુશી ભરેલો અવાજ સાંભળીને રૂમમાં રહેલી અમુક આંખો આંસુથી છલકાઈ ગઈ. 'પરંતુ જો પોલી આન્ટીને ન ગમતું હોય...'

'ના બેટા, મને કાંઈ વાંધો નથી.' પોલી મેડમ આગળ આવીને બોલ્યાં. 'મેં જ ડૉક્ટર શિલ્ટનને બોલાવ્યા છે કે તે ડૉક્ટર વોરેન સાથે આજે આવીને તને તપાસે.'

'અચ્છા, એટલે તમે તેમને આવવાનું કહ્યું છે.' પોલીએના સંતુષ્ટ થઈને બોલી.

'હા બેટા, મેં જ તેમને બોલાવ્યા. એટલે કે...' પણ મોડું થઈ ગયું હતું. ડૉક્ટર શિલ્ટનની આંખમાં જે આનંદ છવાયો તે જોઈ શકાતો હતો. પોલી મેડમે તે જોઈ લીધેલો. ગુલાબી થઈ ગયેલા ગાલ સાથે તે રૂમ છોડીને જતાં રહ્યાં.

નર્સ અને ડૉક્ટર વોરેન બારી પાસે ઊભા રહી વાતો કરતાં હતાં. ડૉક્ટર શિલ્ટને પોતાના બંને હાથ પોલીએના તરફ લંબાવીને કહ્યું, 'વહાલી દીકરી, મને લાગે છે કે તેં આજે સૌથી વધુ રાજી કરે તેવું કામ કર્યું છે.' તેમનો અવાજ લાગણીથી ભરેલો હતો.

સાંજ પડી એટલે સાવ જુદા લાગતા, અદ્‌ભુત રીતે ચંચળ લાગતા પોલી મેડમ પોલીએના પાસે આવ્યાં. નર્સ જમવા ગઈ હતી. રૂમમાં તે બંને એકલાં હતાં.

'પોલીએના, હું તને કાંઈક કહેવા આવી છું. પહેલવહેલું તને જ કહું છું. હું એક દિવસ ડૉક્ટર શિલ્ટનને તારા અંકલ બનાવીને તારી પાસે લાવીશ. આ બધું તારે કારણે જ શક્ય બન્યું છે. ઓ પોલીએના, હું બહુ ખુશ છું. બહુ રાજી છું. બેટા!'

પોલીએના તાળી પાડવા ગઈ પણ અટકી ગઈ. તેણે પૂછ્યું, 'પોલી આન્ટી, તે સ્ત્રી તમે હતાં જેનો હાથ અને હૈયું વર્ષો પહેલાં ડૉક્ટર શિલ્ટન ઇચ્છતાં હતાં? હા, તમે જ હતાં. મને ખબર છે. એટલે જ એમણે કહ્યું કે મેં આજે સૌથી વધુ રાજી થવાય તે કામ કર્યું છે. હું બહુ ખુશ છું. આન્ટી.

હું એટલી રાજી છું કે ખબર નહીં પણ હવે મારા પગ નથી તેનો પણ મને રંજ નથી!'

પોલી મેડમે ડૂમો ગળે ઉતાર્યો.

'કદાચ કોઈક દિવસ...' પણ પોલી મેડમ વાક્ય પૂરું ન કરી શક્યાં. તેમની હજુ હિંમત નહોતી કે ડૉક્ટર શિલ્ટને જે આશા બંધાવેલી તેની વાત તે પોલીએનાને કરે. પરંતુ એમણે આટલું જરૂર કહ્યું અને પોલીએનાના મન માટે તે પૂરતું હતું.

'પોલીએના, આવતા અઠવાડિયે તું એક મુસાફરી કરવાની છે. સરસ, આરામદાયક ખાટલામાં તને મોટરકાર અને ઘોડાગાડીમાં રાખીને એક બહુ સારા ડૉક્ટર પાસે લઈ જવાની છે. તેમનું મોટું ઘર અહીંથી ઘણા માઈલો દૂર છે. તારા જેવા માટે જ એ ઘર બનાવેલું છે. તે ડૉક્ટર શિલ્ટનના ખાસ મિત્ર છે. આપણે જોઈશું કે તે તારા માટે શું કરી શકે તેમ છે.'

પોલીએનાનો પત્ર

વહાલાં પોલી આન્ટી અને ટોમ અંકલ,

હા, હું ચાલી શકું છું! આજે હું મારા પલંગથી છેક બારી સુધી ચાલી. પૂરાં છ ડગલાં! ઓહ... ફરીવાર ચાલવાનું બહુ ગમ્યું.

બધા ડૉક્ટરો ખુશ થઈને હસતા હતા. બધી નર્સો રડતી હતી. મારા બાજુના વૉર્ડમાં જે લેડી રહે છે તે ગયા અઠવાડિયે થોડું ચાલેલા. એ મને દરવાજા પાસે ઊભા રહીને જોતાં હતાં. બીજાં લેડી, જે આવતા મહિને ચાલી શકશે, તે મારા રૂમમાં નર્સ માટે પલંગ છે તેના પર સૂઈને તાળીઓ પાડતાં હતાં. પેલી શ્યામવર્ણી ટીલી, જે કચરા-પોતાં કરે છે તે બહુ રડતી હતી પણ વચ્ચે વચ્ચે બારીમાંથી મને 'મીઠડી છોકરી' કહીને બોલાવતી હતી.

મને સમજાયું નહીં કે તે બધાં શું કામ રડતાં હતાં. હું તો આનંદથી ચિચિયારી પાડવા, અને ગાવા માગતી હતી. હું ચાલી શકું છું... હા, હું ચાલી શકું છું! હવે હું અહીંયાં લગભગ દસ મહિનાથી છું તેનું મને દુ:ખ નથી.

વળી મેં તમારાં લગ્ન તો માણ્યાં, પોલી આન્ટી, તમે કેટલાં હેતાળ છો કે તમે છેક અહીં આવીને મારા વૉર્ડમાં, મારી પથારી પાસે જ લગ્ન કર્યાં! તમે હંમેશાં બીજાને બહુ આનંદ મળે તેવું કરો છો.

અહીં બધાં કહે છે કે હું થોડા વખતમાં જ ઘરે જઈ શકીશ. મને થાય છે કે હું ચાલતી ચાલતી છેક ત્યાં પહોંચું! મને નથી લાગતું હવે મને ઘોડાગાડીમાં બેસવાનું મન થશે. ચાલી શકવાનો જ એટલો આનંદ હશે! બસ, હું બહુ ખુશ છું. દરેક બાબત માટે બહુ રાજી છું. અરે હવે હું એટલા માટે પણ રાજી છું કે મારા પગ થોડા વખત માટે નકામા થયા.

સાચે જ આપણને સમજાતું જ નથી કે ભગવાને આપણને કેટલા સરસ પગ આપ્યા છે, જ્યાં સુધી તે થોડો સમય નકામા ન બને!

હું આવતીકાલે આઠ ડગલાં ચાલવાની છું... કેવું સરસ!

બધાને ખૂબ ખૂબ વહાલ.

પોલીએના

અલાદીન વાચક જૂથ
‘પોલીએના’ માટે માર્ગદર્શિકા

‘પોલીએના’ પુસ્તક વિશે

કુ. પોલી હેરીન્ગટન એક કડક સ્વભાવના, હઠાગ્રહી, પોતાનું ધાર્યું કરવાવાળાં મહિલા તરીકે નગરમાં જાણીતાં છે. તેઓ ફક્ત પોતાની ફરજના ભાગરૂપે તાજેતરમાં અનાથ થયેલી પોતાની ભાણેજ પોલીએનાને ઘરમાં રાખવા તૈયાર થયાં છે. પરંતુ પોલીએના એક નિરાળી કિશોરી છે જે એક વિશિષ્ટ રમત નગરજનોને શીખવે છે. થોડા જ વખતમાં નગરના લોકો વધુ આનંદ અનુભવતા થાય છે. બધા ખુશ છે કે પોલીએના તેમના જીવનમાં આવી, સિવાય કે પોલી આન્ટી. અચાનક એક ગમખ્વાર અકસ્માતને કારણે ઘાયલ પોલીએના પોતે જ આ રમત ન રમી શકે તેવી પરિસ્થિતિ ઊભી થાય છે. બધા વિચારે છે કે પોલીએનાને ફરી એકવાર રાજી થવાનું કોણ શીખવી શકે?

વિચાર વિનિમય માટેના પ્રશ્નો:

~ પોલીએના આખા નગરને ‘રાજી થવાની રમત’ શીખવે છે, જેમાં તે દરેક પરિસ્થિતિમાં કાંઈક એવું શોધી કાઢે છે જેને કારણે રાજી થવાય, આનંદ લઈ શકાય.

~ તમારા મંતવ્ય પ્રમાણે પોલીએના શા માટે આટલી ઉત્સુકતા અને ખંતથી આ રમત રમે છે?

~ તેના પિતાએ આ રમત શા માટે શોધી કાઢી છે? અકસ્માત થયા પછી પોલીએનાને આ રમત રમવાનું કેમ બહુ કઠીન લાગે છે?

~ પોલી આન્ટી અનેક વખત પોતાની ‘ફરજપાલન વિશેની સભાનતા’નો ઉલ્લેખ કરે છે. આ દ્વારા તેઓ શું કહેવા માગે છે? વાર્તા આગળ વધે છે તેમ તેમના ‘ફરજપાલન’ વિશેના વિચારો બદલાય છે?

~ પિતાના અવસાન બાદ પોલી આન્ટી જ પોલીએનાના એકમાત્ર કુટુંબીજન છે. પરંતુ પોલીએના જુદા જુદા લોકોને મળીને, તેમની સાથે મૈત્રી કરીને, પોતાનું આગવું ‘કુટુંબ’ રચી શકે છે. આ આગવા કુટુંબના સભ્યો કોણ છે તે વિશે ચર્ચાવિચારણા કરો. પોલી આન્ટી સાથે પોલીએનાને લોહીનો સંબંધ છે એ હકીકતને કારણે કાંઈ ફેર પડે છે?

~ ઘરના બીજા સભ્યો સાથે નેન્સીના કેવા સંબંધ હતા તેનું વર્ણન કરો. પોલી આન્ટી પ્રત્યેના તેના વલણમાં કઈ રીતે ફેરફાર થાય છે? પોલીએનાના આગમન બાદ નેન્સી એમ શા માટે નક્કી કરે છે કે પોતે ઘર છોડીને નહીં જાય?

~ જ્હોન પેન્ડલટનના સ્વભાવમાં આવેલ પરિવર્તન વિશે ચર્ચાવિચારણા કરો. તે શા માટે આટલા બધા ચીઢિયા અને અતડા હતા? પોલીએના કઈ રીતે તેમને આ કોચલામાંથી બહાર લાવીને તેમની સાથે મૈત્રી કેળવે છે?

~ પોલીએનાને જીમી બીન પ્રત્યે કેમ આટલી મમતા છે? તે જીમીને મદદ કરવા શું કરે છે? આ પ્રયત્નોમાં તે કેમ નિષ્ફળ જાય છે? અંતે તે કઈ રીતે જીમી માટે એક 'ઘર' મેળવે છે?

~ પોલીએના પેયસન કુટુંબને મળવા જાય છે તે શા માટે વિચિત્ર ગણાય છે? મિસિસ પેયસન જ્યારે પોલીએનાની ખબર પૂછવા આવે છે ત્યારે પોલી આન્ટીના મનમાં શા માટે અણગમો પેદા થાય છે? મુલાકાત દરમ્યાન તેમના પ્રતિભાવ કઈ રીતે બદલાય છે?

~ પોલીએના જ્યારે 'બસ, જીવી શકવાના સમય'ની વાત કરે છે ત્યારે શું કહેવા માગે છે? તેને એવી પ્રવૃત્તિ, જેમાં તે 'જીવી' શકે, કરવાની તક મળે છે? તમને લાગે છે કે અકસ્માત પછી પોલીએનાની આ વિભાવનામાં ફેરફાર થાય છે?

પ્રવૃત્તિ

~ પોલીએનાની 'રાજી થવાની' રમત રમો. કોઈ એક દુ:ખદાયક પરિસ્થિતિ, જે તમે અનુભવી હોય અથવા બીજા પાસેથી જાણી હોય, તેના વિશે વિચારો. તેમાંથી કાંઈ 'રાજી થવા જેવું' મળે છે?

~ પોલીએનાને રખડતાં પ્રાણીઓ પ્રત્યે અનુકંપા છે. તે તેમને સારું રહેઠાણ મળે તેવા પ્રયત્ન કરે છે. અત્યારે 'પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ' માટે કામ કરતા સંગઠનો બન્યાં છે. તેમના વિશે માહિતી મેળવો અને તેમના દ્વારા પ્રાણીઓને કઈ રીતે રક્ષણ આપવામાં આવે છે તે જાણો. તમારા વિસ્તારમાં કાર્યરત આવું કોઈ સંગઠન શોધી તેની સાથે સ્વયંસેવક તરીકે જોડાઓ.

~ જ્હોન પેન્ડલટન પોલીએનાને પ્રીઝમ દ્વારા મેઘધનુષ રચતાં શીખવે છે. પ્રીઝમ કઈ રીતે કામ કરે છે તે માહિતી મેળવો. પ્રીઝમનો ઉપયોગ કરી તમારું પોતાનું મેઘધનુષ બનાવો.

~ પોલીએનાના પિતા ધર્મપ્રસારક પાદરી હતા. આ વાતની પોલીએનાના જીવન પર ગહન અસર હતી. ધર્મપ્રસારક પાદરીઓ વિશે વધુ માહિતી મેળવી તમે પોલીએનાનું જીવન, તે પોલી આન્ટી સાથે રહેવા આવી તે પહેલાં કેવું હતું તે વધુ સારી રીતે સમજી શકશો. ધર્મપ્રસારક પાદરીઓ ક્યાં ક્યાં જાય છે? શું પ્રવૃત્તિ કરે છે? બીજાં પુસ્તકો, વાર્તાઓની તપાસ કરો જેમાં ધર્મપ્રસારક પાદરીનું પાત્ર હોય.

~ એવા લોકોની માહિતી મેળવો જેઓ એમને જે કાંઈ મળ્યું છે તેનાથી રાજી છે. પોલી આન્ટી આ સારી રીતે કરી શકતા. તેમણે બરફના તોફાનમાં ખોવાયેલ બે બાળકોની અને ફક્ત બે દાંત ધરાવતી મહિલાની વાત મેળવેલી.

પોલીએના